# ઓપિનિયન

આ અંકની કિંમત £5

યો વૈ ભૂમા તત્ સુખમ્

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 13 • પ્રકરણ : 06 • સળંગ અંક : 150 26 સપ્ટેમ્બર 2007 વાર્ષિક લવાજમ : £25 / £40

## પોતીકા પ્રદેશમાં નોતરું

○ અનિલ વ્યાસ

આ વાર્તા-સંચયનો મૂળ વિચાર વિપુલભાઈ કલ્યાણીનો. "ઓપિનિયન"ના વાર્તા વિશેષાંક સંદર્ભે વાર્તાના વિકાસક્રમમાં પહોંચી જવાયેલું. ટૂંકી વાર્તાઓની પસંદગી કરતાં કરેલાં સૂચનોની સજા રૂપે એમણે 'કશુંક લખવું' એમ સૂચવ્યું. ગુજરાતી ટૂંકી વાર્તા વિષેની મારી સમજણ પાકકી થવી બાકી છે. પાયાના જ્ઞાનનો અભાવ પરંતુ ચર્ચાઓના સથવારે આપણે સૂંઠના ગાંગડે ગાંધી - આટલી આડ વાત - મારા વિષે.

ગુજરાતની ટૂંકી વાર્તા વિષે વિચારું છું ત્યારે સીધું પહોંચી જવાય છે, કથાસરિતસાગર અને અરેબિયન નાઈટ્સ તરફ ! એટલે ટૂંકી વાર્તાનો કસબ કેટલો યુગજૂનો છે તે સમજી શકાય એવું છે. ગુજરાતી ટૂંકી વાર્તા ક્યારે શરૂ થઈ એ વિશે હું સ્પષ્ટ નથી, પરંતુ ટૂંકી વાર્તા તરીકે જે પોંખાઈ અને ચર્ચાઈ એ 'ગોવાલણી' આ વિશેષાંકમાં છે.

હવે, ટૂંકી વાર્તાના સ્વરૂપમાં આવેલાં પરિવર્તનો એટલે નોંધવા છે કે આ કમઠાણ આપણે કરીએ છીએ શું કામ ? એ સમજાય. પણ એ થોડુંક સમજવા મથું છું ત્યાં – 'ગોવાલણી' વાર્તાને પંડિત યુગની વાર્તા કહીએ તો સાંપ્રત વાર્તાને કયા યુગમાં મુકવી એ પ્રશ્ન પાછો ડોકિયું કાઢીને હાજર !


પણ મને રસ પડે છે વાર્તામાં શું હતું અને શું નહોતું ? - એમાં. ગાંધી યુગની વાર્તા અને અનુ ગાંધી યુગની વાર્તા – પણ અનુ ગાંધી યુગ જેવું કાંઈ જ નહોતું એવી દલીલો પણ આંખ સામે જ છે. જવા દઈએ. મૂળે પંડિત યુગની વાર્તામાં રજૂ થયેલાં ભારેખમ વર્ણનો - ઉપદેશ - આદર્શની ઉચ્ચ રજૂઆત - અથવા ઉચ્ચ આદર્શની અનિવાર્યતા વગેરેને કોરાણે રાખતાં ય એ વાર્તાઓમાં વાચકને પ્રવેશવાનું તો ગમતું જ હતું.

ગાંધી યુગની વાર્તા લઈને આવતા 'દ્વિરેફ', ઉમાશંકર જોશી કે 'સુન્દરમ્'ને આજે પણ વિદ્યાવ્યાસંગો ઉપાસે છે. એ એમણે કરેલાં સર્જકકર્મનું પ્રમાણ છે. તો મનુષ્ય જ્યારથી ધર્મ અને નીતિ સમજતો થયો ત્યારથી આદર્શમય જીવન એણે સેવેલું સ્વપ્ન. અને એ સ્વપ્ન ફલિફૂત થતું નજર સામે આવે એ રોચક હોવા સાથે આકર્ષક પણ લાગવાનું જ. આમ પંડિત યુગની વાર્તાઓ બહુધા લોકભોગ્ય તો હતી જ. 'ધૂમકેતુ', પન્નાલાલ પટેલ, ચુનીલાલ મડિયા, જયંતી દલાલ અને સુધીર દલાલ જેવા સક્ષમ વાર્તાકારોએ સંખ્યા અને ગુણવત્તાની દૃષ્ટિએ ઘણું જ ખેડાણ કર્યુ છે. જો કે એ સમયગાળામાં પોચટ પોચટ ઊર્મિમયતાને સ્થાને આવતી ઊર્મિઘેલછા ખૂંચે પણ એથી વાચક ઊફરો ચાલતો નહોતો.

એ પછી, ટૂંકી વાર્તામાં આધુનિકતાનો પવન પ્રવેશ્યો. જયંત ખત્રી અને જયંતી દલાલમાં એના અણસારા વર્તાયા હતા. પરંતુ સુરેશ જોષીએ એનો ગૃહપ્રવેશ કરાવ્યો. ટૂંકી વાર્તા વાચકની કસોટી કરે એવા સ્વરૂપમાં ઢળી. માણસ તો મૂળે વાતનો માણસ. બોલચાલ વગરના કે કદી ય ઘટનાની આપ-લે કર્યા વગર જીવતા સમાજની કલ્પના સૂઝતી નથી એટલે ઘટનાલોપ સાથે આધુનિક વાર્તા જ્યારે કાવ્યાત્મક ગદ્યના વાઘા પહેરીને આવી ત્યારે હિમાંશી શેલત કહે છે એમ વાચકને વાર્તામાં પ્રવેશતાં દહેશત અનુભવાઈ. જેમ કે 'ગૃહપ્રવેશ' વાર્તામાં નાયક બહાર ઊભો છે કે અંદર ગયો એ મૂંઝવણ છે. ને વાર્તા વાર્તાને બદલે નિબંધ લાગે છે ત્યારે વાતને પામવાની, પ્રતીક કે મનોસંચલનો ઉકેલવાની ભીતિએ વાચકને વાર્તાથી વિમુખ કર્યો. ને કદાચ એટલે જ, વર્ણુ બદલાતાં અનુ આધુનિક વાર્તા જ્યારે ઘટનાને યોગ્ય પ્રમાણમાં નિરૂપી, કવિતાઈને

અનુ આધુનિક વાર્તા જ્યારે ઘટનાને યોગ્ય પ્રમાણમાં નિરૂપી, કવિતાઈને
બદલે વ્યવહારુ ગદ્યમાં લખાતી થઈ ત્યારે ઘટનાભાર નીકળ્યો અને વ્યંજના ભાષિક અને વિષય સ્તરે વધી. જે મનુષ્યમાત્રની મૂળભૂત અપેક્ષા છે. જો કે આ અંતરાલમાં ચંદ્રકાંત બક્ષી, મોહમ્મદ માંકડ, રઘુવીર

### અર્પણ



**મનેશચંદ્ર કસારા**

જન્મ : ૧૪.૮.૧૯૩૧, રાજકોટ અવસાન : ૧ જાન્યુઆરી ૨૦૦૭, લંડન

*કિન્નરી કસારા (એમનાં દીકરી) લખે છે : 'અમારા પિતાનું અમને ગૌરવ છે. એ બુદ્ધિશાળી સર્જક હતા. એમને મજબૂત ચારિત્ર્ય હતું. એમનામાં વિનોદવૃત્તિ ય હતી તેમ જ ભારતીય કળા, સાહિત્ય તથા શાસ્ત્રીય સંગીત પ્રત્યે ઊંડી સમજણવાળી દિલોજાની હતી.'*

*વાત ખરી છે. ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યસર્જનને ક્ષેત્રે, આવા ઉમદા અને પહેલી હરોળના સર્જકની, અન્ય વાર્તાકારને મનસા-વાચા-કર્મણા સહાયક બની રહેલા મિત્રની ખોટ, સ્વાભાવિક, સાલતી રહેવાની છે. આ અંક, આથીજસ્તો, એમની સ્મૃતિઓને વાગોળતાં વાગોળતાં, દિવંગત મનેશચંદ કસારાને સ-આદર સમર્પિત કરીએ છીએ.*

*આ દળદાર અંકનું સંપાદન જાણીતા વાર્તાકાર અનિલ વ્યાસનું છે. વાર્તાની પસંદગી ય તેમની છે. સોળ વાર્તાની પસંદગી અનિલભાઈએ કરી છે, જ્યારે એમની સીમાચિહ્નરૂપ વાર્તા, 'નરવણ'ની પસંદગી તંત્રીની છે. બીજી પાસ, મિત્ર વલ્લભ નાંઢાએ આમાંની સાત વાર્તાઓનું મુદ્રાંકન કર્યું છે અને અમને રાહતકારી ટેકો કર્યો છે. વળી, આ અંકનાં વિવિધ પ્રકાશનકામમાં આ બંને મિત્રો ઉપરાંત, રમણભાઈ પટેલની ય હૂંફ સાંપડી છે. એ દરેક પ્રતિ સહૃદય ઋણભાવ વ્યક્ત કરીએ છીએ.*

*આ સાલ, જાનેવારીનો અંક આપી શકાયો નહોતો; એ ઓછપનો ખંગ વાળવાનો આ નમ્ર પ્રયાસ પણ છે, તેમ ય જાણવું.*

– તંત્રી

## ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું માસિક વિચારપત્ર છે અને દર માસની ર૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના ગ્રાહક ગમે તે અંકથી થઈ શકાય છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

---

### લવાજમના દર

વાર્ષિક લવાજમ આ દેશ માટે £25 તેમ જ પરદેશ માટે £40 છે. ચેક યા પૉસ્ટલ ઑર્ડર અથવા ડ્રાફ્ટ Parivaar Communicationsને મોકલવો.

◆

### લવાજમ - સંપાદકીય પત્રવ્યવહાર

"ઓપિનિયન"

'Kutir', 4 Rosecroft Walk, WEMBLEY, Middlsex HA0 2JZ [U.K.]

Tel. : [+44] 020 - 8902 0993

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

### ભારત માટે લવાજમ ભરવાનું ઠેકાણું

Villa Bellevue 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

Tel. : [022] 2386 2843

Fax : [022] 2826 1155/1166

e.mail : bharti_parekh@hotmail.com

**સંપર્ક : ભારતીબહેન પારેખ**

◆

માત્ર ભારતમાંના ગ્રાહકોએ જ, ફક્ત Rs. 2,000ની રકમ, Vipool Kalyani ને નામે લખી મોકલવી

### ગ્રાહક પત્રિકા :

Name : ..............................................

Address : ..............................................

..............................................

Post Code : ..............................................

Telephone : ..............................................

e.mail : ..............................................

Subscription : £25 / £40

Date : ..............................................


ચૌધરી (થોડાંક અપવાદો જવા દેતાં) અંજાયા વગર પોતીકી રીતે વાર્તા લખતાં રહેતાં અને હિમાંશી શેલત પહેલાં હરિકૃષ્ણ પાઠક, અંજલી ખાંડવાળા, રવીન્દ્ર પારેખ આદિએ વાર્તાનું પોત ઉપસાવ્યું ત્યાંથી વાચકની પેલી અનુભવવાની, સમજવાની ભીતિ પાછોતરી ચાલી.

જો કે આમાં ય મુશ્કેલીઓ તો હતી જ. આધુનિક યુગીન વાર્તાઓમાં ય પાછા આંતર યુગો કે વાદ કહેતાં – નારીવાદી વાર્તાઓ, ગ્રામીણ ચેતનાની વાર્તા, દલિત વાર્તા, પરિષ્કૃત વાર્તાઓ અને દેશીવાદ. અહીં પ્રશ્ન એ થાય છે કે એને લક્ષણ વિશેષ કે શૈલી વિશેષ કહી નવાં જ ખાનામાં મૂકવી છે? કારણ કે નારીવાદી વાર્તા, ગ્રામીણ ચેતનાની વાર્તા કે દલિત વાર્તામાં 'વાદ' સિવાયનું શું વિશેષ ? તળપદ ગામડાંની વાત કરીએ તો એ વિષય છે ? કે શહેરના માણસની અને ગામડાંના માણસની અનુભવવાની ચેતના જુદી છે ? સમજણ અલગ છે ? લોકબોલીમાં લખતાં લેખકો 'દેશીવાદ'નાં લક્ષણો જાણી, સમજી પછી જ વાર્તા લખે છે? કે પાત્રની ભાષા પ્રયોજે છે? તો પછી ઝવેરચંદ મેઘાણી, પન્નાલાલ પટેલ, ચુનીલાલ મડિયા લોકબોલીમાં લખતાં તે કયો પ્રવાહ ? વિષયવસ્તુમાં ઉપસતા આંતરપ્રવાહોને 'લેબલિંગ' કરીને શું નીપજવાનું છે?

આ બધા સવાલોના જવાબો ક્યાંક ને ક્યાંક અપાયા છે, ચર્ચાયા છે, પરંતુ કશુંક સંતપર્ક મળવું બાકી છે.

મોઢામોઢ કહેવાતી વાતમાં ઘટના અને પાત્ર પ્રધાન હોય એ એનાં અસ્તિત્વ તિરોધાન, રચના રીતિ, અને ભાષા કર્મ ઉપર ભાર મૂકાયો. આધુનિક વાર્તા મનોસંચલનો, પ્રતીક અને કાવ્યાત્મક નમૂનેદાર ગદ્ય લઈને આવી જેમાં બૌદ્ધિકો - સર્જકો અને વિવેચકોને રસ પડ્યો. હકારાત્મક - નકારાત્મક તમામ સ્તરો – વાસ્તવ - અતિવાસ્તવ - પરાવાસ્તવ - અસ્તિવવાદ ... આ સઘળું સમજાયું - વિકસ્યું. આધુનિક વાર્તાનું નવલિકાના વિકાસમાં નોંધનીય પ્રદાન છે. ટૂંકી વાર્તામાં થયેલા પ્રયોગોનું ઐતિહાસિક મૂલ્ય છે, પરંતુ આ બધાંથી કારણ વિનાના લોકો એટલે આપણાં જેવાં જરા રસ્તો ચાતરી ચાલી બેઠાં.

આ ભાષાનું નકશીદાર પોત અને અતિસાહિત્યિક સ્તર કદાચ સર્જકોને પણ ગુંચવનારું બન્યું હોય કે સંવેદનના તમામ સ્તરે આંટી-ઘૂંટી ઓછી અને વાત સીધી સ્પર્શે - સંકેતો સ્પષ્ટ થાય, વ્યંજના હૃદયસ્પર્શી બને એવા સર્જન તરફની ગતિ નવલિકાને વધુ ફળદાયી નીવડી અને સાંપ્રતં વાર્તા સહુભોગ્ય બની. વળી, આધુનિક વાર્તા ચોક્કસ ફૉર્મ અને કન્ટેન્ટમાં બંધાઈ ગઈ હતી અને જેમ અષાઢ ગોરંભાઈ અને વાદળાં વરસી પડે એમ સર્જનમાં મોકળાશ મળતાં વિવિધ વિષયો, પશ્ચાદભૂ, વાતાવરણ અને સંવેદનાનાં સ્તરે ટૂંકી વાર્તાની ક્ષિતિજો વિસ્તરી. જેમ કે, ભારતીય સંસ્કૃતિને પશ્ચાદભૂમાં રાખી મૂળ મર્મને પામતી કિરીટ દૂધાતની 'લીલ' જેવી કૃતિઓ પણ મળી. તો નારીવાદી ગણાતી છતાં મનુષ્યના મૂલતઃ અસ્તિત્વગત પ્રશ્નને વાચા આપતી 'બાયું', 'કિંમત' અને 'કૂલડી' જેવી નવલિકાઓ પણ મળી.

'રાજકપૂરનો ટાપુ', 'વાની મારી કોયલ' અને 'મીરાણી' માનવસંવેદનના વિવિધ સ્તરોને તાગતી કૃતિઓ – તો, સામે પરિસ્થિતિ અને મનઃસ્થિતિના અંકોડા વચ્ચેની પીસામણ વ્યક્ત કરતી 'કરિયાવર', 'ખાડ' અને 'થીંગડું' જેવી નવલિકાઓ.

ભાવક એક એવી સ્થિતિમાં મૂકાય છે જ્યાં એ એક ક્ષણ સ્તબ્ધ થઈ જાય છે. આ અંતરને ઝઝકોરી નાંખતી સ્થિતિ અહીં નોંધી એ સિવાયની અનેક વાર્તાઓમાં છે. ભગવતીકુમાર શર્માની 'શંકા' અને મધુ રાયની 'કાન' બન્ને સાવ સામાસામે છેડાના પ્રશ્નોને તાગે છે, તો 'ડંકો' પડે ત્યારે' અને 'મગનલાલ' જેવી વાર્તાઓ જીવાતા જીવનની વ્યર્થતા કે ઓછપની ક્ષણે કશુંક પામવાની અનુભૂતિ જન્માવે છે.

અહીં સમાવિષ્ટ વાર્તાઓ વિષે અગાઉ ઘણું લખાયું છે. અનેકવિધ સંપાદનોમાં આ કૃતિઓ સમાવાઈ છે. એટલે વધુ એક સારી વાર્તાઓનું સંપાદનથી વિશેષ કશું જ નિપજતું નથી, એમ અનુભવાય છે. પરંતુ ડાયસ્પોરાનું સાહિત્ય સર્જતાં લેખકો અને ગુજરાતી ગુજરાતી ગદ્યથી દૂર વસતાં આપણે સહુને મૂળ અનુભવવિશ્વમાં પ્રવેશવા થોડી સુગમતા રહે એવો વિચાર વિપુલભાઈનો હતો. દરેક વાર્તા વિષે અલગ રીતે લખવું એમ વિચારેલું પણ એથી 'નવું' કે કશુંક નક્કર નીપજી આવે એમ લાગતું નથી.

વળી, આધુનિક વાર્તાથી જે અળગા થયા એ જ આ ભાવકો છે જેમને વાર્તા સમજાવવાની મારી હિમ્મત નથી. હા, સર્જનના વિવિધ આયામોથી પરિચિત થવાય અને જીવંતતા સાથેનો સમ્પર્ક ગાઢ બને એટલું તો આ પ્રત્યેક કૃતિ કરી શકશે, એ નિઃશંક।

ટૂંકી વાર્તા કે અન્ય સર્જનાત્મક ગદ્ય સંવેદન જગવી શકે ચેતનાનો સ્પર્શ કરાવી શકે, જીવનમાં શ્રદ્ધા દૃઢ કરે એ અનુભવ સુધી લઈ જાય એ સર્જનનો હેતું. આ ટકોરાબંધ વાક્યો, રસાળ ગદ્ય સાથે આ નવલિકાઓનું વૈવિધ્ય સૂક્ષ્મતા સાથે સંદર્ભોને તાકે છે. એ સઘળું સમાજને સમજાય, પમાય એવી વિવિધ સર્જકોની આ કૃતિઓ ટૂંકી વાર્તાના વિકાસનો આલેખ આપી શકે એમ છે.

નવલેખકોને સ્વાધ્યાય કરવા પ્રેરે એવી આ કૃતિઓમાં મારી 'કૃતિ' ન મૂકવાની જીદ વિપુલભાઈએ (તંત્રીએ) પોષી નથી, એ દુઃખ સિવાય આનંદ છે. "ઓપિનિયન"ના વાચકો સમક્ષ આ રીતે આવવાનો.

– તો પ્રવેશો તમારા પોતીકા પ્રદેશમાં.

# ફ્લીટ સ્ટ્રીટના સ્થિર - ધીર 'ભાભાજી'

'બીફ લાઈવ્ઝ' નામે એક તગડી ચોપડી બીલ ડીડ્સ નામના એક અંગ્રેજ પત્રકાર - લેખકે આપી છે. સંક્ષિપ્ત જીવનીઓનાં આ પુસ્તકના આમુખમાં, લેખક લખે છે : 'પત્રકારત્વ તથા રાજકારણમાંની મારી લાંબી જીવનપ્રવૃત્તિઓ વેળા ભેટી ગયેલાં કેટલાંક લોકો વિશેના અહીં શબ્દલેખો આમેજ છે. એ લોકોને કાંઈક કહેવું છે તેવી પાકકી સમજણ સાથે આ સંકલન કર્યું છે. ... એમનાં કાર્યો ખરાં ય હોય કે પછી ખોટાં ય હોય, પરંતુ એ દરેક દિશાસૂચક સ્થંભ બની રહ્યાં છે. બસ, આ એક માત્ર કારણે એમના વિશે લખાણ સહજ થવું જોઈએ.'

બીફ લાઈફ (ટૂંકી જીવની) રૂપે નહીં, પરંતુ પૂરાં ૭૬ વર્ષનું અખંડ તેમ જ સભર સભર પત્રકારત્વ ખેડનાર વિલિયમ એફ. ડીડ્સ નામે આ પત્રકારે ૧૭ ઑગસ્ટ ૨૦૦૭ના પોતાની જીવનલીલા સંકેલી લીધી. અવસાન સમયે એમનું ૯૪ વર્ષનું વય હતું. અને લગભગ અંત સુધી તે "ડેયલી ટેલિગ્રાફ"નામક એક મુખ્ય રાષ્ટ્રીય દૈનિકમાં વ્યવસાયી પત્રકાર તરીકે સંકળાયેલા રહ્યા. એમની શુક્રવારી કટાર માટે દેશ હંમેશ રાહ જોયા કરતો. એમના વિચાર સાથે, પૃથક્કરણ બાબત ઘણા સહમત થઈ શક્યા નહોતા, પરંતુ વિચારની સ્પષ્ટતા, ભાષાની સાદાઈ, લેખકની નિષ્ઠા તે સ્થંભમાં સતત ડોકાયા કરી છે. વાચકને આની જ કદર રહી. તેમની આખરી માંદગી, દિવસોની જ હતી. માંદગીને બિછાને રહીને લેપટોપ વાટે તેમણે "ડેયલી ટેલિગ્રાફ" માટે આખરી લેખ આટોપવાનું રાખ્યું, પણ તે લેખ આટોપી શકાયો જ નહીં. લેખને સ્થાને એમણે જ શુક્રવારે એક્ઝિટ લઈ લીધી.

'ફ્લીટ સ્ટ્રીટ' નામ પડતાં જ વિશ્વ સ્તરના માતબર અંગ્રેજી પત્રકારત્વનો ઈતિહાસ સામે ખડો થઈ જાય. અને છેક ૧૯૩૧ના વારાથી, લાગલગાટ, આ જણે માંઘ્વલીકોર રહેતા રહેતા તેની ગતિવિધિ નિહાળ્યા કરી છે. વર્ષો પહેલાં અહીંથી "મોર્નિંગ પૉસ્ટ" નામક દૈનિક નીકળતું, ત્યાં એ દાખલ થયા ત્યારે એ ફક્ત વામન હતા, અંત સમયે એ "ડેયલી ટેલિગ્રાફ"માં હતા, જ્યાંથી વિદાય ટાંકણે એ વિરાટ રૂપે નિખર્યા છે. ફ્લીટ સ્ટ્રીટના એમનાં સંભારણાં તરીકે એમણે 'ડિયર બીલ' નામે એક પુસ્તક કર્યું છે. ખૂબ વખણાયું છે. તેમ જ આફ્રિકા ખંડની ઉત્તરે એબિસિનિયાની લડાઈમાં યુદ્ધ પ્રતિનિધિ તરીકેની સેવાઓને કેન્દ્રમાં રાખીને વળી એમણે 'એટ વૉર વિથ વાગ' નામનું એ બીજું સરસ પુસ્તક કર્યું છે.

બીલ ડીડ્સ જેવા પત્રકારનો જોટો નથી. "ડેયલી ટેલિગ્રાફ"ના તંત્રીપદે એમણે બારતેર વરસો તો આપ્યા. પરંતુ, આ પત્રકારત્વ જોડાજોડ, વળી એમણે સક્રિય રાજકારણમાં પણ ખૂંપી જવાનું રાખેલું. ૧૯૫૦ના અરસામાં એ એશફર્ડ મતવિસ્તારમાંથી આમ સભામાં કોન્સરવેટિવ પક્ષના સાંસદ તરીકે ચૂંટાઈ આવેલા. તત્કાલીન વડા પ્રધાન હેરલ્ડ મેકમિલને વળી એમને પ્રધાન મંડળમાં લીધેલા અને પ્રચારમંત્રીનો હોદ્દો ય એમણે બે વર્ષ સંભાળી જાણ્યો હતો. આવા દાખલાઓ આ દેશમાં ભાગ્યે જ જડે. બાકી, ભારતમાં અસંખ્ય પત્રકારોએ રાજકારણમાં અને અનેક રાજકારણીઓએ પત્રકારત્વમાં પગરણ માંડેલાં હોય, તેમ દાયકાઓથી અનુભવાયું છે.

વારુ, એમની કદરદાની રૂપે, ૧૯૮૬માં એમને ઉમરાવ પદ એનાયત થયેલું અને પત્રકારત્વમાંની એમની કામગીરીને લક્ષ્યમાં લઈ, ૧૯૯૯ના અરસામાં 'સર'નો ખિતાબ આપવામાં આવ્યો હતો.

પિટર સિસન્સ નામના આદરમાન પત્રકાર તેમ જ ટેલેકાસ્ટરના મત મુજબ, આજકાલના અંગ્રેજી પત્રકારત્વમાં બીલ ડીડ્સના જવાથી સોપો પડી ગયો છે. એમના મત મુજબ, હવે, કીથ વૉટરહાઉસ નામના લેખકની એકલદોકલ કટાર આદરભેર વંચાતી હશે. અનેક ક્ષેત્રે લખાણ કરનાર કીથ વૉટરહાઉસ જાણીતા નવલકથાકાર પણ છે.

નાયજલ રેઈનૉલ્ડ્સ નામના પ્રસાર માધ્યમના એક લેખકના કહેવા મુજબ, બીલ ડીડ્સ ખુદ એક સંસ્થા હતા. વીસમી સદીમાં ઘટેલી મોટા ભાગની ઘટનાઓના એ એક મજબૂત સાક્ષી ય હતા. અને એમનું મગજ જ્ઞાનકોષ જેવું સજ્જ રહેતું. એમને ઈતિહાસની સૂજસમજ હતી અને સાંપ્રત વિશે સારા વિશ્લેષક પણ હતા. પોતાની નવ દાયકાએ પહોંચી જિંદગી છતાં, એમણે સુદાન, ઈથિયોપિયા જેવા લડાઈગ્રસ્ત મુલકોની મુલાકાતો હમણાં સુધી લીધા કરેલી અને પોતાની કટારમાં એ વિશે અવાજ રજૂ કરતા રહેલા. ટૂંકામાં કહીએ તો એ પત્રકારો માટેના જાણે કે પત્રકાર બની ગયેલા.



"ડેયલી ટેલિગ્રાફ"ના તંત્રીપદેથી બીલ ડીડ્સની નિવૃત્તિ પછી, અખબારના તંત્રી બનેલા મેક્સ હેસ્ટિન્ગ્સે, દિવંગતને, એક રવિવારની એમની કટારમાં મજેદાર અંજલિ આપી છે. એ નોંધે છે : 'પેરેડિસો એ ઈન્ફરમો' નામની સ્ટ્રાન્ડમાં આવી એમની વહાલી રેસ્ટોરાઁમાં એ મને જમવા લઈ ગયા. એ દિવસે એક તરફથી 'બેરી'નામની જગજાણીતી નાણાંકીય પેઢી ફડચામાં ફેંકાઈ ગઈ અને બીજી પાસ, બીલ ડીડ્સ વિદાય થઈ ગયા હતા. ફ્લિટ સ્ટ્રીટમાં તો જાણે કે અમંગળાનું વાવાઝોડું પાંચમે કોઠે ફૂંકાઈ બેઠું હતું. તંત્રીખાતાની સ્વાભાવિક બૂમરાડ અને નિરાશાવાદી પ્રતિનિધિઓની કાગારોળનો અનુભવ કર્યા બાદ, બીલ બોલી ઊઠ્યા : દીકરા, તને આ ઝેરની કૂપી આપી જઉં છું એમ તને લાગતું હશે.' થોડા ઘણા સધિયારાને સારુ મેં પૂછી કાઢ્યું, 'કટારચી તરીકે અખબારમાં ચાલુ રહેવાને હું તમને સમજાવી શકું કે ?' એમણે હા ભણી. એમની શરત હતી : એમને મળવા જોઈતા પગાર સામે એ પગારમાં કાપ લેશે. આટલું કમ હોય તેમ મેં એમને ડ્રાયવરવાળી મારી ગાડીમાં એમને મુકામે પહોંચાડવાની તૈયારી બતાવી; તો કહે, ના, વરસોથી લંડન ટ્રાન્સપોર્ટની બસમાં ઑફિસે આવનજાવન કરતા હતા તેમ એ ચપટી વગાડતામાં બસમાં ચડી ગયા !

મેક્સ હેસ્ટિન્ગ્સ વધુમાં નોંધે છે : એ ખરેખાત 'ડિયર બીલ' હતા. તંત્રી તરીકે હું દાયકો રહ્યો. તે પછી ચાર્લ્સ મૂર તંત્રી બન્યા. તે સમયગાળામાં અને પછી પણ, વરિષ્ટ પત્રકારોની રોજિંદી બેઠકોમાં સામેલ રહેતા. સાથીદારોની વાતો, અનુભવો અને વાર્તાઓ તેમ જ ગપસપને ખૂલા કાને સાંભળતા. જરૂરી હોય ત્યાં જ પોતાનો અનુભવનિચોડ આપે. એક થેચરવાદી પત્રકાર કહેતા હતા કે જ્હૉન મેજરની સરકાર આ આધુનિક ઈતિહાસની અત્યન્ત ખરાબ ઘટના હતી. લાગલા એ બોલી ઊઠ્યા : 'તમને ખાતરી છે?' સામ હૉર કરતાં ડગલાસ હર્ડ ઊતરતી કક્ષાના વિદેશ મંત્રી છે તેમ તમે માનો છો ? ટૉમ ઈન્સ્કીપની સરખામણીએ માલકમ રિફકિન્ડ ચડિયાતા પ્રધાન નથી કે ?'

ઈતિહાસની સમજણ, વિશ્લેષકની પાકટતા અને પત્રકારની દૂરંદેશીનો એ અવ્વલ પ્રકાર હતો.

ટૉની મોઈસ નામના એક વાચક-પત્રકારનો જ અભિપ્રાય લઈને આપણે ય આ નરબંકા પત્રકારને આખરી સલામ કરીએ. 'છેલ્લાં પંદર વર્ષથી મારા પાસપોર્ટમાં મારો વ્યવસાય પત્રકાર છે તેમ લખાતું રહ્યું છે. આ વ્યવસાય હવે પ્રામાણિક અને આદરમાન રહ્યો ન હોવાની ચોમેર છાપ ઊભી થઈ છે. એ વચ્ચાળે બીલ ડીડ્સ એક જીવતી જાગતી મિશાલ અને મશાલ હતા. એમને અનુસરવાનું મને ય મન છે. એ જે કંઈ

લખતા તેની સાથે દર વખતે હું સંમત થઈ શક્યો નહોતો, અને વળી તેમના જેવા રાજકીય વિચારો મને ય નહીં. પરંતુ અન્યની સરખામણીએ એમની કટાટ પહેલવહેલી વાંચવી મને દર વેળા ગમી છે. મેં ક્યારે ય એમની કટાર ઉપરછલ્લે વાંચી નથી. એમ રજૂઆતની સાથે સહમત થતો નહોતો ત્યારે પણ નહીં. કેમ કે એમની કટાર અને એ બંને નિષ્ઠાવંત હતા. તેનો પ્રકાશ સતત ઝળૂંબાતો અનુભવતો. ને તે કેવા ઉદ્દાત્ત લેખક હતા !

•

## આંગળિયુંમાં આજ અક્ષર ઘોડા ખેલવે

કવિ વિનોદ જોશીના કાવ્યસંગ્રહ 'પરંતુ'નું એક કાવ્ય છે : *જત લખવાનું આટલું યાને વિમલીનો પત્ર*. તે કાવ્યની પહેલી પંક્તિ લઈએ :

*આ રઘવાયા હાથનાં ખૂલી ગયાં મેદાન*

*આંગળિયુંમાં આજ અક્ષર ઘોડા ખેલવે.*

ગુજરાતના લીલ સીમાડાપ્રદેશ તેમ જ નીલ સીમકાંઠાની પેલે પાર, પથરાઈ ગુજરાતી વસાહતમાં, સમય સમય, કવિલેખકોની આંગળિયુંમાં પણ અક્ષરે ઘોડા ખેલવ્યા છે. આવાં કવિલેખકોમાંથી, ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્ય ક્ષેત્રે, પન્ના નાયક અને હરનિશ જાનીને, અબીહાલ, ગાંધીનગરસ્થિત 'ગૂજરાત સાહિત્ય અકાદમી'એ પોંખ્યાં છે. સન ૨૦૦૩ની શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિકની યાદી મુજબ, હાસ્ય વ્યંગ કટાક્ષ વિભાગનું બીજું ઈનામ હરનિશ જાનીકૃત 'સુધન'ને ફાળવાયું છે. જ્યારે સન ૨૦૦૪ની શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિકની યાદી મુજબ, કવિતા વિભાગનું ત્રીજું ઈનામ પન્ના નાયકકૃત 'રંગ ઝરૂખે'ને એનાયત થયું છે. એ બંને મિત્રોને સહૃદય બિરદાવીએ અને અભિનંદીએ.

અને તેની જોડાજોડ, ગૂજરાત સાહિત્ય અકાદમીને પણ અભિનંદન હજો. ભોળાભાઈ પટેલના વારાથી, આ સંસ્થાએ ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યસર્જન ભણી પણ પોતાનું મુખડું કર્યું છે. વરસો પહેલાં, ગુજરાત સરકારે ભાનુશંકર ઓધવજી વ્યાસ તથા મહેક ટંકારવીનાં ઉચિત સન્માન કરેલાં; અને પછી, મધુ રાય, પ્રીતિ સેનગુપ્તા, આદિલ મન્સૂરી, અદમ ટંકારવી, બળવંત નાયક, જગદીશ દવે, પ્રદ્યુમ્ન તન્ના જેવાં જેવાં મિત્રોને અકાદમીનાં વિધવિધ માનઅકરામ સાંપડેલાં છે. બીજી પાસ, 'ગુજરાતી સાહિત્ય પરિષદ'માં, અબીહાલ, થોડીક અમથી નવી હવા પેઠી હોવા છતાં, હજુ તેમણે લાંબો પંથ કાપવાનો બાકી છે. આપણી પરિષદને કવિ વિનોદ જોશીની કવિતામાં જ કહેવું પડે :

*કૂંચી આપો, બાઈજી !*

*તમે કિયા પટારે મેલી મારા મૈયરની શરણાઈ જી ?*

*કોઈ કંકુથાપા ભૂંસી દઈ મને ભીંતેથી ઊતરાવો,*

*કોઈ મીંઢળની મરજાદા લઈ મને પાંચીકડાં પકડાવો;*

*ખડકી ખોલો, બાઈજી !*

*તમે કિયા કટાણે પોંખી મારા કલરવની કઠણાઈ જી ?*

*તમે ઘરચોળામાં ઘુઘરિયાળી ઘરવખરી સંકેલી,*

*તમે અણજાણ્યા ઉંબરિયેથી મારી નદિયું પાછી ઠેલી;*

*મારગ મેલો, બાઈજી !*

*તમે કિયા કુહાડે વેડી મારા દાદાની વડવાઈ જી ?*

વારુ, હમણાં હમણાં ઈન્ટરનેટી માધ્યમે બીલાડીના ટોપાની જેમ, અનેક ગુજરાતી બ્લોગ્સ ટપકી પડ્યા છે. કેટલાક સારા ય છે. કેટલાકે સ્વકૃતિઓને જ મધ્યવર્તી બાબત બનાવી છે. એમાં વડોદરાસ્થિત મિત્ર મૃગેશ શાહનો બ્લોગ - 'રીડગુજરાતી ડૉટ કૉમ' દેખીતા આંખે વળગે છે. મૃગેશભાઈની ધૂન, તેમની કર્મણ્યતા, આથીજસ્તો, મધમીઠી લાગે છે. ગુજરાતી સાહિત્ય વધારે લોકો સુધી પહોંચે, નવોદિત લેખકોને પોતાની કૃતિ રજૂ કરવાનું એક માધ્યમ મળી રહે તેમ જ સાહિત્યની સર્જનપ્રક્રિયાને વેગ મળે તે હેતુથી, મૃગેશ શાહે 'આંતરરાષ્ટ્રીય ગુજરાતી વાર્તાલેખન સ્પર્ધા'નું, અબીહાલ, આયોજન કરેલું. અહીંતહીનાં કુલ ૪૬ વાર્તાકારોએ એમાં ભાગ લીધેલો. તેમાં બ્રિટન અને અમેરિકાનાં વાર્તાકારો ય હતાં. બ્રિટનમાંથી, હળવી નજરે,




**આ ઊંઝા જોડણી તો ખરી ચગી છે ! આમ જોવા જઈએ તો આપણું ગામ જીરું, વરિયાળી, ઈસબગૂલનું દુનિયામાં એક નંબરનું હબ કહેવાય. ... પણ એનો તો કોઈ ભાવ જ પૂછતું નથી ! અને જ્યાં જુઓ ત્યાં આ ઊંઝા જોડણીની જ બોલબાલા છે !!**

ભદ્રા વડગામા, રમણભાઈ પટેલ, કુસુમ પોપટ તથા મંજુલા પારેખનાં નામો દષ્ટિગોચર થાય છે. આ હરીફાઈનાં કુલ ત્રણ ઈનામોમાંથી બીજું અને ત્રીજું ઈનામ ડાયસ્પોરાને ફાળે જાય છે તે જ ખુદ એક જબ્બર ઘટના લેખાવી જોઈએ. અમેરિકાના રાહુલ શુક્લની વાર્તા 'રાણકદેવીના ગાલ પરનું લાખું'ને બીજું ઈનામ અપાયું છે. જ્યારે અમેરિકાનાં સૂચિ વ્યાસની કૃતિ 'સનમની શોધમાં'ને ત્રીજું ઈનામ ફાળવાયું છે. આ બંને મિત્રોને સહૃદય ધન્યવાદ જરૂર કહીએ.

ડાયસ્પોરિક સાહિત્યજગતની મુખ્ય પ્રવાહમાં ગણના થાય, તે સારુ પા સદી ઉપરાંતના સમયગાળાથી અહાલેક જગવ્યા કરી છે. તેથી આ અને આવા સમાચાર વિશેષે પોરસાવે છે. રાજીપો સહજપણે જમે ફાળવાયો છે.

આ સ્પર્ધાનાં નિર્ણાયકો તરીકે વર્ષા અડાલજા, સુધીર દલાલ તથા શરદ ઠાકર હતાં. ટૂંકીવાર્તા અને તેનાં સ્વરૂપ અંગે વાર્તાકારોએ વિશેષ જાણકારી મેળવવી જોઈએ, તેમ વર્ષાબહેને વાત કરી છે. વાર્તાની રજૂઆત અને બંધારણ સુદૃઢ હોય, તેવો આગ્રહ શરદભાઈનો રહ્યો. જ્યારે વિષયવસ્તુને વધુ રસપ્રદ બનાવવા પર સુધીરભાઈ ભાર મૂકતા હતા. અહીં બ્રિટનમાં, 'ગુજરાતી સાહિત્ય અકાદમી' હેઠળ 'વાર્તાવર્તુળ'ની પ્રવૃત્તિ નિયમિત ચાલે છે. તેમાં ય આ વાત સતત મુકાતી આવી છે.

બ્રિટનમાં સ્થાયી થયેલા દિવંગત વાર્તાકાર મનેશચંદ્ર કંસારાની ખંડિત ખોપરી' વાર્તા ભારે મજબૂત અને સરસ વાર્તા છે. તે વાર્તાને સન ૨૦૦૬નું 'શાંતશીલા ગજ્જર સ્મૃતિ પારિતોષિક' એનાયત કરવાનું બ્રિટનસ્થિત ગુજરાતી સાહિત્ય અકાદમીએ હાલ ઘોષિત કર્યું. મનેશચંદ્ર કંસારાનું ગયા જાન્યુઆરીમાં અહીં અવસાન થયેલું, પરંતુ, એ પહેલાં એમણે એમની ઘણી બધી વાર્તાઓનું અંગ્રેજીમાં ભાષાંતર કરેલું. એમાં આ વાર્તા પણ સામેલ છે. ગુજરાતી સાહિત્ય પરિષદ વાટે, સન ૧૯૯૯ દરમિયાન, એમનો એક વાર્તાસંગ્રહ 'ક્યાંય નહિ, કદી નહિ ... ' પ્રગટ થયો હતો, તે એક પોરસાવે તેવી ઘટના હતી.

'અમેરિકન ફેડરેશન ઑફ મુસ્લિમ્સ ઑફ ઈન્ડિયા', સેવાકીય પ્રવૃત્તિઓમાં સુવાસ પ્રસરાવનાર સંસ્થા તરીકે જાણીતી છે. સાત સાત દાયકીઓનું તપ જોનાર, આપણા એક મોટા ગજાના ગઝલકાર આદિલ મન્સૂરીને આ સંસ્થા 'લાઈફ ટાઈમ અૅચીવમૅન્ટ અૅવૉર્ડ' એનાયત કરી રહ્યું છે, તેવા વાવડ સાંપડે છે. એ પણ એક પોરસાવતી ઘટના કહેવાય. કેનેડાના પાટનગર ટોરોન્ટોમાં ટૂંકમાં એક અવસર થવાનો છે તેમાં આ બિરુદ કવિને એનાયત થશે. તે ટાંકણે, વળી, બ્રિટનસ્થિત અદમ ટંકારવી, અહમદ ગૂલ અને બેદાર લાજપુરી સમેતના શાયરો પણ, 'બઝમ એ વફા' હેઠળ મુશાયરામાં સરીક થવાના છે.

આ બધા વચ્ચે, ઉર્દૂ જબાનનાં બડા ઉપન્યાસકાર કુર્તુલૈન હૈદર સ્વાભાવિક સાંભરે છે. થોડા સમય પહેલાં, એ વિલાયત આવેલાં. એ દિવસોમાં, અમે અહીં, 'સાઉથ એશિયન લિટરેચર સોસાયટી' નામે એક ભારે અગત્યની સંસ્થા ચલાવતા હતા. એમાં આ સાહિત્યકારને સાંભળવાનો અને મળવાનો સુખદ અવસર સાંપડેલો. 'આગ કા દરિયા', 'આખિરી શબ કે હમસફર' જેવી શિષ્ટ નવલકથાઓ એમણે આપી છે. અને તેથી જ એમને ૧૯૬૭ દરમિયાન 'સાહિત્ય અકાદમીનું સર્વોત્તમ સન્માન 'જ્ઞાનપીઠ પારિતોષિક' એનાયત થયું હતું. આ સાહિત્યકારનું તાજેતરમાં નવી દિલ્હી ચોપાસ ૮૦ની વયે અવસાન થયું છે. એમને વિદાયવંદના હજો.

વારુ, આપણાં આ અને આવાં પારિતોષિકોની સરખામણીએ અહીં વિલાયતમાં પણ સાહિત્ય ક્ષેત્ર માટે અનેક પ્રકારનાં ગણમાન્ય ઈનામો આપવામાં આવે છે. એક ગુજરાતી પિતાની પુત્રી કિરણ દેસાઈને ગઈ સાલ 'બૂકર પારિતોષિક' એનાયત થયેલું. નાઈજિરિયન લેખિકા ચીમામાન્ડા ન્ગોઝી અદિચીને 'ઑરેન્જ બૉડબેન્ડ' પારિતોષિક અપાયું હતું. તો નાઈજિરિયાના સાહિત્યકાર ચીનૂઆ અચેબેને એમની જીવનભરની સાહિત્ય સાધના માટે 'મેન બૂકર ઈન્ટરનેશનલ'



પારિતોષિક એનાયત થયેલું.

આ સાલ, આ 'બૂકર' પારિતોષિક માટે આશરે તેર સાહિત્યકારોની યાદી બનાવાઈ છે. કોટામાં જન્મેલાં અને હાલ કાર્ડિફ નગરમાં વસતાં નીકિતા લાલવાણીનો તેમાં સમાવેશ છે. તેમની 'ગિફ્ટેડ' નામક ચોપડીને પસંદગી માટેની યાદી પર લેવામાં આવી છે. એમ. ઈન્દ્ર સિંહાની કૃતિ, 'એનિમલ્સ પિપલ'ને સામેલ કરવામાં આવી છે. પાકિસ્તાનના મોહસિન હમીદની કૃતિ 'ધ રિલકટન્ટ ફન્ડામેન્ટલિસ્ટ' પણ આ યાદી પર જોવા મળે છે. આખરે કયો ઘોડો વિજેતા નિવડશે, તે જાણવાની રાહ જોઈએ.

# સપનાંનાં વાવેતર

આ સાલ ઉનાળો છેતરામણો છે. તડકો અલોપ થયો છે. પ્રથમ પહેલાં વરસાદે માઝા મૂકી. આટઆટલો વરસાદ આ મૂલકમાં આવ્યાનું ક્યાં ય જાણમાં નથી. પૂર ઉપર પૂર. નદી અને નાળાં; વનરાજી, ખેતર, વાડીવજીફાં, તેમજ ગામ મહોલ્લા અને મકાન - તારાજીનો ભોગ બનતા રહ્યાં. આટઆટલું ઓછું હોય તેમ, ભર ઉનાળે, ઘણા દિવસથી, હજુ ય ચોપાસ વાદળિયું હવામાન ઘમ ચક્કરડી ફેરવ્યા રાખે છે. ટૂંકામાં, પાનખરની બૂ ચોમેર સતાવે છે.

આવું ધૂંધળું વાતાવરણ સરકારની આપ્રવાસની (ઇમિગ્રેશનની) નીતિરીતિ અને કાર્યપ્રણાલીમાં ય દેખા દે છે. ટોની બ્લેઈર ગયા; ગોરડન બ્રાઉન વડા પ્રધાનપદે આવ્યા. પરંતુ કોઈ ઝાઝો ફેર પડ્યો નથી. એ તો લેબરની લેબર રાજનીતિ. હા, ક્યાંક ક્યાંક, નીતિરીતિના જોસ્સાનો ભાર જોમવંત બન્યો છે, તો ક્યાંક વળી હળવો યા ખાલીખમ્મ.

વારુ, આ મુલકમાં અધિકૃત નોંધ રાખવાનું શરૂ થયું ત્યારથી આજ સુધીના આંકડા તપાસીએ તો સન ૨૦૦૬ના મધ્ય ભાગ સુધીના વરસ ગાળા દરમિયાન, આશરે ૩,૮૫,૦૦૦ લોકો આ દેશમાંથી સ્થળાંતર કરી ગયાં છે. આમાંના મોટા ભાગનાં લોકો આ દેશમાં 'લાબા ગાળા માટેના આપ્રવાસીઓ' હતાં અને તે બ્રિટિશ નાગરિકો નથી, એમ નોંધણી કરનારાઓ જણાવે છે. 'ઑફિસ ફૉર નેશનલ સ્ટેટિસ્ટીક્સ' ( આંકડાઓ એકત્ર કરતું રાષ્ટ્રીય દફતર) દ્વારા આ માહિતી તાજેતરમાં પ્રગટ કરવામાં આવી છે. 'યુનિવર્સિટી કૉલેજ લંડન'ના દેશાન્તર સંશોધન વિભાગના કહેવા પ્રમાણે આ આંકડાઓમાં ૧,૯૬,૦૦૦ જેટલાં બ્રિટિશ નાગરિકો હતાં, જ્યારે એક વરસથી વધુ સમય માટે આ દેશમાં વસવાટ કરનારાં આપ્રવાસીઓનો આંકડો ૧,૮૯,૦૦૦નો હતો. બીજી તરફ, આવા કોઈક લાંબા ગાળાના આપ્રવાસીઓ તરીકે આ દેશમાં આવેલા લોકોની સંખ્યા ૫,૭૪,૦૦૦ની હોવાનું કહેવાયું છે. યુનાઈટેડ કિંગ્ડમની વસતી, પરિણામે, વધીને હવે ૬,૦૫,૮૭,૦૦૦ થાય છે જેમાં ૩,૪૯,૦૦૦નો વધારો નોંધાયો છે.

આ દેશાન્તર, આ પ્રવાસીઓની આવનજાવનને ક્ષેત્રે ઊભા થતા અનેક કોયડાઓ સબબ સક્રિયપણે સેવાનાં વિવિધ કામ કરનારાં મંડળીમાં 'સંગત' નામે સંસ્થા તેમ જ આગેવાનોમાં કાન્તિ નાગડાનાં નામ, સ્વાભાવિક, પહેલી હરોળમાં સોહે છે. આ આખું કામ ભૂલભૂલામણી શું બખડજંતરિયું બની બેઠું છે. કેટલાક લોકો વળી વચેટિયાગીરી કરીને બે પૈસા રળી પણ ખાય છે. જ્યારે કાન્તિભાઈની આગેવાની હેઠળ 'સંગત'માંની સેવાઓ આમ જનતાને સારુ વિના મૂલ્યે અપાતી રહી છે.

મહારાણી ઈલિઝાબેથના સૌથી નાના પુત્ર રાજકુમાર એડવર્ડ અને એમનાં શાહીપત્ની સોફી યાને કે વેસેક્સનાં અર્લ અને કાઉન્ટેસ દ્વારા, આ સંગત સંસ્થાનાં નવા મકાનું જાહેર લોકાર્પણ ૨૦૦૨ની સાલમાં થયેલું. બૃહદ લંડનમાં પશ્ચિમ દિશાએ આવ્યા હેરૉ પરગણાના વીલ્ડસ્ટૉન વિસ્તારમાં, જોતાં પેટ ઠરે એવી સરસ મજાની એક ઈમારત ઊભી છે. આ સંગત સેન્ટરને લોકો એક વખતે સેન્કૉફ્ટ સેન્ટર તરીકે પણ ઓળખતા હતા. આ તદ્દન નવીનક્કોર તેમ જ સાધનસંપન્ન ઈમારતના બાંધકામને માટે £૫,૦૦,૦૦૦નો ખર્ચ થયો હતો. હેરૉ તથા ચોપાસની આમ એશિયાઈ જનતાએ માંહેમાંહે નાનાંમોટાં દાનથી £૨,૭૦,૦૦૦ જેવડી રકમ ઊભી કરી, તો બાકીની રકમ મલેનિયમ કમિશનને અનુદાન માટે અરજી કરીને મેળવાઈ હતી. આ હેરૉ વિસ્તારમાં જ એશિયાઈઓની લગભગ સાઠસિત્તેર હજાર લોકોની વસતી હશે.



સંગત કેન્દ્ર, સેનક્રોફ્ટ રોડ, હેરૉ

આ સંગત કેન્દ્રને 'લીગલ સર્વિસીસ કમિશન' દ્વારા 'ક્વૉલિટી માર્ક"નું પ્રમાણપત્ર મળ્યું છે. આવાં પ્રમાણપત્ર મેળવનારી એ દેશમાંની એશિયાઈ સંસ્થાઓ જૂજ જ મળે. વળી, 'ઑફિસીસ ઑફ ધ ઈમિગ્રેશન સર્વિસીસ કમિશનર'ની માન્યતા પણ હવે તેને સાંપડી છે. ઉપરાંત, ૧૯૯૯માં પસાર થયેલા ઈમિગ્રેશન અને એસાયલમ અંગેના કાયદાઓ અનુસાર, માર્ગદર્શન આપવાની સંગત કેન્દ્રને સર્વાંગી અધિકૃત છૂટછાટ અપાઈ છે.

યુગાન્ડાના ઈદી અમીને એશિયાઈઓની હકાલપટ્ટી કરી, એમાં આપણા આ કાન્તિભાઈનો ય સમાવેશ હતો. મૂળ જામનગર તલપદના આ હાલારી વિશા ઓશવાળ નબીરાનો જન્મ ૧ મે ૧૯૪૬ના રોજ કમ્પાલામાં થયેલો. કમ્પાલામાં ભણતર પછી, સ્થાનિક એક માધ્યમિક નિશાળમાં એમણે શિક્ષણકામ કરેલું. ૧૯૭૨ના અરસામાં બીજાં અનેકોની સાથે એમને ય બ્રિટનવાસ કરવો પડે છે. પરંતુ અહીંના સમાજમાં આરંભે એ ખોવાયેલા ખોવાયેલા બની બેઠા. એ તો યુવાન, પણ બીજા અનેક ઉંમરે ક્યાં ય મોટા. એ દરેકની કેવી હાલત થતી હશે ? આવા આવા વિચારો કાન્તિભાઈને સતાવે. પણ એ હાથ જોડી બેઠા નહીં. એમણે સામાજિક સેવા કરવાનો અને સંગઠન ઊભું કરવાનો મનસૂબો કર્યો. એમાંથી 'એંગલૉ - એશિયન આર્ટ્સ' નામની સંસ્થા ઊભી થઈ. કાન્તિ નાગડા ઉપરાંત, અનીતા શાહ, ચન્દ્રકાન્ત પટેલ જેવા સાથીમિત્રો આરંભથી એ અભિયાનમાં જૂતાયાં રહ્યાં. એશિયાઈ જમાતની સાંસ્કૃતિક તથા ધાર્મિક જરૂરિયાતોને ય એમણે સંસ્થાના મુખ્ય કાર્યક્રમોમાં વણી લીધી. આમ વખત જતા, આ સંસ્થા વિકસી, વિસ્તરી અને હવે તો આ 'સંગત એડવાઈસ સેન્ટર'નું આ જ મિત્રો સુપેરે સંચાલન કરે છે.

એ કહે : અમે કામ શરૂ કર્યું એ દિવસોમાં અમારી આંતરડી ચીરાતી હતી. આપણા લોકોને ક્યાંથી સહાય મળશે ? કેવી રીતે મળશે ? – તેની કોઈ જ ગતાગમ નહીં. વળી કેટલાકોને ભાષાનો સવાલ નડતો હતો. આબોહવા વિષમ હતી. રોજગારીના, આવાસના કોયડાઓ હતા. અમે સમજદારી કેળવી, સહાય થવાનું રાખ્યું. એ સીધાં જ ચઢાણ હતાં, પણ આજે હવે હાશકારો અનુભવાય છે.

હેરૉ વીલ્ડના કીર્તિ લાલજી નામના એક શહેરીનો અનુભવ જોઈએ. એ કહે : મારી બહેનને અહીં ફરવા તેડાવવાની અમે અરજી કરી. અરજી ફેંકી દેવાઈ. અમને ભારે આઘાત લાગ્યો હતો. પણ થાય શું ? કળ વળી અને અમે કાન્તિભાઈને મળ્યા. એમણે જે મદદ કરી, તેનાં, ભાઈ, શું મૂલ કરીએ ? એમણે સમય સામે જોયું નહીં. અમારો હાથ ઝાલ્યો. અપીલ કરી, કરાવી. ખુદ અદાલતમાં આવ્યા. અને અમારી અપીલ જીતીને રહ્યા. અને સમજો, પાછું આ સઘળું જાણે કે વિના કોઈ ખર્ચે ! ... આવું આજે કોણ કરે છે ?

વારુ, આવા અનેક દાખલાઓ અને અનુભવો તમને અહીં ચોપાસ સાંભળવા મળે.



કાન્તિ નાગડા

કાન્તિ નાગડા સપનાંના સોદાગર છે. એમણે આ દેશમાંની એશિયાઈ જમાતની ચિંતા કરી છે. ભાષણગીરીમાં જ એ ફટાયા નથી. તેને સારુ એમણે નક્કર યોગદાન પણ આપ્યું છે. રાષ્ટ્રીય સ્તરે 'કન્ફેડરેશન ઑફ ઇન્ડિયન ઑર્ગનાઇઝેશન્સ' જેવી કેન્દ્રગામી સંસ્થાના એક સ્થાપક પણ બન્યા અને તેમાં મહામંત્રી તરીકે લાંબા સમય સુધી સેવાઓ આપેલી. એ નકરી સેવાઓનો હું ય સાક્ષી રહ્યો છું. એ જ રીતે 'નેશનલ કૉંગ્રેસ ઑફ ગુજરાતી ઓર્ગનાઇઝેશન્સ'માં પણ સક્રિય રહ્યા છે. વચ્ચે બે વર્ષ આ સંસ્થાના પ્રમુખપદે પણ તે હતા.

સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરે વર્ણીય સંબંધક સભાબેઠકોમાં ય કાન્તિ નાગડાએ સક્રિય ભાગ લીધા કર્યો છે. એમના જેવા નિષ્ઠાવાન કાર્યકરો અને આગેવાનોનો અહીં જ્યાં દુકાળ છે, ત્યારે રણ વચ્ચાળે એ મીઠા રણદ્વીપ શા સોહે છે. એશિયાઈ જમાત આ દેશમાં સારી રીતે થાળે પડે અને એમને એમનું જીવન વ્યતીત કરવામાં સુગમતા સાંપડે એવા એવા એમને ઓરતા રહ્યા છે. એવાં કામો કરવાનાં એમને જાણે કે સતત અનેક સપનાં. અને આ સપનાંસેવીએ તેને સાકાર કરવામાં આજ દિવસ સુધી પાછી પાની કરી નથી.


# વિલાયતી અંભયારણ્યમાં જંગબારી ગુજરાતી યુગ !

જંગબારી વીરો વિલાયતના ડારબીશરે પોખાણો !

'પીક ડિસ્ટ્રીક્ટ નેશનલ પાર્ક'(અભયારણ્ય)ના પ્રમાણભૂત અધિકારમંડળના અધ્યક્ષપદ માટે, નરેન્દ્ર બજરિયા નામક એક ગુજરાતીની, કેન્દ્રીય સરકારે, તાજેતરમાં, નિમણૂક કરી છે. આવા ઉચ્ચ પદ માટે લઘુવાંશિક સમાજમાંથી પસંદ પામેલી અને નિમાયેલી એ પહેલી જ વ્યક્તિ છે.

ઉત્તર ઈંગ્લૅન્ડના ડારબીશર પરગણામાં ઉત્તરે ટેકરાળ પ્રદેશ આવેલો છે. ઉત્તરે કાંકરિયાળા ખડકોથી છવાયેલાં, અણખેડાયેલાં અને અડાબીડ ઘાસિયા મેદાનનો વિસ્તાર છે. સમુદ્ર પટથી તેની ઊંચાઈ ૬,૩૬૪ મીટર જેવડી છે. વચ્ચે કુદરતી સૌંદર્યથી ભરપૂર ચૂનાવાળો પથ્થરાળ ઉચ્ચ પહાડી પટ છે. ખીણ પ્રદેશમાં ચોમેરે પથરાઈ વનરાજી આંખોને ભરપેટ શાતા આપે છે. વાઈ અને ડૅવ નદીઓ ચોપાસનો વિસ્તાર તો અંતરમનને સતત રાજીપો બક્ષે છે. આ વિસ્તારમાં પીક ડિસ્ટ્રીક્ટ નેશનલ પાર્ક (અભયારણ્ય) આવેલું છે. સન ૧૯૫૦માં તેની રચના કરવામાં આવી હતી અને તેને ૧,૪૦૪ ચોરસ કિલોમીટરનું ક્ષેત્રફળ છે. ચેશર, ડારબીશર, સ્ટેફર્ડશર અને દક્ષિણ યોર્કશરનો કેટલોક ભાગ તેમાં સમાવાયો છે.

મૂળગત મુન્દ્રાના વતની પણ ઝાંઝીબારમાં વરસોથી વસેલા બજરિયા નુખના આ કચ્છી ભાટિયા નબીરાને અગિયાર ભાઈભાંડુઓ હતાં. એમાંના નરેન્દ્રભાઈ સૌથી નાના. પરિવારનો સીંદરી (કાથીના દોરડા) વેંચવાનો ધમધોકાર ધંધો ત્યાં ચાલતો હતો. સ્થાનિક લોકોમાં એમનો પરિવાર આથી 'બ્વાના ખામ્બા'થી ઓળખાતો હતો, એમ જાણવા મળે છે. છેલ્લા ચાર દાયકાઓથી એ બ્રિટનમાં વસવાટી છે. વ્યવસાયે એ પ્રામાણિત સ્થપતિ (આર્ટિટેક્ટ) અને નગરરચનાશાસ્ત્રી (ટાઉન પ્લાનર) છે. ઉત્તરના જાણીતા શેફિલ્ડ નગરના 'પ્લાનિંગ, ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઇસ ડિપાર્ટમેન્ટ'ના વડા તરીકેની જવાબદારીઓ એમણે વર્ષો સુધી જાળવી હતી. આમ, નગરજીવનના પુનરુદ્ધાર માટેના વિવિધ પ્રકારના કાર્યક્રમોના એ ઊંડા જાણકાર છે.



નરેન્દ્ર બજરિયા

વળી, 'સાઉથ યૉર્કશર હાઉસીંગ ઍસોસિયેશન', 'ઇંગ્લિશ હેરિટેજીસ અર્બન પેનલ' તેમ જ 'સાઉથ યૉર્કશર કમ્યુનિટી ફાઉન્ડેશન'માં ય અનેક પ્રકારે એમની સામેલગીરી રહી છે અને હવે આ પીક ડિસ્ટ્રીક્ટ અભયારણ્યમાં એ આ હોદ્દે નિમાયા છે. શેફિલ્ડ હેલામ યુનિવર્સિટીમાં શહેરી જીવનના પુનરુદ્ધાર બાબતના અભ્યાસક્રમને માટે એમ.એ. તેમ જ એમ.એસસી. ઉપાધિ માટે એક પરીક્ષક તરીકેની પણ એમણે સેવાઓ આપી છે.

પૂર્વ આફ્રિકાના ટાન્ઝાનિયા દેશથી હિંદી મહાસાગરમાં પચીસપચાસ કિલોમીટર દૂર આવેલા નાનામોટા દ્વીપપૂંજને ઝાંઝીબાર કહેવામાં આવે છે. અનેક ટાપુઓ વચ્ચે ઊંગુજા અને પેમ્બા નામે બે મોટા ટાપુઓ છે. ઝાંઝીબાર તરીકે પણ ઓળખાતા આ ઊંગુજાનું મુખ્ય નગર એટલે ઝાંઝીબાર સિટી, અને તે પાટનગર પણ છે. લવીંગ, જાયફળ, તજ અને મરી જેવા તેજાનાઓ અહીં પાકે છે. આ ઇતિહાસપ્રસિદ્ધ ટાપુઓની વિગતો ગુણવંતરાય આચાર્ય જેવા સાહિત્યકારોની નવલકથાઓમાં તો સાંપડે છે. પણ ગુલામી પ્રથાના ઇતિહાસમાં પણ તેનું કેન્દ્રગામી નામસ્થાન રહેલું. આશરે ૧,૬૫૧ ચોરસ કિલોમીટરનું ક્ષેત્રફળ ધરાવતા આ ટાપુઓ પર આશરે હાલ ૧૦,૭૦,૦૦૦ જેટલી વસતી હોવાનું કહેવાય છે. ઝાંઝીબાર સાથે કચ્છ કાઠિયાવાડના અનેક સાહસિક નરબંકાઓએ જીવતોજાગતો સંપર્ક જાળવેલો. ત્યાં અનેક લોકો સૈકાઓથી સ્થાયી થયેલા, તેવી વિગતો ય મળે છે. અને આથીજસ્તો, આજે ય ફારસીઓ, આરબો, ફિરંગીઓ, અંગ્રેજો ઉપરાંત હિન્દીઓની ઝાઝેરી અસર અહીંના જનજીવન પર અને પાછોતરા ઇતિહાસ પર જોવા મળે છે.

ઇતિહાસથી ભર્યા ભર્યા આ પાર્શ્વભૂમાં ઉછરેલા નરેન્દ્ર બજરિયા, એથીજસ્તો, સરળતાએ પોતાના વિસ્તારના જનજીવનમાં સુપેરે હળી ભળી ગયા છે. એમની આ નિમણૂકનું ભારે મોટું મહત્ત્વ છે, તેની એમને ય સમજણ છે, અને તેથી એ કહેતા હતા : 'છએક સાલ પહેલાં આ ઑથોરિટીમાં સભ્ય બનવાને મને આમંત્રણ અપાયું ત્યારે મેં એમની પાસેથી ખાતરી મેળવેલી કે મારે પ્રતીકિયા (ટોકનિસ્ટ) આદમી બની નથી રહેવું. હું જોડાઈશ તો સક્રિય બની જઈશ અને કર્મચારીઓએ તે માટે તૈયાર રહેવું પડશે. વિકાસ અને પ્રગતિ સાધવી હોય, તો મુખ્ય કર્મચારીઓને આ ફેરફાર માટે તૈયારીઓ કરવાનું જણાવજો.' અને પછી નરેન્દ્રભાઈએ પાછું વાળીને જોયું જાણ્યું નથી.

દર સાલ આ અભયારણ્યની મુલાકાતે આશરે બે કરોડ સહેલાણીઓ આવતા હોવાનું નોંધાયું છે. પરિણામે, નવા અધ્યક્ષ તરીકે

એ ખૂબ ઉત્સાહી માણસ છે. એમની આ નિમણૂક બાબતની કાર્યવાહીઓ અંગે પણ એમનામાં સ્પષ્ટતા છે. એ કહેતા હતા : આ શેફિલ્ડ નગર જુઓને. તેનો ત્રીજા ભાગ આ અભયારણ્યમાં જ આવરી લેવાયો છે. અને છતાં, શેફિલ્ડની જનતાને તેની કેટલી જાણકારી છે ? જાણકારી છે તો ઉલ્લાસ છે ખરો ? આ લોકો આ અભયારણ્યનો લાભ સરળતાએ લઈ શકે એ માટેની વ્યવહારુ યોજનાઓ કરવી પડશે, એમ તે કહેતા હતા.

આ અભયારણ્ય સવિશેષ જનતાલક્ષી બને તેવી યોજનાઓ એ વિચારી રહ્યા છે. કાંકરિયા ભેખડ અને ડુંગરાઓથી ભરપૂર સ્ટાનએજ, હેધરસેજની ઉપરતળે જોવા મળતું આશ્ચર્યમુગ્ધ કરી દેતું સૌન્દર્ય, લેથકિલ વિસ્તારની ખીણો અને તેમાં ચૂનેરી માટીમાં ઊગી નીકળેલાં ઑર્કિડ્સ નરેન્દ્રભાઈને સતત ગમતાં સ્થળો છે. અને એમની આ યાદી લંબાતી રહે તેવી છે. દેશના દક્ષિણ પ્રદેશમાંથી તેમ જ વિદેશમાંથી અનેક લોકોને આ અભયારણ્યની ખાસ મુલાકાત લેવા તેડુ કરે છે. એ દરેકને કહેવા માગે છે : અહીં આવો, અને આ જુઓ. આ કુદરતની મહેર કેવી અપરંપાર છે.

વિલાયતના પ્રવાસમાં આ અભયારણ્યની મુલાકાતને આમેજ કરવાનું મન થાય તેવું આ બધું છે. આપણે તો અબી હાલ, નરેન્દ્ર બજરિયાની આ સઘળી દૂરંદેશી યોજનાઓ સરસ રીતે સફળ બને એવી જ શુભ કામનાઓ કરીએ.

# ગાંધીના વારસદારો !

**- જુગલકીશોર**

**[શીખરીણી]**

**'તમોને વીંધી ગૈ સનન', અવ આ આમજનને**
**વીંધી રહૈ છે બાપુ ! સતત વરસોથી, પજવતી**
**રહેતી, નીષ્‌ઠાનાં શીથીલ કરતી પોત; તમને**
**હણ્‌યા એનો ના રહે કંઈ વસવસો એટલી હદે !**

**વછુટેલી હીંસા સનન, ગણતી જે ત્‌રણ, તમે**
**ભરી રાખી હૈયે ! રુધીર વહ્‌યું તેને પણ અહો**
**ઝીલી લીધું સાદા, શુચી વસન માંહી; થયું હશે**
**તમોને કે હીંસા તણી કશી નીશાની નવ રહે**
**ભુમીમાં – જે મોંઘું ઉજવી રહી સ્‌વાતંત્‌ર્‌ય નવલું !**

**તમે તો ઉચ્‌ચારી દઈ ફકત 'હે રામ !', ઉજવ્‌યું**
**અહીંસાનું મોંઘું પરવ; પણ આ ખાસ જન ના**
**શક્‌યું ઝીલી એને. કળણ બહુ ઉંડાં શબદનાં !**


**તમે ઝીલ્‌યા હૈયે ક્‌ષણ ક્‌ષણ પ્‌રહારો – ત્‌રણ નહીં !**
**અમે એવાં એવાં, નહીં ગમ કશો, કો' ગણ નહીં !**

http://jkishorevyas.wordpress.com

# ન હોં કુબૂલ તો ... ...

યુરોપ ખંડના આથમણા વિસ્તારમાં એક દેશ છે. લટકામાં, તે એક ટાપુ ય છે. હા, આપણે તેને યુનાઈટેડ કિંગ્ડમ કહીએ છીએ. તેને વળી એક રાણી છે. એ મહારાણીનું નામ ઈલિઝાબેથ છે. તેને ત્રણ કુંવરો અને એક કુંવરી છે. પાટવી કુંવરનું નામ ચાર્લ્સ છે. ૫૪ વરસથી રાણીનું રાજ અહીં તપે છે. આ પાટવીકુંવર ક્યારે રાજવી થાય તે કોઈ જાણતું નથી. પણ તેને ઊફરેટા વિષયોમાં રસ છે અને તેવી તેવી પ્રવૃત્તિઓ સતત કરે રાખે છે. આમ એમના દિવસો પસાર થાય છે. જનનશાસ્ત્રના નિયમનો અનુસાર ફેરફાર કરાયેલી ખાદ્યસામગ્રીઓ, અદ્યતન શિલ્પ સ્થાપત્ય કળા, કાર્બનથી ભરી પડેલી દેશની મુખ્ય મુખ્ય શેરીઓ તેમ જ બ્રિટિશ શિક્ષણ વ્યવસ્થા ખિલાફ એમણે સતત અવાજ ઊઠાવ્યો છે. આથી જ, તાજેતરના "ધ સન્ડે ટાઈમ્સ"માં, તેના એક સંવાદદાતા, રાજકુમારને 'ધ ઈન્કન્વીનિયન્ટ પ્રિન્સ' જાહેર કરે છે।

સ્થાપિત હીતોને, સ્વાભાવિક, રાજકુમાર ચાર્લ્સ કણાની જેમ ખૂંચે છે. આ સંવાદદાતાનું પણ તેમ જ. પરંતુ પર્યાવરણની, પરિસરની તેમ જ સમાજની ચિંતા એમને હૈયે સતત વસેલી રહી છે. અને આથી, 'ધ હારમની પ્રૉજેક્ટ' નામની, પર્યાવરણ સંબંધક યોજનાને કેન્દ્રસ્થ કરી, રાજકુમાર એક ફિલ્મ તૈયાર કરવામાં લાગી ગયા છે. હોલીવુડના નિર્માતાઓ સાથે આ સારુ એમણે વાટાઘાટો ય આદરી છે. અને ભારતનાં પર્યાવરણ ક્ષેત્રે કર્મશીલ વંદના શિવને તેમાં અદાકારી કરવાનું ઈજન રાજકુમારે આપ્યું છે. છછ વરસથી અરસપરસનાં પરિચયવાળાં આ વંદનાબહેને હા ભણી હોવાનું ય હવે જાણવા મળે છે. ખેર !



ઠીક સો વરસ પહેલાં, દક્ષિણ આફ્રિકાના દિવસો દરમિયાન, એક બીજા અવ્વલ પત્રકાર અને ઉમદા વિચારક મોહનદાસ ગાંધીએ એમરસન, થોરો, તોલ્સ્તોય અને રસ્કિનને પગલે પગલે, 'હિંદ સ્વરાજ' વાટે ગાંધીદોહનનું સર્વગ્રાહી ભાષ્ય આપ્યું હતું. એમાં પર્યાવરણને અગત્યનું સ્થાન અપાયું છે. ગાંધી ભારે દૂરંદેશ માણસ અને આથીજસ્તો, આજે ય એ ક્યારે ય ન હતા એટલા જ પ્રસ્તુત છે. વારુ, વડોદરાસ્થિત યજ્ઞ પ્રકાશને ગઈ સાલ એક ભારે અગત્યનું પુસ્તક આપ્યું છે : " 'હિંદ સ્વરાજ' : એક અધ્યયન". ગાંધી સાથે કામ પાડતા તેમ જ ગુજરાતી વાંચતા તમામ પાસે આ પુસ્તક હોવું જરૂરી છે. આપણા આગેવાન વિચારક અને આ પુસ્તકના લેખક કાન્તિ શાહ આ પુસ્તક અંગે લખે છે તેમ 'હિંદ સ્વરાજ' એક પુસ્તક માત્ર નથી, ગાંધીને પામવાની ચાવી છે.


અને વિધિની અખિલાઈ તો જુઓ : ભારત અને પાકિસ્તાનની આઝાદીના હીરક મહોત્સવની ઉજવણી ટાંકણે, 'બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોરપોરેશન' એક જાગતિક સ્તરની મોજણી હાથ ધરે છે. ૧૨,૬૭૦ જેટલાં દેશવિદેશનાં અહીંતહીં પથરાયેલાં લોકો તેમાં ભાગ લે છે. આ

મોજણી અનુસાર, ભાગ લેનારને જ્યારે જ્યારે ભારત દેશનો વિચાર આવે છે, ત્યારે ત્યારે તેમની સમક્ષ, પ્રથમપહેલાં, મહાત્મા ગાંધી ખડા થાય છે. ... છે કોઈ નવાઈ ?!

મહાત્મા ગાંધીએ, પોતાની હત્યાના ૧૯ દિવસ પહેલાં, લખેલા એક પત્રનું, ગત ત્રીજી જુલાઈએ, લંડનમાં જાહેર લિલમ થવાનું હતું. જો કે ભારત સરકારે હવે ગાંધીનો એ કાગળ મેળવી લીધો છે. ગાંધી સમગ્ર સંગ્રહમાં એ સમાવી ય લેવાયો છે.

૧૯૪૮ની ૧૧મી જાન્યુઆરીએ 'હરિજન' માટે આ પત્ર લખાયો હતો. હાથથી લખાયેલો આ ઐતિહાસિક પત્ર સ્વ. આલ્વિન સ્કેમના ૩૦ વર્ષના સમયના કલેકશનનો આ ભાગ છે.

આ ઐતિહાસિક પત્રમાં ગાંધીજીએ 'હરિજન'ની ઉર્દૂ આવૃત્તિ બંધ કરવા અંગે દિલગીરી વ્યકત કરી છે. વાચકવર્ગ ઓછો થઈ જવાને કારણે ઉર્દૂ આવૃત્તિ બંધ કરવામાં આવી હતી. વાચકવર્ગ ઓછો થઈ જવાનું કારણ તેના પ્રત્યેનો રોષ હોવાનું મને લાગે છે. આપણા ઈતિહાસના અત્યારના તબક્કે મારા આ અંગેના વિચારોમાં કોઈ ફરક પડ્યો નથી. કોઈ નીતિનો પ્રશ્ન ન હોય ત્યારે મુસ્લિમ કે કોઈ વ્યક્તિની લાગણી દુભાવવાનું ખોટું છે, એમ ગાંધીજીએ આ પત્રમાં જણાવ્યું છે. ઉર્દૂના મહત્ત્વની હિમાયત કરતાં જણાવ્યું છે કે આ ભાષાનો અનેકગણો ઉપયોગ છે. કોમી તંગદિલીની પશ્ચાદ્-ભૂમિકામાં આ ભાષાના બહિષ્કાર સામે ચેતવણી આપતાં ગાંધીજીએ જણાવ્યું છે કે ઉર્દૂ લિપિના બહિષ્કારનું કોઈપણ જાતનું સૂચન મુસ્લિમોના અપમાન સમાન છે. ઘણા હિન્દુઓની નજરમાં તેઓ પોતાનો દેશમાં પારકા બની ગયા છે. પત્રના અંતમાં તેમણે મુસ્લિમ મિત્રોને માત્ર ઉર્દૂ આવૃત્તિને ટેકો જ નહીં, પણ નાગરી લિપિ શીખીને જ્ઞાનસમૃદ્ધ થવાનો અનુરોધ કર્યો હતો.




આ ગાંધી-પત્રનું ચિત્ર

આ કલેકશનમાં યુરોપના ઈતિહાસની ખ્યાતનામ વ્યક્તિઓના ૫૭૦ હસ્તલિખિત પત્રોનો પણ સમાવેશ થાય છે. આમાં, લોર્ડ બેરોન, વિન્સ્ટન ચર્ચિલ, ચાર્લ્સ ડિકન્સ, એલિઝાબેથ-૧, સિગમન્ડ ફ્રોઇડ, ગાંધી, નેપોલિયન, ન્યુટન, ઓલિવર ક્રોમવેલ, ક્લ્યુડ મોનેટ, ઓસ્કાર વાઈલ્ડ વગેરેનો સમાવેશ થાય છે.

આપણને ઈતિહાસ સાથે સ્નાનસૂતકનો ય કોઈ સંબંધ નથી એવા તોરમાં, ક્યારેક, આપણે સરદારને આગળ કરી ગાંધીને ય વીંઝવા મંડી પડીએ છીએ ત્યારે ભારે અચરજ થાય છે. ગાંધી ઉપરાંત પટેલ અને નેહરુ એક પા, તેમ જ આંબેડકર, જિન્હા તથા સાવરકારને બીજી પાસ, પૂરા સમજીએ નહીં તો તે તે વેળાનો ઈતિહાસ અધૂરો જ સમજાય. એક જૈન સૂત્ર છે – **कुलबलैश्वर्यरूपविद्यादभिः आत्म अहङ्कारकारणं परप्रकर्ष नबिन्धनं वा मदः** પોતાના પરિવાર અંગે, પોતીકી સત્તા અંગે, ખુદની સંપત્તિ બાબત, પોતાની બુદ્ધિચાતુરી, વગેરે વગેરે માટે અભિમાન રાખવું અને બીજાનો સ્વીકાર ન કરવો એ અહંકારી ઘમંડ જ છે.

આગામી બીજી ઑક્ટોબરે ગાંધીજયંતી છે અને અન્યત્રની પેઠે અહીં લંડનમાં પણ 'આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ' તરીકે તે ઉજવવામાં આવશે. એ અંગે ઠેર ઠેર વિવિધ કાર્યક્રમોની ગોઠવણો થઈ રહી છે.

દરમિયાન, ફિરોઝ ખાન દિગ્દર્શીત 'ગાંધી, માય ફાધર' ફિલ્મે અહીં પણ સારું એવું અગત્યનું સ્થાન મેળવ્યું છે. મહાત્મા છેવટે માણસ પણ હતા તે આ ફિલ્મનો કેન્દ્રસ્થ મુદ્દો છે. પ્રેક્ષકોએ આ ફિલ્મને માણી છે. તદુપરાંત, થોડા વખત પહેલાં, 'સત્યાગ્રહ' નામે અહીં એક ઓપેરાની રજૂઆત પણ થઈ હતી. દક્ષિણ આફ્રિકામાં ગાંધીએ કરેલા સત્યાગ્રહોની વાતને કેન્દ્રમાં રાખતી આ પ્રસ્તુતિમાં પીટરમારિત્ઝબર્ગ સ્ટેશન પણ ખડું કરવામાં આવેલું. દક્ષિણ આફ્રિકામાંના ગાંધીના સંઘર્ષની કહાણી એમાં પેશ થતી હતી. લોકોને આ ઓપેરાનું ય ખૂબ ઘેલું લાગેલું.

ઈટલીમાં એક રાજકીય પક્ષ છે - 'રેડિકાલિ ઈટાલિયાની'. માનશો ? આ પક્ષના ધ્વજમાં ગાંધીની આકૃતિ મૂકવામાં આવી છે. પક્ષનાં આગેવાન છે એમ્મા બોનિનો. ઈટલીની સરકારમાં એક દા પ્રધાનપદ્દુ ભોગવનારાં આ રાજકારણી યુરોપીય સંઘનાં કમિશનરપદે ય રહી ચૂક્યાં છે. ત્રણ ત્રણ દાયકાઓથી એ ગાંધીવાદી રાહે જીવે છે, એમ કહેવાય છે.




**મધ્યપૂર્વના પેલેસ્ટીનમાં એક દીવાલ પરે જોવા મળેલું આ રેખાંકન, મુંબઈથી પ્રગટ થતાં "ટાઈમ્સ ઑફ ઈન્ડિયા"ના સદ્દભાવે અહીં આપીએ છીએ.**

૧ જાન્યુઆરી ૨૦૦૭ના "ભૂમિપુત્ર" પાક્ષિકના ઉઘડતા પાને પ્રકાશિત લેખ મુજબ, વિનોબાજી સરસ કહે છે : "ગાંધીનું આ જ સાચું સ્મારક છે. ગાંધી નવી પેઢી સામે આવું 'સર્વોદય'નું નવું મિશન મૂકતા ગયા છે." પછી, એ અહીં અટક્યા જ નથી, પણ ચિરંતન સ્મરણમાં રાખવા જેવું ઋષિવાક્ય વદે છે :

"જે જે જમાનામાં જે ભાવના મોખરે હોય છે, તે તે જમાનાનું તે 'બ્રહ્મ' કહેવાય. જમાને જમાને બ્રહ્મ બદલાતું રહે છે. એક કાળે આપણી સામે 'સ્વરાજ'નું બ્રહ્મ હતું. આજે હવે 'સર્વોદય'નું બ્રહ્મ છે. વેદમાં કહ્યું છે, *'અચિત્તં બ્રહ્મ જુજુષુઃ યુવાનઃ'* અણદીઠાને દેખવામાં, અણતાગનો તાગ લેવામાં યુવાનોને મજા પડે છે. આજ સુધી જેનું ચિંતન કોઈએ ન કર્યું હોય, તેવું જ બ્રહ્મ યુવાનોને પસંદ પડે છે. એમને નવું બ્રહ્મ જોઈએ છે, નવું મિશન જોઈએ છે. આજના જમાના માટેનું આવું નવું મિશન ગાંધીજી આપણને આપતા ગયા છે; અને તે છે, સર્વોદયનું મિશન.'

**પાનબીડું :**

*ન હોં કુબૂલ તો કિસ્મત હમારે સિજ્દોં કી*

*મગર યહ સર નહીં ઔરોં કે સંગે - દર કે લિય*

**- અર્શ મલ્સિયાની**

# ગોવાલણી

**○ કંચનલાલ વાસુદેવ મહેતા - 'મલયાનિલ'**

તે ઘણી જ જુવાન હતી. કોઈને પંદર વર્ષની ઉંમરે અધર પર ગુલાબ ફરકે છે. કોઈક તો સત્તર અઢાર વર્ષે આંખમાં ચમક ચમકાવે છે. એને સોળમી શરદે કંઠમાં કોયલ ટહુકતી હતી. નિર્દોષતાએ હવે રજા લેવા માંડી હતી. નાનપણ હવે ખૂબસૂરતીને જગ્યા આપતું હતું. ઊઘડતી કળી હવે તસતસતી હતી.

નહોતી કેળવાયેલી તોયે જબરી ચંચળ હતી. નહોતી શહેરની તોયે શિષ્ટ લાગતી હતી. નહોતી ઉચ્ચ વર્ણની તોયે ગૌરી હતી. આંખે આવીને ભ્રમર બેઠા હતા. કીકીમાં તીરની ધાર હતી. ગાલમાં ગુલાબ છવરાયાં હતાં.

માથા ઉપર પિત્તળની ઝળકતી તામડી મૂકી ભાગોળેથી ગામમાં પેસે ત્યારે જાણે લક્ષ્મી પ્રવેશી. 'દૂધ લેવું સે. દૂ... ... ધો'નો ટહુકો શેરીએ શેરીએ સંભળાય અને દાતણ કરતું સૌ કોઈ એની સામું જુએ. પુરુષોને શુભ શુકન થતાં સ્ત્રીઓને ઈર્ષ્યા આવતી.

એ ગુજરાતની ગોવાલણી હતી. સવારના પહોરમાં પોતાને ગામડેથી નીકળતી.. તાજાં દોહેલાં દૂધ ભરી અમારા ગામમાં આવતી. સૌ કોઈને એનું દૂધ લેવાનું મન થાય. એનું 'દૂધ લેવું સે. દૂ. ... ધો' સાંભળતાં શેરીની સ્ત્રીઓ ઝટ પથારીમાંથી ઊભી થાય.

એ હંમેશાં રાતો સાલ્લો – જાડો પણ સ્વચ્છ. નવો. ને નવો સાચવી પહેરતી. એને પીળી પટ્ટીની કોર હતી અને કાળો પાલવ હતો. હાથમાં દાંતનાં રૂપાની ચીપવાળાં ભારે 'બલ્લેઆં' પહેરતી. પગે જાડાં કલ્લાં ઘાલતી. નાકમાં નથની અને કાનમાં નખલી. આંગળીએ રૂપાનાં વેઢ. ગળામાં ટુંપીઓ અને કીડીઆસર. આ એનાં આભૂષણો હતાં. માથે જરા ઘૂમટો તાણતી તેથી એના વાળ કેવા હશે તેની કોઈને ખબર ન હતી. એ ઓળતી હશે. સેંથીમાં કંકુ પૂરતી હશે. એ કલ્પના જ એની ખૂબસૂરતીમાં ઉમેરો કરી આપતી હતી.

હું એના આવવાના વખતે જ ઓટલા પર દાતણ કરવા બેસતો. સામેથી દેખાય ત્યારે નફટ થઈ એકીટશે એની સામે જોતો. એ બિચારી શરમાય. નજર નીચી ઢાળી દે. પણ બીજી નવેલીઓની માફક એની ચાલ નહોતી બદલાતી; ઘુજારો નહોતો છૂટતો. હાથ વાંકાચૂંકા નહોતા ઊછળતા. શાંત અને ગંભીર થઈ હંમેશનો 'દૂધ લેવું સે. દૂ... ... ધો'નો રણકાર કર્યા કરતી.

મારી પત્નીને હું રોજ કહું કે 'આ ગોવાલણી પાસેથી તું દૂધ કેમ નથી લેતી? હંમેશાં 'બૂન ! લેવું સે !' કહી એનું મોં દુઃખી થઈ જાય છે અને તને તેની જરા પણ દરકાર નથી.'

કોણ જાણે શાથી. પણ જ્યારથી એને જોઈ હતી ત્યારથી મને દિલમાં કંઈક અજબ લાગણી થઈ આવી હતી. પરાણે પણ હું મારે ઘેર એનું દૂધ લેવડાવું. એને થોડી વાર મારે આંગણે બેસાડું. અને લાગ આણી મારી સામે જોવડાવું. આવી કોમલાંગના છતાં ભરવાડણ કેમ જન્મી ! એના કોમળ જણાતા બદન ઉપર આવું જાડું વસ્ત્ર કેમ રહી શકતું હશે ! ઈશ્વર પણ જોયા વગર જ જન્મ આપે છે ને?

તે દિવસે જ મને થયું કે હું ભરવાડ જન્મ્યો હોત તો ઠીક થાત ! મને તળાવના કાંઠા પર ઊભા રહી વાંસળી વગાડતાં આવડતી હોત તો સારું થાત. ડચકારતો ડચકારતો ગામને સીમાડે ઢોરની વચ્ચે ડાંગ પર શરીર ટેકવી. માથે મોટું ફાળીઉં બાંધી ગીત લલકારતો હોત તો ઘણું ગમત. એ ગામડાનું પણ કાનુડાનું જીવન હતું. ગાંડો બનાવનાર ગોવાલણી પણ રાધાની જાતવાળી !

વારંવાર એનું સૌન્દર્ય જોવાથી મારા મન પર એની માઠી અસર થઈ. એની ગંભીર પણ કારી આંખ પર મારું દિલ લલચાયું. એની પાછળ હું શેરીમાં ભટકું ને એ પછી ક્યાં જાય છે તે જોઉં એમ હૃદય ગોઠવણ કરવા લાગ્યું.

એક દિવસ આઠ વાગ્યાનો ડંકો થયો તેવો જ હું ઊઠ્યો અને આડુંઅવળું જવાનું છોડી દઈ ગામને દરવાજે જઈ ઊભો રહ્યો. દૂધ વેચીને ઘેર જવા એ હમણાં જ આવશે ત્યારે અજાણ્યો થઈ એની પાછળ પાછળ જઈશ. લાગ આવશે કે તરત જ એને પૂછીશ કે તું કોણ છે ? તારી આ આંખોમાં શું છે ? તારી ગોવાલણીની જાતમાં આવી બેભાન કરે તેવી પરીઓ છે?

સવાલ ગોઠવતો હું દરવાજે જઈ ઊભો રહ્યો. એટલામાં બંને હાથમાં પૈસા ગણતી. ખાલી પડેલી દૂધની તામડીઓને માથે અધ્ધર રાખી સીધી ડોકે પણ નીચી નજરે ચાલતી ચાલતી એ દરવાજાની બહાર નીકળી. હું પાછળ પાછળ જવા લાગ્યો.

ગાડાનો ચીલો પડ્યો હતો. ઊંચી ચઢાણવાળી જમીનમાંથી રસ્તો કાઢેલો હોવાથી આજુબાજુ માટીની ભીંતો જેવું થઈ ગયું હતું અને ઉપર કેર તથા ચણોઠીનાં ઝાડ અને વેલા ઊગ્યાં હતાં. ચીલાની વચમાંની ધૂળ ઉરાડતી એ ઉતાવળે પગલે ચાલી જતી હતી. સામે સૂર્ય હોવાથી એક હાથ ઊંચો ધર્યો હતો અને બીજે હાથે તામડી પકડી હતી. એકાદ વખત ઓચિંતું પાછું જોવાથી મને એણે જોયો હતો. અને હું તેની જ પાછળ તો નથી ચાલતો એમ વહેમાઈ હતી.. એટલે એ ઘડીમાં ધીમે પગલે ચાલે તો ઘડીક ઉતાવળે પગલે; અને તે જ પ્રમાણે હું પણ મારી ચાલ બદલતો હતો. મને ખબર નહીં કે એ ઠગારી પોતાનો વહેમ ખરો છે કે ખોટો તે જાણવા માગે છે. અલબત્ત. હું એની પવિત્રતા કે એના ચારિત્ર્યને દૂષિત કરવા નહોતો માગતો. એના રૂપથી હું અંજાઈ ગયો હતો. મનથી હું ભ્રષ્ટ થઈ ચૂક્યો હતો. છતાં હજી કાંઈક મગજશક્તિ ચાલતી હતી અને છેક બેશુદ્ધ બની ગમે તેવું વર્તન ચલાવું એટલે દરજ્જે પાગલ નહોતો બન્યો.

આ પ્રમાણે અમે અરધોએક માઈલ ચાલ્યાં હોઈશું ત્યાં એ અટકી. ત્યાં વડના ઝાડની ઘટા હતી. અને તળે વટેમાર્ગુને બેસવાને માટે છાપરી બાંધી હતી. ઉપર કોયલ ટહુકે; નીચે વાછરડાં. બકરાં. ગાય. ભેંસ આમતેમ ફરે. સ્થાન રમણીય હતું.

છાપરીની બહાર એણે તામડીઓ ઉતારી અને રસ્તાની બાજુ પરની હરિયાળી ઉપર એ 'હાશ. રામ' કહી ઊભા પગે – ગોવાલણીઓ બેસે તેમ – બેઠી.

મારી સ્થિતિ કફોડી થઈ. હું ચાલ્યો જાઉં કે ઊભો રહું ? વાત કરવાનો વિચાર આવતાં જ દિલ ધડકવા લાગ્યું. મોં પર લોહી તરી આવ્યું. હિંમત કરી આટલે સુધી હું આવ્યો હતો. પણ આ ગોરી ગોવાલણીએ તાકાત લઈ લીધી હતી.

વિચાર કરી મેં એ જ રસ્તે ચાલવા માંડ્યું. એને વટાવીને બે પગલાં ગયો ત્યાં. 'સંદનભાઈ. ઈમ ચ્યોં જાઓ સો !' એણે પૂછ્યું. મારે ત્યાં હરરોજ આવતી હોવાથી મને સારી રીતે ઓળખતી હતી. પણ આમ એકાએક મારી સાથે બોલવાનું શરૂ કરશે એનો ખ્યાલ ન હતો. શું ત્યારે હું એની જ પાછળ આવતો હતો તે એ સમજી ગઈ હશે ? મારા સંબંધે એ કેવો વિચાર રાખતી હશે ? આમ કંઈ કંઈ વિચારો મને આવવા લાગ્યા. છતાં એના પ્રશ્નનો જવાબ તો આપવો જ જોઈએ. શો આપવો ? હું તો ગભરાટમાં જ બોલી ઊઠ્યો : 'તારું ગામ જોવા.' બોલ્યા પછી વિચાર આવ્યો કે આ હું શું બોલ્યો ! એના ગામને જોવાનું મારે શું પ્રયોજન ! અને હવે જરૂર મારા મનની નબળાઈ એ જાણી ગઈ હશે. કદાચ એની ઈચ્છા વિરુદ્ધ હશે અને કોઈને કહેશે કે 'સંદનભાઈ. મારું ગામ જોવા આવ્યા હતા' તો ? પણ એટલામાં એણે પૂછ્યું. 'તે ઈમાં શું જોવું સે ? કોંય તમારા ગામ જેવું નહીં. લ્યો ઓંમ આવો. જરા મારું દૂધ તો પીઓ. બાખડી ભેંસનું સે. તમને હવાદ રહી જશે.'

મારી ગૂંચવણનો અંત આવ્યો. આવા મારા ચલણથી એને કાંઈ અણગમતું નહોતું થયું. ઊલટી એ જ ચાહીને બોલાવે છે. એટલે હલકો પડી જઈશ એવું કાંઈ નહોતું. જો ગુલાબ જ બુલબુલને બોલાવે તો બુલબુલનો શો વાંક ? જો નાગ જ મોરલી પાસે આવીને બેસે તો વાદીનો શો વાંક ? હવે જે થાય તે જોવા દે અને મારી મુરાદનો જે ઘાટ ઘડાઈ આવે તે ઘડાવા દે.

મોટા પલંગ નીચે ધકેલી મોટી ચાદર એવી પાથરી દીધી કે ઠેઠ શેતરંજીને અડે. આ તો ઉપર ઉપરની મુલાકાત હતી. પછી સહી-સિક્કા ને બધું તો મોટી હૉટેલમાં થવાનું હતું. ઠાઠમાઠમાં જ તો થાય એવું. અહીંની ગલીકૂંચીમાં એવા લોક કંઈ વારેવારે આવે નહીં.

મોહનાને તો પુલ પાસેના બ્યુટી પાર્લરમાં જવું હતું. ચંદ્રિકા અને સુનીતા ત્યાં જતાં કોઈક ખાસ પ્રસંગ હોય તો. અને બહુ વખાણ કરતાં. સરસ તૈયાર થયાં હોઈએ તો ફેર પડે જરા. પણ મૌસીએ ના પાડી. બહુ વાર લાગે એમ કહીને. પછી એ લોકો થોડા વહેલા આવી જાય તો મુસીબત થઈ જાય. મોહના એના ડાઘાડૂઘીવાળા અરીસામાં જોઈને જ તૈયાર થઈ. કાલીએ એની બહારથી મળેલી લિપસ્ટિક લગાડવા આપી. સાડી પહેરવામાં ઠીક ઠીક વખત ગયો. ચળકતું રેશમી કપડું શરીર પર રહેવા કરતાં ભોંય પર ઢગલો થવા જ બન્યું હોય તેમ ઘડી ઘડી આંગળીઓની પકડમાંથી છટકી પડતું હતું.

– પાછળ દાદર પાસે બેસી રે'જો તમે બધી. બોલાવ્યા વગર કોઈએ આવવાનું નથી. પડદા પાછળથી ડોકાં કાઢવાનાં નથી.

બધાં હાહાઠીઠી કરતાં આઘાંપાછાં થઈ ગયાં. ગમ્મત પડતી હતી ને સાવ નવું લાગતું હતું આવું તો. જુદી ઉત્તેજના. અપરિચિત એવી.

બપોર થતાંમાં તો સવિતાબાઈએ બારીએથી વાંકા વળી વળીને ચાર રસ્તાના નાકા તરફ નજરને દોડાવી. મોહના પણ હતાશ થઈ ગઈ. તાજો ચહેરો થાકેલો દેખાય તે તો ખોટું જ. તૈયાર થઈ બેઠાંને નહીં નહીં તો ય બે કલાક ઉપર થયા હશે. કદાચ કોઈ બીજી વધારે સારી દેખાઈ ગઈ હોય તો - છોકરીઓની તો લાંબી કતાર હોય છે ફિલ્મમાં જવા માટે એવી માહિતી એની પાસે હતી. કદાચ લાલાજી અને ગની અમથા જ બધું કરતા હોય. આવી કોઈ ફિલ્મબિલમ - પણ તો પછી એ લોકો કેટલા બધા ફોટા લઈ ગયા ... સાવ ખાલી ખાલી કોઈ એવું કરે ?

– લટ આમળી આમળીને માથું જો કર્યું તે ... કેવું સરસ ઓળેલું હતું. ...

મૌસીએ જરા લાડથી એને ટપારી. મોહનાએ લટ કાન પાછળ ધકેલી દીધી. ને ત્યાં જ એક સફેદ મોટર ચાર રસ્તાને નાકે આવી ઊભી રહી. બે જણ - ગૉગલ્સવાળા- લાલાજી સંગાથે અંદરથી નીકળ્યા. સીધા મૌસીના ઘર તરફ. મોહના હરખથી હવામાં ફરફરવા લાગી. મોહનાની સાથે સીધી જ વાતચીત થઈ. ગૉગલ્સવાળાઓએ કરી. લાલાજી વચ્ચે વચ્ચે બોલે, જરૂર પડે ત્યાં.

– સૂચના પ્રમાણે કામ કરવું પડે. નખરાં ન ચાલે. પહેલેથી ચોખવટ કરી લઈએ તો ઠીક. સીન જે પ્રમાણે જોઈએ તે પ્રમાણે કરવાનું. બરાબર છે?

મોહનાએ હા પાડી. ડોક હલાવીને તોયે સંતોષ ન થયો હોય તેમ ફરી આ જ સવાલ જુદી જુદી રીતે પુછાયો. એટલે મોહનાએ સવિતાબાઈના કાનમાં કહ્યું કે એને જાણવાની ઈચ્છા છે. કેવા પ્રકારનું કામ છે ફિલ્મમાં તે ...

– કામકે બારેમેં મોન્ના પૂછ રહી થી. ક્યોં મોન્ના ? ડર મત. પૂછ તેરેકુ જો પૂછના હૈ ...

– અબ એક્સ્ટ્રા હૈ ઈતના તો સમજ લીજિયે. પૈસે આપકો બરાબર મિલેંગે. જીસ પ્રકારકા કામ હૈ, ઉસકે મુતાબિક પૈસે તો મિલેંગે. લાલાજી કો પૂછો.

– હાં ... હાં ... વો તો સમજ લિયા. મોન્ના તો હુશિયાર હૈ. દુબારા બતાના નહીં પડેગા. ફિર ભી ઉસે કરના ક્યા હૈ વો અભી સે પતા ચલે તો ...

– દેખિયે જી. મોહનાજીકી હાઈટ ઔર ફિગર બિલકુલ હમારી હીરોઈનસે મિલતીજુલતી હૈ ... પીછે સે તો પતા નહીં ચલતા ઈતના મેલ ... એકદમ કાર્બન કાપી ...

– તો ?

– અબ ફિલમમેં એક સીન ક્યા હૈ કિ ગાંવકે બદમાશ લોગ હીરોઈનકો પરેશાન કરતે હૈ ... ઉસકે પીછે પડે હૈ સબ ... સરે બજાર ઉસકે કપડે ઉતર લેતે હૈ ... એક એક કરકે સબ ...

– નહીં નહીં ... આપકે લિયે હિચકિચાહટવાલી તો કોઈ બાત હી નહીં હૈ ... પૂરા શૉટ હમ પીછે સે લેંગે. ખૂબીસે. શકલ તો દિખાની નહીં હૈ ... અબ કિસકો પતા ચલનેવાલા હૈ કી યે કૌન હૈ ?

– હીરોઈનને સાફ બોલા. યો શૉટ દેનેમેં તકલીફ હૈ ઉનકો. બિલકુલ હી તૈયાર નહીં. અચ્છા તો યે હુવા કે મોહનાજીકી હાઈટ ઔર પૂરા ફિગર બરાબર હીરોઈનકે સાથ ...

સવિતાબાઈએ મોહના સામે જોયું. મોહના બંગડીઓ પર આંગળીઓ ફેરવી રહી હતી.

– પૈસે જો ચાહો મિલેંગે પરેશાનીકી બાત નહીં હૈ કોઈ. ભીડમેં બસ ચલે જાના હૈ. શૉટ પીછે સે. બાલ હવામેં ઉડ રહે હૈ. બદન પે કુછ નહીં ... સિર્ફ ... પાંચ મિનટકા કામ ...

લાલાજી અને ગની હવે પ્રોત્સાહન આપવા માટે મીઠું મીઠું - ધીમું ધીમું એમની ખાસ ઢબે બોલવા લાગ્યા. એ લોકો સાથે રહેશે. મોહનાને કોઈ પરેશાની નહીં થાય. ટૅક્સીમાં જવાનું ને આવવાનું. ઘણું નવું નવું જોવા મળશે. સારું લાગશે. મોહના સાંભળતી રહી. જવાબ આપ્યા વગર.

– તો ફાઈનલ સમજે અબ ? કલ રકમ મિલ જાયેગી. જો તય કર લો. બતા દીજીયે ક્યા દેના હૈ હમેં. ક્યોંકિ જરૂરત તો હમેં હૈં હી. ... હમારા બહોત ઈમ્પાર્ટન્ટ સીન હૈ. ...

પડદાની આરપાર જોવા મથતી મોહનાને મૌસીએ ઢંઢોળી.

_ દેખ. કામ મેં તો દમ નહીં. પૈસે જરૂર મિલેંગે યે સચ હૈ. એક બાર કોઈ દેખ લે તો કભી ચાન્સ મિલ ભી સકતા હૈ. માયૂસ હોનેકી જરૂરત નહીં. જાયેગી ?

મોહના બેસી રહી. નિરુત્તર.

મૌસીએ એને ખભે હાથ મૂકી કાનમાં પૂછ્યું :

– દસ હજારનેં કરેગી કિ જ્યાદા બતાયેં ? તૂ ખુદ હી બતા દે અપની કીમત. ...

*(સદ્દભાવ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા સન ૧૯૯૮માં પ્રકાશિત 'નારીચેતનાની નવલિકાઓ'માંથી)*

•••••

# મગનલાલ

૦ રમેશ ર. દવે

ત્રણ દિવસ થયા પણ મગનલાલ મનમાંથી ખસતા નથી. ગળાબૂડ કામમાં હોઉં છું ત્યારે ય સાંભરી આવે છે. સ્ટેનોને ડિક્ટેશન આપતાં આપતાં વાક્ય અધૂરું રહી જાય અને એમની વાતો યાદ આવી જાય. વાતો ય કેવી ? આમ જુઓ તો. સાવ સાદી-સીધી. કૉલેજની કેન્ટિનમાં કે ઑફિસના ટી-ટેબલ પર થાય એવી વાતો. પણ કેટલાં વર્ષે મન દઈને સાંભળી એવી વાતો ? સેવાદળમાં નવો સવો જોડાયો હતો એ દિવસો યાદ આવી ગયા. ક્રિકેટ કૉમેન્ટરી સાંભળતાં શીખતો હતો. ઑસ્ટ્રેલિયન ટીમ આવી હતી. રિચી બેનો. ઓનિલ અને નીલ હાર્વેના એ દિવસો હતા. બહુ મઝા પડી હતી. એક ક્રિકેટ અને બીજું સેવાદળ. ત્રીજી કોઈ વાત જ મગજમાં ટકતી નહોતી. આટલાં વર્ષે પાછી ક્રિકેટની વાત સાંભળી. અને એ પણ મગનલાલને કારણે. એમની વાત કરવાની

અને માર પડે તે જુદો. વિચાર આવતાં મોં ઉપર ચિંતા ને ભય છવાઈ ગયાં અને ચાલ્યા જવા ટોપી હાથમાં લીધી.

'તમે લગારે બીશો નહીં. આજ તો હું એકલી આવી સું. એ તો આજ ઘી વેચવા ગયા સે.' મને નિરાંત થઈ અને વાતચીત ચાલુ કરી.

'તારો વર વાંસળીમાં એવું શું વગાડે છે તે તમે બધાં ત્યાં ઊભાં રહો છો ? હું તળાવ ઉપર ઊભો રહી વાંસળી વગાડું તો મને આવડે ખરી?'

'હોવે ચ્યમ ના આવડે ? તે તમને અમ જેવું થાવું ચ્યમ ગમે સે?'

'તારે લીધે જ, દલી. તું ખાય તે હું ખાઉં, તારો જાડો રોટલો પચાવું, તારી ગાયોને ચરાવવા જાઉં, એમ મનમાં થઈ ગયું છે. તારું ગામ હજી કેટલું છેટું?'

'ચાર પોંચ શેતરવા, પેલી સાપરીઓ દેખાય ઈ. તમે મારે ઘેર રહો ખરા ? અમે તો હાલ્લાની ગોદડી ઉપર હુઈ રહીએ. ખાટલો ઉઘાડામાં ઢાળીએ. પાંહે ઢોર બોંધ્યાં હોય, તે આખી રાત ગોં ગોં બરાડે. તમ જેવાને ત્યોં નો ફાવે.'

'મને તો એ બહુ જ ગમે છે. તેમાં તારા જેવું કોઈક મારી સાથે હોય તો મારે ઘેર જવાનું નામ જ ન લઉં.'

વાતચીત ઉપરથી હું એમ જ માનતો હતો કે મારી ઉપર એ કુરબાન છે. એના દિલને હું ચોરી શકું છું અને ધીમે ધીમે એ પોતાની લાગણી કહેવા માંડશે. ફૂલ ઊઘડે તેમ મારું હૃદય આશામાં ઊઘડતું હતું. ઝરણ વહે તેમ મારી કલ્પના વધતી હતી. કેતકી ડોલે તેમ જીવ ઘુમરાઈ આનામાં ડોલતો હતો. તણખલું હાથમાં લઈ જમીન ઉપર લિસોટા કરતી વાંકું વાળી કમાન બનાવતી, ભાંગીને કટકા કરતી આમ તે રમત કર્યે જતી હતી અને ગભરાટ, ભય કે શરમ રાખ્યા વગર મારી સાથે મિત્રની માફક પરિચિત થઈ વાતો કર્યે જતી હતી.

ઘડીભર અમે બંનેએ શાંતિ પકડી ને એટલામાં તો વીજળી ચમકે અને બાળકના દિલમાં ફટકો પડે, અઘોરઘંટ આવે અને માલતી ફફડે, આનંદ વેરાતો હોય અને શોક પ્રવેશે, તેમ એકાએક છાપરીની ઉઘાડી બારીમાંથી મારી પત્નીએ ડોકું કર્યું અને મારી સામે એકીટશે કોપાયમાન ચહેરે જોવા માંડ્યું.

જોતાં જ શરીર કંપવા માંડ્યું. એની આંખમાં ગુસ્સાથી પાણી ભરાઈ આવ્યું હતું. શું બોલું અને શું ન બોલું એની ગૂંચવણમાં એ પડી હતી. કેટલુંયે કહી નાખું તેનો ઊભરો એને ચઢ્યો હતો અને છતાં એક શબ્દ એ બોલી નહીં. મારી સામે માત્ર જોઈ જ રહી. મેં નીચી નજર નાખી દીધી. દલી – ધુતારી દલી – સાલ્લામાં મોં રાખી હસતી હતી.

ચિત્રકારને અહીં ત્રણ ચિત્ર ચીતરવાનાં હતાં : એક કાલિકા, બીજી જાદુગરણી ને ત્રીજો બેવકૂફ.

*(સદ્દભાવ : ગુજરાતી વિભાગ, મુંબઈ યુનિવર્સિટી પ્રકાશિત અને જયંત પારેખ ને શિરીષ પંચાલ સંપાદિત 'ગુજરાતી વાર્તાસંચય : ૧')*

•

# ખોલકી

**૦ ત્રિભુવનદાસ પુ. લુહાર - 'સુન્દરમ્'**

પછી ફળિયામાં કૂતરાં એકદમ ભસવા લાગ્યાં એટલે મને થયું કે બધા આવતા હશે. નિરાંતે જોવાય એટલા માટે હું મેડે ચડી ગઈ અને બારીની ફાટમાંથી જોવા લાગી. બધા ભાયડા બીડીઓ પીતા પીતા આવ્યા અને આંગણામાં ઢાળેલા ખાટલા પર આડાઅવળા બેસી ગયા. પછી બધાએ માથાનાં ફાળિયાં ધીરે ધીરે ઉતાર્યાં, અને કોકકોકે આંગળી વતી કપાળ પરથી પરસેવો લૂછ્યો. હું બધા ય ભાયડામાં એમને શોધ્યા કરતી હતી. પણ મને એકદમ જડ્યા નહીં. તે રાતે અમારા ફરી વાર વિવાહ થયા ત્યારે ઘૂમટામાં ને ઘૂમટામાં મારાથી એમને ધારીને જોવાયેલા ન હતા. અને પછી ત્રીજે દહાડે મારી મા મરી ગઈ તે બાપાએ કહી વાળ્યું કે, 'વેવા પછી વાત.' એટલે વિવાહ થઈ ગયા પછી એ તેડવા આવવાના હતા ત્યાં એમના માસા મરી ગયા તે એ બધાની ભેગા કાણે આવ્યા. એટલે મારા બાપાએ બધાને ચા પીવા બોલાવ્યા ત્યારે મને થયું કે લાવ જોઉં તો ખરી. બધા ભેગા આવવાના હતા એ વાત તો ચોક્કસ. પણ એ કિયા તે મને શી ખબર પડે ? બારીની ઝીણી ફાટમાંથી મેં તો મારે જોયા કર્યું. બારી ઉઘાડવાની મારી હિંમત ન ચાલી.

એટલામાં મારી ભાભી કેડમાં છૈયાને ઘાલી દાદરો ચડીને આવી ને બોલી કે 'ચ્યમ ચંદનબા, આમ સંતાઈને શું ભાળો છો ?' મેં કીધું : 'કાંઈ નહીં.' ત્યારે ભાભી બોલી : 'કાંઈ નહીં ચ્યમ ? આમ તાકી તાકીને તો જુઓ છો. પેલા તમારા આયા સે તે ઓળખ્યા કે નહીં તમે ?' મેં કીધું : 'મૂઈ ભાભી, તું ય કેવી બળેલાને બાળે સે ?' 'લ્યો લ્યો ત્યારે, બતાવું તમને.' એવું બોલી ભાભીએ બારી ઉઘાડી નાખી. નીચે ભાયડા વાતોમાં પડ્યા હતા એટલે કોઈએ અમારા ભણી ભાળ્યું નહીં. પછી આંગળી ચીંધી ભાભી બોલી : 'જુઓ પેલા.' મેં કીધું : 'ચિયા ?' ત્યારે ભાભીએ કીધું : 'પેલો ગળાનો હૈડિયો મોટો ખારેક જેવો દેખાય સે ને તે. હાં, જુઓ, હમણે ગડફો કાઢ્યો તે.' મેં જોયું. એમણે ખોં ખોં કરીને મોટો ગડફો કાઢ્યો અને પગ વતી તેના પર ધૂળ વાળી. એક કૂતરું પૂંછડી પટપટાવતું એમને કને આવ્યું તેને એમણે 'હટ સાલા' કહી પગના જોડાની અણી મારી. કૂતરું ચેઉં ચેઉં કરતું નાઠું એટલે બધા ય ભાયડા હસી પડ્યા.

પછી નરભો વાળંદ હુક્કા ભરી લાવ્યો અને બધા પીવા મંડ્યા. ત્યાં મારા બાપાએ બૂમ પાડી : 'પાણી લાવજો, વહુ.' એટલે ભાભી પાણી આપવા નીચે ગઈ અને છૈયાને મારી કને મેલતી ગઈ. છૈયાને રમાડતાં રમાડતાં મેં બારીમાંથી જોયા કીધું. પીતળના પવાલામાંથી બધાને નરભે પાણી આપ્યું. એ નવા જમાઈ કહેવાય એટલે એમને પહેલું પાણી ધર્યું. એમણે ઊંચે પવાલે પીધું ત્યારે એમના ગળાનો હૈડિયો ઉંદરડી પેઠે ઊંચોનીચો થતો હતો. પાણી પી એમણે લાંબી સૂપડી જેવી મૂછો બેય ભીના હાથવતી જરા જરા પલાળીને આમળી અને પછી ખોં ખોં કરવા લાગ્યા. વાળંદે એમને હુક્કો આપ્યો તે એમણે લીધો અને એક ઘૂંટડો પીને મોઢામાંથી ધુમાડો કાઢતા બોલ્યા કે, 'અરે નરભા રાત, આજે તો તમારો હાથ જોવો છે જરા. બપોરે બેસીશું આપણે.' અને પછી નવરો હાથ એમણે ઊગી ગયેલી દાઢી પર ફેરવ્યા કીધો અને આંગળી વતી બાલ ખેંચવા લાગ્યા. હુક્કો પીને એ ઊઠ્યા, કોટ ઉતાર્યો અને ધોતિયાનો કછોટો માર્યો હતો તે એક છેડો કાઢ્યો અને જોડા પહેર્યા અને નરભા વાળંદને પૂછ્યું કે, 'રાત, પેશાબ સારુ કેણી ગમ જવાનું ?' નરભે હસીને કીધું : 'જાવ ભિયા, ઘર પાછળના વંડામાં.'

એ ગયા પછી ખાટલા પર એમનું ફાળિયું પડ્યું હતું તે નરભા વાળંદે ઉખાડ્યું. ફાળિયામાં એમણે રાતો પટ્ટો ખૂબીથી આડો ખોસ્યો હતો તેના પર હાથ ફેરવતો નરભો વાળંદ બોલ્યો : 'ભિયા તો જબરા શોખીન દેખાય છે.' અને એમના કોટના ખિસ્સામાંથી જરા જરા દેખાતો લીલો રૂમાલ તે કાઢવા જતો હતો ત્યાં મારા બાપાએ એને વાર્યો કે, 'રહેવા દે નરભા, કોઈની ચીજો ફેંદાય ના.' પછી મારા કાકા આવ્યા અને બોલ્યા કે, 'ચાલો ઊઠો, મુખીને ત્યાં બધાને ચા પીવા જવાનું છે.' અને હુડુડુડુ કરતા બધા ભાયડા ઊઠ્યા અને ચપોચપ ફાળિયાં માથે મેલી દીધાં અને હીંડવા માંડ્યા. અને કોઈને ય યાદ તો રહ્યું ના કે એ તો પાછળ રહી જાય છે.

એમનો ફેંટો અને કોટ ખાટલા પર પડ્યાં હતાં. હું મારે બારીએ બેઠી બેઠી જોયા કરતી'તી. પેશાબ કરી એ આવ્યા અને કોટ પહેરતાં પહેરતાં એમણે બારી ભણી જોયું અને મેં ય જોયું, અને મને કંઈ કંઈ થઈ ગયું. પછી એમણે પાછો બધો ફેંટો છોડી નાખ્યો અને સફાઈથી ધીરે ધીરે બાંધવા માંડ્યો. અને ડોકું તિરકસ રાખી મારા તરફ જોતા જાય અને ફેંટો બાંધતા જાય. મને થયું કે લાવ નાસી જાઉં પણ કોઈ એટલામાં નહોતું એટલે હું બેસી રહી અને ભાળ્યા કીધું.

પણ એમણે ફેંટો બાંધી લીધો અને કોટ પહેર્યો, ગજવા પરની ગડી હાથથી સાફ કરતાં કરતાં એમણે બટન બીડ્યાં અને ચાંદીની

સાંકળીંવાળાં ખમીસનાં બટન જરા ઢંકાઈ ગયાં હતાં તે દેખાય એમ કર્યાં. ખિસ્સામાંથી લીલો રૂમાલ કાઢી મોઢું લૂછ્યું અને પીતળની ખોળીવાળી લાકડી જમણા હાથમાં ઝાલી ડાબા હાથે રૂમાલ ગજવામાં ઘાલ્યો. અને ખોંખારો ખાઈ મારા ભણી જોવા ગયા, ત્યાં એમને ઠાંસો ચઢ્યો. ઘડી વાર ઊભા ઊભા એમણે તો ઠાંસ્યા કર્યું. પછી એક સામટા બેચાર વાર થૂંક્યા. અને તેના પર જોડા વતી ધૂળ વાળી. અને મારા ભણી જોવા માથું ઊંચું કર્યું અને મેં ય જોયું. એમની આંખમાં થોડું થોડું પાણી આવ્યું હતું પણ એમણે તો જોયા જ કર્યું અને પછી ચાલ્યા. એ દેખાતા બંધ થયા એટલે હું ઝબકી અને બારી વાસી નીચે જવા માંડી.

ભાભીના છૈયાને કેડમાં ઘાલી હું દાદરાનાં બે પગથિયાં ઊતરી ત્યાં તો ભાભી પહેલે પગથિયે દેખાઈ. મને ઊતરતી ભાળીને બોલી : 'અમ ચંદનબા, ઊતર્યાં ? ચાલો ચાલો બેસીએ ઘડી વાર.' મેં કહ્યું : 'ભાભી, તુંયે ચેટલી બધી મોડી થઈ ?' ભાભીએ કીધું : 'ચંદનબા, જે થાય સારાને સારુ !' અને મારી કેડમાંથી એનો છૈયો એના ભણી અડધો લટકી પડ્યો હતો તે એણે લઈ લીધો અને પછી અમે બે ય જણ બારીએ જઈને બેઠાં.

ભાભીનો છૈયો બારીનો કઠેડો ઝાલી, એક હાથની હથેલી પહોળી કરી, તાતા કરતો કાગડા બોલાવા મંડ્યો. ભાભીએ મને પૂછ્યું : 'અમ ચંદનબા, ઓળખ્યાને તમે ?' મેં કીધું : 'ઓળખ્યા, બુન.' હું એકલી હતી ત્યારે તો તાકીતાકીને જોયા કીધું હતું. પણ હવે કોણ જાણે કેમ મને શરમ આવવા મંડી. હું આડુંઅવળું જોવા જોતી હતી ત્યાં ભાભીએ પૂછ્યું : 'ઓળખ્યા તો બરાબર ને ? પહેલા મૂરતિયા કરતાં સારા છે ને ?' મેં કહ્યું : 'એમાં આપણે વળી શું સારા - નરસા ? જે મળ્યું તે ખરું !' ભાભીએ કીધું : તે પછી ના ગમ્યા તો ?' ત્યારે મારાથી હસી દેવાયું અને હું બોલી : 'નહીં ગમે તો તું બદલાવી આપીશ ?' ત્યારે ભાભી ય હસી પડી અને બોલી : 'હવે હમણાં જે છે તેને તો વાપરી જુઓ. પછીની વાત પછી. સારા ઘરનો મનીષ છે. એની પહેલી બાયડી ત્રણ છોકરાંની મા થઈને મરી ગઈ. અને બીજી તમારા જેવી બાળરાંડ મળી.' મેં કીધું, 'પેલી છોકરાંવાળી અને હું બાળરાંડ. તેમાં વધારે શું આવ્યું ?' એટલે ભાભી હસીને બોલી : 'ચંદનબા, તમે કયે દહાડે સંસાર માંડ્યા છે તે તમને ખબર પડે ? આ મારો સો સો વાનાંનો, પરણ્યા કેડે દશ વરસ કેડેનો છૈયો.' એમ બોલી એણે છૈયાને ગોદમાં લઈને દાબ્યો.

એવામાં પડોશણે બૂમ પાડી એટલે છૈયાને મૂકીને તે નીચે ગઈ. મેં એના છૈયાને ગોદમાં લીધો. એણે ભૂખ્યો થયો હોય તેમ મારી છાતીમાં માથું મારવા માંડ્યું. એટલે મેં એને સામા પીપળા પરનો મોર દેખાડી છાનો રાખ્યો. હવે દીવાવેળા થવા આવી હતી. અને ભાભીનો છૈયો તો ઝાઝું ને ઝાઝું રોતો હતો. એનું રોવું સાંભળી ભાભી નીચેથી બોલી કે, 'એને રાખજો ચંદનબા, આ દીવો પેટાવીને હું આવી.' પછી તરત નીચે દીવો સળગ્યાનો ચમકારો થયો અને ભાભી ઉપર આવી. મારી કનેથી છૈયાને લેતાં બોલી : 'પારકું છૈયું રોવાડ્યા કરીએ તો ખવાડીએ ના ?' પછી છૈયાને ધવડાવવા માંડી. અને ખૂબ તોફાનમાં આવી હોય એમ એણે આંખો નચાવવા માંડી અને બોલવા જાય અને વળી રહી જાય. પછી એમ કરતાં કરતાં બોલી : 'કહો, એક વાત કહું તો શું આપશો ?' મને હસવાનું મન થયું : 'જેવો માલ તેવું મૂલ.' 'ત્યારે તો હું કમાવાની.' એમ બોલી ભાભીએ છૈયાને એક થાનેથી બીજે થાને ફેરવ્યો અને કહ્યું 'આમ કને આવો ત્યારે.' હું કને ગઈ ત્યારે એણે કીધું : 'હજી કને, મારા મોઢા આગળ કાન લાવો.' મેં એમ કર્યું ત્યારે એણે છૈયાને માથે ટેકવેલો હાથ છૂટો કરી બે ય હાથે મારું માથું પકડ્યું અને ધીરેથી બોલી : 'ભિયાએ તમને રાતે બોલાવ્યાં છે.' અને મારા ગાલ પર એણે ચચરે એવી ચૂંટી ભરી. મારું રૂંવેરૂંવે ઊભું થઈ ગયું. મને ગભરાયેલી જોઈ ભાભી જ બોલી : 'જશો ને ? અને હવે અમારું મૂલ. જે બને તે મને રજેરજ કહેવાનું.'

અને હું ગઈ. જનજનાવર જંપી ગયું ત્યારે ભાભીએ મને ઉઠાડી : 'ચંદનબા, પાડોશણે વાડાનું બારણું ઉઘાડ્યું છે.' અને અમે બે ય જણીઓ વાડામાંથી નીકળી. ભાભીનો છૈયો ઊંઘતો હતો તે જરા સળવળ્યો પણ પાછો ઊંઘી ગયો. અંધારી રાત હતી. પાડોશીનો અને અમારો વાડો સહિયારો હતો. હરણીઓ આથમવા આવી હતી. બધાં ય ઊંઘતાં હતાં. ભાભી આગળ થઈને બોલી : 'તમે ચંદનબા નસીબદાર. અમારે તો ઘરબાર, માવતર છોડી આટલે દૂર આવવું પડ્યું. તમારે તો ઘેર બેઠાં ગંગાજી આવ્યાં.' અને અમે પાડોશીનાં બારણાં કને ગયાં ત્યાં બારણું ઊઘડ્યું અને પાડોશણે ડોકું બહાર કાઢ્યું, ને ધીરેથી બોલી : 'આવો.' પછી અમે અંદર પેઠાં.

પાડોશણનો ધણી પરગામ ગયો હતો અને એને છૈયુંછોકરું હતું નહીં. બે જણ એટલે ઘરમાં કચરોપૂંજો પડે નહીં અને કશું વેરણછેરણ થાય નહીં. છોકરા વિના સિઝાઈ સિઝાઈને પાડોશણ દૂબળી જેવી થઈ ગયેલી. બે જીવ એટલે ઘરમાં કશું ઝાઝું રાચરચીલું પણ રાખે નહીં. લીંપેલો ઓરડો ચોખ્ખો ચંદન જેવો હતો. ભીંત પર ચાડા પર દીવેલનું કોડિયું બળતું હતું. એક ખૂણામાં ખાટલો અને બીજા ખૂણામાં ઊભો દાદર હતો. ખાટલા પર ભૂરું લૂગડું પાથર્યું હતું. 'આવ્ય ચંદન, આજે તો ઊંઘ જ આવતી નથી !' એમ કહી એણે છીંકણીની દાબડી કાઢી અને ભાભી ને એણે બે ય જણે ફડાકા લેવા માંડ્યા. પછી પાડોશણ પાણી પીવા ઊઠી. મેડા પર કોઈ ખાંસી ખાતું સંભળાયું. ભાભીએ મને કહ્યું, 'ચંદનબા, સવારે વહેલાં આવજો.' અને હું મૂંગીમૂંગી બેસી રહી. પાડોશણ પાણીનો લોટો અને પવાલું ભરીને લાવી અને મારી કને મેલ્યું. 'આ લેતી જજે તારી સાથે. ઉપર ખૂણામાં ચોકડી છે તે તો તને ખબર છે.' ભાભીએ ઊંચા હાથ કરી આળસ મરડી : 'ઊંઘ આવવા મંડી બળી. ચાલો, સૂઈ જઈએ.' અને ભાભી ઊઠીને ધીરે પગલે ચાલી ગઈ. પાડોશણે બારણું બંધ કર્યું અને ખાટલા ભણી વળીને બોલી : 'બોન, તારે ય ઉજાગરો થશે. સૂઈ જા બા. એટલે દીવો ઓલવી નાખું.' અને જાણે મને કોઈ એક મેરથી ધકેલતું હોય અને બીજી મેરથી ખેંચતું હોય તેમ હું ઊભી થઈ અને લોટો-પવાલું મેં લીધાં અને દાદર પર ચડી. બે પગથિયાં મારે ચડવાનાં રહ્યાં એટલે લૂગડાની એક ઝપટ સંભળાઈ અને નીચે અંધારું થઈ ગયું અને ખૂણામાંથી ધીરો અવાજ આવ્યો કે : 'મારી વાંઝણીના ઘરનાં આવાં ભાયગ ક્યાંથી ?'

પછી હું મેડા પર ચડી. સામી ભીંત પર તાકામાં ઘાસતેલનો ખડિયો ભખભખ ધુમાડા કાઢતો હતો. માટોડાથી ભુરાટેલી ભીંતો પર દીવાનું રાતું અજવાળું લીંપાતું હતું. આખો મેડો ખાલીખમ હતો. ઉગમણી-આથમણી બબ્બે બારીઓ ઉઘાડી હતી. નીચલા જેવો ઉપલો ખંડ પણ વાળીઝૂડીને સાફ હતો. સામે ભીંત કને ખાટલો પડ્યો હતો અને બારી ભણી મોઢું કરી એક પર બીજો પગ ચડાવી એ ખાટલા પર બેઠા હતા. મેં ચોકડીની પાળી પર લોટો મેલી દીધો અને સોડિયું વાળી દાદર કનેની બારી કને જ હું ઊભી રહી ગઈ.

મને જોઈ ન હોય એમ તે ઊઠ્યા. ખીંટીએ ભરવેલા કોટમાંથી બીડી કાઢી અને સળગાવી. પછી જાણે કોઈ યાદ આવેલી ચીજ લેવા આવતા હોય તેમ એ મારા ભણી ચાલ્યા આવ્યા અને મારી કને ઊભા. મને જાણે જોતા જ ન હોય એમ બોલ્યા : 'ચાલ.' અને એમને ખાંસી થઈ. અને થૂંકવા એમણે બારીમાંથી ડોકું કાઢ્યું. ખોં કરીને થૂંક્યા તે ભોંય પર પડ્યું તે સંભળાયું. પછી એ બારીમાંથી ડોકું અંદર લેવા ગયા ત્યાં એમનું મોઢું મારે માથે ઘસડાયું. મારા ભણી જોયા વગર એમણે મેં સોડિયામાં ઘાલેલો મારો હાથ ઝાલ્યો અને વળી બોલ્યા : 'ચાલ.' પછી હું એમની સાથે ચાલી. એમણે હાથની બે આંગળીઓએ પહેરેલી વીંટીઓ મારાં આંગળાંને કચડતી હતી. પછી બોલ્યા વગર અમે ખાટલા સુધી ગયાં. અને મને એમણે ખાટલા પર એમની કને બેસાડી.

ત્યાં ફળિયામાં કૂતરાં ભસ્યાં અને બહાર કોઈ નીકળ્યું હોય એમ લાગ્યું. એમણે પૂછ્યું : 'બારીઓ અડકાવી દઉં ?' મેં કહ્યું : 'પરોઢનું અજવાળું થાય એની ખબર પડે માટે ઉગમણી બારીઓ ઉઘાડી રાખજો.' આથમણી બારીઓ બંધ કરી એ ખીંટીએ કોટ લેવા ગયા. કોટ લેવા જતાં કોટ પર ભેરવેલો ફેંટો પડી ગયો તે એમણે ઠોકર મારી ખૂણામાં ધકેલ્યો અને મારી પાસે બેઠા. પછી કોટના ખિસ્સામાંથી એમણે સિગારેટની દાબડી કાઢી, દીવાસળી સળગાવીને સિગારેટમાં ચાંપી અને દમ લીધો ત્યારે દીવાસળીની ભડક કરીને મોટી ઝાળ થઈ. એમનું મોઢું રાતું રાતું

દેખાયું. અને દાઢી તાજી મૂંડેલી દેખાઈ. મૂછોના આંકડા થોડા થોડા વળેલા હતા અને મોઢાનાં હાડકાં ઊંચાં નીકળી આવ્યાં હતાં.

દસબાર ફૂંક લઈ એમણે સિગારેટ ફેંકી દીધી. પછી ખોંખારો કરીને થૂંકી આવ્યા. ડિલ પર પહેરેલી બંડી ઉતારીને એમણે ખૂણામાં ફેંટા પર ફેંકી દીધી અને બેય હાથની કોણીઓ ઢીંચણ પર ટેકવી. આંગળાંથી દાઢી પંપાળતા બોલ્યા : 'તમારા નરભા રાતનો હાથ તો સારો. સારી હજામત બનાવી.' હું મારે નીચું મોં ઘાલી સાંભળતી હતી. ત્યાં એમણે એકદમ મને બાથમાં લીધી. એમનું મોઢું મારા મોઢા સાથે ઘસાવા લાગ્યું. એમની દાઢીમાં કોક કોક ઠેકાણે રહી ગયેલા ખૂંપરા મારે ગાલે ખૂંચતા હતા. એમના મોઢામાંથી ધુમાડાની છાક નીકળતી હતી.

પછી એમને ખાંસી થઈ અને એમણે ખૂણામાં થૂંક્યું. પછી મારા મોઢા સાથે મોઢું ઘસવા લાગ્યા. મારું કાળજું ધબકવા લાગ્યું. તો ય હું એમ ને એમ બેસી રહી. ત્યારે એ બોલ્યા : 'બહુ શરમાય છે કંઈ ?' અને મને જોરથી એમણે દબાવી. એમની કોણીનાં હાડકાં મારાં પાસળાંમાં દબાયાં અને મને દુઃખ્યું. મારાથી બોલી જવાયું : 'ઓ !' ત્યારે એમણે કહ્યું : 'બરાબર છે.' મેં કહ્યું : 'મને ઊંઘી જવા દો સીધી. સવારે તો વહેલાં જવું પડશે મારે.' ત્યારે એ બોલ્યા : 'બરાબર છે. લાવ દીવો ઓલવી નાખું.' પછી એ દીવો ઓલવવા ઊઠ્યા. મારું શરીર સહેજ દુઃખતું હતું એટલે હું ખાટલામાં આડી પડી. એમણે દીવો ઓલવી ના નાખ્યો. એમણે બીજી સિગારેટ કાઢી અને દીવાની જ્યોતમાં ધરીને સળગાવી. પછી મોઢામાં હોઠ વચ્ચે ઝાલી. અને બેય હાથ કેડે દઈ દીવા સામું તાકતાં તાકતાં ઊભા રહી એમણે એમ ને એમ પાંચ-સાત દમ લીધા. બીડેલા હોઠના એક ખૂણામાંથી ધુમાડા નીકળતા હતા. એમની કરોડ સહેજ વાંકી વળેલી દેખાઈ. એમનાં મોટાં પાંસળાં થોડાં થોડાં દેખાતાં હતાં. એ થૂંક ગળતા ત્યારે ગળાનો હૈડિયો જરા જરા ઊંચોનીચો થતો હતો. સૂપડી જેવી મૂંછો હોઠ પર લટકતી હતી.

પછી એમણે હાથની ઝાપટ મારી દીવો હોલવી નાખ્યો અને બધું અંધારું અંધારું થઈ ગયું. તે ખાટલામાં કેણી ગમ આવીને બેઠા તેની મને ખબર ન પડી. હું માથે હાથ નાખી સૂતી હતી. ત્યાં એમનું મોઢું કોઈ દિશામાંથી આવ્યું અને મારા ગાલ પર એમના દાંત બિડાયા. મારાથી જરાક ચીસ પડાઈ ગઈ. હું એક તરફની ઈસને વળગી સૂઈ રહી હતી. એમનો હાથ મને ખેંચતો લાગ્યો. તો ય હું ફરી નહીં એટલે એમણે ખૂબ જોરથી મને ખેંચી. તો ય મેં ઝાલેલી ઈસ મેલી નહીં. પછી એમણે ખૂબ જોરથી એક આંચકો માર્યો અને મારા હાથ ઈસથી છૂટી ગયા અને એ બોલ્યા : 'આમ ફર ને, ખોલકી !'

*(સદ્‌ભાવ : ગુજરાતી વિભાગ, મુંબઈ યુનિવર્સિટી પ્રકાશિત અને જયંત પારેખ ને શિરીષ પંચાલ સંપાદિત 'ગુજરાતી વાર્તાસંચય : ૧')*

••

# કુલડી

**○ હરીશ નાગ્રેચા**

શટ–અપ, મમ્મા ! છણકામાં કુલડી ટેબલ પર ફગોળી, પિયાસી પોતાના રૂમમાં જતી રહી. શું થયું આને, અચાનક ! ઈન્દુ ઘેવાઈ ગઈ. માધવને ય વસવસો થયો : ક્યાં સૂઝ્યું મને આ કુલડીમાં ચા પીવાનું ! વાત ન ગમે તે આવાં ફેલ્ફાં કરવાનાં ! નભશે કેમ આનું કોઈ જોડે ! ઈન્દુ ફફડી. માધવ, બાકીનો રોષ એના પર ઠલવાશે એ બીકે આડું જોઈ ગયો. સાડીએ ઊડેલા ચાના છાંટા ધોવા ઈન્દુ તરત ઊઠી. જમનાએ આવી ટેબલ પરથી ઠીકરાં સમેટવાં માંડ્યાં. સવાર નંદવાઈ ગઈ.

પિયાસીનું આમ છતાં રહેવું માધવને ગમ્યું નહીં, છતાં જીવ બળ્યો, પણ અનુસરવું એને યોગ્ય ન લાગ્યું, આમ તો વહાલસોયી હતી, પણ આ આક્રોશ ! માધવે સમજવા જેટલા વધુ પ્રયત્નો કર્યા તેટલો એ વધુ મુંઝાયો. હવે ચાલશે બે દિવસ મા-દીકરીનાં અબોલાં ! પણ પિયાસી આમ ઊંચા મને જ જતી રહેશે દિલ્હી ? ઈન્દુના મનમાં વારંવાર એક જ પ્રતિકાર ઘોળાયા કરતો હતો : આવી ઉદ્ધતાઈ ! કરી દો ઝટ એને એના ઘર ભેગી હવે ! એ તો મમ્મા હતી એટલે, બાકી બીજું કોઈ હોત તો ! ક્ષોભમાં પિયાસી અકળાતી હતી : હૈયે હોય એ જ હોઠે આવે. એ એવું બોલી જ કેમ ? પણ હું ક્યાં બોલી જ છું, તમે સામે જ તો હતા ! માધવ સામે ઈન્દુ જોયા કરતી હતી ત્યારે પિયાસી આકાશને ફોન પર પૂછી રહી હતી : ક્યારે મળશે ?

•

બીજે દિવસે સવારે માધવે પિયાસીને બે વખત બોલાવી, પણ જવાબ ન મળતા એ એકલો જ દરિયે ફરવા ગયો. એનો જીવ કુલડીમાં જ ઘૂમરાયા કરતો હતો. કલકત્તાથી પાછાં ફરતાં કોઈ નાના સ્ટેશને માટીની કુલડીમાં ચા પીતાં, ધરતીના ધાવણ જેવી કોરી માટીની માણેલી માદક વાસથી, ઈન્દુ ને પિયાસી વંચિત ન રહી જાય એ વિચારે માધવે બે-ચાર કોરી કુલડીઓ ખરીદી હતી. ને નંદવાય નહીં એમ બેગમાં ગોઠવતાં એને આગોતરો ઈન્દુનો વહાલસોયો ઠપકો ય સાંભળ્યો હતો : આવા ને આવા શું કરતા હશો ધખારા !

પાપા, મમ્મા, ચલો કુલડીમાં ચા પીએ ! પિયાસીએ કોઈ અજાણી ઉત્તેજનામાં રવિવાર સવારથી જ કોઈને જંપવા નહોતાં દીધાં. ને ઈન્દુએ સમજાવી હતી : ચા પીવાની રહેવા દે. આપણે કુલડીઓ ચીતરી ડેકોપીસ તરીકે વાપરીશું. પણ એ પહેલાં જ પિયાસી કુલડીમાં ચા રેડી ચૂકી હતી : લ્યો પાપા ! એવી છે ને બસ ધાર્યું જ કરશે. ઈન્દુ અકળાઈ હતી. પણ માધવ સામે આંખ મીંચકારી, પિયાસીએ લિજ્જતથી કુલડી મોઢે માંડી હતી : ફેન્ટાસ્ટિક ! પાપા, કુલડીનું કોરાપણું ચાના સ્પર્શે કેવું, ઘૂમરાતા ફીણ જેવું છાનગપતિયું કરી રહ્યું છે નહીં ! પાપા, કાલે પાછા પીશું કુલડીમાં ચા. ના. ઈન્દુનો વટહુકમ છૂટ્યો હતો : વપરાયેલી કુલડીઓ શા કામની ? પિયાસીએ નારાજ થઈ નાક ચડાવ્યું હતું.

– તું તો છે જ એવી. ...

– જુઓ મેં જીભાજોડી પછી કરજો. પહેલાં થોડી કુથલી. ચોવટ થઈ જાય તો ચોતરે બેઠાં કુલડીમાં ચા પીતાં હોઈએ એવો મજો આવી જાય.

– તમે ય સાવ શું પાપા.

– તું ન સાંભળતી. બોલ ઈન્દુ, એનીથિંગ ન્યૂ !

– ન્યૂમાં અલ્પામાસીના મયૂરે પાછી નોકરી છોડી દીધી.

– સ્ટોપ મમ્મા, યાર. તારે શું છે ?

– શેર્સમાં ખોટ ખાધી છે કે શું, કિશોરભાઈ નીચું મોં કરીને ...

– મમ્મા, ઈનફ મમ્મા !

– માધવ, ભોંયતળિયે મજેઠિયા રહે છે ને. એમની રિન્કુ પર બળાત્કાર થયો. ઓહ શિટ્ ! પિયાસીથી અણગમો ન જીરવાયો. એમની ઑફિસનો જ માણસ, ઘરે ફાઈલ દેવા આવ્યો. ઘરમાં દેવા આવ્યો. ઘરમાં કોઈ જ નહીં તે તક જોઈને ત્રાટક્યો. બિચારી વપરાઈ ગઈ ! શું કામની રહી, કોઈના હવે ? માધવ હજી કંઈ પૂછે ત્યાં તો કુલડી ઉલાળી, છણકો કરતી પિયાસી પોતાના રૂમમાં ચાલી ગઈ. જોઈ, ઈડિયટ્સને ! છોભીલા પડેલા માધવ સામે ઈન્દુએ આંગળી ચીંધી હતી : તમે જ ચડાવી છે મોઢે. તે રાતે પાણીએ રોશો. માધવને હજી સમજાતું નહોતું, થઈ શું ગયું ? એ જ્યારે ફરીને પાછો વળ્યો ત્યારે ભીના પટ પર અંકાતાં પગલાં વીણી. મોજાં, દરિયામાં પાછાં દઈ જતાં હતાં. કોઈ માટી જ એવી હોય, માધવે રસ્તા પર આવી પગે ચોંટેલી રેતી ખંખેરી.

•

પિયાસી મૂડમાં નહોતી. ચેટ-શો માટે એના મનમાં વિષય ઘૂમરાતો હતો પણ કોઈ સ્પષ્ટ રૂપરેખા ઊપસતી નહોતી જેની વાત થઈ શકે. દૂરદર્શન કેન્દ્ર પર એ પહોંચી ત્યારે સૌ એની રાહ જોઈ રહ્યાં હતાં. પ્રોગ્રામ પ્રોડ્યુસર તરીકે થયેલા શિસ્તભંગથી એ સંખાઈ : આઈ એમ સોરી, ને વાત માંડતાં સૂચન કર્યું કે ફેસ-ટુ-ફેસમાં સ્ત્રીનાં પોતાનાં મૂલ્યો સાપેક્ષ એનો અભિગમ કેન્દ્રમાં હોવો જોઈએ, બીજાની અપેક્ષાના

સંદર્ભમાં નહીં. પિયાસીને હતું નિલોફર, ઊર્મિલા, રેબેક્કાના સ્વાનુભવમાંથી કોઈ ઉઘાડ જન્મશે. પણ કિટિ-પાર્ટી જેવી ઉપરછલ્લી કોસ્મેટિક ચર્ચાથી પિયાસી છેતરાઈ. એ જ અભાવ, એ વધુ અકળાઈ. આનો શો - અર્થ - છે ! સહન ન થતાં બહાનું કાઢી, મિટિંગ અનુશ્રીને સોંપી, ધૂંઆપૂંઆ કરતી એ નીકળી ગઈ. વારે વારે એની એ જ વાત મનમાં ઘોળાયા કરતી હતી : શું કરું ? પૂછું ? અલ્પામાસીને, સુમનકાકીને, ... કે ...

•

બે દિવસમાં તો પરિવારની સ્ત્રીઓમાં ઊહાપોહ મચી ગયો. માસી, ફોઈ, ભાભી, કાકી, રીટા, વૈશાલી, નીલમ કંઈ કેટલાંનાં ઈન્દુ પર ફોન આવી ગયા – આ શું કરે છે, પિયુને સમજાવો ! ફાલ્ગુનીથી રહેવાયું નહીં, તે ઘરે ધસી આવી : ક્યાં ગઈ પેલી નફ્ફટ ! ઈન્દુને કાપો તો લોહી ન નીકળે. હવે તો હદ થાય છે. ઉંમર, સંબંધની આમન્યા રાખવાની કે બસ બેફામ ફાવે તેમ પૂછવાનું ! ઈન્દુ સમસમી રહી. તું તો શિક્ષક છે ને ઘરની છોકરી પણ કોઈ કાબૂકડપ નહીં ! એ ઘરે આવી, હું તો એવી રાજી થઈ, આવ પિયુ, પણ આવતાંની સાથે જ પૂછે છે : ફાલુબહેન, તમારા પર જો બળાત્કાર થાય તો વીરેનભાઈ, પછી, તમારી જોડે કેવું વર્તે ? મારી તો ચીસ નીકળી ગઈ – ઈડિયટ ! આ તો આપણી મૈત્રી આડે આવી, નહીં તો ! ફાલ્ગુનીના ગયા પછી ઈન્દુ ક્યાંય સુધી વસવસતી રહી : આ છોકરીને થઈ શું ગયું છે ? ... આકાશને હવે પૂછી જ નાખવું પડશે : બહુ ફર્યાં ...

•

આકાશ સાંજે દૂરદર્શન કેન્દ્ર પર પહોંચ્યો ત્યારે રેકર્ડિંગ ચાલુ હતું. રાહ જોયા વિના છૂટકો નહોતો. પિયાસી પેનલ પર હતી. ટેક માટે અનુશ્રીને સૂચના આપી રહી હતી : અનુ, મને સરિતાનો ક્લોઝઅપ જોઈએ છે. આંખોની પાંપણો પાછળ સરતી વેદનાનો. જેને એ અનુભવ છે, પણ હડસેલે છે, ભૂલી જવા માગે છે, ઓળખતાં ડરે છે, જાણે થયો જ નથી અનુભવ ! ટાઈટ ક્લોઝઅપ, જેથી ઈનર વર્લ્ડ શાર્પ ફોકસમાં આવે, ને સ્વીકારવા વિના કોઈ છૂટકો ન રહે ! બેક-ટુ-ધ-વૉલ-સિચ્યુએશન્સ, ટુ ક્વેશ્ચન, ટુ કોન્ફ્રોન્ટ હરસેલ્ફ, ઓકે ! નેક્સ્ટ શોટ, સાયલન્સ, લાઈટ્સ, કેમેરા, એક્શન ! રેકર્ડિંગ પૂરું કરી પિયાસી સ્ટુડિયોમાં બહાર આવી ત્યારે એની લાગણીઓ લોથ થઈ ગઈ હતી. અનુશ્રીએ પૂછ્યું પણ ખરું : કેમ અપસેટ છે, કંઈ થયું છે ઘરે ? અનુ, આપણને પોતાની જાતને ક્લોઝઅપમાં જોવાની, હોલ્ડ કરવાની, બીક કેમ લાગે છે, વ્હાય ? હાય ! પિયાસીને જોઈ આકાશ સામે આવ્યો. અનુ આઈ મસ્ટ ટોક ટુ યુ લેટર કહેતાં ફ્રટાઈ, પિયાસીએ આકાશ સામે ચાલવા માંડ્યું : કમ, લેટ્સગોઅ !

આકાશ ચૂપ જ રહ્યો. ચાલતો રહ્યો. ચાલતાં ચાલતાં ચાલતાં થાકી જ્યારે તેઓ સી-ફેસની પાળે બેઠાં ત્યારે પવનમાં ઊડતા પિયાસીના વાળને વહાલથી સમેટતાં આકાશે પૂછ્યું : કેમ આજે ચૂપ છે ? પિયાસીને કળ વળી. પણ એ હૂંફાળી પળ ટકી નહીં. ક્ષુબ્ધ થઈ ગઈ. પૂછીને, આ બધું ખોઈ તો નહીં બેસું ને ? પણ બીકમાં સાચવીને ય શું ? એ જાણવા માગતી હતી. અવગણી, પલાયન થવા નહીં. થઈને શું થશે ? શક્ય એટલી ઋજુતા સમેટી, કોર્યા કરતો પ્રશ્ન અંતે પિયાસીએ આકાશને ય પૂછ્યો. પ્રશ્ન નકારતો હોય તેમ આકાશ મોટેથી હસ્યો : ગાંડાં કાઢતાં ય તને સરસ આવડે છે ! પિયાસીએ સ્પષ્ટ કર્યું કે ભવિષ્યમાં મળવાનું એના ઉત્તર પર નિર્ભર છે ત્યારે આકાશે પડકાર તરછોડ્યો : ઓહ, વોટ અ જોક ! આઈ એમ ડેડ સિરિયસ. પિયાસીએ ઊઠીને ચાલવા માંડ્યું. આકાશ અકળાયો. પિયાસી રસ્તો ઓળંગી ગઈ. એને આંબવા ભોંઠપમાં આકાશે પાછળ દોડવું પડ્યું : લિસન યોસિ. પિયાસી અટકી, પાછી ફરી, ને પૂછ્યું : શું છે જવાબ ? આ કોઈ સવાલ છે ! આકાશ ચિડાયો, આઈ ડોન્ટ લાઈક ઈટ ! પિયાસીએ પાછું જોયા વિના ઘરે જવા ટેક્સી પકડી ત્યારે રઘવાયો આકાશ અણછાજતું બબડ્યો : ગો ટુ હેલ વિથ યોર ક્વેશ્ચન ! પગ પછાડતાં કલાક રખડી જ્યારે એણે પિયાસીને ફોન જોડ્યો ત્યારે અંગેજડ આવતો હતો : ઓ શિટ્ ... , ઓ શિટ્ !

•

ખસો ! જમનાએ આવી રૂમ વાળવા માંડ્યો. પિયાસીએ પગ પલંગ પર ઊંચા લીધા, ને પોતાની ઘૂમરીમાં જ જમનાને તાકી રહી.

– શું છે, જોઈ નથી મને ?

– જમની, કહે તો તારા પર બળાત્કાર થાય તો ...

– ભૂંડુંભૂખ શું બોલતાં હશો આવું !

– થાય તો, તારો વર ...

– ખાંજરે નાખે મૂઓ, કાન તૂટેલા કપની જેમ, પછી શું સાદ પડે એને ... !

પિયાસીનું મોં સુકાઈ ગયું. દરવાજે ઈન્દુ ડોકાઈ. પિયાસીએ મોં ફેરવી લીધું. ચાલ-ઝટ-કર-હવે, જમનાને તડકાવતી ઈન્દુ જતી રહી. રહીને જમનાએ પિયાસી સામે જોયું : શું વાંકું પડ્યું છે મમ્મી જોડે ! પિયાસીએ જવાબ ટાળ્યો : પેલું જાળું લટકે છે તે ઝાટકીઝૂડી નાખ !

•

લાલ કીડીઓના દર પર પગ પડ્યો હોય તેમ ઈન્દુને ચિંતા ચટકી ખાતી હતી : આમ વગોવાઈ ન જવાય ! છેલ્લે કરવાનું તો એ જ ને ! ઠેકાણે નહીં પડી જવાનું ! આકાશ સારો છે, કુટુંબ સુખી છે, ક્યાં સુધી આમ ! ઈન્દુને માધવ પર ચીડ ચઢી : મોઢાના મોળા છે સાવ. મા-બાપ ગળી જાય. પણ સાસરે ફુલડી પછાડશે તો ... ! સમજે છે શું ! બોલતા નથી તે !

•

અલ્પામાસી, સુમનકાકી, નંદિનીફોઈ, ફાલુબહેન, પ્રોફેસર સત્યાનાં જાકારા-ઝાટકણીથી પિયાસી જેટલી કચવાઈ નહોતી એથી વધુ અનુશ્રીના વર્તનથી ભાંગી પડી હતી : શું અણછાજતું પૂછ્યું'તું મેં કે એકાએક છંછેડાઈ, ટેક્સી રોકી, અધવચ્ચે જ ઊતરી ગઈ ! તરછોડાઈ ગુનાહિત અનુભવતી પિયાસીની શ્રદ્ધા ડગી હતી :

અનુશ્રીને અવિનાશ બહુ વહાલો હતો ને એટલે જ પિયાસીના પ્રશ્નથી ચીતરી ચડતી હતી. જાણે નસીકીને ઝાટકેલી લીંટ ઊડીને અંગ પર આવી ચીટકી ગઈ હોય ! એ માની નહોતી શકતી જે મિત્ર જોડે પહેલી રાતના આવેશો વિના સંકોચ મમળાવી શકાય એ આવું બેહૂદું પૂછી જ કેમ શકે ? પણ પૂછ્યું એટલે કંઈક તો હશે જ ને ! દ્વિધામાં હડદોલાતી અનુશ્રીને રાતે સોડમાં ખેંચતા અવિનાશે પૂછ્યું ય ખરું : કેમ અતડી રહે છે ? અનુશ્રી પૂછવાની હામ ભરે ત્યાં તો, ઉમળકામાં દાંત પીસી, સાલી-મારી-બગલી કહી અવિનાશે એને ચૂંથી નાખી. તો ... તો ... પછી અવિ શું, આવા જ આવેશમાં, આમ જ એને ... ! ખાઈમાં પડતાં બચી ગઈ હોય તેમ ધ્રાસકામાં અનુશ્રી અવિનાશને વળગી રહી. જે પઝેસીવ અવિનાશને ઓળખતી હતી એ કદાચ પછી, ક્યારે ય ! અનુશ્રીએ ક્યાં ય સુધી અવિનાશને પ્રેમ કરવા દીધો. એનાં ટેરવાનાં સ્પર્શ-ભીંસ એને સાવ મહોતાજ કરતાં હતાં. એના વિનાનો સંસાર ! બીકમાં ને બીકમાં અનુશ્રીએ અવિનાશની છાતીમાં મોં ખોસી દીધું. સવારના ઊઠતાં જ અનુશ્રીએ હીણું અનુભવતાં ફોન કર્યો : પિયુ ... આઈ એમ સોરી ...

•

રાતે જમનાએ ટેબલ પર થાળીઓ માંડી એટલે, ઈચ્છા નહોતી તો ય, હોળીનું નાળિયેર ન બનવા, ત્રણે, નજર ચોરતાં, સાથે જમવા બેઠાં. પીરસતી વખતે ઈન્દુના મૂંગા છણકામાં મોરચો મંડાશેની આગાહી વરતાતી હતી. માધવના તાણ તોડવાના પ્રયત્નોની ગેરહાજરી, તમે-વચ્ચે-ના-બોલતા, એવી ઈન્દુની ધમકીને ઉઘાડી પાડતી હતી. સામનો કરવાનો પિયાસીને ડર નહોતો, પણ સામે જવાબ આપવો કે નહીં એની અવઢવ હતી. આ અબોલા ... ! વર્ષો પહેલાંના ઘૂઘવાટે ઊથલો માર્યો : તું ઊભી રહે બહાર, હું દર્શન કરી આવું. મારે પણ આવવું છે, મમ્મા ! આવામાં તારાથી મંદિરમાં ન અવાય ! કોણે કહ્યું, હું આવું છું. ના કહ્યું ને ! મમ્મા અંદર ચાલી ગઈ. એ પીપળાના ઓટલે બેઠી, મૂળિયાં ઉખેડતી, ફફડતી રહી : દરેક દુઃખમાં ધા નાખતાં મંદિરે જવાય તો, આ પીડામાં કેમ નહીં ? મેં માગી'તી એને ! તારું માન્યું નહોતું મેં. છાની ગઈ'તી મંદિરમાં. પણ નથી ભગવાન મારાથી અભડાઈ નારાજ થયો, નથી દર્શનથી મારી પીડા ઓછી થઈ. ને તું હજી એવી ને એવી સાવ ... ! પિયાસીનો કોળિયો

સહેજ લથડ્યો. ઈન્દુએ અજાગમામાં જોયું. બંનેની આંખો મળી. છૂટી પડી. એ દરમિયાન અંતરાસ જતાં માધવને ઊધરસ ઉપડી. ઈન્દુ અને પિયાસીમાંથી કોણ પાણી ધરે એ નકકી થાય ત્યાં સુધીમાં તો માધવ વોશ-બેસિન તરફ ધસી ગયો. પિયાસી ઊભી થઈ. બેસ. ક્યાં સુધી તોબરો ચડાવી રાખવાનો છે ! ઈન્દુ બબડી. પ્લીઝ મમ્મી. પાછું શરૂ ન કરતી તું ! પિયાસી ચાલી ગઈ. તો મર. ભોંઠપમાં પગ પછાડતી ઈન્દુ ઊભી થઈ. રખેને ઓળિયો- ઘોળિયો એના માથે આવે એવી દહેશતમાં માધવે. લૂછવાના બહાને, નેપકીનમાં મોં સંતાડ્યું.

•

આ વખતે તો નહીં જ ચલાવી લઉં. ઈન્દુ જીદ્દે ચડી હતી. અવિવેક થઈ ન જાય એ બીકે પિયાસી ઈન્દુની નજરને ટાળતી હતી. માધવે રૂમમાં ડોકિયું કર્યું. પિયાસીને થયું. ઈન્દુ બહાર આડશમાં જ ઊભી હોવી જોઈએ. માધવ જઈ પિયાસીની પાસે બેઠો.

– ગુસ્સો શેનો છે?

– કહીશ તો. તમને ગમશે. નહીં.

– છે શું એ તો ફાટ મોઢેથી ! ધૂંધવાતી ઈન્દુ અંદર ધસી આવી. માનમર્યાદા ખરાં કે નહીં ! શું ગાંડા જેવું પૂછે છે બધાંને ? રહેવાતું ન હોય તો પરણી જાવ. આવા સાવ ભવાડા ! માધવે ઈન્દુને રોકી : શું કરે છે તું ? તમને ખબર નથી આ છોકરીએ ... ! પિયાસી ફિક્કી પડી ગઈ. ફોન વાગ્યો. માધવ ઈન્દુને બહાર દોરી ગયો. જતાં ઉપકાર કરતી હોય તેમ ઈન્દુએ છણકો કર્યો : શું ભવ બળ્યો છે ! ને છુટકારો અનુભવતી રસોડામાં જતી રહી. માધવે ફોન ઉપાડ્યો. પાપા, આકાશ હોય તો કહી દેજો હું નથી. હલો, કહી માધવ અટકી ગયો : એની જોડે ય લડી છો શું ? જવાબમાં પિયાસીએ ધસી જઈ ફોન લીધો : આકાશ, તને મેં એક સરળ, નિખાલસ પ્રશ્ન પૂછ્યો હતો, જેનો જવાબ તેં ટાળ્યો. શું કામ, તે તું જાણે ! ઘાંટા પાડશે તેથી, દબાઈ જઈ હું પ્રશ્ન પાછો નહીં ખેંચું. હવે, ત્યારે જ ફોન કરજે જ્યારે તારી પાસે આપવા માટે જવાબ હોય. ફોન મૂકી પિયાસી જવા ફરી. માધવે આંતરી. પાપા, પ્લીઝ, તમે મને કંઈ ન પૂછતા. માધવે વાત ફેરવી તોળી. દિલ્હી જશે, તે લડીને ! મને ય ગમે છે શું ? પિયાસી જતી રહી. ઈન્દુ સાંભળતી હતી. ઘરનો કંકાસ પાડોશી સાંભળે એ શરમે ગમ ખાઈ ગઈ. પણ, એક-દીધી-હોય-ને-ડચામાંનો રોષ ઝાટકવા એને હાથમાંની કડછી મોરીમાં ફગોળી.

•

અનાયાસે ઉદભવેલો એક સાદો સવાલ શૂર્પણખા શો દાંતિયા કરતો પિયાસીને ડારી રહ્યો હતો. સવાલ સૂઝવો, પૂછવો, સાંભળવો ગુનો ન હોય ! જવાબ આપવો પાપ ન હોય ? સૌનો સામટો એક સરખો પ્રતિકાર. સવાલના અસ્વીકાર માટે હતો કે જવાબના સ્વીકાર સામે ? દ્વિધા પિયાસીથી સહેવાતી નહોતી. આમ તરડાવા, ઉતરડાવા કરતાં, ડોબી જ રહી હોત તો શું ખોટું હતું ! એણે પહેલી વખત મમ્મામાં ઈન્દુને જોઈ, ઓળખી. ઈન્દુનો સામનો કરવા એ તૈયાર હતી, પણ મમ્મા ... ! એટલે જ એણે અનુશ્રીને હાથ લઈ સમભાવમાં પસવાર્યો : દિલ્હી જાઉં પછી કેસેટ મમ્માને પહોંચાડી દેશે ? રાતે અવિનાશે ટેબલ પર પડેલી કુલડીમાં સિગારેટની રાખ ખંખેરતા જ્યારે અનુશ્રીને પૂછ્યું : આ શું છે. ત્યારે કુલડીમાંની રાખ એની હથેળી પર પાછી ઠાલવતાં બોલી : જવાબથી દૂર ભાગતો, એક પ્રશ્ન ! અવિનાશ મલક્યો હતો : યુ ક્રેઝી ફીમેલ !

•

ટ્રેન ઊપડવાનો સમય થઈ ગયો તો ય પિયાસી અને ઈન્દુ મૂંગાં જ રહ્યાં. માધવે પિયાસીને માથે હાથ મૂક્યો : તું જ સિલેક્ટ થશે. ઈન્ટરવ્યૂમાં. કોલ કરજે. રાહ જોઈશું. ટ્રેન શરૂ થઈ. અંતર પડ્યું. વિસ્તર્યું. ટ્રેને જેવું પ્લેટફોર્મ છોડ્યું કે આકાશે હાંફતાં ધસી આવી. કંઈક આપવાનું રહી ગયું હોય એમ અફસોસ કર્યો : ઓહ ... નાઅ ... !

•

ઈન્દુ અને માધવ ઘરે પહોંચ્યાં ત્યારે અનુશ્રી રાહ જોતી ઊભી હતી. એ બહાનું કાઢતી, ઈન્દુના હાથમાં જ કેસેટ આપી, તરત ચાલી ગઈ. કેસેટ જોવાની અધીરાઈ દેખાડી, માધવ સામે ઈન્દુ પોતાની નબળાઈ જાહેર કરવા નહોતી ઈચ્છતી, પણ એને બહુ ખાલીખાલી લાગવા માંડ્યું હતું. જાણે પિયાસી સાથે, એના માટે અનુભવાતાં રાવ-રોષ પણ જતાં રહ્યાં ન હોય ! રૂમની બહાર જતાં માધવને એણે રોક્યો. કેસેટ નથી જોવી. ને. હાથ પકડી સોડમાં બેસાડ્યો. રહીને વીસીપીમાં કેસેટ નાંખી. ચાંપ દબાવતાં પહેલાં, માધવે મનોમન સંતાડ્યા, લાઈટ બંધ કરી. લાલભૂરા લીલાપીળા કણસતા પટાઓમાં પિયાસી પછડાઈ.

પાપા, ખોટું ન લગાડતા, તમે જો જોતા હો તો, પ્લીઝ, લીવ મી એન્ડ ઈન્દુ અલોન. અચાનક સોપો પડી ગયો. થેંક્યુ, પાપા. મૂઠ મારી હોય તેમ માધવ ઊભો થઈ ગયો. પિયાસી રાહ જોઈ રહી : પાપા, પ્લીઝ ! ઈન્દુએ માધવને રોક્યો, પણ હાથ તરછોડી એણે પગ ઉપાડ્યો : ગયા, પાપા ? પ્રશ્ન સાથે જ માધવ ઉંબરો ઓળંગી ગયો, પણ ભીંતની આડશે ઊભા રહી, સમસમતા કાન એણે સરવા કર્યા.

ઈન્દુ ! ઈન્દુ કહું તો ચિડાતી નહીં. હું કહેતી હતી ને તને, નાની હતી ત્યારે, ઈનુ વારતા કે'ને ! તું કહેતી, એક વાર્તા, અહલ્યાની ! એ વાર્તા, આજે ફરીથી કહે. કહે અહલ્યાની અવદશા માટે જવાબદાર કોણ હતું : સ્વાર્થી ઈન્દ્રની છેતરપિંડી, સાહચર્યના વિશ્વાસને વિસારે પાડતું ગૌતમનું કાયર, ભાગેડું સ્વામિત્વ; ત્યજાઈ, તરછોડાઈ, સ્ત્રી હોવાના હીણા - ગુનાહિત ભાવમાં રુંધાઈ, જડ થઈ ગયેલું અહલ્યાનું માનસ, કે પછી ન કરેલા દોષને સ્વીકારી, પસ્તાવામાં, દંડ રૂપે જીવન-સંવેદનોથી વિમુખ થઈ, શાપ સાચો પાડતી, એની આત્મપીડક વૃત્તિ !

હૈયે હોય એ જ હોઠે આવે, ને એ જ આવ્યું : વપરાઈ ગઈ, હવે કોઈના શું કામની ! આ કેવો દ્રોહ ! કેવું ઘર કરી ગયેલું હર માસ્ટર્સ-વોઈસનું દાસત્વ કે સ્ત્રી, સ્ત્રીને પુરુષના વિચારે-વલણે, સત્યની સહજતાથી મૂલવે ? આવા ઊણા-હીણા અભિપ્રાયથી જાત ઉપેક્ષતી કુંઠા, અહલ્યામાંથી શલ્યા નહીં તો શું ? હું એટલે જ સમસમી ઊઠી'તી : મારા પર જો આવું વીતે તો ઈન્દુ ... ! આજ હવે તને ય પૂછું છું : તારા પર વીતે તો તું શું એમ જ માને કે હવે માધવને તું લાયક નથી રહી ? માધવ પણ એવું જ વર્તે, કુલડી-શી-કામની ? સ્પર્શને ત્રાજવે જ મૂલવવાનો સંબંધ, સંવેદનાને નહીં ? આ સવાલનો સ્વીકાર એ રામ, એનો પ્રામાણિક જવાબ એ રામસ્પર્શ, એ મારે તો પામવો જ રહ્યો. કારણ કે આ દેહ કોઈ લાંછન તો નથી, જેને હડધૂતાતાં, નછૂટકે વેંઢારવો પડે ! ઈન્દુ હું તારાથી નહીં, મારાથી નારાજ છું. જાઉં છું, ક્યારે આવીશ ખબર નથી, પણ તારા આવકારની આતુરતાથી રાહ જોઈશ. આઈ લવ યુ, ઈન્દુ !

ફ્લાઈંગ કિસ આપી પિયાસી ચૂપ થઈ ગઈ. એકાએક સ્ક્રીન પર ઊભરાતાં કાબરચીતરાં સાપોલિયાં શા લિસોટામાં છટપટી, વિલાઈ જતી પિયાસીને જોઈ, ઈન્દુનો હાથ લંબાઈ ગયો : પિયુ ! બહાર માધવને ફાળ પડી : હવે ! ઈન્દુ ઊભી થશે, બહાર આવશે, પૂછશે, તો ... ? અચાનક માધવ, ભાગી છૂટતો હોય એમ પોતાના રૂમ તરફ ફર્યો.

*(સદ્દભાવ : ગુજરાતી વિભાગ, મુંબઈ યુનિવર્સિટી પ્રકાશિત અને જયંત પારેખ ને શિરીષ પંચાલ સંપાદિત 'ગુજરાતી વાર્તાસંચય : ૨')*

•••

# બે સ્ત્રીઓ અને ફાનસ

**○ વીનેશ અંતાણી**

પારોતીએ વંડીની બહાર નજર ફેંકી. કોઈ દેખાયું નહીં. થોડી વાર પહેલાં વરસાદ અટક્યો હતો અને હવે સાંજનું અંધારું ઘેરાઈ રહ્યું હતું. સૂનું ગામ વધારે સૂમસામ લાગતું હતું. પારોતી ઘરમાં પાછી આવી. ઓસરીમાં અંધારું વધારે ગાઢ લાગતું હતું. ઓરડામાં તો જાણે મધરાત ઊતરી આવી હતી.

પારોતીએ અનુમાન કરીને ફાનસ શોધી કાઢ્યું. જરા હલાવી જોયું. ઘાસતેલ તો છે. ફાનસ જમીન પર મૂકીને એ પણ નીચે બેઠી. ફાનસનો ગોળો બહાર કાઢ્યો. ચૂલામાંથી રાખ કાઢવી રહી ગઈ.

પારોતીનું મોઢું બગડી ગયું. રોજનું થયું. રોજ એને ઊઠવું પડે છે. ફાનસનો ગોળો સાફ કરવા બેસે પછી જ યાદ આવે છે કે રાખ લેવી ભૂલી ગઈ. એક વાર નીચે બેસી જાય પછી ઊઠતાં તકલીફ પડે છે.

ઘૂંટણ પર હાથ દાબીને એ ઊભી થવા ગઈ, પણ લથડિયું ખાઈ ગઈ. બે હાથ જમીન પર દાબીને એ ચાર પગે થઈ. માંડ માંડ ઊભી થઈ શકી. એક ડગલું આગળ માંડે ત્યાં ડર લાગ્યો. ફાનસનો ગોળો ક્યાં મૂક્યો હતો તે દેખાયું નહીં. ક્યાંક પગ લાગે તો ગોળો ફૂટી જશે. પારોતી મનમાં ને મનમાં લાંબી વાટ લેતી હોય તેમ ચાલવા લાગી. રસોડામાં પણ એટલું જ અંધારું હતું. નીચે વળીને ચૂલામાં હાથ નાખ્યો. થોડી રાખ મુઠ્ઠીમાં આવી ગઈ. એ બહાર આવી. હાથમાં આવ્યો તે કપડાનો ટુકડો પણ લીધો. ફાનસ અને કાચનો ગોળો પગની હડફેટે ચડી ન જાય તેની તકેદારી લેતી - અંધકારના પાણીમાં ચાલતી હોય તેમ લાંબી વાટે એ પાછી ફરી. શ્વાસ ચઢી આવ્યો. તાંત પણ બોલવા લાગી. એ માંડ માંડ બેઠી.

અનુમાન કરીને બેઠી હતી છતાં પારોતી બરાબર ફાનસની સામે બેસી શકી નહોતી. જરા બાજુએ ખસી ગઈ હતી. ઘેરા નિઃશ્વાસ સાથે એ ફાનસની સામે ખસી. પોતાના શરીરમાંથી બહાર કાઢતી હોય તેમ ધીરે ધીરે એ હાથ લંબાવતી ગઈ. ફાનસનો ગોળો માત્ર સ્પર્શથી જ શોધી શકાયો. ગોળાને હાથનો ધક્કો વાગે અને તે ફૂટી જાય તે પહેલાં પારોતીએ પકડી લીધો. એનો રૂંધાયેલો શ્વાસ એકદમ વછૂટ્યો. આજે ફરી એક વાર એ કોઈ ભયાનક ઘટનામાંથી બચી ગઈ હોય તેવી રાહત થઈ. હવે તત્કાળ કોઈ મુશ્કેલી નહોતી. ગોળાના કાચ પર રાખ ભભરાવીને એ લૂછવા લાગી. દેખાતું પણ નહોતું, પણ ગઈ રાતની મેશ લુછાતી હતી. પારોતીનાં આંગળાં મેશમાં કાળાં થયાં અને ગોળો લુછાતો ગયો. ગોળો ફાનસમાં સંભાળીને ચઢાવી દીધો. પછી યાદ આવ્યું. માચીસ તો લીધી નહોતી.

પારોતી લગભગ ફસડાઈ પડી. ઊંડી નિરાશા અને જાત પ્રત્યે ધિક્કારની લાગણી જન્મી.

ઓરડામાંથી બડબડાટ જેવો અવાજ સંભળાયો. સ્થિર અંધકારમાં કંપતો અવાજ સંભળાયો.

'કેટલી વાર, પારોતી ?'

પારોતીએ તિરસ્કારથી હોઠ મરડ્યો.

'મરી જાશે ફાનસ વગર ... !'

'પારો ... તી !'

પારોતીને એ અવાજ સાપની ફેણ જેવો લાગ્યો.

'કોણ જાણે કે'દી મરશે આ ડોશી ... ... !' એ બબડી. પછી ઊંચા – લગભગ ફાટેલા અવાજે એ બોલી :

'ધીરજ નથી ધરાતી ?'

'મને કાંય સૂઝતું નથી ... કેટલી વાર છે ફાનસને ?'

... નથી સળગાવતી જા ... મરતી હોય તો મર અંધારામાં ... અથડ ભીંત હારે ... માથું ફાટે તો યે જાન છૂટે ... સૂઝતું નથી અંધારામાં ! મરી જાય છે ફાનસ વગર તે.

પારોતી મહામહેનતે રસોડામાંથી માચીસ લાવી. પણ દીવાસળી સળગતી નહોતી. વરસાદના ભેજમાં માચીસને હવા લાગી ગઈ હતી. પારોતી માચીસ પર ગરમ ફૂંક મારવા લાગી. તે પછી દીવાસળી સળગી. ફાનસની વાટ ફટફટ થઈ. આજે પણ વાટ કાપવી ભૂલી ગઈ. જ્યોત જરા આડી થઈ, પણ અજવાશ થયો.

કદાચ એનો આછો અણસાર ઓરડામાં પણ પડ્યો. અંદરથી આવતો અવાજ તૃપ્ત થયો હોય તેમ જરા મોળો પડ્યો. પછી બંધ થઈ ગયો. પારોતી ઊભી થઈ અને સળગતું ફાનસ ઉપાડ્યું. ઓસરી અને ઓરડા વચ્ચેના બારણાની બારસાખમાં લટકતા સળિયામાં ફાનસ લટકાવી દીધું. એથી જમીન પર અંધકારનો પડછાયો રહ્યો અને અર્ધી ભીંતો પર અજવાળું ઘોળાયું. ઘરનો આકાર જ બદલી ગયો.

અંદર છુપાયેલો, ધ્રૂજતો અવાજ પાછો જીવતો થયો.

'લટકાવ્યું કાં ? મારી સામે નથી રખાતું ?'

ઓરડાના ઉંબરને પાર કરતી પારોતી ધસમસતી અંદર ગઈ. કાશીમાની સામે ઊભી રહી.

'જંપો હવે ... ! મને ઓસરીમાં ને રસોડમાં કામ છે ... મને પણ દેખાવું તો જોઈએ કે નહીં ? કે પછી આખેઆખું ફાનસ તમારા સારુ જ છે ? બીજાનો કાંય વિચાર જ ન કરવો ? પડ્યા રો'ને છાનામાનાં ... !'

જમીન પર બેઠેલાં કાશીમા પોટલા જેવાં લાગતાં હતાં. પારોતી સામે જોવા ધીરે ધીરે માથું ઊંચું કર્યું. એમનો આખો ચહેરો પારોતી સામે સ્પષ્ટ થયો. એ જોઈ રહી. કાશીમાને પહેલી જ વાર જોતી હોય તે રીતે તાકી રહી. સાંજે જમવા ટાણે જોયેલો તે આ ચહેરો નહોતો. કાશીમાનો ચહેરો તો ક્ષણે ક્ષણે બદલાય છે. અત્યારે ત્યાં અસંખ્ય કરોળિયા દેખાતા હતા. કાશીમા પણ પારોતી સામે તાકી રહ્યાં હતાં છતાં પણ એમની નજર પહોંચતી જ ન હોય. એ નજર વચ્ચે જ ખૂટી જતી હોય એવું લાગતું હતું તો બીજી જ ક્ષણે એવો વહેમ ગયો કે કાશીમાની નજર પારોતીના શરીરના વીંધીને આરપાર નીકળી ગઈ છે. દૂર ... ક્યાં ય ને ક્યાં ય ...

પારોતી જરા ડરી ગઈ હોય તેમ શક્ય તેટલી ઝડપથી પાછી ફરી. કાં તો ડોશી આજની રાત માંડ કાઢે ... પારોતીને દરરોજ સાંજે આવતો તે વિચાર આવ્યો. લટકતા ફાનસ સાથે અથડાઈ ન જવાય તેની સંભાળ લેતી પારોતી ઓસરીમાં ચાલી આવી. પછી ઊભી રહી. ઘણું કામ બાકી હતું, પણ શું બાકી હતું તે યાદ ન આવ્યું. ઓરડામાં કોઈ ઘસડાતું હોય તેવો અવાજ સંભળાયો. પારોતીએ પાછળ જોયું. કાશીમા ઘસડાતાં ઘસડાતાં ફાનસની વધારેમાં વધારે નજીક આવવા માગતાં હોય તેમ ઉંબરની પાસે આવવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં. પારોતીનું મન ખાટું થઈ ગયું. પારોતીને ડરાવવા માટે જ જાણે પાછળ પડ્યાં હતાં. કાશીમાં દેખાય છે અને પારોતી બધું ભૂલી જાય છે. એનું મગજ બહેર મારી જાય છે. લાચારી સિવાય એ કશું જ અનુભવી શકતી નથી ...

સળિયામાં ટીંગાતું ફાનસ પારોતીએ ઉપાડી લીધું અને રસોડામાં ચાલી ગઈ. ઓરડામાં ફરી પાછું અંધારું થઈ ગયું. કાશીમા ઘસડાતાં અટકી ગયાં લાગે છે. એમનો લગભગ ચિત્કાર જેવો અવાજ સંભળાયો :

'પા ... રો ... તી ... ! ફાનસ કાં લઈ ગઈ ?'

પારોતીએ જવાબ ન આપ્યો. રસોડાની ધુમાડાઘેરી વાસ પારોતીને ઘેરી વળી. ચૂલા પાસે ફાનસ મૂકીને એ એંઠાં વાસણ ઉપાડવા લાગી. ઉપાડવા ક્યાં લાગી, એ તો વાસણ પટકવા પણ લાગી ! મને તો જાણે ફાનસ ખપશે જ નહીં ! અને એકલીને જ ...

પછી ફસડાઈ પડી.

રસોડાની ભીંત સાથે માથું ટેકવીને એ બેસી રહી. એની આંખ સામે કાશીમાના ચહેરાની ક્ષણે ક્ષણે બદલાતી રેખાઓનાં ગૂંચળાં દેખાયાં. એને વિચાર આવ્યો - કાશીમાના ચહેરાની જેમ પારોતીનો પોતાનો ચહેરો પણ એ રીતે જ ક્ષણે ક્ષણે બદલાતો હશે. એણે પોતાના ગાલ પર હાથ મૂક્યો. અસંખ્ય કરોળિયા પારોતીની હથેળીમાં ખાબક્યા.

•

કાશીમા હતાં ત્યાં જ અટકી ગયાં. પારોતી ફાનસ ઉપાડી ગઈ હતી. હવે આગળ વધવાનો કશો જ અર્થ નહોતો. બે હાથ લાંબા કરીને લીંપણ પર ઘસ્યા. ... એ ધીરે ધીરે બડબડવાં લાગ્યાં :

'રાં ... મરતી યે નથી ને મને મરવા દેતી નથી ... !'

પછી આગળ બડબડી ન શક્યાં. અંધારામાં આગળ વધી ન શકેલા શબ્દો પાછા આવીને કાશીમાની છાતી માથે ભટકાયા. પારોતી ફાનસ હવે જલદી પાછું નહીં લાવે. એવી જ છે ... જાણે એકલી સારુ જ ફાનસ સળગાવે છે ... !

એ ઊંઘા ને ઊંઘા પાછળ ખસવા લાગ્યાં, પણ પોતાની મૂળ જગ્યાએ પાછાં પહોંચી નહીં શકે અને ક્યાંક ભૂલાં પડશે એવા ભયથી એમણે ઘસડાવાનો પ્રયત્ન છોડી દીધો. ફાટી આંખે અંધકાર સામે જોવા લાગ્યાં. હવે તો અંધારું જ જોઈ શકાય છે અને અંધારામાં ઘણું જોઈ શકાય છે. એ બધું જ – વર્ષોની પાર આવેલા ચકચકિત દિવસો. પારોતીનો જન્મ અને તે વખતે થયેલી અસહ્ય પીડા ... દાયણના ખરબચડા હાથનો સ્પર્શ અંદર ઊઠતી પીડાને વધારી રહ્યો હતો ... પછી ફટફટ થતું ફાનસ છેવટે ઓલવાઈ ગયું હોય તેમ ક્ષણભર માટે ઉજાશમાં આવેલું એ દૃશ્ય ખોવાઈ ગયું. માત્ર પીડા ઓરડામાં ભરાઈ બેઠેલી કંસારીની જેમ, ત્રમ્ત્રમ્ અવાજ કરતી સંભળાતી રહી.

સારું છે કે કાન હજી સાબદા છે. કાશીમાએ માથું હલાવ્યું. એ રાહ જોઈ રહ્યાં હતાં. કઈ ઘડીએ કઈ ઘટના માથે ઉજાશ ઊઘડશે તે નક્કી નહોતું. અંધકારમાં રમી શકાય તેવી આ એક જ રમત હતી. અચાનક કશુંક દેખાઈ જતું. પારોતીના લગ્નનો માંડવો. ફાનસ ફટફટ. અંધકાર. ફરી પાછો થોડો ચળકતો હિસ્સો. પારોતીના બાપની ઠાઠડી લઈ જવાય છે. કાશીમાના ગળામાં લીલ જેવું ડૂસકું સુકાય તે પહેલાં પાછું બધું બંધ. વર્ષો પહેલાં જોયેલું આ ગામ. હવે તો બધું બદલાઈ ગયું હશે. ઘણાં ઘરોની ભીંતો તૂટી ગઈ હશે. તળાવમાં પાણી આવે છે હજી ? મીઠા પાણીનો કૂવો ... એ કૂવાની તો આવ જ બંધ થઈ ગઈ હશે. મંદિરમાં ઠાકરથાળી થાય છે. ચબૂતરા પાસે નવજાત બકરો કોઈ મૂકી ગયું છે. કસાઈ ઉપાડી જાય તે પહેલાં ઊભો થઈ જવા મથતો બકરો લથડે છે. ત્યાં જ કસાઈ બે હાથ લાંબા કરે છે. ફાનસની વાટ ફટફટ થઈ અને અંધારું. ઓરડામાં ફરતી ઘંટી પાસે બેસીને કોઈ ગીત ગાય છે અને દિવસો ભરડાય છે. ઘંટીનાં બે પડ વચ્ચેથી અજવાળાનો આછો લિસોટો લંબાય છે અને કાશીમાની ચામડી પર ફુત્કારીને પાછો ખેંચાઈ જાય છે.

કાશીમા ચીસ પાડી ઊઠ્યાં.

પારોતી દોડતી આવી.

'શું થયું ?'

'ગમે તે થ્યું ... ! તને શું છે ?' કાશીમા બોલ્યાં.

'તમે ચીસ પાડી ?' પારોતીનો અવાજ ગુસ્સાથી ફાટી ગયો.

'ફાનસ હોય તો મને દેખાય કે ચીસ મેં પાડી કે બીજી કોઈએ ! કાં તો તેં જ રાડ નાખી હોય અને મારા માથે આળ નાખે છે !'

પારોતી પાછી ચાલી ગઈ. કાશીમા ખુશ થઈ ગયાં. ભલે દુઃખી થાતી ... ફાનસ લઈને બેઠી છે તે ... ! ઘાસતેલ ખૂટી જાશે પછી મોં વકાસીને આવશે ચુડેલ ! પૂછશે - હવે શું કરું, બાઈ ?

– ફાનસ સોડમાં ઘાલી સૂઈ જા હવે !

ત્યાં જ એમનો આનંદ ઊડી ગયો. કાશીમા કશુંક ચૂકી ગયાં હોય તેવું લાગ્યું. શું હતું એ ? સમજાયું નહીં. લાંબી ચાલેલી જિંદગીમાં હવે બધું જ ચૂકી જવાતું હતું. લાંબી ચાલેલી જિંદગી ... ઓરડામાં જ ઘસડાતી જિંદગીના કોઈ એક છેડે ગાંઠ બાંધીને કાશીમા જીવતાં હતાં. પારોતી પણ આવી જ ગાંઠ બાંધીને બહાર ઓસરીમાં કે રસોડામાં ફરફર કરતી હતી.

'હજી કેટલી વાર, પારોતી ?'

પારોતીને વીંધી નાખે તેવી બૂમ પાડવાનો કાશીમાએ પ્રયત્ન કર્યો હતો. પણ અવાજ બહાર નીકળ્યો ત્યારે એ પોતે પણ આભાં થઈ જાય તેવી કોમળતા પ્રગટી હતી. એને લીધે જ કદાચ પારોતી ફાનસ લઈને ઓરડામાં આવી. માના ચહેરા સામે ફાનસ ધરીને ઊભી રહી. કશું જ બોલ્યા વિના, જરા વાંકી વળેલી પારોતી.

'શું થ્યું, બાઈ ?' પારોતીએ પૂછ્યું.

કાશીમાને પણ ખબર નથી કે શું થયું હતું ! ફાનસ ઓરડામાં આવ્યું તે પહેલાંના અંધકારમાં કોઈ જગ્યાએ અજવાળાનું નાનકડું વર્તુળ ફેંકાયું હતું. ત્યાં પારોતી ખૂણામાં બેઠી હતી અને માથું ઘૂંટણો વચ્ચે દાબીને રડતી હતી ... પણ એ તો વર્ષો પહેલાં ...

પારોતી કાશીમાની સામે બેસી ગઈ. માના ઘૂંટણ પર હાથ મૂક્યો. પૂછ્યું :

'કેટલાં વરસ થ્યાં, બાઈ ?'

'શેને ?'

'તને ... '

'મને ?'

કાશીમાએ દૂર નજર ફેંકી. ખૂબ દૂર આ ઘરની ભીંતોને વીંધીને. આવ બંધ થઈ ગયેલા કૂવા માથે ઊગેલા પીપળાની સામે પાર, બીજા કોઈ ગામની સીમમાં એમની નજર અટકી. એ ગામમાં એમના જન્મની ઘટના બની હતી. પારોતી પૂછતી હતી – કેટલાં વરસ થ્યાં, બાઈ ? કાશીમા તો સાચે જ ગણવા લાગ્યાં. એક, બે, ત્રણ ... પછી થાકી ગયાં. કે'દિ પહોંચાશે આ રાત સુધી ? કેટલાં થયાં હશે ? સિત્તેર ? ના ... ના ... સિત્તેર વરસ તો પારોતીને થયાં હશે ... કાશીમા સત્તર-અઢાર વરસનાં હતાં ત્યારે દાયણના કરકરા હાથના કાંટા વાગ્યા હતા ...

'મને તો થયાં હશે પંચ્યાશી કે નેવું ... ?' કાશીમાએ કહ્યું.

તે વખતે પારોતીને પણ જાણે પોતાની વયનો ખ્યાલ પહેલી વાર આવ્યો !

'તો તો મને સિત્તેર - બઉંતેર ... નહીં બાઈ ?'

કાશીમા માથું હલાવવા લાગ્યાં. થોડી વાર બંને શાંત રહ્યાં. વીતી ગયેલાં વર્ષોનું વજન આવી ગયું હોય તેમ ... રોજ ચાલતી આવી ગણતરીમાં હવે કશું વધતું યે નથી અને કશું ઘટતું પણ નથી ... '

'પાછો વરસાદ શરૂ થયો લાગે છે ... ' પારોતીએ કહ્યું ... 'એક ઘડી જંપવા દેતો નથી ... '

કાશીમાના બોખા મોઢામાં ખોબો ભરીને હાસ્ય છલકાયું. એ નવાઈ અને રમૂજથી પારોતી સામે જોઈ રહ્યાં. પછી હાથ લાંબો કરીને પારોતીનાં મોઢાને સ્પર્શ કર્યો.

'તું ય કેવી થઈ ગઈ છો, પારોતી ! વરસાદ તને આડો આવે છે ?'

'આખું ઘર ચૂવે છે ... '

'સાચી વાત છે તારી, પારોતી ! એકાદ છાંટો ફાનસના ગરમ ગોળા માથે પડ્યો તો કાચ તેવે જ ટાણે ફટાક ... !'

પારોતી ઊભી થઈ ગઈ. રાત પડે છે ને આને તો ફાનસ સિવાય બીજું કાંય સૂઝતું નથી ! એ બે ગોદડી ખેંચી લાવી. એક ગોદડી કાશીમાની સામે ફેંકી. બીજી પોતે પાથરી.

'ફાનસ ઓલવી નાખું ?' પારોતીએ પૂછ્યું.

'ના ... વાટ સંકોરી લે જરાક ... '

પારોતીને ગમ્યું નહીં. રાતે ફાનસ સળગતું રાખવાની જરૂર નહોતી. ઘાસતેલ નકામું બળે છે ... અંધારામાં ફાટી મરે છે જાણે ! પારોતીનો બડબડાટ ચાલુ રહ્યો. પણ કાશીમા સુધી કશું જ પહોંચતું નથી. ઓ ગોદડી ઘસડતાં, નળિયામાંથી પાણી ન ચૂવે તેવી સલામત જગ્યા શોધવા જઈ રહ્યાં છે. પારોતી એમને જોઈ રહી. એની નજરમાં ચીડ છે. શું કામ એંસી-નેવું વરસથી આમ ને આમ ગોદડી ખેંચતી આ બાઈ લીંપણ માથે ઘસડાતી ફરે છે ? મરી કાં નથી જાતી ?

ફાનસની વાટ સંકોરીને પારોતી ગોદડી પર લાંબી થઈ. કાશીમા સામે જોવા માગતી ન હોય તેમ પડખું વાળીને સૂઈ ગઈ. ભીંત ઉપર એનો પડછાયો પડતો હતો. એ બાજુની ભીંતના પોપડા ઊખડી ગયાં છે ...

અચાનક એ ચમકી ગઈ. પડખું વાળીને શોધવા લાગી. નાનકડા ઓરડામાં, ઝાંખા અજવાવાળામાં દેખાતાં કાશીમા ખૂબ દૂર

લાગ્યાં. એ ક્યાંક આઘાં જઈને બેઠાં છે અને ગોદડી પાથરવાનો પ્રયત્ન કરે છે. પારોતી બેઠી થઈ ગઈ. જોવા લાગી. માએ છેવટે ગોદડી પહોળી કરી. શરીર લંબાવતાં પહેલાં પારોતી ક્યાં છે તે જોવા નજર ફેલાવી. ફાનસના સંકોરાઈ ગયેલા અજવાળામાં એમને કશું દેખાયું નહીં. કાં તો હાલી ગઈ લાગે છે – કાશીમાને વિચાર આવ્યો. ત્યાં જ ફાનસ ફટફટ થયું. ક્ષણાર્ધ માટે વધેલા અજવાળામાં કાશીમાએ આ જ ઓરડામાં ખૂબ દૂર ગોદડી પર બેઠેલી પારોતીને જોઈ.

પારોતી ઝનૂનપૂર્વક લાંબી થઈ. ફાનસ નજીક ઘસડ્યું. ગોળો ઊંચો કર્યો. ફૂંક મારીને વાટ ઓલવી નાખી. હમણાં જ ઓલવાયેલા ફાનસની વાસ ઓરડામાં ફેલાવા લાગી.

*(સદ્દભાવ : ગુજરાતી વિભાગ, મુંબઈ યુનિવર્સિટી પ્રકાશિત અને જયંત પારેખ ને શિરીષ પંચાલ સંપાદિત 'ગુજરાતી વાર્તાસંચય : ૨')*

••••

# કિંમત

**○ હિમાંશી શેલત**

આખા એરિયામાં, એટલે કે ચાર રસ્તાથી માંડીને સ્ટેશન તરફ ખૂલતી સાંકડી ગલીઓ લગી, એક કતારમાં ઊભેલી એમની ખોબા જેવડી ઓરડીઓમાં આ સમાચાર ઝડપથી ફેલાઈ ગયા. ફેલાયા તે સાથે વાતાવરણમાં હલચલ મચી ગઈ. સમાચાર કંઈ સાધારણ તો હતા નહીં.

જમાનાઓથી એ બધાં અહીં જ. આ ગલીઓમાં જ એમનો ધંધો. જમનાબાઈ જાય ને કલાબાઈ આવે કે ચંદ્રિકા આવે અને મોનિકા જાય. મૂળ તો કશો ફેર નહીં. ચારપાંચ ખોલી તો વળી એવી પણ હતી જેમાં મોસી ગંગાકિનારે ગઈ હોય કે કોઈ કોઈ તીરથધામમાં પડી રહી હોય, અને અહીં એના હાથ નીચે તૈયાર થયેલી કોઈ ચંપાકલી કે સોના-રૂપા બરાબર ધંધો જમાવી, મોસીને નિયમિત મનીઑર્ડર મોકલતી હોય. તે બધું તો ઠીક. પણ આવા લિજ્જતદાર સમાચાર એમના ભણી કદી ફરક્યા નહોતા. એમનામાંની જ એક, અહીં જ અટવાતી, બારીએ ચહેરો ટાંગીને બેસતી; અને ફેરિયાને બોલાવતી, સસ્તાં ક્રીમ-લિપસ્ટિક ખરીદતી, અઠવાડિયામાં બે વાર નિયમિત અબ્દુલની લારી પર મટન-સમોસાના સિસકારા બોલાવતી મોહના ફિલ્મના પડદે દેખાવાની હતી. અને આ કોઈ અફવા નહોતી, સાવ સાચી, ટકોરાબંધ હકીકત હતી.

મોહનાની મોસીનાં ગલોફાં તો ફૂલેલાં જ રહેતાં હતાં. હમણાં હમણાં. આવી મજેદાર વાત રસઝરતા હોઠથી જ કહેવાય એટલું તો જાણે બરાબર. પાન સરસ રીતે ગોઠવી, નજાકતથી આંગળી બહાર લાવે મોંમાંથી.

ફોટુ નીકાલા હતા ને અપની મુન્ની કી પાર્ટી પર. બસ તે ફોટુ ફિલ્મવાલાએ જોઈ લીધા. ગનીની પહેચાનમાં હતા ફિલ્મવાલા. મોન્નાના ફિગર પર ફિદા. બોલા કે મોન્નાની હાઈટ ને ઉસકી હીરોઈન કી હાઈટ એકદમ એકસરીખી. ઈંચેઈંચ.

ભાઈ કમાલ થઈ ગઈ. અપન તો ધંધામાં નંઈ નંઈ તો બી પંદ્રા સાલથી છીએ. ચુસ્તી બી નથી બદનમાં અવે તો. મોન્ના તો જેસે કલ કી છોકરી. અતાપતા પૂછતી અજબની જૈસી. તે ફટ કરીને ફિલ્મ લાઈનમાં ... નસીબ કી બાત હૈ ...

મોહના આતા આમાલા પાર્ટી પાયજે ...

હોઠ વચ્ચે દુપટ્ટો દાબી, લટને કાન પાછળ ધકેલતી, આમળતી મોહના મલકાતી રહી, સવારથી સાંજ સુધી. ફિલ્મવાળું કંઈ પાકું નહોતું થયું, છતાં એ સાચું હતું કે કો'કે મોસીને સંદેશો મોકલ્યો હતો લાલાજી અને ગની મારફત. માત્ર ઉપર ઉપરથી વાત થઈ હતી. પૂછપરછ સુધી આવીને અટક્યું હતું. મોહનાના થોડા ફોટા લીધા હતા. બે દિવસ પછી ગોઠવાશે અને વધારે વાતચીત થશે એમ બોલેલા. હીરોઈનને ફોટા બતાવવાના છે એવું એકાદ વાક્ય પણ વચ્ચે આવી ગયેલું. મોહના ખીલી ગઈ હતી આખેઆખી.

– એ તેરેકુ ક્યા બનાયેંગે યે લોગ ? શાયદ હીરોઈનકી સહેલી યા તો ફીર ...

– એમ કંઈ હીરોઈનની સહેલી ના બનાય. એમાં તો ડાયલૉગ બોલવા પડે. હીરોઈનની સહેલી બહેરી મૂંગી તો હોય નહીં. ...

– હોય બી ખરી. કેમ નથી હોતી એવી કોઈ ?

– હોતા હૈ. મગર ફિલમમેં નહીં ...

સવારે ડાઘાડૂઘીવાળા અરીસા સામે મોહનાએ શકલ જોઈ પોતાની આ શકલ હવે કદાચ આખા ઈન્ડિયામાં લોકો જોવાના હતા. સાલા પેલા ખવીસને હવે ખબર પડશે. દસ હજારમાં વેચી ગયો ભડવો તે રહ્યો હવા ખાતો ... એટલા પૈસા તો હવે મારે ત્યાં કામ કરતા માણસોને પગારમાં ... એક વાર ફિલ્મ લાઈનમાં ગયા એટલે નાનુંમોટું કામ મળ્યા કરે. આપડે કંઈ ભાવ ખાતા નથી. નાનાં નાનાં કામમાં એક્સ્ટ્રાની જરૂર પડે તોયે બેપાંચ હજાર તો મળતા જ રહે. છોટામોટા સીન કરતા રહેવાનું. ... મગર શકલ ઠીકઠાક રાખવાની હવે. ક્રીમ-મસાજ બધું રેગ્યુલર કરવું પડે. મોસીને કહી દેવાય કે ખાવાપીવામાં જેસાતૈસા ચાલે નહીં. સબ્જી તાજી, ગાજર ટમાટર, ચાહિયે. દહીં મંગતા, દૂધ ન સહી. કાલે ફિલ્મવાળા આવે ત્યારે ગ્રીન સાડી, બ્લાઉઝનું ફીટિંગ જામતું નથી. કાલે તો ઢાંકી દેવાય. પછી નવાં કરાવી લેશું. એક વાર નક્કી થાય એટલે કપડાં માટે મોસી પૈસા આપે વધારે. આમ બી ખુશ છે. મોન્ના બેટી મોન્ના બેટી તો થવા જ લાગ્યું છે. એક બે સવાલ પૈસા કમાઈ લેવાય તો અહીં કોણ રહેવાનું પછી ...

ફિલ્મવાળા આવવાના હતા તો એક ખોલીમાં. પણ ઊંઘ કોઈને ન આવી. આમેય રાતને દિવસમાં પલટી જતાં અહીં વાર ન લાગે. આવનજાવન સતત ચાલે, પાનના ગલ્લા મધરાત પછી માંડ ઠંડા પડે ન પડે કે મળસ્કે ધમધમતા. સિગારેટ - પાનમસાલાની ઘરાકી તો ચાલુ જ રહે. લાલ-કેસરિયાં છાંટણાં વિનાનો એકેય ઓટલો કે દિવાલ આ તરફ જોવા ન મળે. તેમાં ભળ્યા ચગળાવવા ગમે તેવા આ ખબર. સુધારાવધારા સાથે રેલાતા, ફેલાતા બે ૫ નાકે અને પડખેની બધી ગલીકૂંચીઓમાં પહોંચી ગયા. જ્યાં પહોંચ્યા ત્યાં એનો રંગ જામતો ગયો.

– મોહના સાલી નસીબવાળી છે. બાકી એનામાં એવું કંઈ છે નહીં. શકલ એકદમ ગમી જાય તેવી થોડી છે એની ? એમ તો સુંદરી જુઓ ને નેપાલવાળી ...

– હા, ઠીક બતાયા. સુંદરી મસ્ત છે એકદમ. ગુલાબી ગુલાબી છે પાછી પહેલે સે જ ફિલમસ્ટાર.

– પણ તે બુટકી આહે. આણી પ્લમ્પ ...

– તે ક્યા, જ્યાદા અચ્છી દીખ રહી હૈ ઈસસે તો ...

– અપને કો ક્યા ? મોન્નાકો ભી પતા ચલેગા. ફિલમવાલા કોઈ શરીફ હોતા નથી. પૈસા ભી બરાબર દેવે તો અચ્છા.

રેશમા અને સલમાને તો હજી એ બાબતનો જ પસ્તાવો થતો હતો કે મુન્નીની પાર્ટીમાં એ બન્ને શા સારુ ગયાં નહીં. ગયાં હોત ને વળી નસીબ જોર કરતું હોત તો દેખાવ તો એમનોયે ક્યાં ખોટો હતો ? મોહના કરતાં થોડો ચડિયાતો કહેવાય એવું કેટલાં બધાં કહેતાં હતાં. મોહનાની આંખો થોડી ફાંગી છે, ધ્યાનથી જોઈએ તો તરત ખબર પડી જાય. મોસીઓએ તો કહેવા જ માંડ્યું છે કે મોહના સવિતાબાઈને માથે બિન્ધાસ્ત છાણાં થાપવાની.

સવિતાબાઈ તો હરખાઈને ઘેલી થાય છે અને રૂપિયાના ઢગ પગ પાસે જોયા કરે છે. જાડી મોસી પછી માથું પકડીને રોવાની છે. મોહના તો પાછું વળીને જુએ તેવી નથી. એક વાર ચલી ગઈ ફીર દેખના મજા ...

દમામદાર લોકો માટે સરભરાની તેવી જ જોગવાઈ કરેલી. એમાં તો મોસીને કહેવું ના પડે. ફારૂકને ત્યાંથી જ નક્કી કરેલી આઈટમ આવે એવું, ઉપરથી આઈસ્ક્રીમ, સાદી નહીં, કેસર પિસ્તાનો. માનિયાની પેટીઓ ખોલાવી નવા પડદા લગાડ્યા હતા મોસીએ. બીજી કચરાપટ્ટી

મોટા પલંગ નીચે ધકેલી મોટી ચાદર એવી પાથરી દીધી કે ઠેઠ શેતરંજીને અડે. આ તો ઉપર ઉપરની મુલાકાત હતી. પછી સહી-સિક્કા ને બધું તો મોટી હૉટેલમાં થવાનું હતું. ઠાઠમાઠમાં જ તો થાય એવું. અહીંની ગલીકૂંચીમાં એવા લોક કંઈ વારેવારે આવે નહીં.

મોહનાને તો પુલ પાસેના બ્યુટી પાર્લરમાં જવું હતું. ચંદ્રિકા અને સુનીતા ત્યાં જતાં કોઈક ખાસ પ્રસંગ હોય તો. અને બહુ વખાણ કરતાં. સરસ તૈયાર થયાં હોઈએ તો ફેર પડે જરા. પણ મૌસીએ ના પાડી. બહુ વાર લાગે એમ કહીને. પછી એ લોકો થોડા વહેલા આવી જાય તો મુસીબત થઈ જાય. મોહના એના હાથાતૂટીવાળા અરીસામાં જોઈને જ તૈયાર થઈ. કાલીએ એની બહારથી મળેલી લિપસ્ટિક લગાડવા આપી. સાડી પહેરવામાં ઠીક ઠીક વખત ગયો. ચળકતું રેશમી કપડું શરીર પર રહેવા કરતાં ભોંય પર ઢગલો થવા જ બન્યું હોય તેમ ઘડી ઘડી આંગળીઓની પકડમાંથી છટકી પડતું હતું.

– પાછળ દાદર પાસે બેસી રે'જો તમે બધી. બોલાવ્યા વગર કોઈએ આવવાનું નથી. પડદા પાછળથી ડોકાં કાઢવાનાં નથી.

બધાં હાહાઠીઠી કરતાં આઘાંપાછાં થઈ ગયાં. ગમ્મત પડતી હતી ને સાવ નવું લાગતું હતું આવું તો. જુદી ઉત્તેજના. અપરિચિત એવી.

બપોર થતાંમાં તો સવિતાબાઈએ બારીએથી વાંકા વળી વળીને ચાર રસ્તાના નાકા તરફ નજરને દોડાવી. મોહના પણ હતાશ થઈ ગઈ. તાજો ચહેરો થાકેલો દેખાય તે તો ખોટું જ. તૈયાર થઈ બેઠાંને નહીં નહીં તો ય બે કલાક ઉપર થયા હશે. કદાચ કોઈ બીજી વધારે સારી દેખાઈ ગઈ હોય તો - છોકરીઓની તો લાંબી કતાર હોય છે ફ્લિમમાં જવા માટે એવી માહિતી એની પાસે હતી. કદાચ લાલાજી અને ગની અમથા જ બધું કરતા હોય. આવી કોઈ ફ્લિમબિલમ - પણ તો પછી એ લોકો કેટલા બધા ફોટા લઈ ગયા ... સાવ ખાલી ખાલી કોઈ એવું કરે ?

– લટ આમળી આમળીને માથું જો કર્યું તે ... કેવું સરસ ઓળેલું હતું. ...

મૌસીએ જરા લાડથી એને ટપારી. મોહનાએ લટ કાન પાછળ ધકેલી દીધી. ને ત્યાં જ એક સફેદ મોટર ચાર રસ્તાને નાકે આવી ઊભી રહી. બે જણ - ગૉગલ્સવાળા- લાલાજી સંગાથે અંદરથી નીકળ્યા. સીધા મૌસીના ઘર તરફ. મોહના હરખથી હવામાં ફરફરવા લાગી. મોહનાની સાથે સીધી જ વાતચીત થઈ. ગૉગલ્સવાળાઓએ કરી. લાલાજી વચ્ચે વચ્ચે બોલે. જરૂર પડે ત્યાં.

– સૂચના પ્રમાણે કામ કરવું પડે. નખરાં ન ચાલે. પહેલેથી ચોખવટ કરી લઈએ તો ઠીક. સીન જે પ્રમાણે જોઈએ તે પ્રમાણે કરવાનું. બરાબર છે?

મોહનાએ હા પાડી. ડોક હલાવીને તોયે સંતોષ ન થયો હોય તેમ ફરી આ જ સવાલ જુદી જુદી રીતે પુછાયો. એટલે મોહનાએ સવિતાબાઈના કાનમાં કહ્યું કે એને જાણવાની ઈચ્છા છે. કેવા પ્રકારનું કામ છે ફ્લિમમાં તે ...

– કામકે બારેમેં મોન્ના પૂછ રહી થી. ક્યોં મોન્ના ? ડર મત. પૂછ તેરેકુ જો પૂછના હૈ ...

– અબ એક્સ્ટ્રા હૈ ઈતના તો સમજ લીજિયે. પૈસે આપકો બરાબર મિલેંગે. જીસ પ્રકારકા કામ હૈ. ઉસકે મુતાબિક પૈસે તો મિલેંગે. લાલાજી કો પૂછો.

– હાં ... હાં ... વો તો સમજ લિયા. મોન્ના તો હુશિયાર હૈ. દુબારા બતાના નહીં પડેગા. ફિર ભી ઉસે કરના ક્યા હૈ વો અભી સે પતા ચલે તો ...

– દેખિયે જી. મોહનાજીકી હાઈટ ઔર ફિગર બિલકુલ હમારી હીરોઈનસે મિલતીજુલતી હૈ ... પીછે સે તો પતા નહીં ચલતા ઈતના મેલ ... એકદમ કાર્બન કાપી ...

– તો?

– અબ ફ્લિમમેં એક સીન ક્યા હૈ કિ ગાંવકે બદમાશ લોગ હીરોઈનકો પરેશાન કરતે હૈ ... ઉસકે પીછે પડે હૈ સબ ... સરે બજાર ઉસકે કપડે ઉતર લેતે હૈ ... એક એક કરકે સબ ...

– નહીં નહીં ... આપકે લિયે હિચકિચાહટવાલી તો કોઈ બાત હી નહીં હૈ ... પૂરા શૉટ હમ પીછે સે લેંગે. ખૂબીસે. શકલ તો દિખાની નહીં હૈ ... અબ કિસકો પતા ચલનેવાલા હૈ કી યે કૌન હૈ ?

– હીરોઈનને સાફ બોલા. યો શૉટ દેનેમેં તકલીફ હૈ ઉનકો. બિલકુલ હી તૈયાર નહીં. અચ્છા તો યે હુવા કે મોહનાજીકી હાઈટ ઔર પૂરા ફિગર બરાબર હીરોઈનકે સાથ ...

સવિતાબાઈએ મોહના સામે જોયું. મોહના બંગડીઓ પર આંગળીઓ ફેરવી રહી હતી.

– પૈસે જો ચાહો મિલેંગે પરેશાનીકી બાત નહીં હૈ કોઈ. ભીડમેં બસ ચલે જાના હૈ. શૉટ પીછે સે. બાલ હવામેં ઉડ રહે હૈ. બદન પે કુછ નહીં ... સિર્ફ ... પાંચ મિનટકા કામ ...

લાલાજી અને ગની હવે પ્રોત્સાહન આપવા માટે મીઠું મીઠું - ધીમું ધીમું એમની ખાસ ઢબે બોલવા લાગ્યા. એ લોકો સાથે રહેશે. મોહનાને કોઈ પરેશાની નહીં થાય. ટૅક્સીમાં જવાનું ને આવવાનું. ઘણું નવું નવું જોવા મળશે. સારું લાગશે. મોહના સાંભળતી રહી. જવાબ આપ્યા વગર.

– તો ફાઈનલ સમજે અબ ? કલ રકમ મિલ જાયેગી. જો તય કર લો. બતા દીજીયે ક્યા દેના હૈ હમેં. ક્યોંકિ જરૂરત તો હમેં હૈં હી. ... હમારા બહોત ઈમ્પાર્ટન્ટ સીન હૈ. ...

પડદાની આરપાર જોવા મથતી મોહનાને મૌસીએ ઢંઢોળી.

_ દેખ. કામ મેં તો દમ નહીં. પૈસે જરૂર મિલેંગે યે સચ હૈ. એક બાર કોઈ દેખ લે તો કભી ચાન્સ મિલ ભી સકતા હૈ. માયૂસ હોનેકી જરૂરત નહીં. જાયેગી ?

મોહના બેસી રહી. નિરુત્તર.

મૌસીએ એને ખભે હાથ મૂકી કાનમાં પૂછ્યું :

– દસ હજારનેં કરેગી કિ જ્યાદા બતાયેં ? તૂ ખુદ હી બતા દે અપની કીમત. ...

*(સદ્ભાવ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા સન ૧૯૯૮માં પ્રકાશિત 'નારીચેતનાની નવલિકાઓ'માંથી)*

•••••

# મગનલાલ

**○ રમેશ ર. દવે**

ત્રણ દિવસ થયા પણ મગનલાલ મનમાંથી ખસતા નથી. ગળાબૂડ કામમાં હોઉં છું ત્યારે ય સાંભરી આવે છે. સ્ટેનોને ડિક્ટેશન આપતાં આપતાં વાક્ય અધૂરું રહી જાય અને એમની વાતો યાદ આવી જાય. વાતો ય કેવી ? આમ જુઓ તો. સાવ સાદી-સીધી. કૉલેજની કેન્ટિનમાં કે ઑફિસના ટી-ટેબલ પર થાય એવી વાતો. પણ કેટલાં વર્ષે મન દઈને સાંભળી એવી વાતો ? સેવાદળમાં નવો સવો જોડાયો હતો એ દિવસો યાદ આવી ગયા. ક્રિકેટ કોમેન્ટરી સાંભળતાં શીખતો હતો. ઑસ્ટ્રેલિયન ટીમ આવી હતી. રિચી બેનો. ઓનિલ અને નીલ હાર્વેના એ દિવસો હતા. બહુ મઝા પડી હતી. એક ક્રિકેટ અને બીજું સેવાદળ. ત્રીજી કોઈ વાત જ મગજમાં ટકતી નહોતી. આટલાં વર્ષે પાછી ક્રિકેટની વાત સાંભળી. અને એ પણ મગનલાલને કારણે. એમની વાત કરવાની

આવડત. ના. એને આવડત તો ન કહેવાય. પણ મૂળ માણસ જ એવા કે બોલે એમાં રસ પડે. બાકી કંઈ જબરી ઑરેટરી તો ન જ કહેવાય. ને તો ય સાંભળવી ગમે.

કદાચ તમે નહીં માનો પણ કેબિનેટના મંત્રી સાથે વાત કરતો હોઉં છું ત્યારે ય મંત્રી-મહોદયના ચહેરા પાછળથી મગનલાલનો સાવ સાદો-સીધો, ભલો-ભોળો ચહેરો તરી આવે છે. એના જેવો સરળ ચહેરો આ ત્રીસ વરસની કારકિર્દીમાં નથી જોયો ક્યાં ય ! પણ મગનલાલ આજે ક્યાં હશે ? કોઈનું નામ-ઠામ પૂછવાની ટેવ જ સાલી છૂટી ગઈ છે. વર્ષોથી બધું પી.એ.ના ભરોસે. બધો ડેટા એ જ પૂરો પાડે. નોંધ તૈયાર જ હોય એટલે આપણે તો માત્ર ચર્ચા જ કરી લેવાની સામે બેઠેલા માણસ સાથે.

અમદાવાદથી આવ્યા હશે કે બહારગામથી, ખાસ સમય કાઢીને, ધક્કો ખાઈને આવ્યા હશે ? આમ તો એમની ભાષા પરથી કંઈ કહી ન શકાય કે અહીંના કે તહીંના હશે. ને વિઝિટિંગ સ્લીપમાં તો એકલું નામ જ લખેલું : મગનલાલ. મુલાકાત માટેનું કારણ ? તો કે, વાતો કરવી છે, ચા પીતાં પીતાં થાય એટલી ! વાહ, ભાઈ વાહ મગનલાલ !

આ છેલ્લા શબ્દો હું મોટેથી બધા સાંભળી જાય એમ નથી બોલ્યો ને ? આસપાસ જોઈ લીધું. ના, કોઈ નથી. એકલા બેઠાં બેઠાં મગનલાલના જ વિચારો થયા કરે છે. ને પછી મનોમન વાતે ચડી જવાય છે. એમાં જો મોટેથી બોલી બેસાય તો તો લોકો ગાંડા જ ગણી કાઢે. ને આજે લોકશાહીમાં તો માણસો પ્રાઈમ મિનિસ્ટરને ય ગાંડા સાબિત કરવા તૈયાર થઈ જાય છે !

ના, ગાંડા તો નહીં, પણ ઉપરતળે જરૂર થઈ જવાયું છે. આ બોંતેર કલાકમાં નહીં નહીં તો ય ત્રણ-ચાર વાર એમની સાથેની મુલાકાતમાં ડૂબી જવાયું હશે. ...

ખરા છે આ મગનલાલ. જેવા આવ્યા એવા ગયા. નહીં પૂરું નામ. નહીં ઠામ. સ્લીપમાં જાડા પોઈન્ટની ઈન્કપેનથી મોટા અક્ષરે એકલું નામ લખ્યું છે : મગનલાલ. મેં સ્લીપ સાચવી રાખી છે. અક્ષરો ઘડાયેલા છે, એમની વાતો જેવા. પણ આ મગનલાલ એટલે કોણ ? કોણ એટલે આઈ મીન, મગનલાલ શાહ, પટેલ, ઠાકોર કે દેસાઈ ? માણસ કાંઈ એકલો થોડો હશે ? કોઈ આગળ, કોઈ પાછળ, કંઈક તો હશે ને ? આ તો એકલું, નર્યું મગનલાલ ? કંઈક બાપનું નામ ને પાછળ અટક ! ને એવું કાંઈ નહીં તો છેલ્લે ગામનું નામ ! પેલા હિમ્મતસિંહ ઑફ માણસા.

પણ આ ભાઈસાહેબે તો લખી નાંખ્યું માત્ર મગનલાલ ! તમને થયું હશે કે હું મુખ્ય મંત્રી જેવો મુખ્ય મંત્રી થઈને ક્યારનો મગનલાલ – મગનલાલ કૂટ્યા કરું છું. તે એવું શું જાદુ કરી નાખ્યું છે આ મગનલાલે ? ખરું ને ? પણ એક વાર તમે પૂરી વાત સાંભળો તો તમને ય થશે. ના જાદુ તો નહીં, પણ એક નાનું એવું તોફાન તો એમણે મચાવી જ દીધું છે.

મગનલાલ નામનો અર્થ શું થતો હશે ? મગન ... મગન ... હા, મનોમગ્ન. મનમાં મગ્ન રહેનાર ! ફિફ્થ કે સિક્સ્થમાં હતા ત્યારે જોષીપુરાસાહેબે સમાસ શીખવતા ગોખાવ્યું હતું : મનમાં મગ્ન એટલે થાય સપ્તમી તત્પુરુષ અને જો મનોમગ્ન વિશેષણ તરીકે વપરાય તો ... પણ જવા દો આ બધી નકામી વાતો. એનાથી મને કંઈ મગનલાલનો અત્તોપત્તો થોડો મળવાનો છે ? બસ, એને એક વાર મળવાનું થાય તો ...

ના. આ પહેલાં મૂંઝવણો તો કેટલી ય આવી છે. રાજકીય કટોકટી પણ કેટકટલી ફેસ કરી છે ? ક્યારેક તો એમ જ લાગે કે આ વખતે તો ટૉપલીંગ થયું જ સમજો. પણ બધી વાર મુત્સદ્દીગીરીથી શેતરંજ એવી ગોઠવી કાઢું કે બાજી પાર પહોંચી જાય. પણ આજે આ એક મગનલાલે આકુળવ્યાકુળ કરી દીધો છે. જાણે દરિયામાં સોય ખોવાઈ ગઈ ! એમની સાથેની પંદર-વીશ મિનિટ ફરી ફરી ઉપરતળે થયા જ કરે છે !

એનેક્સીમાં વિવિધ ધર્માચાર્યો ને સાધુ - વિદ્વાનોની મિટિંગ હતી. ધાર્યા કરતાં સ્હેજ વધારે મોડું થયું હતું. પાછું રાતે સુન્દરી હૉલમાં મન્નૂ ભંડારીનું નાટક 'મહાભોજ' જોવા જવું છે. કહે છે, રાજકારણ પરનો ને એમાં ય મુખ્ય મંત્રીની ખટપટ ઉપરનો જબરો વ્યંગ છે ! નિવાસે પહોંચ્યો ને વનિતાએ પાણી આપ્યું ત્યાં રિસેપ્સનિસ્ટે નોંધી રાખેલા ફોનની યાદી આપીને કહ્યું : 'સર બહાર બે મુલાકાતીઓ છે.'

'કોણ કોણ છે ?

વિઝિટિંગ સ્લીપ આપી એ ઊભો રહ્યો.

'કાયદાશાખામાંથી ગોરી છે ? ક્યારે આવ્યા ? પહેલાં એમને મોકલ ને પછી આ ... ને જો, બહેનને કહે તૈયાર થઈ જાય. બહાર જવાનું છે.'

ગોરીએ નવા જી.આર.નો મુસદ્દો વાંચ્યો. પછી કહે : 'સર નિરાંતે જોઈ જવા ફાઈલ મૂકી જાઉં ?'

'હા, તમે ચા પીધી ?'

'ના સર ! મારે મોડું થશે. હું રજા લઉં ?'

'હા, તમારે તો પાછું અમદાવાદ જવાનું ને ! ઓ.કે. તમે નીકળો. ગાડી તો છે ને !'

'હા જી, સાહેબ !'

બીજી સ્લીપવાળા મગનલાલને બોલાવવા માટે બેલ મારતાં હાથ થંભી ગયો હતો. મુખ્ય મંત્રી સાથેની મુલાકાતના કારણમાં લખ્યું હતું : ચા પીતાં પીતાં થાય એટલી વાતો કરવા ... ફરી વાંચ્યું. હસી પડાયું. કદાચ ફોટો પડાવવો હશે. અને કાં તો બીજી જ મિનિટે મૂળ કામની વાત શરૂ થઈ જશે. આવા માણસો ય આવે છે કોઈ કોઈ વાર. પણ એમને તો રિસેપ્સનિસ્ટ બહારથી જ વળાવી દે છે. આજે આને ... બેલ મારી.

કેમ, આ મગનલાલનું શું છે ?'

'સાહેબ, બહુ સમજાવ્યા. સાફ ના ય પાડી. પણ માત્ર પાંચ જ મિનિટ મળવું છે. કામ પૂછ્યું તો કહે : એવું કંઈ ખાસ કામ નથી. બસ વાતો કરવી છે, બે-પાંચ મિનિટ લહેરથી !'

'લહેરથી વાતો રકવી છે, અત્યારે સાંજના સાડા સાત વાગ્યે ?'

'ના. એમ તો એ દોઢ-બે કલાકથી બેઠા છે.'

'ફોન કર્યો હતો ? કોઈનો રેફરન્સ ?'

'ના. સર.'

'એમ કરો. ચા તૈયાર છે ?'

'જોઉં અંદર ... '

'તો એમ કરો. લોનમાં ખુરશી મુકાવો. હું હાથ-મોં ધોઈને ફ્રેશ થાઉં. ત્યાં તમે ચા મોકલાવો. જોજો પાછું મોડું ન થાય. આ છેલ્લા મુલાકાતી છે ને?'

'હા જી. સાહેબ.'

જઈને જોઉં તો સાધારણ કદ-કાઠીનો માણસ. મને જોઈને ઊભા થઈ હાથ જોડી વંદન કર્યા. મોઢા પર મળવાનો સાહજિક આનંદ હતો. ખુરશી ચીંધતાં કહ્યું : 'બેસો. તમારે બહુ રાહ જોવી પડી !'

'હા. પણ મારે આપને મળવું હતું એટલે રાહ તો જેવી જ પડે ને ! આ "ચિત્રલેખા"નો નવો અંક સાથે હતો એટલે અહીં બેસીને નિરાંતે જોયો.'

'પણ તો ય તમે ખાસ્સું બેઠા !'

'એ તો શું થાય ? તમે તો રોકાયેલા જ હો ને હું તો પાછો પૂછ્યાગાછ્યા વિના આવી ચડેલો. પણ તમારો વધુ સમય નહીં લઉં. આ ચા પીતાં પીતાં થાય બેચાર વાતો માત્ર !'

'હા. હા. લો. તમે ચા લો !'

'પણ સાહેબ. તમે સર્વિસ-ટી નથી લેતા ? મને તો એમ હતું કે આપ તો પેલી ટી.વી.માં જાહેરાત આવે છે ને એમ કપડાંની કોથળીમાં ભરેલી ચાની પત્તી કપમાં ઝબોળીને બેકગ્રાઉન્ડ મ્યુઝિક સાથે સર્વિસ-ટી ... '

'ના. ના મને આપણી ગુજરાતી ચા જ ફાવે છે.'

'સારું કહેવાય. બહુ સારું કહેવાય !'

મનમાં હતું કે હવે કામનો મુદ્દો આવશે. એક-બે સીપ સુધી રાહ જોઈ પણ મગનલાલ તો ચા જ પીતા હતા. એમને ચહેરે કોઈ ખાસ વાત કરવાની ઇંતેજારી કે ઉતાવળ હતી જ નહીં. ઘણા લોકો આવે. બેસે. જય જય કે નમસ્તે–નમસ્તે પૂરું થયું ને ગળું ખંખારીને. આમતેમ. ડાબે-જમણે જોતાં કહે : વાત એમ છે ને સાહેબ. કે ... પણ આ મગનલાલ તો ચા પીતા હતા નિરાંતે. મોડું થશે એમ ધારીને મેં જ સામેથી પૂછ્યું : '"ચિત્રલેખા"માં કંઈ બહુ ઇન્ટરેસ્ટિંગ આર્ટિકલ છપાયો છે?'

'અરે વાત ન પૂછો. સાહેબ ! સચીન તેન્ડુલકરવાળો લેખ તો અફલાતૂન છે. બેટમજી છે તો આવડો અમથો અંગૂઠા જેવડો પણ કંઈ બૅટિંગ કરે છે ? લાજવાબ. છક્કા ઉપર છક્કા ! હમણાં પેપ્સી લહરની ડબલ વિકેટ ટૂર્નામેન્ટ હતી. કપિલદેવ બૉલર અને આપણો સચીન તેન્ડુલકર બૅટ્સમેન ! બૅટિંગમાં કપિલ બે વાર આઉટ થયો ને દશ રન કપાવ્યા ત્યારે પેલા ઠિંગુજીએ તો દે ધનાધન સિક્સ ઉપર સિક્સ ! અને એ ય પાછી કોની બૉલિંગમાં ? હેડલી. સાહેબ. સર રિચાર્ડ હેડલી ! વર્લ્ડ આખાનો ફર્સ્ટક્લાસ બૉલર ! એને આ સચીને કાંઈ ધોયો છે. કાંઈ ધોયો છે ! પાંચ છક્કા ને ચાર ચોક્કા !'

'એમ ?'

'અરે સાહેબ. તમે મૅચ જોઈ નહીં હોય. જો કે તમને એવી ફુરસદ તો ક્યાંથી હોય ? પણ રાતે હાઈલાઈટ્સ જોઈ હતી ?'

'ના. મન તો થાય. પણ તમે જુઓ છો ને. આ મિટિંગો. સભાઓ. કાર્યક્રમો. મુલાકાતો ને બાકી રહે તે ઘેર આ ફાઈલો !'

'ત્યારે ટી.વી. તો ઑફનું ઑફ જ રહેતું હશે. પણ તમારે ટી.વી. જોઈને શું કરવાનું ? સમાચાર. તો કે તમારા ! અઠવાડિયામાં બે-ચાર વાર તો દર્શન થાય જ છે ! પણ સાહેબ સીરિયલ્સ સારી આવે છે હોં ! એક ગિનેસબુક રેકોર્ડની આવે છે. જાતજાતના ને ભાતભાતના વર્લ્ડ રેકોર્ડ કરનારાએ એમનો વર્લ્ડ રેકોર્ડ કેમ કર્યો છે એ બતાવે છે. બરાબર નવ વાગ્યે. પ્રાઈમ ટાઈમ ! એક વાર તો સાહેબ. એવા માણસને લઈ આવ્યા હતા કે મારો વા'લો. લાકડું. લોખંડ. પિત્તળ જે આપો એ ખાય ! પાછું થાકી નહીં જાવાનું. બધું ચાવી ચાવીને ખાય ! ગિનેસબુકવાળાએ આપેલ શિલ્ડ જ ખાઈ ગયો બધાના દેખતા ! અરે. ઉપરની નકશીવાળી પિત્તળની પ્લેટેય ચાવી ગયો !'

'હોય નહીં. માણસ લાકડું ને પિત્તળ ચાવીને ખાઈ ગયો એમ ?'

'ત્યારે નહીં ? અને એની જ તો મઝા છે ને ? પણ સાહેબ. આ લોન મઝાની છે હોં. કલકત્તી હશે. કાં ? સુંવાળી ને લીલીછમ્મ. સવારે મૉર્નિંગ વૉક લેવાની મઝા આવતી હશે. નહીં ? અને પેલા ખૂણામાં એક ગુલાબનો છોડ જોયો. બાકી વન્ડરફુલ. એક જ પ્લાન્ટ ઉપર છ રંગના ગુલાબ ! લાલ. ગુલાબી. કેસરી. પીળું. સફેદ અને કાળું ! જો કે સાવ નજીક જઈને જોઈએ તો હકીકતે ડાર્ક રેડ પણ દૂરથી જોતાં તો બ્લેક જાપાન જ લાગે ! ભૈયાજીને પૂછ્યું તો કહે : વો દેખનેવાલા નહીં. પણ ખરી કરામત છે ! ડૉક્ટરને એક બાજુ મૂકી દે એવું કામ છે. અફલ સ્કીન ગ્રાફ્ટિંગ જ જોઈ લો. એક રંગના ગુલાબની આંખ. બીજા ગુલાબ ઉપર ચઢાવી દેવાની. વન ટાઈપ ઑફ સર્જરી જ ને ? લ્યો. ત્યારે બેસો. જય જય ! પાછું તમારે મોડું થશે.'

એમની વાત ખોટી ન હતી. મોડું તો થતું જ હતું. પણ વાતો વાતોમાં ચા ક્યારે પીવાઈને પૂરી થઈ ગઈ. કંઈ ખ્યાલ જ ન રહ્યો. ને પાછી એમણે કામની વાત તો કાઢી જ નહીં. ઊભા થતાં હાથ મેળવી પૂછ્યું : 'કંઈ કામ હોય તો બોલો. મગનલાલ !'

'બીજું કામ કેવું ? બસ. વાતો કરવી હતી તે કરી ને તમે નિરાંતે બેસીને સાંભળી એટલે મઝા પડી ગઈ. લ્યો. ત્યારે સાહેબજી !' – કહેતાં એમણે હાથમાંનો અંક થેલામાં મૂક્યો ને થેલો ખભે લટકાવી ચાલતા થયા. મેં હાથ હલાવી આવજો કહ્યું. દરવાજો બંધ કરતાં એમણે વળી આવજો કર્યું ને મેં ય સામે હાથ હલાવ્યો. ત્યાં રિસેપ્સનિસ્ટે આવીને કહ્યું : 'બહેનજી તૈયાર છે.'

અમદાવાદ જતાં કારમાં ચૂપ બેઠેલો જોઈ વનિતાએ પૂછ્યું : 'બહુ થાકી ગયા છો. આજે ?'

'ના. ના. એ તો એમ જ. અમસ્તુ !' – પણ મનમાંનું કુતૂહલ શમતું ન હતું. કોઈ માણસ મુખ્ય મંત્રીને શું વાતો કરવા જ મળવા આવે ? દુનિયા શું હજુ આવી ભલી-ભોળી રહી છે ? ને વાતો ય કેવી અફલાતૂન ! જુઓ ને. મારી જીભેય એમનો શબ્દ ચડી ગયો ! માણસને વાતો કરતાં આવડે છે. ને પાછી કશાનો ભાર નહીં. મુખ્ય મંત્રીની સામે બેઠો છું – એવી સભાનતા ય નહીં. ગુલાબનો છોડ જોઈને કહે : વન્ડરફુલ ! ઓ છોડ જોઈને શું એને સાચ્ચે જ આટલો બધો આનંદ થયો હશે ? મારા ગાર્ડનમાં આવો કોઈ છોડ છે એની તો મને ખબર જ ન હતી. કાલે સવારે લોનમાં મૉર્નિંગ વૉક લઈશ અને ખીલેલાં ગુલાબ જોઈશ. પેલા લાકડું ખાતા માણસની વાત તો એણે એવી રીતે કરી; જાણે હમણાં ઊભા થઈને પોતે જ લાકડું ખાવાનું ડેમોન્સ્ટ્રેશન કરશે કે શું ? ડબલ વિકેટ ટૂર્નામેન્ટની કેસેટ તો ક્યાંકથી મેળવવી જ પડશે. નિખિલને કહીશ. એના દોસ્તારોમાં કોઈકે તો કરી જ હશે. સચીન વિશે વાત કરતી વેળા એના મોઢા ઉપર કાંઈ એક્સાઈટમેન્ટ હતું ! માણસ ખરે જ આટલું બધું ડિપલી ફિલ કરતો હશે ? કરતો હશે. કેમ ? કરે જ છે ને ? મગનલાલ માટે 'હતો' વપરાય ? પણ એ ક્યાંના હશે ? ખરા માણસ છે. આવ્યા. વાતો કરી ને ચાલતા થયા ખભે થેલો ભરાવીને ! જાણે ધૂમકેતુ ! ના. એ તો પાછળ લિસોટો ય મૂકી

જાય જ્યારે મગનલાલ માત્ર મગનલાલ. ન આગે નાથ ન પીછે પગહા ! બિલકુલ હળવાફૂલ અને પાછા તબિયતથી રંગીન. માણસ ગમી જાય એવા છે. પણ હવે શું ? એ સામે બેઠા હતા ત્યારે પહેલાં તો, હમણાં કંઈક કામની વાત કાઢશે – એની રાહમાં રોકાઈ રહેવાયું ને પછી તો એમની વાતોમાં જ ડૂબી જવાયું. ઊભા થઈને હાથ મેળવ્યો ત્યારે ય કામનું પૂછ્યું પણ એમનું પૂરું નામ-ઠામ પૂછવાનું રહી ગયું. આ ખરું ! માણસ કરતાં એનું કામ મહત્ત્વનું એમ ? બસ, એક આદત પડી ગઈ છે. મળવા આવે એ બધા કોઈ ને કોઈ કામ લઈને જ આવે. બધાને કપાળે એમનું કામ લખ્યું હોય. જાણે ચહેરા નહીં, કામની યાદી. અને એ પૂરું થઈ જાય એટલે બસ જય-જય ને નમસ્તે-નમસ્તે ! પતી ગયું. મને ય એમનાં કામ યાદ રહે. ચહેરા તો ક્યાં ય તણાઈ જાય ! ચહેરા ય કેટલા, ને બધા એક સરખા. કામ, કામ ને બસ કામવાળા જ. પણ આ મગનલાલ ખરા નીકળ્યા. એમની વાત જ જુદી. એમનો ચહેરો યાદ રહી ગયો છે. કામ વગરનો હળવોફૂલ ચહેરો. બ્રાઉન કલરની ફ્રેમનાં ચશ્માં, ઝીણી મૂછો, હોઠ ઉપર આછોતરા કાપાનું નિશાન અને હસતી આંખો. દાંત સહેજ રંગાયેલા, પાનની ટેવ હશે કદાચ. – આવડતું હોત તો અત્યારે જ ચીતરી આપત. પણ મોઢું યાદ રહ્યે શું ફાયદો ? – 'ફરી વાર આવજો, ક્યારેક !' એવું કહેવાનો ગૃહસ્થીનો વિવેક પણ ચૂકી જવાયો. પણ મગનલાલ ખોટું લગાડે એવા માણસ નથી. કહ્યા વિના જ આવ્યા હતા ને ? એમ જ ફરી નહીં આવી ચડે કોઈ વાર ?

*(સદ્ભાવ : લેખકના વાર્તાસંગ્રહ 'શબવત્'માંથી)*

●●●●●●

# બાયું

**○ કિરીટ દૂધાત**

બધી વેવસ્થા થઈ ગઈ છે ને જાદુ ?' સવજીઆતાએ પૂછ્યું.

જાદવમામાએ જવાબ આપ્યો, 'હા આતા.'

રહોડામાં કેમ છે ?'

'ન્યાં વાંધો છે ઈ તો બાયુંનો જ છે ને, હજી ય મારી બા અને કાકી કે' છે કે મંજુને નથી મોકલવી.'

સવજીઆતા ગુસ્સે થયા. 'હાળાં ડોબાંનાં ડોબાં જ ર્યાં. કીધું કે હવે ખોટી લપ મેલો તો ય માનતાં નથી. નૈં હમજે તો ક્યાંક ઘઘલાવવાં પડશે.' કહીને સવજીઆતા ઑફિસમાંથી નીકળી રસોડા તરફ ઊપડ્યા.

'બાયુંએ ભારે કરી.' કહીને જાદવમામાએ ઑફિસની લાદી પે વતરણાથી ત્રણ કૂકરી દોરવા માંડી. પછી મને જોઈને કહ્યું, 'ભાણા, તારાં મોટાંબાને કહી દેજે કે તને સવારના પોરમાં તૈયાર કરી દેય, કાં'ક તાર્યે લીધે મોડું નો થાય.'

ત્યાં જાદવમામાના બાપુજી રામજીઆતા બહારથી આવ્યા. એણે પૂછ્યું, 'ક્યાં ગ્યા ભાઈ ? પછી હું થ્યું આખી વાતનું ?'

'જોવોને મારી બા ને કાકી હજી નથી માનતાં. આતા ન્યાં રહોડા બાજુ જ ગ્યા છે.'

'એનો અરથ ઈ કે કાલ્યનું અમરેલી જવાનું માંડી વાળવાનું એમ ? અરે આજ જ બટકો મેડીએ ગ્યો એની ભેગું મેં કે'વરાવી દીધું છે કે કાલ્યની વાતનું નક્કી છે.'

'મારી બા કે'ય છે કે પૂળો મૂકો આ હગપણમાં, આપડને તો વિરાણી સિવાય બીજાં ઘણાં ય ખોવડાં મળી રેવાનાં, એની ઉપર જ ક્યાં ભૂંગળું ભાંગ્યું છે ?'

'તારી મા તો લિરઝિની છે, આ કોઈ કોળીવાઘરીનું ઘર છે કે નખ જેવી વાતમાં હગપણ તોડી નખાય ? કાંઈ મંજુ આપડને વાલી નથી એમ ? અટાણે હું મગના દરજીને કઈને જ હાલ્યો આવું છું કે ગુરુવારથી ઈ આપડી હોપિસમાં સંચો માંડી દેય. વિરાણીની એક આખી ઓયડી આપડી મંજુના કરિયાવરથી ભરાઈ રે'વી જોઈ. આપડા ચાર ભાયું વચ્ચે એકની એક જ છોડી ને બચ્ચાડી !'

ત્યાં સવજીઆતા હાંફતાહાંફતા ઑફિસમાં આવ્યા અને માથાના ફાળિયાનો ખાટલામાં ઘા કરી બોલ્યા, 'આ વે'વાર – આ વે'વાર અટલે થઈ ર્યું હોં – '

'હું થ્યું ભાઈ ?' રામજીબાપાએ પૂછ્યું.

'બાને રોવરાવવાં પડ્યાં, બીજું શું ? મેં તો પછી ચોખ્ખું કઈ જ દીધું કે બા, તમે અને આ ચારેય બાયું આંયાથી વે'તાં જ થઈ જાવ, કોઈની જરૂર નથી અમારે. પછી બા રોયાં ને કીધું કે એવું હોય તો કરો તમારા અભરખા પૂરા ને નાખી દ્યો દીકરીને કૂવામાં. કાલ્ય પ્રગડવાહ્યે મંજુને તૈયાર કરી દેશું. જાદુ, આ વેવાર એટલે થઈ ર્યું હોં.'

ત્યાં વાઘજીઆતા ને મથુરમામા ટ્રૅક્ટર લઈને આવ્યા. વાઘજીઆતા મંજુના સગા બાપુજી, પણ એને બહુ રસ નહીં કે એમની સગી દીકરીની જ વાત ચાલે છે. એમનો એક જ સિદ્ધાન્ત હતો કે વહેવારનું કામ સવજીભાઈનું છે તે ફૂટી લેશે. આપણે ખેતી સંભાળવાની, પણ સવજીબાપાના દીકરા મથુરમામા ભાર્યે રોનકી. એણે ટ્રેલરમાંથી ઠેકડો મારતાં મારતાં પૂછ્યું, 'કાં ભાણા, શું કે' છે કામરુદેશનાં સેનાનીઓ ?'

જાદવમામાએ કહ્યું, 'માંડ માંડ મેળે લાવ્યા છંઈ, હવે કાલ્યની વાત પતી જાય તો નિરાંત.'

વાઘજીઆતા આવીને ઑફિસમાં બેઠા. ચૂપચાપ. વાઘજીઆતા જેવું જ ભગતનું હતું. એ તો આખો દિવસ રામનામનું જ સમરણ કરતા હોય. ભગત પહેલાં તો ત્રણેય ભાઈ જેવા સંસારી હતા, પણ હવે ભગતના નામથી જ ઓળખાતા. પહેલાં સંસારમાં રસ લેતા પણ પછી એક દિવસ એમના ઘરનાં ચંચળમાને બોલાવીને કહી દીધું કે કાલ્યથી હું ભલો ને મારા ભગવાન ભલા. સંસારની રીતે તમે મારાં પત્ની થાવ ઈ બરાબર્ય, પણ કાલ્યથી મારો નવો જનમ છે. કાલ્યથી સંસારનાં બધાં ય કામ બંધ. બસ, એ ભગત થઈ ગયેલા. ગામના લોકો વાતો કરતા કે ભગતને તો તાળી લાગી ગઈ છે. પણ આ અંગે એક જુદો મત હતો : ભગત, ભગત થયા પહેલાં ગામનાં દાડિયાંઓની, વહવાયાંઓની બીડીઓ માગીને પીતા એટલે દાડિયાંઓનું કહેવું હતું કે ભગતના મગજમાં મફતની બીડીનો ધુમાડો ચડી ગયો છે, ભક્તિનું તો સાવ તૂત છે. ભગત ભગવાનથી નીચેની કક્ષાના કોઈ સાથે વાત કરતા નહીં. હા, ક્યારેક મને બાળક ગણી વાતો કરવા બોલાવતા. હું ફળિયામાં રમતો હોઉં ત્યારે એ ટહુકો કરતા, 'આવો ભાણાભાઈ !'

હું જતો એટલે એ કહેતા કે આજે કે આજે તો મીરાંબાઈનું એક ભજન રચ્યું છે. ભગત ઘણી વાર મીરાંબાઈ કે નરસિંહ મહેતાનાં ભજનો રચતા. મને પૂછે, સંભળાવું ?

હું ડોકું હલાવું એટલે પટારાના કાટ ખાઈ ગયેલ પતરા પર દોકડ વગાડીને ભજન ગાઈ સંભળાવતા, પછી પૂછતા, 'કાંઈ હમજાણું ?'

હું માથું ધુણાવીને ના પાડતો, એટલે ભગત રાજી થઈને દાંત કાઢતા કે ક્યાંથી હમજાય, આ તો ભગ્તિ છે ભગ્તિ, શું ?' એટલે હું કહેતો કે 'ભગ્તિ.'

મૂળ વાત એમ હતી કે પોતાનું ભજન સંભળાવ્યા પછી ભગત મને દસ પૈસા વાપરવા આપતા, એટલે જ્યાં સુધી એ પૈસા વાપરવા મળતા રહે ત્યાં સુધી આપણને આ આખી વાત ભક્તિ હોય કે ગાંડપણ, એમાં કોઈ જાતનો વાંધો નહોતો.

'માને રોવરાવ્યાં ઈ બરાબર નૈં.' મથુરમામા બોલ્યા. વાત સાચી હતી. જકલમા આખા ગામમાં પૂછવા ઠેકાણું ગણાતાં. એમની આમન્યા આખું ગામ પાળતું. ઘરમાં ય જકલમાં આજુબાજુ હોય ત્યારે બાયું છોકરાંને

ઢીબતી વખતે ગાળો ન બોલતી. સવજીઆતા પણ વહેવારમાં મૂંઝાય ત્યારે જકલમાની જ સલાહ લેતા. પણ આ તો વાત જ નોખી હતી.

મંજુનું સગપણ નાનપણથી મેડીના સરપંચ રતિભાઈ વિરાણીના છોકરા દિનેશ વેરે કરેલું. દિનેશ એના બાપાનો એકનો એક હતો. તેની મા એને નાનો મેલીને ગુજરી ગયેલી. આટલાં વરસ બરાબર ચાલ્યું અને લગ્નને હવે બે-ત્રણ મહિના બાકી હતા ત્યારે તેને કોઈએ ઠસાવેલું કે મંજુને સાથળ પર કોઢ છે. પંથકમાં પહેલાં એક-બે છોકરીઓને આવા ડાઘ પહેલી રાતે પકડાઈ ગયેલા ત્યારે એમના ધણીઓએ એમને કાઢી મૂકેલી. એટલે દિનેશ ભવિષ્યમાં ભવાડો ન થાય એમ અગાઉથી ચકાસણી કરી લેવા માગતો હતો. એણે કહેવરાવેલું કે, તમે કહેતા હો તો હું આવીને ખાતરી કરી જાઉં, નહીંતર મંજુલાને અહીંયાં મોકલો.

ઉનાળાની બપોરે હું લેસન કરીને સવજીઆતાને ઘેર જમવા જતો. એક અંધારિયા ભેજવાળા ઓરડામાં બપોરનું કામકાજ કરી, નાહીધોઈને એ માથું ઓળતી હોય કે દિનેશને 'લેટર' લખતી હોય ત્યાં હું જઈ ચડતો અને પૂછતો, 'મંજુ શું કરશ્યો ?'

મંજુ સહેજ સંકોચ પામીને કહેતી, 'જોને, દિનેશને લેટર લખું છું.'

'એમાં મારું નામ લખ્યું કે નૈં ?' આવતી જતી ટપાલોમાં મારું નામ હોય એવો મારો આગ્રહ રહેતો. મંજુ લટકો મારીને કહેતી, 'તારી ઘરવાળી તને લેટર લખશે એમાં તારું નામ લખશે.' પણ હું વહેવારુ મુશ્કેલી રજૂ કરતો કે મારે વહુ છે જ નહીં.

મંજુ કહેતી, 'તે તારે ય એક દી' વોવ ઘેર આવશે. ઉતાવળ હોય તો જા ઘેરે જઈને ગોળામાં પાણકો નાખ્ય.'

હું ઘેર આવીને બાપાને પૂછતો, 'બાપા, મારે વોવ ક્યારે આવશે ?'

બાપા રાજી થઈને કહેતા, 'તું કહેતો હો તો કાલ્ય લાવી દઈએ, બોલ્ય, એક ચોટલાવાળી લાવવી છે કે બે ચોટલાવાળી ?'

હું મુંઝાઈને મોટાંબાને પૂછતો કે એમાં શું ફેર પડે ? પછી મોટાંબા સમજાવતાં કે એક ચોટલાવાળી વોવ કામ ઘણું ય કરે, બે ચોટલાવાળી શણગાર સજવામાંથી ઊંચી આવે ત્યારે ઘરનું કામ કરે ને ! એટલે હું થોડી વાર ગંભીરતાથી વિચારીને કહેતો, આપડે તો એક ચોટલાવાળી જ વોવ જોઈ, કામ નો કરે એવી ઘરવાળી શું કામની ?

મંજુ બે ચોટલા લેતી અને ઘરનું કામકાજ ખાસ કરતી નહીં. મુંજુની બા તો ઘણું કહેતાં, 'નભ્ભાઈ, આયાં બાપાના ઘેર્યે કાંક્ય કામકાજ શીખ્ય, નૈતર તારા સાસરે તું તો ગાળ્યું ખાહ્ય પણ ભેગી અમને ય ખવરાવવાની !' પણ ભગતનાં પત્ની ચંચળમા કહેતાં, 'મંજુ તો આપડા ઘરની લક્ષ્મી છે, એના જલમ પછી જ આપડા ઘરનું દેવું સાવ ગ્યું, એની પાસે કાંય કામ કરાવાય ?'

આ વાતનો ઘરમાં કોઈ ખાસ વિરોધ ન કરતું. એનું એક કારણ એ ય હતું કે ચંચળમાં એની બીજી દેરાણી-જેઠાણી જેટલાં સંસ્કારી ન ગણાતાં. સવજીઆતા ઘણી વાર કહેતા, 'ઈ તો દાડિયાની દીકરી છે. એને બીજી શું ખબરેય હોય, દિવસમાં ચાર-પાંચ વાર પેટ બળી જાય એવી ફળફળતી ચા ઢીંચે અને આખો દી' જનાવરની જેમ કામ કર્યા કરે. આ તો અમારા બાપા અને એના દાદા નાનપણના ભેરુ એટલે અમારા બાપાએ એના ભાઈબંધનું વેણ પાછું નો ઠેલ્યું.'

એટલે ચંચળમા થોડાં અસંસ્કારી ખરાં પણ બોલવામાં કોઈની સાડીબાર ન રાખે. હા, જકલમાની મર્યાદા જાળવે. વળી ક્યારેક જૂના અસંસ્કાર જોર કરી જાય તો મોઢામાંથી ભૂંડી ગાળ પણ નીકળી જાય. પછી જકલમા સમજાવે, ચંચળવોવ, આ સારું નો કહેવાય હોં. એટલે માની વાત માથે ચડાવતાં હોય એમ ચંચળમા બબ્બે કટકા ગાળો બોલેલાં અને દિનેશનો અને એના બાપાનો નઠિયો દબાવી દેવાની ઈચ્છા વ્યક્ત કરેલી ને સંભળાવેલું, 'મંજુ મારી દીકરી છે, આવે તો ખરો કોઈ એનું પારખું કરવા. ડચું જ રંગી નાખું ને !'

આ બાબતમાં ઘરની બધી બાયું એક થઈ ગયેલી. જકલમા જેવી કોઠાડાહી સ્ત્રી પણ ધ્રૂજી ગયેલી.

બધી બાયુંએ કહ્યું કે ભલે આ સંબંધ તૂટી જાય પણ આપણે મંજુનાં પારખાં નથી કરાવવાં.

સવજીબાપા તરત જ મેડીએ જઈ આવેલા. એણે રતિભાઈને કહ્યું કે ભલા માણસ, આપણા આટલા વરહના સંબંધમાં હું તમને ફટકિયું મોતી પરખાવતો હોઈશ ? પણ રતિભાઈનો એક જ જવાબ હતો, 'દિનેશ આવડો અમથો હતો ત્યારથી એની બા પાછી થયેલી. એ અમારે રાજાની જેમ ઊછર્યો છે. એ કે'ય દિવસ તો અમારે દિવસ અને કે'ય કે રાત તો અમારે રાત.'

આ જવાબ લઈને આવ્યા પછી ઘરના બધા પુરુષો ભેગા મળ્યા અને વિચારવા બેઠા કે શું કરવું ? રામજીબાપાએ કહ્યું, આનો હવે એક જ ઈલાજ, દિનેશની વાત માનવાની.

સવજીઆતાએ કહ્યું, 'જાદુ, માને કહી આવ્ય કે કાલ સવારે મંજુને તૈયાર કરે. એને કાલ્ય અમરેલી ડૉ. ખોખરના દવાખાને મોકલવાની છે. કોઈ પૂછે તો કહેવાનું કે મંજુનાં મામી બિમાર છે અને ડૉ. ખોખરના દવાખાને દાખલ કર્યાં છે એટલે ખબર્ય પૂછવા જાય છે અને દિનેશને જે ખાતરી કરવી હોય – જાવ, આ આખી વાત પતાવી દો.'

જાદવમામા ગયા એથી બમણી ઝડપે પાછા આવ્યા, 'બાયું તો ક્યે છે કે આ સંબંધ તોડી નાખો.' આટલી નવાઈ તો સવજીબાપાને દિનેશની વાતથી પણ નહોતી લાગી.

'લ્યો બોલ્યાં, સંબંધ તોડી નાખો ! અને બીજ્યે સંબંધ જોડવા જાઈ તંઈ ઓલ્યા પેલો પ્રશ્ન ઈ જ પૂછવાના ને કે અગાઉનો સંબંધ કેમ તૂટી ગયો ?' વાઘજીઆતાના ચહેરા પર મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્રજીનું તેજ છવાઈ ગયું. એ બોલ્યા, 'જાદુ, જોડ્ય ગાડું અને તારી કાકીને મૂકી આવ્ય એના બાપાને ઘેર્યે.'

વાઘજીબાપાએ કહ્યું, 'ભાઈ, આપડે કાલ્યથી વે'વાર મૂકીને રાંધવા બેહી જાઈ.'

જાદવમામાએ કહ્યું, 'ભાણા, બાયુંની અક્કલનો એક જગ્યાએ એન્ડ આવી જાય છે. એનાથી વધારે વાત કરીએ તો આપણે જ મૂરખા કેવાઈ. મોટો થા તંઈ આટલું ધ્યાન રાખજે, શું ?'

સવજીઆતાએ કીધું, 'ઘાઘરા પલટણ કીધી એટલે થઈ ર્યું.'

પછી બધા ય ઊંડો શ્વાસ લઈને જોરથી હસ્યા. આટલો આનંદ તો ભવાયા જોવા જઈએ ને, ડગલો ગળામાં ઢોલ ભરાવીને સવજીઆતા જેવા આબરૂદાર માણસોને, પૈસા આપજ્યો માબાપ, અમે તમારા ભંગિયાને બદલે ચતુરાઈથી, પૈસા આપજ્યો માબાપ તમારા ભંગિયા એવી ગાળ દે ત્યારે ય નહોતો આવતો. એ તો હું બાજુમાં બેઠેલો એટલે નહીંતર કોઈ બહારથી આવીને જુએ તો એને એમ જ લાગે કે બધા ય ભેગા થઈને જકલમાનો ખરખરો કરે છે.

બીજે દિવસે મંજુને અમરેલી મોકલવાનું નક્કી થયું. જાદવમામા ગાડું લઈને જાય અને બધું પતી જાય એટલે સાંજે પાછા આવતા રહેવાનું. મેં કહ્યું કે અમરેલીમાં 'જેસલ-તોરલ' ચાલે છે એ મારે જોવું છે. એટલે મને ય સાથે લઈ જવાનું નક્કી કર્યું. સવારે મંજુ રડતી હતી અને એક ઓરડામાં પલાંઠી વાળીને બેસી ગયેલી તે ઊઠવાનું નામ જ નો'તી લેતી. એટલે રાવજીબાપા ગુસ્સે થયા : 'બા, હવે કેટલું મોડું ? જલદી પતાવોને આખી વાત.'

પછી જકલમાની આંખમાં આંસુ આવી ગયાં. એમણે મંજુને બાવડેથી પકડી ઉઠાડીને કહ્યું, 'જા હવે નભ્ભાઈ, ના પાડ્યે શું વળવાનું છે ?' મંજુનો ડૂસકો અને બળદના નિઃશ્વાસ સિવાય બધું શાંત હતું. ફક્ત ભગત જાણે ભગવાન મોભારે ચડીને બેઠા હોય એમ ઊંચે જોઈને બોલ્યા, 'બેન, મંજુ તો અણસમજુ છે એટલે રડે. બાકી સૌ સૌનાં કરમ સૌને ભોગવવાનાં છે, કાં ભગવાન ?' કહીને ભગત રાજી થ્યા. એટલે લાગ્યું કે ભગવાને 'હા' પાડી હોવી જોઈએ ! મંજુએ રડતાં રડતાં જાદવમામાને કહ્યું, 'ભાઈ, હજી

ગાડું પાછું વાળી લે ને.' એક વાર જાદવમામાને. મારી ભાભીના સમ ભાઈ. ગાડું પાછું વાળી લે ને.' એમ કહ્યું, એટલે જાદવમામાએ કંટાળીને કહ્યું, તારી ભાભી મરી જાય તો હું બીજી કરું. પણ આ ગાડું તો પાછું ના જ વળે. પછી આખે રસ્તે મંજુએ જાદવમામાને વતાવ્યા નહીં.

ડો. ખોખરના દવાખાને સહુ પહોંચ્યા ત્યારે ત્યાં દિનેશની મોટરસાયકલ પડી હતી. જાદવમામાએ મને કહ્યું, હું તમાકુ લેતો આવું ભાણા. તું આયાં જ રેજ્યે. ત્યાં જ એક રૂમમાંથી દિનેશ બહાર આવ્યો અને મંજુને એક ઓરડો બતાવીને કહ્યું, આંયાં આવી જા. મંજુએ મને બેય હાથથી સખત પકડી રાખ્યો. તું મારી સાથે જ રહેજે. દિનેશે કહ્યું, એનું કાંઈ કામ નથી. પછી મને કહ્યું, તું આંયાં જ રહેજે. એ મંજુને ઓરડામાં દોરી ગયો અને એકાદ મિનિટ પછી સીટી વગાડતો બહાર આવ્યો અને એનું બુલેટ સ્ટાર્ટ કરીને જતો રહ્યો. પાછળથી મંજુ બહાર આવી. મેં પૂછ્યું, શું થયું મંજુ ? એટલે એ બોલી કે આના કરતાં તો મરી જવું બે'તર. મેં આગળ પૂછ્યું, પણ એણે જવાબ ન આપ્યો, રડ્યા જ કરી.

થોડી વારમાં જાદવમામા આવ્યા. એમણે મને પૂછ્યું, શું થયું ભાણા ? મેં કહ્યું કે દિનેશ તો જતો રહ્યો અને મંજુ તો રોયા જ કરે છે.

'ઠીક, કાંઈ વાંધો નહીં, ચાલો જલદી, નહીંતર ફિલમનું મોડું થાહે.'

પાછા ફરતાં આખે રસ્તે મંજુ રડતી જ રહી. ઘેર પહોંચ્યાં ત્યારે બધાં પૂછવા મંડ્યાં, શું થયું ? શું થયું ? જાદવમામાએ કહ્યું, દિનેશકુમાર તો હું આવું ઈ પે'લાં જ નીકળી ગ્યા અને મંજુ તો જોવો ની રોયા જ કરે છે.

બીજા દિવસે સવારમાં દસ વાગે જાદવમામા શ્રીફળ અને પેંડાનું પડીકું લઈ બજારેથી ઘેર આવ્યા ને સમાચાર આપ્યા કે રતિભાયે લગન મોકલવાનું કેવરાવ્યું છે. પછી નાળિયેર લઈને મંજુ રસોડામાં નીચું ઘાલીને બેઠેલી ત્યાં ગયા ને કહ્યું, લાવો આ નાળિયેર મંજુના માથામાં ફોડીએ. આમ તો બધી ય બાયુંના માથામાં ફોડવું જોઈ, માળાં ભેગાં થઈને રીડિયારમણ કરતાં હતાં.

પછી તો વાઘજીબાપા અને રામજીઆતા બધા ય રસોડામાં બાયુંને ઠપકો આપી ગયા. કાંઈ અક્કલ જ નૈં. જોવો તમારા પગલે હાલ્યા હોત તો ફજેતો જ થાત ને આખા સમાજમાં ? છેલ્લે સવજીઆતા આવીને ઠપકો આપી ગયા, કાંક્ય પ્રશ્ન ઊભો થાય એટલે અક્કલથી કામ લેવાય, કાંય પાની સામું જોઈને ગાળ્યું બોલવા નો મંડાય, સમજ્યાં કે નૈં ? પણ તમારી આગળ ડા'પણની વાતું કરીએ તો ય શું અને નો કરીએ તો ય શું ? સાવ પથ્થર ઉપર પાણી જ છે, માળાં હાળાં બૈરાં.

જકલમાં ખૂણામાં બેસીને ચૂપચાપ માળા ફેરવતાં હતાં. એ કંઈ ન બોલ્યાં પણ સવજીઆતાએ પીઠ ફેરવીને ઑફિસમાં જવા જેવા પગ ઉપાડ્યા, હજી અરધે જ માંડ પૂગ્યા હશે ત્યાં ચંચળમા રોટલા ઘડતાં હતાં તે ચૂલામાંથી એક ઈંધણું લઈને ઊભાં થઈ ગયાં અને રાડ્ય નાખી, તમારી માઉંના ધણી, હવે આવ્યા છો ડાયા થાવા, તમારા બેય કૂલે ડામ દેવા દેવા જોઈ, મારી રતન જેવી દીકરી – કહીને ચંચળમાએ જોરથી ઈંધણું ગાર્ય કર્યા વગરની કાળી પોપડીવાળી દીવાલ પર પછાડ્યું. ચારે બાજુ તેના કોલસા ઊડ્યા, પછી નીચે બેસીને ચંચળમા છૂટા સાદે રોઈ પડ્યાં. એક ધ્રૂસકું પૂરું કરીને બીજા ધ્રૂસકા માટે એમણે શ્વાસ અંદર લીધો ત્યારે તાવડીનો રોટલો બળીને કોલસો થઈ ગયો હતો !

*(સદ્દભાવ : ગુજરાતી વિભાગ, મુંબઈ યુનિવર્સિટી પ્રકાશિત અને જયંત પારેખ ને શિરીષ પંચાલ સંપાદિત 'ગુજરાતી વાર્તાસંચય : ૨')*

•••••••

# કરિયાવર

**○ બિપિન પટેલ**

ઝરમર વરસાદ વરસે છે. નર્મદા ઊંચા જીવે બેઠી છે. ભલે આખું આભ ઉલેચાય. હમણાં દડ દડ દડીને કોરુંધાકોર થઈ જશે. જાણે વરસાદ પડ્યો જ ક્યાં છે ?

હમણાં દીકરા પ્રદીપની જાન આવશે. સાંજે છ વાગ્યે તો આવી જવાનાં હતાં. સહેજ ચિંતાથી રૂમની બહાર આવી. વરંડામાં બે પળ ઊભી રહી. પીલર પકડીને સહેજ ઊંચા થઈ ચાર રસ્તા સુધી નજર કરી. એકાદ બે સ્કુટર સિવાય કંઈ ન દેખાયું. વેવઈનો ગામમાં વટ પડે એટલે એસ.ટી.ને બદલે લક્ઝરીમાં જાન મોકલી છે. વરરાજો પણ સતીશભાઈની ટાટા સિયેરામાં વટબંધ ગયો છે. નર્મદા થાકીને બેસવા જતી હતી ત્યાં વરસાદનાં ફોરાં ઝીલવાનું મન થયું. ગાલ પર બે ચાર ફોરાં ઝીલ્યાં ને ખુશ થઈ ગઈ. પણ ઘડીકમાં એનો આનંદ ઓસરી ગયો. પાછલી વીતેલી વાત યાદ આવી ગઈ.

વેવઈનું ઘર મોટું એટલે એ નચાવે તેમ નાચવું પડે. બાકી ચોમાસામાં કોણ પ્રસંગ ઉકેલે ? પણ ચમનભાઈ કહે, 'ઓમ નેની નેની વાતમ મમત મેલી દ્યો ભાભી. બાકી આટલો મોટો મોણહ આપડા હુધી ચ્યોંથી. એક તો છોકરાનો બાપ નઈ. ઘર ગહઈ જેલું. અન પરદીપેય ઓમ આથડ્યા કર છ તે લાઈને વળગાળશે. લાગ આવશ્યે તો ધંધામ ભાગ કરશ્યે. અન વખત છ ન ઘર જમઈ કર તો ય શ્યું ખોટું. અન ગવારો ય ગોંહડી ભરીન આલશ્યે.' એટલે સગાઈથી માંડી લગ્ન સુધી નર્મદાએ બધી વાતે હાજી હા જ કરી છે.

નર્મદાના બાપા કહેવાય ભગત પણ મિલકત ખાસ્સી ભેગી કરી હતી. સવારે ઊઠીને આંગળીઓના વેઢા ગણતાં બબડતા હોય, નથા મગનના છંહ થ્યા. રમતુડાના હજાર. મારો દિયોર ટેબા કરે જોંય છ. નેનડ આલી દે તો હાર, નકર બોંધી ન મારવો પડશ્યે. ગામમાં સહુ કહેતાં, આતુ ભગતે છોડીઓ ભોર ભરીને ભેગી કર છ પણ મારું હારૂ પરસંગ ધૂમાડાબંધ કર્યા સ. મોટી દીકરીઓને પરણાવતી વખતે હારૂ છ, બેહી જઈએ તાણ, ઘર લગાર ઘહઈ જ્યુ છ પણ છોકરુ ભણેલું છ તે રાગે આઈ જશ્યે, રૂપ જોઈન શ્યુ કરવાનું મોંયલા ગુણ જોવા પડ. તન શી ખબર પડ બોતડી. તુ તાર ડોબોં દોઈ ખા, એમ મેનાને કહી એક પછી એક દીકરીઓ પરણાવી દીધી. મેનાને હંમેશાં થતું ઉંઘભોડિયા મુવા. છોડીઓન કુવામ હડશેલી મેલી, એટલે નર્મદાની વાતો આવવા માંડી ત્યારે મેનાએ ચોખ્ખું સંભળાવી દીધેલું, 'આ તો મારો હૈયાનો હાર છ, ઈન તો હું કહું તોં જ. મન પૂછ્યા વના ગોળ ખઈ આયા છો તો મારા જેવી ભૂંડી કોઈ નહીં.' એટલે મોંકણજ ગામના પરેશની વાત આવી ત્યારે મેનાએ કહેલું, 'ઈમ શ્યુ ભાળી જ્યા છો. હારો પવન આવ તો ઊડી જાય એવું ફોરું છોકરું છ. ઈ કણ તો નઈ જ.' તો સુદીપ ઈન્ડસ્ટ્રીઝવાળા હરગોવનભાઈએ વાત મૂકી ત્યારે, 'પૈશ્યો ભાળી ન મોઈ જ્યા છો. વેપારી લાઈન, વેપારી લાઈન કરી ન મારી ફૂલેકા જેવી છોડી ન એ પાડાખાડા મ નહીં આલવી.' મેનાના આ સતત નન્નાને કારણે એક વર્ષ તો વાત આવવી બંધ થઈ ગઈ. બધે ચર્ચાવા માંડ્યું કે, 'ઘરમ બઈનું ચલણ છ. ભગતનું હવ નહીં હેંડતું'. છેવટે આતુ ભગત કંટાળ્યા અને આજુબાજુનાં ગામ, મહેસાણા અને અમદાવાદ મૂકીને જબલપુર બીડીની પેઢીમાં નામું લખતા કમલેશને શોધી કાઢ્યો.

સાંજે ઘેર આવીને જાણ કરી. 'તમારા આશરે બેહી રઉ તો છોડી મોટો ઓટો થશે તોય મેળ નઈ પડે. 'ખદલપુર રૂપિયો આલી આયો છુ. છોકરો જોવો હોય તો આ ફોટામ જોઈ લ્યો' કહીને ખિસ્સામાંથી ફોટો કાઢ્યો. મેનાએ ફોટો હાથમાં લઈ, 'ફોટામ તો બધું હારું દેખાય. મૂઢામૂઢ જોઈએ તાણ જ કહેવાય.' ચૂપ બેશ્ય મૂઢામૂઢાવાળી. હમ કોય ના થાય. હઉં હારુ થશ્યે. બટા નબ્દી, મીં જોઈ વિચારી ન જ કર્યું છ. લગારેય વોંધો નઈ આવ. ચંત્યા ના કરતી' કહી ચલમ પેટાવી.

જાન આવી. મેના અને મોટું ટોળું સામૈયું કરવા ચાલ્યું. ગાણાં-ગાળોની રમઝટ સામસામી ચાલી. વરરાજા પોંખાયા ના પોંખાયા ત્યાં તો નર્મદાની બહેનપણીઓ આવીને ગુસપુસ કરવા માંડી. 'જબ્બર પહેલવોન છે. મૂશ્યો રાજકપુર જેવી છ. હોઠ અસ્સલ જાડા છ. મૂઓ બચીઓ કરશ્યે તાણ નબ્દી ન ટેસડો પડી જશ્યે. લગાર કાળો છ પણ રંગીત ઝબ્ભા મ હારો શોભ છ'. નર્મદાનાં ફોઈએ બહાર જોયું ને એમનો ચહેરો કાળો મેશ થઈ ગયો. આંસુ દડ-દડ પડવા લાગ્યાં. ડૂસકું આવી ગયું. 'મૂવો નરધનિયો આતિયો. શી ખબર ચ્યોંથી હોધી લાયો. આખો મલક મેલીન છોડીન પરદેશમ નોખી. હાહલા જેવી છોડી ન મૂવા ઝરખ જેવા હંગાથે.'

મોટીબાએ કહ્યું, 'બશ હમ બુન. થવાનું હતું એ થઈ જ્યું. ભગવોન હઉં હારો વોનોં કરશ્યે.' મેનાએ પણ સમાધાન કરતી હોય તેમ 'એ જોણી લેવું ક દખ ન દખ નઈ હેંડ્યું આવ. હખેય મળવાનું જ સ. જો તારું કરમ કાઠું નઈ હોય તો.'

બધાંના ચણભણાટ વચ્ચે નર્મદાનાં લગન થઈ ગયાં. આણું કરીને પિયર આવેલી નર્મદાને અઠવાડિયામાં જમાઈ તેડવા આવ્યા. નર્મદાને જબલપુર કેવી રીતે ફાવશે એની વાતો થવા માંડી. ફોઈએ તરત કહ્યું, 'નબ્દી ન તો એક ફૂલ ઉતરશ્યે અને બીજું ચડશ્યે. હમ તો જમઈ મેનેજર થઈ જ્યા છ. મોટો દૈત બંગલો છ. રૂપાળી મોટર છ. અને પાછો ચાકર. બુન તો હેંચકા પર હેંકશ્યે. એ ય ન મજો મજો. જમઈએ મારા ભઈ હાવ નોખી દીધા જેવા નહીં' એમ છેલ્લે ધીમેથી મોટીબાના કાનમાં કહ્યું. ફોઈએ સ્વીકાર્યું એટલે બધાંનું સમાધાન થયું. જબલપુર પહોંચતાં જ લીલાલહેર. કમલેશ આગળપાછળ ફર્યા કરે. નર્મદાની જોડે એકેએક વાતમાં હાજી હા.

હુતો હુતી એકલાં હતાં તો ય ઘરઘાટી અને રસોઈઓ રાખ્યો હતો. ઘરની નીચે જ પેઢી એટલે પેઢીનો નોકર પણ હાજર. સવારે ગરમાગરમ નાસ્તો ઉપર આવી જાય. ઘડીઘડી કમલેશ પણ આંટા મારી જાય. નવરાં બેઠાં આખો દિવસ ઊંઘવાનું અને રેડિયો સાંભળવાનો. મુસલમાનનો મહોલ્લો એટલી બધાં બારી-બારણા પર પર્દા લગાડેલા. ઠકરાણાંની જેમ નર્મદાએ એકલાં બહાર નહીં નીકળવાનું પિયરીયાંને યાદ કરી કરીને ખાલી વેળા વીતાવતી. કમલેશ દર રવિવારે મિત્રોને ભેગા કરી પાર્ટીઓ કરતો. નર્મદાને થતું મૂઆ ઘરખોયા છે. પાણીની જેમ પૈસા વાપરે છે. બે પૈસા બચાયા હોય તો ઓપ્ટી વખતે કોમ લાગે. કંપનીની જીપમાં અઠવાડિયે બે વાર ફિલ્મ તો ખરી જ.

ત્રણ-ચાર મહિના પછી એક સવારે કમલેશે નર્મદાને કહ્યું, 'આજે તારા બાપને કાગળ લખી દઈએ. સમાચાર તો આપવા જોઈએ ને ? શું લખવું છે તારી બાને ? પહેલી ડીલીવરી પિયરમાં જ થાય તે વાત સાચી પરંતુ મને એકલાને ન ફાવે. અને શહેર જેવી સગવડ ત્યાં ગામડે ના મળે. વળી, તારા અને નાન્કા માટે માલીશવાળી બાઈ રાખી લીધી છે એ ય જણાવી દઈએ.'

મૂવાને લાજ શરમેય નહીં. ખાલી સમાચાર આલી ધ્યો એક પત્યું. અન જિયાડા વખતે ત્યોં રહે એય લખો. પ્રદીપના જન્મ પછી નર્મદાના બાપાએ વધામણીની મીઠાઈ, પ્રદીપ માટે કંદોરો અને નર્મદા માટે સાડીઓ મોકલી. જિયાડુ બને એટલું જલદી કરવું છે એવા સમાચાર પણ મોકલાવ્યા.

પ્રદીપ હજુ ભાંખોડિયા ભરતો હતો ને કમલેશે રમકડાંનો ઢગલો કરી દીધો. એના પહેલા જન્મદિવસે તો આડો આંક વાળી દીધો. આખા મહોલ્લાને આમંત્રણ આપ્યું. આખું મકાન શણગાર્યું. ડિશ ભરાઈ જાય એટલી આઈટમો રાખી. નર્મદાને આ બધું ગમ્યું પણ પ્રદીપને ભેટમાં વસ્તુઓ જોતાં વિચાર આવ્યો, 'એક કલ્લો ભરાય એટલી જ ભેટ્યો આઈ. ઓમનો ઘડો તૂટી જ્યો છ તે આખું ગોમ નુતર્યું છ. તાણ એ તો હઉ ખઈ ન રાજી થનારું. વહેવારમ હાવ બુઠ્ઠો સ. અન ઓમનય કશી ગતાગમ નહીં. ઓમ બેફમ વાપરીએ તો રાજાનો ખજાનોય ખૂટી જોંય. પાછુ કહેવાય તો નઈ. જબરા ટીસીવાળા. તરત હંભળાવ, તારા બાપાના ત્યોંથી લાઈ છ?

નર્મદાને પણ હવે ખ્યાલ આવતો ગયો કે સાવ સળંગ કોઠાનો માણસ છે. સહેજ સહેજમાં ગુસ્સે થઈ જાય. બોલવા બેસે તો માપ નઈ. માબાપ વિશે ગમે તેમ બોલે એના કરતાં ... અને મને ખસેય નથી કહેતા. ત્યારે આપણેય ક્યાં ચાંદ લેવો છે, એમ મન મનાવતી.

પેઢીની કોઈ વાત કમલેશ નર્મદાને કરે નહીં. પણ પેઢીના બીજા માણસો પાસેથી ખબર પડી કે કમલેશને જમા-ઉધારની એન્ટ્રી સિવાય વેંત ભોંય પણ સૂઝતી નથી. એટલે જ ડગલે ને પગલે ઘેલાં કાઢે છે. પેઢીના શેઠ પણ કાયમ કહે છે, આને એક ઈન્દ્રિનું જ્ઞાન છે. શેઠ કુટંબમાં દૂરના સગા થાય એટલે કમલેશને નભાવતા. પણ હવે યુનિવર્સિટીના બી.કોમ. ભણેલા છોકરાઓ મળવા માંડ્યા એટલે જૂના સ્ટાફને છૂટો કરવા માંડ્યો. ચાલ્યું ત્યાં સુધી કમલેશને ચલાવ્યો. પણ નવી નામાપદ્ધતિ આવડે નહીં એટલે બીજું તો શું કામ સોંપે ? દલાલો સાથે પાંદડાંના સોદા આવડે નહીં. ત્યારે કંઈ કુટુંબના છોકરાને વાસીદાં થોડાં વળાવાય ? છેવટે સારી એવી રકમ આપીને કમલેશને અમદાવાદ મોકલ્યો. શેઠને એમ કે ક્યાંક નાનું મોટું કામ મળશે અને બેઠી વ્યાજની આવક જેટલા પૈસા તો એમણે આપ્યા હતા.

અમદાવાદ આવીને ક્યાં રહેવું એ પ્રશ્ન હતો. નર્મદાના બાપા હોંશે હોંશે રાખે. પણ નર્મદાને ખાતરી હતી કે આ ઠોકુજી એટલે નહીં માને. છેવટે એના દૂરના ફઈબાને મળ્યો. પૈસા હતા એટલે ફઈબાને ય વ્હાલાં લાગ્યાં. ઘણા સમયથી ખાલી પડેલું એમનું જૂનું મકાન ભાડે આપ્યું. રહેતાં રહેતાં નાનો એવો ફ્લેટ ખરીદીશું એવી હૈયાધારણા આપી. અર્ધા પૈસા શહેરની એક પેઢીમાં મુકાવ્યા. બાકીના શેરમાં રોકવા એમની પાસે રાખ્યા.

અહીં આવીને કમલેશનો સ્વભાવ બદલાઈ ગયો. જબલપુર જે પાણીની જેમ પૈસા વાપરતો એ હવે પાઈ પાઈનો હિસાબ માગવા માંડ્યો. નોકરીનો ક્યાં ય મેળ ન પડ્યો. નવરો બેઠો શાકભાજી, દૂધ અને બીજા પરચૂરણ ખર્ચાઓનાં જમા-ઉધાર માંડ્યા કરતો. સવારે ઊઠીને હુકમો છોડતો. 'દૂધ સો ગ્રામથી વધારે નથી વાપરવાનું. સવારની ચાના કૂચા ગરણામાં રાખી મૂક. બપોરે એ જ કૂચા વાપરવાના. રોજ રોજ દાળભાત ના કરો તો ના ચાલે ? શાક અઠવાડિયામાં બે વાર કરો તો ઘણું. અમે તો રોટલા અને છાસથી દાડા કાઢ્યા છે. એ તો બધા દાડા સરખા ના હોય.' આવી સૂચનાઓ સાંભળતાં નર્મદાને લગ્નનો દિવસ યાદ આવી જતો. છેલ્લે તો બાપા અમદાવાદ આવ્યા ત્યારે તો કહેતા, 'બુન મન અસ્ત્રી હત્યાનું પાપ લાગશ્યે. આ તો બાપ કહેવાય ક કહઈ. આ ગોંડાન મુ ના ઓળશી હક્યો અન તન હડસેલું મેલ્યું. ચીયા ભવ છુટ્યે, એમ કહેતા ધુસકે ધુસકે રડી પડ્યા.

જબલપુરથી આવેલા પૈસા વધારે વ્યાજના લોભમાં જે પેઢીમાં મૂક્યા હતા તે કાચી પડી. વ્યાજના હપ્તા આવતા બંધ થયા. મૂડી માગી તો એ ય 'હમણાં નહીં મળે. રહેતાં રહેતાં આપીશું. બાકી થાય તે કરી લ્યો' એવો જવાબ મળ્યો. કશું લખાણ નહીં કરેલું એટલે કોર્ટમાં તો જવાય નહીં અને આ તો પાછા બે નંબરના પૈસા. શેરમાં રોકેલા પૈસા પણ મંદી આવતાં ફસાઈ ગયા.

બધેથી આવક બંધ થતાં નર્મદાએ ફઈબાનું ઘરકામ અને સિલાઈકામ શરૂ કર્યું. કમલેશને ગ્રાહકો આવે એ ય ન ખમાય. ભાવની કચકચ તો ઠીક પણ ગ્રાહકોને સંભળાવે : 'બપોરે કેમ આવ્યા, સવારના પહરોમાં કેમ આવ્યા. એક સામટાં કપડાં લઈને આવો છો તે અમારે ય જીવ હોય કે નહીં.'

એક દિવસ વહેલી સવારમાં એક બહેન કપડાં લેવા આવ્યાં. ઘર બંધ જોઈને સીધાં ફઈબાના ઘેર પહોંચ્યાં. નર્મદા પોતું કરતી હતી, કમલેશ છાપું વાંચતો હતો. આવતાંની સાથે બહેન શરૂ થઈ ગયાં, 'કેમ બહેન, કેટલા વાયદા કરશો ? આ ચોથો ધક્કો થયો. ના સીવવાનાં હોય તો ના પાડી દો. અમને એમ કે કોઈને રોજી મળે.' નર્મદા જવાબ આપે એ પહેલાં કમલેશ તાડૂક્યો, 'કેમ તમને જિંદગી લખી આપી છે ? અમારાં તારણહાર છો ? જાવ નથી સીવવાનાં' કહેતાં લાલચોળ ચહેરો, નાકનાં ફૂલેલાં ફોયણાં, કપાળે પરસેવો, આખું શરીર માતાજી આવ્યા હોય એમ ધ્રૂજે. નર્મદા હાથમાં પોતા સાથે જ ઊભી થઈ. 'તમને હાથ જોડું' - કરતાં રડી પડી. 'બહેન સાંજે ચોક્કસ.' આપણું માણસ છે શું કરીએ ? કહીને ઝડપથી પોતું ફેરવવા લાગી, કમલેશ ઊભો થઈને ઘેર ગયો. ભૂખ સખત લાગી હતી. નર્મદાની રાહ જોતા થાંભલાને અઢેલીને બેઠો. થોડી વારમાં ઊંઘ આવી ગઈ. ફઈબાને ત્યાંથી બે ત્રણ તપેલીઓ લઈને ઘરમાં પ્રવેશતાં જ નર્મદાની નજર પડી. તપેલી નીચે મૂકીને ઓટલા પર બેઠી. ક્યાં ય સુધી કમલેશને તાકીને જોઈ રહી. તપેલીનો સહેજ ખખડાટ થતાં કમલેશ સફાળો જાગી ગયો. 'આવી ગઈ ?' કહેતાં મોં પર હાથ ફેરવતાં ઊભો થયો. અકરાંતિયાની જેમ જમતા એને નર્મદા પીરસતી ગઈ. દાળની તપેલીમાં ચમચો ખખડતાં, રહેવા દે હવે આટલા તારા માટે ... કહીને હાથ

ધોયા. થોડીવારમાં જ કમલેશનાં નસકોરાં અને નર્મદાના સંચાનો અવાજ બપોરની શાંતિમાં એકધારાં સંભળાતા હતા.

કશે જ ન ફાવતાં કમલેશને છેવટે ઘેર ઘેર જઈ ઇલેક્ટ્રિકનાં બીલ ઉઘરાવી ઑફિસે પહોંચાડવાનું કામ મળ્યું. આખું વર્ષ રોટલા તોડવાના અને પગપાળા ફરવાનું. શરીર ઘસાતું ગયું. આખી રાત ઠૂં ઠૂં જાય જ નહીં. ડૉક્ટરે ટી.બી. કહ્યો. નર્મદા મનમાં 'મૂવો ટીબલો' કહે પણ સેવા ખડે પગે કરી. કમલેશ બહુ ના જીવ્યો.

પ્રદીપેય બાપનું રૂવાડે રૂવાડું ચોર્યું 'તું. ભણતરમાં ઠારકો ના ઠાર્યો. ભણ્યો નહીં ને નોકરી મોટી ગવર્નરની જોઈએ. નર્મદા કહેતી, 'મૂવો હમૂહ્દો ઇના બાપ જેવો તરછટ છ. મિકેનિક મગસ ખરૂ. ઇન સાયકલ હોચ કરત આવડત. ટી.વી. ફ્રીજ હોચ કર અને કુલર પણ અસ્સલ બનાવ. પણ હાડકાં આખાં. ડાંડો નમ જ નઈન. બશ કપડાં ન ઇના મસાલા જેટલા પૈશ્યા મળ એટલ ઘણું. બાચી આખો દહાડો ઘોરવાનું. અન હોંજે પટીયાં પાડી, બુટ પહેરીન નીકળવાનું તે મોડા આબ્બાનું. પાછા શ્યું રળી ન આયા હોય તે બાયણું ઉઘેડતાં વાર લાગ લો બુતાર. 'સાંભળતી નથી અંઈ ક્યારના ઊભા છીએ તે ?' ઘરનું એક કામ ન કરે. બસ આખો દિવસ ઑર્ડર આપ્યા કરવાના.

હવે નર્મદાની કેડો કામ કરતી નથી. ટટ્ટાર ઊભી પણ ના રહી શકે. પિયર જાય ત્યારે બાપા દૂરથી એને આવતી જોઈ, 'લ્યો આ ભાજેલી આઈ.' ચંચળબા તરત જવાબ આપતાં, 'આપડેય તાણ કરિયાવરમ ઇન દઃખ વના શ્યું આલ્યું'તું ? ઇનું ઘર તો નહીં ચલાઈ આલતા ન ! આખા ગોંડા ન જિંદગી નભાયો. હમ ઇના છોકરા ન.' નર્મદા પહોંચતાં સંવાદ અટકે, 'આઈ બુન, હારૂ છ ન' એમ બંને એક સાથે બોલે.

નર્મદાના મનમાં ઘમસાણ મચ્યું. મગજની નસ ફાટી જશે એમ લાગ્યું. આંખો દુઃખી આવી. કેડમાં મોટો સણકો આવ્યો. બેઠી થવા જાય અને પડી જવાય. 'લાડો મારો આવ્યો, લાડીને લઈને આવ્યો'નું ગીત સંભળાયું. નર્મદા બોલી : જોન આઈ મારો વરરાજો આયો. લક્ઝરીમાં સોમોન માતોય નઈ હોય. એટલ તો રૂમ ચોખ્ખો કરી રાશ્યો સ.' કેડોના કટકા થઈ જતા હતા તો ય એ ઊભી થઈ. 'અલ્યા હેંડો મારો દીચરો આયો.' ઉઘાડા પગે દોડી. આંસુ ઉમટી આવ્યાં. પગથિયાં ઊતરીને જેવી જવા ગઈ કે પગ પાછો પડ્યો. અંદર જતી રહી. બાજુવાળાં ભાવનાબહેનને કહ્યું, 'વહુન પહેલી મન પગે લાગવા મોકલજો.'

સવારે વહેલી ઊઠીને તૈયાર થઈ ગઈ. સોસાયટીમાં બધે કહેવડાવી દીધું : 'સવારે અગિયાર વાગે બચકો છોડવાનો છે, ખાસ આવજો.' રસોડાના બારણા આગળ અંદરના ભાગમાં ગોઠવાઈ ગઈ. 'અપશકન ના થાય' એમ બોલી સહેજ વધારે અંદર ખસી. બધાં આવી ગયાં. પહેલાં ગુસપુસ, પછી કલબલાટ અને છેલ્લે ઘાંટાઘાંટ.

'પચા તોલા સોનું. બાપ જન્મારામ હોંભળ્યું નથી. એકવી જોડ, એકત્રી જોડ હમજ્યાં પણ આ તો એકાવન જોડ. પચા ને એક. મારું બટુ વેવઈએ માપ નહીં રાખ્યું. પાછું પચ્ચી ભારે હાડીઓ. ઈમય હલકી ભારે નઈ. બધી દહ હજાર ઉપર. અન ઉપરિયોમ શેટ. મોતીનો શેટ, જડતરનો શેટ. હીરાનો શેટેય છ. અલી હોભળ્યું છ હીરો તો પચ ઇન પચ. નબ્દીન બધુંય પચશ્યે. બારોતિયાની બરેલી હમ હખ આશી. હખ આવ તો આવ. બાકી બઈન તો હું ભલી મારો હંચો ભલો. પુરતનાં વાસણો સ્પેશ્યલ બોમ્બે ઑર્ડર આપીને મંગાવ્યાં છે. સાસુનો, ફઈનો, નણંદનો બધાંયના સાલ્લા ભારેમાંના છે. પણ નર્મદાબહેનને આવો ચળકાટવાળો ન શોભે. માથે રે નહીં. સાંભળ્યું છે મોટા ઘરની છે પણ વિવેકી છે. એ તો બરાબર પણ પ્રદીપ ઘરજમાઈ થશે તો નર્મદા તો એકલી ને એકલી. શીખનો કોથળો ય મારી બઈ રેશમી કાપડમાં બાંધ્યો છે, તો અંદર તો શુંનું શુંયે હશે.' અંદર બેઠેલી નર્મદા આ બધું સાંભળી ઘડીક મલકે, ઘડીક ભવા ખેંચાય. લાંબી થઈ કોણ બોલ્યું તે જોવા મથે અને કેડમાં સણકો આવતાં પાછી બેસી જાય. એક પછી એક બધાં વિખેરાયાં. નર્મદા ડ્રોઈંગ રૂમમાં આવી. સંગીતા બેટા, વહુ બેટા લગાર પોણી આલજો ન ! નર્મદાનાં નણંદ બોલ્યાં, 'ભાભી પહેલે દહાડે જ ?' ... 'ચ્યમ ઇના ધણીની ઘણી સેવા કરી છ.'

બધાં સૂતાં, નર્મદાને ઊંઘ આવતી ન હતી. કોઈ જાગતું નથીની ખાતરી કરીને કરિયાવરવાળા રૂમમાં આવી. સાડીનો બચકો છોડ્યો. લાલ પાનેતર વીંટાળી જોયું. ધોળા વાળના ઠોયા અને ધોળો દૂધ જેવો કરચલીવાળો ચહેરો ચમકી ઊઠ્યો. એક પછી એક સાડી ઉથલાવવા માંડી. વાસણો ફેરવી ફેરવીને જોયાં. એક ચમચી ય વેવઈએ બાકી નથી રાખી. બળ્યું સોનામોંય હદ વાળી છ. મારા દીકરા ન રજેય નઈ લાબ્બી પડ. મારા વાલાએ હમ મારું હોંભળ્યું. ચેવું દીવા જવું થઈ જ્યું. બધી વસ્તુઓ લે, જુએ અને મૂકે. થાકી ગઈ ત્યાં સુધી આમતેમ ઉથલાવ્યા કર્યું. ઉત્સાહમાં ને ઉત્સાહમાં ભાન ના રહ્યું. કેડમાં સણકો ઊઠી આવ્યો. માંડ માંડ ઊભી થઈને સિલાઈ મશીનની ખુરશીમાં બેસી ગઈ. ક્યારે ઊંઘ આવી એની ખબર ના રહી. સવારે ઊઠીને પ્રદીપે એને રૂમમાં ના જોઈ એટલે હાંફળો ફાંફળો આગળના રૂમમાં આવ્યો. સંચા પર નાખેલું નર્મદાનું માથું સહેજ ઊંચું થયું, પગ ધીમેથી પેડલ પર મૂક્યા, હાથ મશીન પર આવ્યો, સંચાની સામે સોય ઊંચી-નીચી થવા લાગી. નર્મદાએ પ્રદીપ સામે જોયું ને ઝડપભેર સંચો ચલાવવા માંડી. 'આજ તો ભલે કેડ્યોના કટકા થઈ જતા. બેટા, બટા, બટા, મારા પ્રદીપ' કરતાં એના પગ અટક્યા અને પરસેવે રેબઝેબ થઈ ગઈ.

*(સદ્ભાવ : રઘુવીર ચૌધરી અને રમેશ ર. દવે સંપાદિત તેમ જ ગૂર્જર પ્રકાશિત, 'ગ્રામચેતનાની નવલિકાઓ')*

••••••••

# ખાડ

○ જિતેન્દ્ર પટેલ

એ જ્યારે પણ, અઠવાડિયે પંદર દા'ડે નવરો થાતો ત્યારે પાવડો ને તગારું લઈને ખેતરના દખણાદા ખૂણા કોર નીકળી પડતો. માથું ફાડી નાખે એવી ગંધ મારતી એ ખાડ પાસે પહોંચતાં જ એને ઉબકા આવવા માંડતા. ઘડીક તો થાતું મરને ગંધાતું પણ પૂર્યા વગર ક્યાં છૂટકો છે ? એવું લાગતાં એ ધડાધડ ધૂળનાં તગારાં મઈ ઠાલવવા માંડતો. ખળાવાડે રાજની વહેંચણી થઈ ગયા પછી ભાગમાં આવેલા દાણાને ખેડૂત પોતાના ગાડામાં ભરવા માંડે એ ઝડપે.

કયા અકરમીને કમત્ય સૂઝી હશે તે આવી ઉપજાઉ જમીનમાં અગોચર કર્યું હશે ? એ ઘણી વાર અકળાઈ જાતો. એક બે વાર તો એણે ઘરડી માને પણ પૂછેલું. મા કહે : 'એ કામ તારા બાપાના બાપનું. એમનો અભરખો તો હતો કૂવો ખોદવાનો પણ ખારાં પાણીનાં એંધાણ દેખાતાં માંડી વાળેલું. થ્યું. ખોદ્યો પણ મૂવાને, કાંઠે ગાર પડ્યો'તો તોયે પૂરવાનું મૂરત નોં આવ્યું.'

થોડક દી'થી એનું મન ઠેકાણે નથી રહેતું. ઘડીક થાય આ કામ કરું ને ઘડીક થાય ઓલ્યું. કયાં ય મન ન ચોંટે એટલે બાપદાદાને ભાંડતો. એમણે વારસામાં આપેલી ખાડને પૂરવા મંડી પડતો.

કોણ જાણે એના ઉપર કેટલાં ચોમાસાં વયાં ગયાં હશે ? ફરતે તો કંબોઈ ને કંકોડાની વાડે વીંટો લઈ લીધો હતો. અંદરેય બાવળનાં ઝરડાં સિવાય બીજું શું દેખાતું હતું ? તળિયું તો એનું ક્યાં સુધી છે એ આજ દી' લગી નથી કળી શકાયું. બે વરસ પહેલાં ખડની લાલચે કાંઠા સુધી પહોંચી ગયેલી ગાય અંદર પડી ગઈ હતી તે ચાર જણાએ માંડ બહાર બારી કાઢેલી.

'આજ તો ઢોર પડયું છે કાલ કો'ક છોકરું ... ' ઘરડા બાપા મૂવા ત્યાં સુધી બાપને ખાઈ પૂરી દેવાનું કહેતા રહ્યા હતા પણ બાપે કાને ધર્યું જ નહીં. જન્મારો આખો બાધવામાં જ કાઢ્યો.

બબ્બે વરસથી એ આવી રીતે મઉં થાતો હતો. તોયે હજી અડધુંય પૂરું કરી શક્યો નહોતો. એ ઘણીવાર હરેરાઈ જાતો : પંડે એકલો આટલું કયા ભવે પૂરી શકશે ?

તગારાનો ઘા કરતો એ હેઠો બેસી ગયો. હાંફ ચડ્યો હતો. ગઈ કાલની પેટમાં લાય ઊઠી છે. રઘલું સાલું કયા શકનનું કવેણ કાઢી ગયું તે ક્યાં ય સખ ન પડે. એની માનું રઘલું કે' કે 'જણમાં પાણી નહીં, નહીંતર બાયું શું બોલી જાય ?' ને ઓલ્યું સનિયું તો 'એની મા ને વહુ બાધે ને આ નમાલો બેઠો બેઠો રોવે. અરે સાવજની જેમ ત્રાડ નાખી હોય તો બેયના ઘાઘરા નો પલ્લી ગ્યા હોય ?' પારકી વાતું સૌને મીઠી લાગે છે. એક વાર ઘર તો માંડી જુવો. પછી જોઉં છું કે કેટલી વીહે સો થાય છે ?

પાછો બેઠો થયો. મીઠી ખંજવાળ આવે ને ઝાલી રાખવા છતાં હાથ ગુમડા ઉપર વયો જાય, એમ જીવ વારે વારે ત્યાં જાતો રે'તો હતો ... બેમાંથી એકેય ને સમજાવવાની ક્યાં મણા રાખી છે ? નાના છોકરાની જેમ મનામણાં કર્યાં છે. ઠેઠ મામા પાંહે જઈ આવ્યો પણ માને તો એ મા શેની ? ને ઓલીને તો એના બાપને બોલાવી લાવ્યો. બાપ ર્યો એટલા દી' ડાહીડમરી. ગ્યો કે પાછી ... કૂતરાંની પૂછડી ભોંમાંથી બારી કાઢો કે વાંકી એ વાંકી !

દી' આથમવા આવ્યો હતો. એણે જોયું તો હજી બે ઢગલીયે ખાલી નહોતી થઈ. ઉહેડી ઉહેડીને તગારાં ભરવા માંડ્યાં ને જોર કરીને મંઈ ઠાલવતો રહ્યો. લ્યો તમારી માને તમેય તે ... આટ આટલું કરવા છતાં ગામેય મારો વાંક કાઢ્યો. 'બહુ ઢીલો, લઈ દઈને ઢીલો' ને હરામનું રઘલું તો 'આનાથી કાંઈ નો થાય. નહીંતર બેયને અવળા હાથની અકેકી ચોડી નો દીધી હોય ?' કહેવું છે નવરીનાવને. એક વાર પડી તો જોવો ?

મૂઈ મા. મરતીએ નથી. કહી કહીનેય કેટલું કહેવું ? અને એ તો કીધા ભેગી મારો જ વાંક કાઢે, વાતવાતમાં : 'આના કરતાં પાણો જણ્યો હોત તો લોક માથે લૂગડાં ધોઈને દુવા તો દે ... '

'જણવો'તોને !' ઘણીવાર કહેવાનું મન થઈ જાય. તોયે તે દી' ન રહેવાયું તે કહી બેઠો : 'માડી હવે હાઉં કર્ય. તારી આ લીલા સંકેલ તો સારી વાત છે.'

'હાઉં કર્યું હોત તો આ દી' જોવા નો પડ્યા હોત. કપાતર, તારા જનમ સારુ તો પાણા એટલા દેવ કર્યા'તા. પણ તયેં એવી નો'તી ખબર કે એક દાડો તું તારી રાંડનો થઈને મારા મોંઢામાં મૂતરીશ.'

લ્યો આને હવે શું કહેવું ? તોય કહે છે : 'તારા બાપના સાંભળતાં તારી ઘરડી માને તું નો'તું કહેવાતું. તંયે તુંય નાનો મૂવો'તો ? ને તારી રાંડ તો મને ગૂમાં નાખે ને મૂતરમાં કાઢે. તો ય તું તાણી કાઢેલનો ... '

'નરકમાં તો તમે મને નાખ્યો છે.' એનાથી બબડી જવાયું. જોવે તો પોતે પાવડાથી ધૂળ તગારાને બદલે હેઠે નાખે ! બળ્યું મગજેય ભમતિયાની જેમ ... પરમ દા'ડે પાવડો ઢેફાંને બદલે દે પગ ઉપર તે અંગૂઠી તો ફૂલીને દડા જેવો !

હાથ પાછો ગુમડા ઉપર વયો ગયો ... ઓલી કૂતરીને તે કંઈ કીધું નો થાય. સીધી ઝાંવું નાખવા દોડે. તે દા'ડે જીવ નો ર્યો એટલે વળી ... 'જો એ આપણાં બા કે'વાય, બાધ્યા-બોલ્યા વળી ... '

'શેની બા ? નુગરી ધરાઈને ધાન નથી ખાવા દેતી.'

'પણ તો આમ ... તારી જીભને મોંમાં રાખીશ તો એ બચાડી ... '

'તેં અંતે મારો જ વાક કાઢ્યો ? હું જ ભૂંડી લાગી ? જાજે તયેં એને પડખે ભરાવા.'

'મારી મા જનેતા વિશે તું આવું બોલે ?' એનો હાથ હવામાં સનસનાટી બોલાવીને અટકી ગયો.

'તમારા કરતાં તો વાઘરણુંય સારી કે'વાય એય કૂબા મઈ ... ' ખારમાં આવીને એણે જોરથી પાવડો પછાડ્યો. ધૂળની નાની એવી ડમરી ઊડી.

પાડોશેય બચાડું કેટલું વેઠે ? તો ય એવડા એ સારા કે'વાય. રાત હોય કે દી' સાંભળે એટલે સૌ દોડાદોડ નોખા પાડવા આવી જાય. એક દી' તો સૌ ભેગાં થઈને આવ્યાં : 'બહુ થાય છે હોં ! આ તમારી મા ને વહુ કાનેથી કીડા ખરે એવી ગાળ્યું બોલે. અમારે ઘરમાં જુવાન છોકરાં – મેમાન આવતું-જાતું હોય.'

'આ ઘરમાં જ કૈંક નડતર છે.' કો'ક લાગલું બોલી ઊઠ્યું : 'ત્રણ પેઢીથી મેં આંય સાસુ-વહુને વેલણાં ઉલાળતી જોઈ છે.'

'તો પછી નોખું કરી નાખો. એના જેવું એકેય રૂડું નહીં. નકામું બેમાંથી કો'ક ... '

'એ બેયને તો કંઈ નથી થવાનું. બચાડો આ છોરો જોને બળતરામાં ગળીને કેવો સાવ સાંઠીકડા જેવો થઈ ગયો છે.'

નોખું કરવું તો કેમનું કરવું ?

'ઘર મારું છે. આડી આવતી હોવ તો નીકળી જાવ બેય ટાણે ને અટાણે બારાં' માને તો કીધા ભેગી વીફરી ને ઓલી રાંડ તો : 'ખોરડું મારું નથી તો ડોશી ક્યાં એના બાપને ત્યાંથી લાવી છે ? એય પારકા ઘરેથી આવી છે.'

ધૂળ પડી આ જીવતરમાં ! ક્યાં ય એની માને ... અરે, ઓલ્યા ખહલેલ કૂતરાનેય ક્યાંક ટાઢળ મળતી હશે. દાઝમાં ને દાઝમાં જેર કરીને તગારું ઠાલવવા ગ્યો તે ધૂળ ભેગું તગારું ય ...

વજશી ફુવાએ તે બચાડે બાપને કીધું'તું કે તમે બેઉં તો જીવતર આખું ગંધાતા ર્યાં. હવે આ છોરાને ? એના કરતાં બે વરહ મોડો જોતરો ... પણ માને હરખપદૂડીને પાદ નો'તું 'માતું તે મારી વહુ, જ્યાં જ્યાં જાય ત્યાં મારી વહુ ... લે ઘેલહાઘરી, તયેં તુંય હવે કાઢી લે કાંદા.'

વાંકો વળીને એ તગારું કાઢવા ખાડ કોર નમ્યો પણ ત્યાં તો આગળનો પગ ... સારું થયું કે લહરીને માંઈ પડે તે પહેલાં કંબોઈનું થડ એના હાથમાં આવી ગયું. 'કોઈ કાઢો' એનાથી જોરથી રાડ પડાઈ ગઈ પણ વગડામાં કોણ સાંભળે ? અંતે એની મેળે જ ... ' નથી પૂરવું, મરને ગંધાતું હોય.' દોડીને એ ઢગલા ઉપર ચડી ગયો. શ્વાસ ભરાઈ ગયો હતો.

સરગમાંય સારું નો થાજો છેલકાકા તમારું ! એનાથી નિઃસાસો નંખાઈ ગયો ... હજુ તો મરનારીની વરસી નો'તી વળી ત્યાં છેલકાકો કાળમુખો ક્યાંથી આવ્યો તે કે', 'જીવાપરમાં હમણાં જ એક છોડી ... ' 'બે હાથ જોડું છું કાકા. માંડ આમાંથી બા'રો નીકળ્યો છું.' એ રોવું રોવું થઈ ગયો હતો. તો ય અભાગિયે કાકે ધક્કો દઈને પાછો ...

તે દી' તો એ પીરસેલે ભાણેથી ઊભો થઈ ગયો હતો. 'હાલો છેલકાકા ભેગા, ગળામાં ગાળિયો પોરવી દીધો છે તે.'

'ક્યાં ?' છેલકાકા વધુ કાંઈ પૂછે એ પહેલાં તો એમને મોટરસાઈકલ વાંહે બેસાડી દીધા. જીવાપર જઈને સસરા પાસે શાકભાજીની યાદી વાંચતો હોય એમ એકધારો બોલી ગયેલો : 'જોવો તમારી છોકરી, આમ જીભે ચડાવીને નો મોકલાય. મારી મા તો એને દેખી નો થાય. છોકરાને તો કયેં અડવા જ નો દે. એ રોવે કે સીધો મારી માનો વાંક, ગાય દોવા ના દે તો મારી માની નજર લાગે. શું મારી મા ડાકણ છે ?'

'સાંભળો જીવણલાલ,' સસરો હરામનું કેવું બોલેલો : 'તમારી બાએ હવે સભાવ સુધારવો જોઈ. અગાઉ તમારી પેલી ઘરવાળીએ ગળે ફાંહો ... '

'એને તો છોકરાં નો'તાં થાતાં એટલે ... ' એ વચ્ચે બોલી પડ્યો હતો : 'તમે એનું જરાય આડું લાવો મા. તમારી છોકરી કેમ પાછી આવી'તી એની વાત કરો ને !'

'ભૈ, અમારી છોકરી તો એક નહીં, ત્રણ ઘર ભટકીને આવી છે. તારી ગરજ હતી તે ... '

'એના કરતાં જીવણલાલ,' ત્યાં તો ચિબાવલી સાસુ વચ્ચે ટપકી પડી : 'તમારા ઘરમાં ઘાસલેટનો કૂપો તો હશે ને ? છાંટી દેજો એના ઉપર

કોઈને ખબર તો પડે એમ ને પછી અમારા ઉપર મેલો લખી નાખજો. અમે નાઈ નાખશું એના નામનું. બાકી વાતવાતમાં આંય દોડી આવીને અમને ધજાગરે ચડાવશો મા.'

જેવી બેટી એવાં નપાવટ માવતર; નહીંતર જાતવાળાં હોય તો બે વેળ કે'ય ખરાં. દાંત કચકચાવતાં એણે ઉપર જોયું. દી' આથમવા આવ્યો હતો તો ય એ ત્યાંનો ત્યાં બેઠો રહ્યો. સહેજે ઊઠવાની ઈચ્છા ન થઈ. નજર વારંવાર અંધારામાં ભેંકાર દેખાતી ખાડ તરફ જતી રહેતી હતી ... નથી જાવું ઘરે મરને લમણાં લેતી હોય બેય. એકેય સાંજ એવી નહીં નીકળી હોય; રાંડ્યું ઝાલર ટાણે તો ...

ત્યાં વળી કૈંક યાદ આવ્યું ને ઊભો થયો. પાછો બેસી ગયો. પણ પાપી પેટે ઠરીને ઠામ ન થવા દીધો. 'નહીં જાઉં તો થોડું કોઈ ભાળ કાઢવા આવશે ? રાત રોકાવવાના હશે એમ જાણી કોઈ ભાત લઈને આવનારું ય ખરું?' બબડતાં એણે બળદને ગાડે જોતર્યા.

રસ્તેય ક્યાં ય સખ ન પડે. આટલો તો તે દાડે દરબારે મુદ્દતે બોલાવ્યો હતો તયેં ય ઉચાટ નહોતો. શેરીના નાકા પાસે પહોંચ્યો ત્યાં જ વધામણી મળી ગઈ : 'જીવાકાકા, તમારી બા ને સાકુકાકી ... '

એનો જીવ તાળવે વયો ગયો. ઉતાવળે ઘરે આવ્યો. જોવે તો ક્યાં ય માણસો માય નહીં. મા લમણે હાથ દઈને ઓસરીના પગથિયે બેઠી હતી. ઘોડિયામાં છોકરો ઊંવા ઊંવા રોતો હતો. વહુને જાણે કોઈની હાજરી વરતાતી જ ન હોય એમ ટાઢા કોઠે ગાય દોવે. એને થયું, પાછો વયો જાઉં પણ ત્યાં તો મણિબા બોલી ઊઠ્યાં : 'લ્યો આ આયો જીવણ.'

'ભૈ તમારી મા ને વહુથી તો આડો આંક. આ છોરો ક્યારનો રોવે છે. ઠેઠ ઓલ્યા ઝાંપેથી લોક સાંભળીને દોડી આવ્યાં પણ આ બેયને છે કંઈ? સામું ય જોવે છે!'

'તમે બધી મારો જીવ લેવા કેમ આવી છો ? બહુ દાઝતું હોય તો છોરાને લઈ જાવ તમારી ઘરે.' વહુએ કહેનારી સામે દાંતિયાં કરવા માંડ્યાં પછી મોઢું ફેરવીને કહે : 'રાખે છાનો જેણે રોવડાવ્યો હોય એ; રાંડ બે ઘડીયે નિરાંતે સૂવા નથી દેતી.'

'તેં જણ્યો છે તે તું છાનો રાખ. નુગરી મારી વાંહે કેમ પડી ગઈ છો?' ડોસી હવે ફળિયા વચ્ચે આવી ગઈ.

'મેં જણ્યો છે તે તું નકટી શું કામ એને રમાડવા દોડી આવશ?'

'હવે જો તારા જગ્ધાને અડું તો મારો બાપ બીજો. હું મૂરખી એ કેમ ભૂલી જાઉં કે મારું પેટ જ્યાં મારું નોથ્યું ત્યાં પેટનું પેટ મારું ક્યાંથી થવાનું?'

'આવું તો તું હજારવાર બોલી ને તો ય બીજી જ ઘડીએ કૂતરાની જેમ પૂંછડી પટપટાવતી દોડી આવશ.' વહુ હવે બોઘણું મૂકીને હાથ લાંબા કરતી સાસુ સામે આવી ગઈ.

'નશરમિયું કૈંક લાજો. આ તમારો બાપ ક્યારનો રોવે છે. બેમાંથી એકેયના પેટનું પાણીયે હલે છે? બાઈ જણ વગરના ઘરમાં ... '

'ઉઠાવો છો કે નહીં ? નહીંતર આંય ને આંય રેંશી નાખું છું.' મણિબાના છેલ્લા વેણે એ ઊકળ્યો.

સૌ ફફડ્યાં : 'જીવણમાં હવે જોમ આવ્યું. નક્કી આજ વહુ કે મા ... '

'ઉઠાવો છો કે નહીં ?' એણે પાછી રાડ પાડી. એ સાથે જ ગાડામાંથી આડું કાઢીને રમરમાવતું ઘોડિયા તરફ ફેંક્યું. ખોયાયમાંથી સંભળાતો ઝીણો અવાજ ચિત્કારમાં ફેરવાઈ ગયો. જોનારાં ધ્રૂજી ઊઠ્યાં.

'મર્ય નમાલા તું દીવાની દાઝે કોડિયા ઉપર ભડ થ્યો ?' ઘોડિયા તરફ દોડતાં મણિબાએ એને હલબલાવી નાખ્યો. એમના એ વેણે એને એકાએક યાદ આવી ગયું : તે દા'ડે પોતાને હાથ પાણી લઈ દેવડાવવા માટે મા ને ઘરડી મા આવી રીતે જ બાખડી પડેલાં. બાપ ખારમાં આવીને પોતાને કુહાડો લઈને મારવા ફરી વળેલો પણ છેલકાકાને આડો એરુ ન ઊતર્યો તે ...

એ જડવત્ ઊભો રહ્યો. જાણે લાંબો હાશકારો ન અનુભવતો હોય! 'ભલે ને લોકોને જે કે'વું હોય એ કે', હું તો જીવતર આખું ખદબદતો યોં, પણ પણ મારા છોકરાને તો ... '

'રો' રો' ખોયામાંથી લોહીનાં ટીપાં પડવા માંડ્યાં. ત્યાં આ રાંડુંને તો ... ' મણિબાએ છોકરાને ખોયામાંથી તેડી લીધો. 'હાશ. રામ બહુ વાગ્યું નથી. કપાળે અમથી ફૂટ્ય જ થૈ સે ... સારું થ્યું કે આડું પાયા હાર્યે અથડાઈને ... '

'લાવ જોઈ એલી ચાની ભૂકી દાબી આપું.' એ બાઘાની જેમ પાડોશણે તેડેલા પોતાના છોકરાને જોઈ રહ્યો.

'શું મારો છોકરો ય મારી જેમ જ !' એનાથી હૈયાફાટ પોક મુકાઈ ગઈ.

*(સૌજન્ય : રઘુવીર ચૌધરી સંપાદિત ને ગૂજરાત સાહિત્યઅકાદમી પ્રકાશિત 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નવલિકા – ૨')*

●●●●●●●●●

# નરવણ

**○ અનિલ વ્યાસ**

નસેનસ ફાટતી હતી. નાળિયેરના છોડાં ઉખેડે એમ કોઈ એકેએક સ્નાયુ ખેંચતું હતું. જાડી આંગળીઓ ગાલમાં ખૂંપતી હતી. આખું શરીર તંગ. વળતી પળે તો અમળાટ અમળાટ ! એ છટપટાતો એટલા જોરથી બચકું ભરી બેઠો કે રણવીરના મોંમાંથી રાડ નીકળી ગઈ. એણે હથેળી છોડાવવા ઘણું જોર કર્યું પણ ન છોડાવી શક્યો. પીડાથી ત્રાસતો કોણીએ કોણીએ ફરી વળ્યો. પીઠ પર પડતો આડેધડ માર સહન ન થતાં પંકજનું મોં ખૂલી ગયું. એ આધાર લેવા લેવા મથ્યો પણ સાથળમાંથી નીતરતા લોહીના રેલાથી લથડ પથડ લેંઘાના પાયચા આડા આવતા હતા. એ અવાજ વગર ચીસ પાડતો ફર્યો. ત્યાં આંખે અંધારા ફરી વળ્યાં. શરીર ભાંગેલી ડાળની જેમ ફસડાયું. પૂંઠના સ્નાયુઓ પણછની જેમ અંદર વળતા, ઢીલા થતા હતા. આખી કરોડમાં કરંટ ફરતો હોય એમ તણખા વાગતા હતા. એ ઓહ ... ઓહ ... હઅ ... હઅ ... કરાંજતો બંને પગની પીંડીઓ પકડી કોકડું વળી ગયો. બરાબર એ જ વખતે રણવીરે લાકડાનો ખૂંટો ખેંચી લીધો. પગ વછૂટી ગયા. 'કાં છે ને કડક ?' પૂછી રણવીર ખૂંટો જોઈ રહ્યો. ગોળ, સંઘેડાનો ખીલો અદ્દલ ... ત્યાં જ બારણું ખૂલ્યું. ઝડપથી ખૂંટો ખૂણામાં ફેંકતા ફર્યો ને સામે ઊભેલા ગોવિંદને જોઈ ડઘાઈ ગયો. ગોવિંદ ફાટી આંખે ઘડીમાં રણવીર સામે તો ઘડીમાં ઢગલો થઈ પડેલા પંકજ સામે તાકી રહ્યો. 'ફાડી નાંખી હાળાની. મને ... મને રણુભાને ... ' એનો અવાજ થોથવાઈ ગયો. લીંપણ પર રેલાઈને જામી જતા લોહી પર માખીઓ ઊડાઊડ કરતી હતી. પંકજ પડ્યો હતો કોકડું વળીને, એના ગોરા લીસા પગ લોહીથી ખરડાયેલા અને ...

'ક્યાંક મરી ના જાય હાળો!'

'ભાગ અહીંથી, હેંડ.' ગોવિંદે એને ખેંચ્યો. પણ ... ' રણવીરે વળીને અંદર જોવા ગયો. ગોવિંદે લગભગ પાડવા જેવું કર્યું એટલે બહાર આવ્યો. ઓઈલ એન્જિન ફીટ ... ફીટ ... ચાલતું હતું. એનો અવાજ આખા ખેતરમાં સંભળાતો હતો. ચારેકોર ભીની માટીની મહેક અને કેળના પાનનો ફરફરાટ. 'ચેન ચઢાવો, બાપુ.' રણવીરે લોહીવાળા હાથે જ પેન્ટની ચેન ચઢાવી. પસાર થતા પવનથી કોઈ રડતું હોય એવા ભણકારા ઊઠતા હતા. રણવીર થરથરી ઊઠ્યો. એણે ગોવિંદ સામે લોહીવાળા હાથ ધર્યા ભવાં ચઢાવ્યાં. ગોવિંદે ધોરિયા તરફ ઈશારો કરી પગ ઉપાડ્યો. રણવીરે ધોરિયાના પાણીમાં ઘસી ઘસીને હાથ ધોયા. કેળના પાંદડે લૂછ્યા એમાં કરોળિયાના જાળાનાં તાંતણાં ચોંટી ગયાં. એ ઉખેડવા આંગળીઓ આમ તેમ ફેરવી ત્યાં ભગાભાઈના ડચકારા સંભળાયા.

'હાલ્ય ઝટ.' કહેતાં ગોવિંદે એને ઊભી કેળમાં ધકેલ્યો.

•

ડૉ. શેઠે છેલ્લો સ્ટીચ લઈ એનસ રીંગ પર આંગળી દબાવી. ચામડી જોડવા મથ્યા પણ બધું આડેધડ ચીરાયું હતું. કઈ રીતે સાંધવું ?

'હોરીબલી રપચર્ડ.' વિનોદ બબડ્યો.

'આ રીતે બ્લન્ટ ઈન્જરી આવી જગ્યાએ ... સાલા સેક્સ મેનિયાક્સ.' વિનોદે હોઠ મરડી સ્પંજ દબાવ્યું.

સર્જરી પૂરી થઈ ત્યાં સુધી વાતો ચાલતી રહેલી. પંકજ છગનલાલ ચૌહાણ. પાસેના ગામ બીરવાનો છોકરો. એકદમ બ્રિલિયન્ટ ! ગઈ સાલ એસ.એસ.સી. બૉર્ડમાં સાતમો આવેલો. પણ જરા કન્યા રાશિ છે. વિનોદના મામાથી ચોથું ઘર. જો કે આવો હોય એ તો ... એ ભાનમાં આવે પછી ખબર પડે. એનાં ઘરનાં તો પોલીસને ઇન્ફૉર્મ કરવાની ય ના પાડતાં'તાં. પણ એવું ચાલે ?

'ના ... ના ... એમ.એલ.સી.માં રીસ્ક લેવું જ નહીં. ક્યાં ગયો ચંદુ ? આના પગ ખોલ અને સ્ટ્રેચર લગાવ.' કહી ડૉ. શેઠે ગ્લોવ્ઝ ઉતાર્યા.

પોલીસ ત્રણ વાર આવી ગઈ. ભગાભાઈના કૂવેથી ખૂંટો ય મળી આવ્યો. ભીંતમાંથી જ ઉખાડી લીધેલો. પણ પંકજ કશું કહેતો નહોતો. 'મને ખબર નથી. ... હું કંઈ કહેવા માંગતો નથી. મારે ફરિયાદ નથી કરવી.' વધારે પૂછે તો હોઠ ભીડી પંખા સામે તાકી રહે. સવિતાબેનની આંખો ઘડી ઘડી ઊભરાઈ આવતી. 'પૂળો મેલો તપાસમોં. મારા છોકરાને પીંશી નોંશ્યો. મૂઆ નેંધણિયા ... નખ્ખોદ જશ એમનું તો. ભગવોંન જોશ ... અર...ર લોહી લોહી ... ' શબ્દો સૂઝતા નહોતા કે ભરાઈ આવેલું ડૂસકું છૂટી જતું પણ આખો વોર્ડ ગજવતા મોટા રાગે ... પંકજ માના સૂજી આવેલા મોં સામે જોતો ને આંખ ફેરવી લેતો. છાયા ચૂપચાપ એની પીંડીઓ પર હાથ ફેરવતી હતી. ભઈ દુઃખે છે ? એટલું એક વાર બોલેલી. એ પછી તો ...

કેવી હરખઘેલી થઈને ફળિયા વચ્ચે કૂદતી'તી. 'મારા ભઈનો ફોટો આયો છે છાપામાં ... બોડમાં નંબર આયો બોડમાં.' જે મળે એની સામે છાપુ ધરીને ઊભી રહે. 'મારો ભાઈ.' પંકજે માંડ પકડીને બેસાડેલી ને આજે ? એની સામે જોવાતું નહોતું. પોપચાં મણ મણનાં બની ગયાં હતાં. જરાક ઊંચા કરતાંમાં શરીર ફાટી પડે એમ થતું હતું. ખણસ આવતી ને કશુંક ગરમ ગરમ રેલાતું. છો નીકળી જાય. રુંવેરુંવેથી નીતરી જાય પછી સાવ હળવા ફૂલ ! કેવું થોકબંધ ભરાયું છે ? કોઈ દાબી દાબીને બધું કાઢી નાંખે તો શાંતિ વળે. બધી પીડાનો અંત આવી જાય. એ બેઠો થવા મથ્યો પણ ન થવાયું. આ પીડા ... પણ આ પીડા કરતાં ય વધારે તણખા નાંખતી પીડા તો બીજી છે. માંસપેશીઓમાં ફડફડતો આવેશ. ...

પહેલવહેલી મૂછો દેખાઈ ત્યારે હરખનો પાર નહોતો ! ઘડી ઘડી અરીસો જોવે. રુંવાટી એવી વહાલી લાગે. ... પણ પછી હોઠ ઘસી નાંખેલો. તે દિવસે મગન રાભો ચડ્ડીના ખીસામાં હાથ નાંખી જોરથી હલાવતો હલાવતો આવતો હતો. 'શું કર છ, લ્યા ?' ઓળખતાં જ આંખ મીંચકારી કે ' – મજા.' ઘેર આવી એ જ મજા કરવા મથ્યો, પણ કશું જાગતું જ નહોતું. આ મૂછો ? રૂમાલ ઘસી ઘસીને રૂંવાટી કાઢવા બહુ જોર કર્યું પણ નરી બળતરા ! છાતી પીટી વગડામાં નીકળી પડેલો. આખો દિવસ રખડ્યા કર્યું. નેળિયે ચાલતા કેટલા ય થોર ટચકાવી નાંખ્યા. આખો હાથ દૂધ દૂધ ને ચીકણો લપ્પટ ! ઘેર આવી પાણી રેડ રેડ કર્યું. પણ ચીકાશ છૂટતી જ નહોતી. એક દિવસ ગીતા ને કંચન છાયાની નોટ લેવા આવેલાં. માએ બારોબાર ઉપર ધકેલ્યાં – 'જોવ, પંકજ છે મેડે.'

દાદરામાં ગુસપુસ કરતી'તી.

'હેંડ ન.'

'ના.'

'નઈ ખઈ જાય તન.'

'ખઈ જાય તો હારુ જ ન. મૂઓ એવો ... ' પછી સાવ ધીમા અવાજે કશુંક બબડેલી. ગણગણાટ ને ઠીઠીયારા ! તારી માની ગીતલી ... તને તો ... થયેલું અડ્યા જેવું લાગે. પભાના લગનમાં થયેલું જ ને ? એની મસીઆઈ સાળી હોળી ઉપર બીરવા આવેલી. ત્યારની આગળ-પાછળ ફરતી'તી. તે રાતે મેળ પડી ગયો. નવેરીમાં ભટકાઈ પડેલી. સટ્ કરતી ચોંટી ગયેલી પણ કશો વવરાટ નહોતો થયો. એની મશરૂના તકિયા જેવી છાતી દબાતી'તી ત્યારે થતું હતું એને ય આવી ... હોઠે વળગવા આવેલી પણ સાચવીને અળગી કરી નાંખવી પડેલી. 'હાવ પથરો જ સો !' તરત એનો હાથ ભીંસી લીધેલો પણ ... એ છેક સુધી પાછું વાળી જોતી જોતી ગયેલી. એના એકેએક પગલે ઝાંઝરનો ખનકાર ગૂંજતો હતો. એ અવાજ એના પોતાનાં પગલાંમાંથી ઊઠતો હોય એમ ક્યાં ય સુધી ઊભો રહેલો. ગીતા તો જતી રહેલી પણ પંકજ તો ...

મા ઘડી ઘડી ટોકતી. 'ભઈ, હરખું બોલ. ઓંમ ચાવળું ચાવળું બોલ છ તે હારો નહીં લાગતો. આ લોક સવેરો શીનું કે ? કીધા ભેગું મૂહું ના ભોંગી નોંખીએ ઈનું ?'

'ચ્યોં જ્યો તમારો સવેરો ? આ મારા ઓલે પાશેર ... '

મા તરત તાડૂકેલી ... 'છોકરાનું નોંમ ના બગાડશો, ડોશી. પંકજ કો.'

'ઓહો ઓંમન વળી પંકજ. ભૂલી જઈ'લી તયણ દા'ડામાં ? ઈના રુંગા વગર હવાર પડી'તી કદી ?'

ત્રણ સાડા ત્રણ થાય ને રડવે ચડે. મા પાણી પાય. મધ ચટાડે, ધવરાવે પણ રોતો ના અટકે. બાપા તેડી તેડીને ફરે. મા ફરે. છેવટે કંટાળે. બફડતી બફડતી ઘોડિયામાં ઘચેડે ને ઝપડ ઝપડ હીંચોળે પણ આનું રડવું એટલે ... 'લોહી પી ગ્યો હવારના પોરમાં.' કહેતી મા ફટ ફટ ફરી વળે. એની ચીસોથી આખું ફળિયું ... પાછલી દીવાલે જ મંદિર. પરશુરામજી ખોંખારા ખાતા ઊઠે. 'અરે માઈ, મત માર બિચારેકું. સૂરજ ઉગને કો આયા. પીછલે જનમકા મુર્ગા હૈ તેરા સવેરા. બાંગ દેતા હૈ બાંગ.'

અત્યારે એવી જ બાંગ દેવાનું મન થતું હતું. એકીશ્વાસે રડવાનું, પણ પછાડવાનું, હાથ હલાવવાનું લાલચોળ થઈ જઈ ... એણે આંખો ઉઘાડી. મા હજી ય બેઠી હતી. રાતના સૂનકારમાં એના શ્વાસ ગાજતા હતા. બેઠા બેઠા જ ઊંઘી ગઈ હશે ? એને થયું કે જગાડું. કહું કે સરખી સૂઈ જા. છાયા ક્યાં છે ? અત્યારે રાતે ક્યાં મોકલી એને ? સુનિલ આવ્યો એવો જ જતો રહેલો. સમજણો થયો ત્યારથી આઘો ને આઘો રહે છે. એણે આંખો મીંચી. સુનિલનો ચહેરો નજર સામે તરી આવ્યો. ભઈ. મારો ભઈ ઊઠીને મને ... ખબર છે. પણ ભઈ મારા હાથની વાત હોત તો ક્યારનું ય ... આ તો સાવ અચાનક ઈચ્છા થઈ આવે. ગમે એટલો કન્ટ્રોલ રાખીએ પણ મન ... પાલીમાની ભાણી આવેલી મુંબઈથી. સરસ કાળી બા વાડે સૂકવેલી. પીળા કબજામાં પહેરી હોય તો જોનારો ચક ચક થઈ જાય. ફટ કરતી સરકાવી દીધેલી. રાતે કેમેસ્ટ્રીની જરનલમાં પાનાં ફાડીને ડૂચા ભર્યા. પહેરવા પટ્ટીમાં હાથ નાંખ્યો પણ કશુંક ગોરંભાતું હોય એમ છાતી ભારેખમ. છાતીએ અડાડી અરીસામાં જોતાં જ પલંગમાં પછડાઈ પડેલો અંગેઅંગમાં ફરકાટ થતો હતો. આવીને કોઈ ભીંસી દે, બટકાં ભરી લે, ગૂંદી નાંખે, અરે, મારી નાંખે તો ય ... આકળવિકળ થઈ આળોટવા લાગતો. આ પીડા ... આ ભૂલવા તો ચોપડીઓમાં ખૂંપી ગયેલો, મન વાળવા 'ભાગવત' ને 'ગીતા' વાંચતો. વિવેકાનંદના 'ધ્યાનયોગ'માં ઉતરતો પણ વરસાદનો પહેલો છાંટો અડે ને ધરતીની છાતી ચીરીને ઘાસ ઊગી આવે એમ ... સુનિલ સામે જોતો ને કશો અંત નજરે પડતો નહોતો. છાયાને ઘરમાં ફરતી જોતો ત્યારે આવી જ ફાટ ફાટ થતા આંતરડા જેવી કારી વેદના ...

રણવીરસિંહ અને ગોવિંદ આવીને બેઠા. બે દિવસ તો ગામમાં હવા ઊડેલી કે સવેરો સીરિયસ છે. બચે તો બચે. પણ બચી ગયો. એણે પોલીસ ફરિયાદની ય ના પાડી એ જાણી રણવીર આકળ-વિકળ થઈ ઊઠેલો.

'સાલું કેવું પડે. ભાયડો. ભડનો દીકરો નીકળ્યો સખી તો.'

'ખબર નથી પડતી બાપુ, બાકી તમને ... '

'એ જ છે ને તંઈ. તને નહીં હમજાય. હેંડ, મળતા આવીએ.'

'દવાખાને બાપુ ?'

'તી બીજે ક્યાં ? હેંડ કહું છું.'

રણવીર સાથે નજર મળીને પંકજે આંખો ઝૂકાવી લીધી. રણવીર હજી ય વેચાય ગયેલું ઢોર અચાનક મળી આવે ને માલિક જોઈ રહે એમ જોઈ રહ્યો હતો. એણે ચૂપચાપ મોસંબીની થેલી પાંજરા પર મૂકી. પંકજના માથે હાથ ફેરવ્યો ને ઊભો રહ્યો. ગોવિંદ શું કરવું એ ન સમજાતાં માથું ખંજવાળતો હતો. ત્યાં બહારથી આવતા ભગાભાઈએ પૂછ્યું, 'તે દન કૂવે તમે હતા, ભાણું ભા ?'

'ના, કાકા હું તો ... ' બોલતો રણવીર થોથવાઈ ગયો.

'મન અયમ એવું ભળાણું, ભઈ ?' ગોવિંદ પલંગના છેડે બેસી પડ્યો. પંકજે કહ્યું, 'રણુભા તો તે દા'ડે અમદાવાદ ગયેલા. કાકા, મેં ચોપડી ય મંગાયેલી.' 'એમ !' કહી ભગાભાઈએ ટેબલ ઘસડ્યું. એનો અવાજ આખા વોર્ડમાં ફેલાયો. એ ફિક્કું હસતાં ગોઠવાયા. રણવીરે ફરી એક વાર પંકજના વાળમાં હાથ ફેરવ્યો, ઝૂક્યો ને બોલ્યો, 'ઠીક તો હું ... ' ને થોડીવાર એની આંખોમાં જોઈ રહી, પગ ઉપાડ્યો.

•

નાખી નજર ના પહોંચે એવી લીલોતરી જોતજોતામાં મકાનોનાં જંગલમાં ફેરવાઈ ગઈ. ફેક્ટરીઓ આવતાં સોડાબાટલીવાળા ય શેઠ બની ગયા. પંકજ સાંજે સોસાયટી બાજુ નીકળતો. રસ્તામાં વહેતું લાલઘૂમ પાણી જોઈ ઉબકા આવવા જેવું થતું. પૂંઠ ફરફરી ઊઠતી. ઘૂમરીની ધાર જેવો ફરફરાટ ઘડીવારમાં તો અંગેઅંગમાં ફરી વળતો. તનમનમાં એરકન્ડીશન્ડ પ્લાન્ટના ફુવારાની વાંછટમાં ઊભા રહી જવાની તલબ જાગતી. છાતી ધડક-ધડક ને નર્યો ગરમાટો. રણવીર જતાં જતાં રડી પડેલો. હવે તો છ મહીને ય અવાય તો અવાય. તારા જેવા ભલા છોકરાને ... કુદરત માફ નહીં કરે મને. તે દા'ડે વળમાં આવી ગયેલો, બાકી વાતમાં હતું ય શું ? મજા કરતા હતા. પંકજ આંબો મહોર્યો હોય એમ મહેક મહેક ... એનો ગોરો વાન, મખમલી કાયા અને રસ ઝરતા હોઠ ... 'ધાણ્યા ના રઈ હાળી. સરડ સૈડ થૈ ગ્યું. ડીઝલ-પંપમાં એર આઈ ગયા જેવું જ તો. માર્યા કરો પંપ. ને તું ય કોડા કેવું બોલેલો ? થઈ જ્યું સૂરસૂરિયું ? પાછો કે મરચા જેવડું ... મગજ ફાટીને ધુંવાડે ધુંવાડા. પણ તારો પાડ, તેમ બચાઈ લીધો સખી. તારો તો ... ' પંકજે આગળ બોલવા નહોતો દીધો. લાગલો જ ...

એ જતાં જ કશુંક કપાઈ ગયું. આંગળીઓ વગરના હાથ જેવો ! શું કરું ? આ પીડા તો વધતી જ જાય છે. સાવ સામા છેડાની લાગણી બતાવું તો ય કોને બતાવું ? કેટલા ડાક્ટર બદલ્યા ? ઘોર અંધારામાં ચારેકોર હૂ ... હૂ ... હૂના હોકારા વચ્ચે થથરું છું. ક્યાં ય કશો સંચાર નહીં. આકાશમાં વાદળો દોડે, ઝાડવાં પવનમાં આળોટે, પંખીઓ કલબલ કરતાં ઊડે. બધું જાગતું હોય ને એ કશાનો આપણે અર્થ જ નહીં ? સાવ ઠૂંઠુ ? ઠૂંઠે ય કાગડા કે ગીધડાં તો બેસે, જ્યારે અહીં તો ... હરીફરી ને જમના. કોક દાડો એકલાં હોઈએ તો બડે ગુલામઅલીખાં. એ લીમડાનાં પાન તોડી હવામાં ઉડાડવા લાગ્યો. પણ એમ કરવામાં ય કશું પાપ કરતો હોય એવું લાગતું હતું. એ નોળિયા વચોવચ બેસી પડ્યો.

અંબાલાલના ઘેર પારણું બંધાયું ત્યારે જમના પેલવેલી મળેલી. તાબોટા પાડતી સહુની મોર. એનો જાંબલી કસબવાળો કબજો ને લીલો પોલીસ્ટરનો સાડલો ... ઘડી ઘડી ખસી જતો તે છેડો સાચવતી ટપ્ ટપ્ તાળીઓ પાડતી હતી. એનો પટકારો આખા ફળિયામાં ગૂંજતો હતો. શકરીબા માંડ માંડ માનેલાં. ૧૦૧ રૂપિયા ને સાડલો. 'ખમ્મા વહુભાને, એ લાવો મારા બાલુડાને લાવો.' કહેતામાં તો ટોળું જામી ગયેલું.

*બાલકડાં રે બાલકડાં, મારી બહુચરમાનાં બાલકડાં ...*

*બાલકડાંને કાજે મેં તો ખાટા-મોળાં કીધાં રે,*

*બાલકડાંને કાજે મેં તો ઊગતા સૂરજ પૂજ્યા રે ...*

ગાતાં એવી લચકથી હીંચાવે કે જોનારાં ય ડોલવે ચડેલાં. પણ પ્રજ્ઞાવહુનો તો શ્વાસ અધ્ધર થઈ ગયેલો : 'આ ફ્રાતડા ક્યાંક પાડે નહીં', ત્યાં કોઈ બોલ્યું, 'માશી કહીએ.' સાંભળતાં વેંત એક ભાણિયો ઉલળ્યો, ઢોલક લઈ આવ્યો. પછી તો –

સહુ થઈએ રાજી રાજી; બાલુડો બનશે કાજી ... ને હાંજી હાંજીના ઠેકા ને તાબોટાના તાલથી આખું ફળિયું લોલમલોલ ! છેલ્લે પરસેવો લૂછતાં જમનાએ પંકજ પાસે પાણી મંગાવેલું. વળતી પળે જ પામી ગયેલી કે ભઈ તો કોત્-મા છે. લાગટ ત્રણ દા'ડા ધક્કા ખાધા. પંકજ સંચે બેઠો સીવતો હોય. એના કબજાની સિલાઈ ફેક્ટરીની શેઠાણીઓ ય વખાણતી. કટોરીનો સાંધો મેળવી કાતરનું પાંખિયું વચોવચ ખોસી અણી ઉપસાવે ને થાય પહેરી લઉં ? મામાએ બહુ કહ્યું – 'તું, ભણ ભઈ, ભણ. ચેટલો હુંશીયાર છ ન ... 'પણ દવાખાનેથી આવ્યા પછી ભણવામાં ચિત્ત ના ચોંટ્યું તે ના જ ચોંટ્યું. બારમાની પરીક્ષા આપી એ, આપવા ખાતર. પાસ થઈ જવાયું એ ભાગ્ય. બાકી તો આખો દિવસ કામ પહોંચે ને રાતે રણવીરની યાદમાં પડખાં ઘસતાં ય છેવટે આંખ મળી જાય. કોઈ વાર બહુ યાદ આવે. સંચો ઢાંકી નીકળી પડે. પાવરલુમ પાછળ થઈ સીધો નેળિયે. આવી રીતે જ નીકળેલો ને સોસાયટીની વંડી પાછળથી ઓચિંતી આવેલી. 'કેમ, સવેરા ?' જોયું તો જમના ! એના નેણનો ઉલાળો એવો વાગ્યો કે આંખ ના માંડી શકાઈ. પણ એણે તો સીધો જ કેડમાં હાથ નાંખતા 'માતાજીના આશીરવાદ છે ને કતરાય છે શેનો ?' બોલતાં દાબી દીધેલો. 'તું શું કામ શરમા છ તારા જેવા તો આપણાં ગામમાં બધાં દહ છે. બબે છોકરાના બાપે ય માતાજીના ભગત છે.' આખે રસ્તે એના વિષે જેટલું જાણ્યું'તું એટલું કહેતાં 'કોણે વળગણીનો ખૂંટો ઘાલી દીધો'તો, બોલ ? ભેળવી દઈએ આપણા ભેગો. લઈ જઉં સીધો અખાડે. એક જ ઘા ને તળિયું સાફ. બોલ.' ગળે વળગાડી દીધેલો. પણ પંકજ એનાથી દાઝતો હોય એમ ખસી ગયેલો. 'મને અડશો નહીં માસી, પ્લીઝ.'

'અલ્યા માસી કે' છે ને એટલો ય હક નહીં મારો ?' એવી પ્રેમાળ નજરે જોયેલું કે પંકજે એનો હાથ પકડી લીધેલો. એ સ્પર્શથી હૂંફ અનુભવાતી હતી. એના પીળા દાંત ચમકાવતા હોઠ અને બીડીથી વાસ મારતું મોં નજીક આવ્યું ત્યારે છોડી દીધેલો પણ પેલી હૂંફ તો ખરજવું ખણ્યાની ચળ ચચરે એમ ચચરતી હતી.

ઘેર આવ્યા પછી ય ચેન પડતું નહોતું. ઓટણ કરતી આંગળીઓ હજી ઝણઝણતી હતી. સોયનું નાકું પેસી ગયું ત્યારે ખ્યાલ આવ્યો કે નખલી ચડાવ્યા વગર જ ... મા છાયાનું સ્કર્ટ સાંધતી હતી. જાડું કપડું મેળમાં આવતું નહોતું. એ બંને છેડા ભેગા કરવા મથતી હતી પણ ટાંકો બેસતો નહોતો. 'લાવ, સાંધી દઉં, મા.' તું પાછો મશીન મારેશ. હાંધો ઝેણોં છ ભઈ. જાવરીને કરવું પડે.' મા શું જાળવવાનું કહે છે ? શું ? એણે કબજો મૂકી દીધો ને માની પડખે આવીને બેઠો. મા કશું બોલતી નહોતી. એની આંગળીઓ ફ્ટોફ્ટ ચાલતી હતી. એ ચૂપચાપ જોતો રહ્યો. કેટલીયવારે માની આંખો ઊંચી થઈ – 'ક્યાં સુધી બેસી રઈશ, ભઈ ? હંચો ચહાય જા.'

એ આખી રાત ઊંઘ ન આવી. જીવ સળવળ સળવળ થયા કરે. ચોપડીઓવાળા કબાટમાં જ છે બધું. ચણિયાચોળી, બા, ઓઢણી, લીપસ્ટીક, રૂઝ, બુટ્ટી, નથણી, કજરીમાળા, કંગન, ઝાંઝર ... એકેએક ચીજ સળગાવી દે. ના જોઈએ કશું. શી ખોટ છે ? બુદ્ધિ છે, આવડત છે. રાતદા'ડે સંચો ચલાવીશ. સુનિલને એન્જિનિયર બનાવીશ. છાયાને સારા ઘરમાં વળાવીશ. માને તલભારે ય ઓછું નહીં આવવા દઉં. મને જુવે છે ને તારું મોં ઓસવાઈ કેમ જાય છે, મા ? તું આવી નીમાણી ના થઈ જઈશ. બાર વરસનો બેઠો છું. આખી જિંદગી સાચવીશ. અરે કોઈ દિવસ તને ... પણ સૂરજના તડકામાં બરફ ઓગળે એમ ... એ ચૂપચાપ ઓશીકામાં મોં છુપાવી પડી રહ્યો. પવનમાં પાંદડું ફરફરે એમ એનો દેહ થરથરતો હતો.

તીજે દિવસે મામા ઉંવારસદથી તેડવા આવ્યા. 'બચુની વહુનું શ્રીમંત છે.' મામાએ થોડો વધારે આગ્રહ કર્યો હોત તો એ ય જાત. પણ એ

વળી ... એકલો પડ્યો ને ઊંડા કૂવામાં કબૂતર ફફડે એમ ફફડાટ વ્યાપ્યો. આખા શરીરમાં રવરવાટ ફરી વળ્યો. બધો અસબાબ બહાર કાઢી ક્યાંય સુધી જોઈ રહ્યો. હાથ લંબાવી લંબાવીને પાછો ખેંચી લે. છેવટે બા ઉઠાવી કાળી જાળીમાંથી સામા ઘરની બારી જોઈ રહ્યો. સરખી કરી છાતીએ ગોઠવી ને હળવે રહી મૂકી દીધી. ના. ફરી બબડ્યો ના. ઝનૂને ચડ્યો હોય એમ બધું કબાટમાં ખોસી દીધું ને હાંફતો હાંફતો બેઠો. જમીનમાંથી ફૂટતી સરવાણી પરપોટા ય એમ અંદરથી કશુંક ... એ ઊભો થઈ ગયો. કેસેટ ગોઠવી સ્વીચ પાડતાં જ બડે ગુલામઅલીખાંની ઠુમરીના બોલે પગ થરકી ઊઠ્યા. અવાજ મોટો કરી એણે બે ય હાથ નમસ્કારની મુદ્રામાં જોડ્યા. આંખ સામે રણવીરનો ચહેરો તરી આવ્યો ને આખો દેહ ...

*યાદ પિયા કી આયે ... રામ,*
*યે દુ:ખ સહા ન જાયે. હાયે યાદ પિયા કી ...*
*બાલી ઉંમરિયા, સૂની રે સજરિયાં*
*જોબન બીતો જાયે, હાય રામ ... યાદ પિયા કી ...*

પગ આપોઆપ ઉપડતા હતા. લયમાં નાચતું શરીર રોમેરોમમાં એવો થડકાર જન્માવતું હતું કે તન-મનનો સઘળો થાક ઓગળવા લાગ્યો. 'પ્રેમ કી માર કટાર'ના બોલે તો એટલું થરથર્યો કે પરસેવે રેબઝેબ. પણ પગ અટકતા નહોતા. કેસેટ પૂરી થઈ પછી યે ફેરફુદરડી ફરતો છેવટે પલંગમાં ઢળી પડ્યો. રણવીર તું ... રણુ ... રણુ ... કેસેટ પ્લેયર ખટ્ ખટ્ ખટ્ અવાજ કરતું હતું.

•

જમના પરાણે એના ઘરે ખેંચી ગઈ. ઘર સાવ જાહલ ! અંધારા ખૂણામાં અંધારા ખૂણામાં ખોં ખોં કરતો ડોસો ટાલ પર હાથ ફેરવતો બેઠો હતો. એની સળેખડાંના માળખાં જેવી છાતી પર કબજો લબડતો હતો. લીંપણ પર પડેલા ગળફાને ટોળું માખીઓ વળગી હતી. જોતાં જ ઉલટી વછૂટવા જેવું થયું. જમનાએ બહારથી ધૂળ લાવી છણકો કરતાં ભભરાવી. ચારેકોર માખીઓ ઊડી. 'મારો ગુરુ છે. ધણીએ ખરો. મૂઓ બેહું ખાય છે.'બોલી બીડી લંબાવી. ડોસો બીડી હોઠ વચ્ચે દબાવી ચમકતા ડોળે પંકજ સામે તાકી રહ્યો. જમનાએ કબજામાં હાથ નાંખી પલળેલી નોટો બહાર કાઢી પગ નીચે દબાવતાં પૂછ્યું – 'ચા પીશ ?' પણ પંકજ ઊભો થઈ ગયો. ડોસો જોરથી ખાંસવા લાગ્યો. એની સપાટ છાતી ઊછળવા લાગી. એણે જોરથી ઓઓહક્ એવો અવાજ કાઢ્યો ને થૂંક્યો. પંકજ ઉબકો દબાવતો દોડ્યો. જમના સાલ્લો ગોઠવતાં બહાર આવે એ પહેલાં એ બૂમ પાડવી પડે એટલો દૂર આવી ગયો હતો.

એ પાંચેય જણ એવા ઘરમાં રહેતા. જમના, રતન, યાસ્મીન, કપિલા ને એમનો ગુરુ, ધણી ... સજન ! 'આ ઘર સજને રાખેલું. સસ્તાવારીમાં. ઉંમર થઈ પછી આવક ઓછી થઈ જાય ને હાચો પાવૈયો કોઈ દા'ડો રૂપિયા ના સંઘરે. બહુ બહુ તો સોનું ચાંદી નીકળે. અમારે ય વેવાર હોય. સોનું આલવું પડે. દીકરી કરી હોય એનાં મામેરાં ભરવા ય જોવે. ચેલો નરવણ થાય તારે જણશો આલવી પડે. મારે તારા જેવી તયણ ચેલીઓ છે. એ થોડીવાર પંકજ સામે જોઈ રહેલી. 'મંજુ તો અસ્સલ તારા જેવી છે. આખ્ખું નારણપુરા આલેલું મેં એન. રાતે તીયાર થઈને નીકળે તો ભલભલો નીતરી જાય. પણ અમે પાવાવાળીના. ખરાબ ધંધા ના કરીએ. તમારું સંસારીનું ખઈએ ય ના. ખઈએ તો માતાએ રૂપિયા મેલા દેવા પડે, સમજ્યો?

'તમે માતાજીની ભક્તિ નથી કરતાં ?'

'કરીએ ને. નીમ હોય એ તો કરવું જ પડે. રોજ કરીએ. માંદે-હાજે રઈ જાય એ અલગ.'

'ને માગી ને જ જીવવાનું ?'

'તો ?' એણે એવી નજરે જોયું કે પંકજ સાવ સુન્ન ! એ થોડીવાર એમ જ જોઈ રહી. પછી પંકજનો હાથ પકડી બેસાડતાં બોલી 'એકવાર તો તણ દા'ડા લાંઘણો ખેંચવી પડેલી. મું નવી નવી. હવા મહિને ઊઠેલી ને થોડા દા'ડા એકલી પડી ગયેલી. માગતા શરમ આવે. કોઈ જોડે નહીં તે શે હેંમત ચાલે ? હારો કબજો શીવરાવવો હોય તો ય બળ્યું વગદાં વીણવા પડે. લાલ દરવાજેથી બોડીસો લાવું પટા ઢીલા થઈ જાય ને ફડકો નીકળે. મૂવું, ભૂંડું લાગે. તારા જેવડી હતી તારે તો ટોપ લાગતી. પાછી બનારસી શેલું ને હાચ્ચા હોનાનો હાર ! આખી બજાર ચકરવકર. લોકની આંખો ચાર.'

'માતાજીના ભગત થયા તે કશું વિધિ-વિધાન કરેલું ?'

'તું તો ભારે પડપૂછો લ્યા. એમ વાત ના થાય. આ વૈશાખે આવજે પેટલાદના અખાડે. ચરોતરની નાત બેહશે તારે દેખાડે બધું ય. તું નરવણ થવાનું કે કૈં એટલે વાત પૂરી.

'નરવણ એટલે ?'

જમના કુઉ ... ઉ ... ઉ ... ઉ દઈ હસી પડી. ધબ્બો મારતી બોલી - 'હમણાં ખરરબટ કરતો ઘાઘરો ઊંચો કરે; મૂઓ આખલો, શરમાતો ય નહીં.' પછી એવું શરમાઈ કે પંકજ ચકકર ખાઈ ગયો.

મરી જાવ તો ખબર આલો ? એવું પૂછ્યું ત્યારે જમના ચૂપ થઈ ગયેલી. દૂરનું જોતી હોય એમ તાકી રહેલી. સામે એક કાબર આમ તેમ ફરતી જીવડાં વીણતી હતી. એનું ઠેકી ઠેકીને ચાલવું, ડોક હલાવી ઘડી ઘડી ઊંચે જોવું. ખુલ્લી ચાંચે એમને તાકી રહેલી જોઈ પંકજને થયું જમનાની આંખો પણ આવી જ દેખાતી હશે. કાળી, તરલ સહેમી ... સહેમી.

'તમે મૂળ ક્યાંના ?'

'માતાજીના ગામના.' ઊંડો શ્વાસ લઈ કહે 'એ જ ગામ ને એ જ માવતર. તું બવ પૂછીશ નઈ. પેટ કાઢી લીધું તેં તો.' થોડીવાર અટકીને બોલી, 'આ અવતાર માતાજીએ આલ્યો છે. એનો હુકમ થાય એમ પૂરો કરવાનો. આખો દા'ડો હસી હસીને દુ:ખ પી જવાનાં. જે સુખ મળે એ સુખ લાગે નહીં ને દુ:ખ હોય એ બોલાય નહીં. અહીંથી ઊગેલું સુખ એ તો ... માગીને પેટ ભરવાનું. કોઈ ન આલે તો તાગાં કરવાનાં. તાબોટા પાડીને જીવવાનું. ઘાંટો ય બદલી જાય. ગાતા શીખવું પડે. નાચતા ... કમાણી કરવી હોય તો ... મારે તને લૂગડાં પેરાવવાં નથી એટલે કવ છું. હઉ આવશે. જમના નઈ તો રતન, રતન નઈ તો બીજી કોઈ પણ ... તારા ઘરમાં હારો છું, ભાઈ; આ ભૂંડો અવતાર ... '

તમારા મા-બાપ શું કરે છે ? એ સવાલનો જવાબ નહોતો આપ્યો. ક્યાં ય સુધી એનો હાથ હાથમાં લઈ પસવાર્યા કરેલો. એનો સ્પર્શ ઊંડો ઉતરતો હોય એવું લાગતું હતું. રણવીર હાથ ફેરવે ત્યારે આવું જ સુખ અનુભવાતું. કેટલા કાગળ લખ્યા. હીરા ઘસવામાંથી ઊંચો આવે તો હું સાંભરું ને ? જમનાનો સ્પર્શ જાણે રણવીર ... પંકજ આંખો મીંચી એ સ્પર્શ માણતો રહ્યો. જરાક અટકે તો કહેવાનું મન થતું – 'હાથ ફેરવને, માસી.' પણ બોલાતું નહોતું. બધું છોડીને ખોવાઈ જવાતું હતું. એક એવી દુનિયામાં જ્યાં એ અને રણવીર ફક્ત રણવીર અને એ ... એની પહાડ જેવી છાતીમાં મોં છુપાવી જનમોજનમ સુધી ... અચાનક જમના ઊભી થઈ ગઈ. 'જા ઘેર.'

'ઘર ?' પંકજ બબડ્યો. ને જમનાને હાથ પકડી બેસાડી.

બાપા મરી ગયા પછી સત્તરમે દાડે જ મા સંચે બેસી ગયેલી. ગામ ઊંચું-નીચું થઈ ગયેલું - એલા સાંભળ્યું ? છગન મેરઈની વિધવા સીવવા બેહી ગઈ ! આ ટેભલાના છંદ તો જુઓ ... પણ મા હારી નહોતી. શરૂઆતમાં સાંધા-સૂંધી ને ધીમે ધીમે ચણિયા. એના હાથના સીવેલા કળીવાળા ચણિયા ઓલે તો શાહુકારનાં બૈરાં ધકકે ય ના કંટાળતાં. ઠાકરડીઓના વીસ વીસ હાથના ઘાઘરા રમચકડ સીવાતા. મશીન નીચેથી તાકો ઉકલતો આવે ને ચપટી ચપટી દબાઈ ઘડી વારમાં તો ઝળકો ! એ નવમામાં આવ્યો ત્યારે તો સડસડાટ સંચો ચલાવતો થઈ ગયેલો. કબજાની બાંયો ઓટતાં આંગળીએ સોય વાગતી નહોતી. બીજી આંગળીમાં પહેરેલી નખલી નાકુ ધકેલે ને સટ્ સટ્ ... મોડી રાત સુધી વાંચતો હોય ત્યારે અચાનક મા પાછળ આવીને ઊભી રહેતી – 'ક્યોં હુધી ઓંખો ફોડે ભઈ ? ઊંઘી જા, હેંડ.' આજે ય એ ઉચાટભરી નજર તરવરે છે ને તૂટેલું હાડકું લબકારા મારે એમ ... કેવાં કેવાં દુ:ખ વેઠ્યા છે માએ ? એક વાર તો ઘરમાં દાણો ય નહીં. ગામ સામે પડેલું. સુનિલ તો આવડો ! તે દિવસે હીંચકે લઈને બેઠો'તો ફૂદો. નીચલો હોઠ લોહી ... લોહી ... ક્યાંથી લાવવા દાક્તર ? પૈસો તો ...

મા સામે આંખ માંડે ને રેતનો ઢગલો થઈ જવાતું. હવાના હડદોલે ઝૂલ ફરકે એમ મન ... ઘર ! પંકજ ક્યાં ય સુધી જમના સામે જોઈ રહ્યો. જમનાએ ઊભા થતાં એના વાળમાં હાથ ફેરવ્યો ને કહ્યું ' વિચાર કર્યા વિના ઘેર જા.' ને ચાલવા માંડ્યું.

રાતે ઊંઘ નહોતી આવતી. જમનાનું ઘર, એના તાબોટા, એના નેણના ઉલાળા ... બીડીના ધુમાડા ... ને બીજી પળે તો સુનિલ, છાયા, મા ... ના ચહેરા દેખાતા હતા. આ બધાની વચ્ચે નેરો પેન્ટમાં હોલબૂટ પહેરીને મૂછે તાવ દેતો રણવીર અને આંગળીના ઈશારે બોલાવતો દેખાતો. એ બેઠો થઈ જતો. શ્વાસભર્યો સૂના ફળિયાને તાકી રહેતો. અડધી રાતે ઊઠીને ચોપડીવાળું ખાનું ખોલતો. ચીવટથી વાળીને સંતાડેલાં ચણિયા - ચોળી કાઢતો. એની સોનેરી પટ્ટીઓ, મઢેલાં આભલાં પર ટેરવાં ફેરવતો. ચોળીની બાંયો પકડી કટોરીઓ આંખ સામે લાવી ઉપસેલા ત્રિકોણ જોતો ને ગળે ડૂમો બાઝી જતો. રણવીર જતાં જતાં ત્રણ બ્રા ને અંડરવેર આપી ગયેલો. 'આપણી એંધાણી'. પાતળું રેશમી જાળીદાર પોત ! અડતાં ય જીવ કપાઈ જાય એવો રંગ ! 'એક વાર ખાલી અંડરવેર ને બ્રા પેરીને બથમાં આઈ જા, સખી.' એ એકએક કપડાં પર હાથ ફેરવી લેતો અને સલૂકાઈથી સંકેલી લેતો. છાતીમાં સબાકો ઊઠતો હતો - એકે ય વાર કપડાં પહેર્યાં નહોતાં. 'એંધાણી' અકબંધ રહેવી જોઈએ. એ આવે એટલી વાર ! મૂકીને તાળું મારતાં સુધીમાં તો બંધ વછૂટી જતો. બે ય ગાદલાં ઓઢી પગ પહોળા કરી પડી રહેતો. વજનથી કશીક હાશ વળતી હોય એમ ડૂસકાં ધીમા પડતાં, અટકતાં ને બંધ પાંપણોની પાછળથી તબડક તબડક ઘોડી દોડાવતો રણવીર આવી પહોંચતો. એની પાતળી અણીદાર મૂછો, કરડો ચહેરો ને માંજરી આંખોમાં રમતો સળવળાટ. થાય કે આખેઆખી પથરાઈ જાઉં. એને ઓઢી લઉં. ધસમસતી ભીંસ ફરી વળે. એની ધમધમાટ ઢીંક મને સાંગોપાંગ સાંધી દે એ ...

કોઈ કળશો ભરી ભરીને છાશ પાતું હતું. જોયું તો જમના ! એનો ઝગારાબંધ ચંદનહાર ઉછળતો હતો. સજન, રતન, ચંપા, આશા, મંજુલા, ... ને આ કોણ આવી રહ્યું છે નાડાછડીનો દડો લઈને ? એનો મલકાટ તો અજબ છે. કોણે ઉતારી લીધાં મારાં લૂગડાં ? હાથ લંબાયો ને પાંચે ય આંગળીએ પટ્ કરતુંક પકડી લઈ છેક એના મૂળમાં નાડાછડી વીંટવા માંડી. 'ધીમે.' પણ આ તો મડદુ બાંધતી હોય એમ મુશ્કેટાટ. 'હજી છાશ પી.' 'કોતડો હારો છે'લી.' કોઈકે ગોરા ગાલે ચીમટો ભર્યો. 'બળે છે મને.' અરે આ તો બધું ખાલી હોય ને આટલું વજનદાર ? બહેર મારી ગયું હોય એમ થાય છે. ઝઝણે છે બધું. મારે પેશાબ કરવો છે. પેઢું તતડી હેંડ્યું, લ્યા. કહું છું તણાય છે ... તણાય છે. ભૈ શાબ. આ છોડી નાંખો, બાપા. આટલી બધી આંટીઓ મારવાની ? આ તેલ શેનું ઊકળે છે ? ઘસીને ચકચકિત કરેલી તાંબાકૂંડી ... ચમકતો છરો ... ફાટી જશે કહું છું પેઢું મારું ફાટી જશે ! સવારથી બાંધી દીધું છે તે હવે તો છોડો ... છોડો કહું છું. છોડો ! કોઈ સાંભળતું નથી. સળીપરી ? શેની સળીપરી ? સીસાની ગોળ સળી જોતાં જ ફફડાટ વ્યાપ્યો. હવે રહેવાતું નહોતું. નસો ફાટતી હતી. પીંડીઓ પથ્થર થઈ હતી. ને પકડો છો શું કામ ? નથી પીવું કશું ય. ના કરશો પૂજા, ના ચોડશો ચાંલ્લા. આઘો રાખો છરો, હટો અહીંથી ... કોણ બોલ્યું   પાનઘાટ કે મૂઠિયાઘાટ કોણ ? છરો ના વીંઝો. અરે, અરે ... વીજળી ચમકી ને ... આ શું. કાપી લીધું, મૂળમાંથી કાપી લીધું ... મારું અંગ. આ લોહી ... લોહી ... રે. છરો આમ છાતીએ ના   ઘસો. આખા શરીરે લોહી ના ચોપડો ભૈશાબ. ઢોલ ધીમું વગાડો. બંધ કરો માડીના પોકાર. કોઈ ડૉક્ટરને બોલાવો ઓપરેશન ... ઓ મા ... મા ... મારી માને બોલાવો. મા, ઓ માડી રે. દઝાવાય છે. તેલ ના છાંટશો કહું છું ! મા ... ઓ મા ... મા ...

જાગીને જોયું તો ક્યાં ય લોહી નહોતું. હાથ હતા એવાં લીસા ને ઉજળા બખ. બે પગ વચ્ચે હાથ દાબી જોયો છે. આટલો બધો પરસેવો ? કોણ હાથ ફેરવે છે ? ઊંચે જોયું. મા ઊભી હતી. 'શું થયું ભઈ, ખરાબ સપનું આયું ક શું ?' એ બેઠો થઈ ગયો. 'કશું નહીં, મા.' 'ચીસ પાડીને ભઈ !' 'કશું નહીં.' મા હજી ડરેલી, હાંફતી ઊભી હતી. એનો પીઠ પર ફરતો હાથ જાણે કોઈ ઝરણ ઝરે છે. જમના કહેતી હતી; સાત દા'ડે ઝરણ ઝરે. આખા શરીરે ચોપડેલું લોહી સાફ કરે. ઢેલનું પીંછું ફેરવી ફેરવીને શરીર કોરું પાડે. ને કાયા કંચન જેવી ... માનો હાથ ઢેલના પીંછા જેવો ફરતો હતો. હાશ. હવે તો એકી કરવા સળીપરી કાઢ-ઘાલ કરવાની જરૂર નહીં. ના પાકે ના કંઈ. જેને મા બહુચરનો હુકમ થાય એને વળી ... આ થઈ ગ્યાં નરવણ. એણે ઊંડો શ્વાસ લીધો. થોડીવારે ઊભો થયો. છાયા ઊઠીને દોડતી ઉપર આવી. 'શું થયું ભઈને ?'

'કંઈ નઈ બેટા, હેંડ ચા મેલીએ. હવાર પડવા આઈ.'

રૂંવાટીભર્યો હાથ અડે. સીધુ તાકતી નજરો મળે કે કોઈ 'હાય સવેરા.' કહી ધબ્બો લગાવે ત્યારે ઝણઝણાટી જવાતું. જમના સામે હાથ જોડતાં રડી પડાયેલું. છાતી સરસો ભીડતાં રુંધાયેલા ગળે કહેલું - 'બવ ઈચ્છા થાય, ભૂખે મન કોચવાય તો જીવડો દાબી દેજે. આપણે તો જીવ અંદર જીવ. તારી તો કંચન જેવી દેય છે. અભડાવા ના દઈએ. ને હાંભળ. આવી નબળી કાય હારી નઈ. કસરત કર. છોડીઓ જેવા દેખઈએ, રહીએ પણ હઈએ નઈ. હમજી મારી કંચન ?' બોલતાં તો એનો અવાજ ... પણ વળતી પળે એ જ અવાજ રણકી ઊઠ્યો : કોઈ હાથ શેનો લગાડે ? અડાડતા ભેગો ... મારું અશલ નામ જસો, જસુજી ઠાકોર. શેલાનો છું. જાશ !' કહી આંસુ લૂછતાં ઊભો થઈ ગયેલો. એની દૂર ખસતી જતી ઝૂકેલી પીઠને વળગી પડવાનું. 'ના જઈશ, માશી ... ' કહેતાં કોટે બાઝવાનું પરાણે દબાવતાં એણે ઘૂંટણમાં મોં છુપાવી દીધેલું ધીમે ધીમે એ દેખાતો બંધ થઈ ગયેલો. છેક સુધી પાછું વાળીને ના જોયું તે ના જ જોયું.

•

રણવીરસિંહના લગ્નની કંકોત્રી વાંચી ત્યારનું પાણીએ ગળે ઉતરતું નહોતું. એના લગન સુહાગબા જોડે ? કોણ છે આ સુહાગ ? મારા કરતાં ય રૂપાળી છે ? રણવીરને ગમીએ ગઈ ? કેસરીસંગ બાપુએ લાકડે - માંકડું વળગાડી દીધું હશે. આતો ભાણો, લેણિયાત. સંચો ધમધમાટ ફરતો હતો. કબજાની બાંય ગોળ ગોળ ફર્યે જતી હતી. આડેધડ સીલાઈ વાગતી હતી. જોતાં જ મા દોડતી આવી. 'શું કર છ, ભઈ.' 'આખો કબજો ... ઘરાકને મોઢું ... ' એણે ફટ દઈને પગ હટાવી લીધો. મશીન પરથી ઊભો થઈ ગયો. પણ હજી ઘરઘરાટ શમતો નહોતો. આખું અઠવાડિયું સીવવા બેઠો નહીં. સુનિલ બેસવા જાય તો ધમકાવી કાઢે – 'ખબરદાર બેઠો છે તો ફેંકી દઈશ સાંચો બહાર. આખી જિંદગી સાંધા કરી ખાવાના છે ? ખબરદાર !'

કાલે તો રણવીરનું ખાડું જવાનું. હવે તો સુધરી ગયા છે. જાતે જશે પરણવા. સાલી સુહાગ ! ચેન પડતું નહોતું. ટાવરમાં બેના ડંકા પડ્યા. પડ્યો પડ્યો અમળાતો હતો. ના રહેવાયું. છેવટે ઊઠ્યો. તાળું ખોલી ચોપડીઓ હટાવી. કીમતી જણસો કાઢતો હોય એમ હળવા હાથે બધું બહાર કાઢ્યું. લાલ, કાળી, ગુલાબી રંગની બ્રા જોઈ રહ્યો. ધીમે ધીમે કપડાં ઊતાર્યાં. આખા શરીરે પાવડર ચોપડ્યો. લાલ રંગની બ્રા લીધી. આગળથી હૂક ચઢાવી ફેરવીને ખભે પટ્ટીઓ ચડાવી. એવું જ અંડરવેર. ને થોડીવાર એમ જ ઊભો રહ્યો. ચણિયો પહેર્યો પણ નાડુ બાંધતા હાથ ખચકાયો. બીજી પળે તો હળવી સીટી વાગી ગઈ ને ફટોફટ તૈયાર. વચ્ચે સેંથી પાડી વાળ ઓળ્યા. લીપસ્ટીક લગાવી હોઠ ભીડ્યા. રૂઝ લગાવ્યું. ચાંલ્લો ચોઢ્યો ને રુંવેરુંવું ઊભું થઈ ગયું ! ચૂડીઓ ચડાવી, બંગડીઓ પહેરી. કાનમાં બુટ્ટી. ગળામાં હાર ને પગે ઝાંઝર બાંધી પગ મૂક્યો : છમ્ ! ઉપાડ્યો છન્ન્ છમ્ ... કરતો દાદર ઊતરી નીચે આવ્યો ને ઊભી શેરીએ ચાલવા માંડ્યો.

રણવીસિંહની ડેલી બાજુ વળ્યો ને અચાનક પગ ભાંગી ગયા જેવું થયું. એણે પગ ઉપાડ્યો પણ જમીન સરસા ચોંટી જવાયું હોય એમ ... બહુ મથ્યો, આંખો ભરાઈ આવી. આ રહ્યો રણવીર આ રહ્યો, બે જ ડગલાં ... પણ પગ ઉપડતો નહતો. આકાશમાં આછો ઉજાસ ઉપસતો હતો. અજવાળું નહોતું છતાં આખું આકાશ અંધારું ઉતારતું હોય એમ ... એ ફર્યો. દોટ મૂકીને ધડધડાટ ઘરનાં પગથિયાં ચડી ગયો. મેડીએ આવી જાતને ફેંકી ને ...

*(સદ્ભાવ : લેખકના વાર્તાસંગ્રહ 'સવ્ય-અપસવ્ય'માંથી)*

• • • • • • • • • •

# થીંગડું

– સુરેશ જોષી

પશ્ચિમમાં ક્ષિતિજ પર વાદળાં છવાયેલાં હતાં તેથી આથમવા આવેલા સૂરજની રતૂમડી આભા દેખાતી નહોતી; સહેજ વાદળ આછાં હતાં ત્યાંથી રતાશની નાની શી લકીર ઘડીભર દેખાઇ ન દેખાઇ ને છવાતા જતા અંધારામાં અલોપ થઇ ગઇ; જાણે કોઇ નાગણે બટકું ભરી અંધારના ઝેરની કોથળી ઠાલવી દીધી. એ ઠલવાયેલો અંધકાર પ્રભાશંકરને પણ ચારે બાજુથી ઘેરી વળ્યો.

પ્રભાશંકરે ગોખલામાંથી પાનની ચમચી લીધી. એ ખોલીને આંખો ઝીણી કરીને જોયું તો અંદર ચીમળાઇ ગયેલું અર્ધું જ પાન હતું. બે દિવસથી હસમુખને પાન લાવવાનું યાદ કરાવવા છતાં એ ભૂલી જ જતો હતો ! પ્રભાશંકરે ખૂબ કાળજીથી અર્ધા પાનના બે ભાગ કર્યા, એમાંનો એક ભાગ સાચવીને ચમચીમાં મૂકી દીધો ને બીજા ટૂકડા પર ચૂનોકાથો ચોપડવા લાગ્યા. પાન મોઢામાં મૂક્યું, સાથે તમાકુની ચપટી ભરીને મોંઢામાં મૂકી.

બહાર શેરીના દીવાના પ્રકાશનો એક લિસોટો આગલા ઓરડામાં પડતો હતો તેના અજવાળે ખીંટીએ ભેરવેલો કોટ લઇને પહેર્યો, ટોપી માથે મૂકી. ઘૂંટડો પાણી પીને જ બહાર નીકળવાની એમને ટેવ હતી. પારવતી ડોશી જીવતાં હતાં ત્યાં સુધી તો બહાર જવાનો વખત થાય કે તરત પાણીનો પ્યાલો લઇને હાજર રહેતાં. એવી નાની નાની ઘણી વસ્તુ આ છેલ્લા એક વરસથી એમને જાતે જ કરી લેવી પડતી.

પાણી માટે પ્રભાશંકર પાણિયારા પાસે ગયા ને ઘૂંટડો ગળે ઉતારીને પાછા વળતા હતા ત્યાં એકાએક જાણે કોઇએ પાછળથી એમની કોટની બાંય ઝાલીને એમને રોક્યા. એમનાથી એકાએક પુછાઇ ગયુંઃ શું છે, હસમુખની મા ?

નિસ્તબ્ધ અંધકારમાં એ પ્રશ્ન રઝળતો થઇ ગયો. પ્રભાશંકર આંખ ઝીણી કરીને અંધકારમાં તાકી રહ્યા. તપખીરનો સડાકો લઇને, સહેજ ખોંખારો ખાઇને,'મકુ જે' કહીને, પારવતી ડોશીને વાત કરવાની ટેવ હતી. મોટા દીકરા મણિશંકરના મૃત્યુ પછી પ્રભાશંકર ઘણી વાર અન્યમનસ્ક બની જતા. ત્યારે ઘણુંખરું એમની બાંય ખેંચીને બોલાવવાની પારવતી ડોશીને ટેવ પડી ગઇ હતી. પ્રભાશંકરને યાદ આવ્યુંઃ પરણ્યાને બેએક વરસ થયાં હશે. ત્યારે તો એમના ડોસાડોસી ઘરમાં હતાં. જમીને પ્રભાશંકર નોકરીએ જવાની તૈયારીમાં જ હતા. એમની ટેવ મુજબ ઘૂંટડો પાણી પીને રસોડાની બહાર નીકળવા જતા હતા ત્યાં આમ જ કોટની બાંય ખેંચીને એમને ઊભા રાખીને પારવતીએ પોતે માતા થવાની છે તેના શુભ સમાચાર આપ્યા હતા. સંયુક્ત કુટુમ્બમાં મર્યાદા જાળવીને રહેવાનું, બે ઘડી એકાન્ત મેળવીને એકબે શબ્દ બોલવાનું પણ ભાગ્યે જ બનતું, રાતે માબાપને ભાગવત સંભળાવીને પ્રભાશંકર સૂવા જાય ત્યારે પારવતી પથારીને એક ખૂણે, આખા દિવસના કામથી થાકેલી, ઊંઘે ઘેરાતી આંખે, માંડ જાગતી બેઠી હોય. આમેય તે પ્રભાશંકર ચાર શબ્દ બોલવાના હોય ત્યાં એક જ બોલીને કામ ચલાવી લે એવા માણસ.

મરણ આવ્યું તે દિવસે પારવતીએ પણ આમ જ હાથ પકડીને રોકતાં કહેલુંઃ આજે ન જાઓ તો ન ચાલે ? પણ પછી તરત જ, પ્રભાશંકર નિત્યનિયમમાં કશો બંગ પડે તે સાંખી લેતા નહિ તે જાણીને, વાત બદલી નાંખીને કહેલુંઃ ના ના, એ તો મને અમથું જ જરા મનમાં એમ થયું...લો, એક ઘૂંટડો પાણી પીને પછી જાઓ.

આથી, બારણાના આગળામાં કોણી આગળથી ફાટેલો કોટ ભેરવતાં, ઊભા રહી જઇને એકદમ એમનાથી પુછાઇ ગયુંઃ શું છે, હસમુખની મા? પણ પેલો તપખીરનો સડાકો ને 'મકુ જે'નો ટહુકો સંભળાયા નહિ એટલે પ્રભાશંકર એકલા જ બોલવા લાગ્યા; શું છે? કોટ ફાટ્યો છે એમ કહેવું છે ને? તે શું થીંગડું મારું ? પણ સોયદોરો ક્યાં છે ?

પછી થોડી વાર અકળાતા હાથ મસળતા પ્રભાશંકર એમ ને એમ ઊભા જ રહી ગયા. પછી જાણે પારવતીનો નાખુશ થયેલો ચહેરો જોયો હોય તેમ બોલ્યાઃ પણ તું જ કહે ને, હું શું કરું ? વહુને મારાથી વારે વારે કહેવાતું નથી. વારુ, થીંગડું મારું છું, પછી છે કાંઇ? 'થીંગડું' શબ્દ ચારેક વાર ફરી ફરીને બોલ્યા, ને એમને વળી યાદ આવ્યુંઃ એક સાથે ત્રણચાર વરસ નબળા ગયાં, ઘરખોરડાં આગમાં બળી ગયાં, જમીન તો તસુ સરખીય હતી નહીં. બાપ ઘામોટું કરતા. બહેનોને પરણાવવાની. આથી પંદર વરસની વયથી જ પ્રભાશંકર એક વેપારીની દુકાને તમાકુનાં પડીકાં વાળવા બેસી ગયા. વર્નાક્યુલર ફાઇનલ તો પાસ કરેલી, એટલે પાંચેક વરસ રાહ જોયા પછી આખરે બહુ દૂરના અજાણ્યા ગામમાં પંદર રૂપિયાની, પ્રાથમિક શાળાના શિક્ષકની, નોકરી મળી ગઇ. ઘરખરચ, બહેનોનાં લગ્ન- આ બધું ઉપાડતાં પાંત્રીસ તો થઇ ગયાં. આખરે પ્રભાશંકરને પરણવાની અનુકૂળતા થઇ. પરણ્યા પછી આણું કરવા સાસરે ગયા ત્યારે પારવતી જોડે જે વાત થઇ તે એમને યાદ આવી. એમણે કહેલુંઃ મારી તો ઉંમર મોટી થઇ, સંસારનો ઢસરડો કરતાં મારો રસ તો બધો સુકાઇ ગયો. તને મારી જોડે ફાવશે ?

પારવતીએ એની સખીએ શીખવેલો જવાબ આપ્યો હતોઃ તમે જ મારે મન બધું છો, પછી મારે બીજા કશાંની શી જરૂર ?

પ્રભાશંકરે ઉમેરેલુંઃ પણ અમારા ઘરમાં તો એક સાંધીએ ત્યાં તેર તૂટે એવો ઘાટ છે. સંસાર ભોગવવા કરતાં થીંગડાં મારવાનું જ કામ તારે કરવું પડશે!

પારવતીએ ઉલટભેર કહેલુંઃ વારુ, તમે કહેશો તેટલાં થીંગડાં મારી આપીશ. થીંગડાં મારતાં હું નહીં થાકું.

પણ આજે એ ક્યાં છે ? એય આખરે થાકી ને!

દેવ આગળ દીવો કરવા ને ફાનસ સળગાવવા પ્રભાશંકરે દીવાસળી શોધી,પણ જડી નહીં, પણ દીવાસળી શોધતાં એક દાબડામાંથી સોયદોરો જડ્યાં. એ લઇને પ્રભાશંકર ઓટલે ગયા. શેરીના દીવાના અજવાળે એમણે કેટલું થીગડું મારવું પડશે તેનો અંદાજ કાઢી લીધો. પોતાની બેસવાની ગાદી નીચે સંઘરેલાં ગાભાચીંથરામાંથી માપસરનો એક ટુકડો કાઢ્યો. એનો રંગ કોટના રંગને મળતો નહોતો આવતો. પણ એવું કપડું ક્યાંથી લાવવું ? આ કોટનેય હસમુખ જેટલાં વરસ થયાં. મિલિટરીના સસ્તે ભાવે કાઢી નાખેલાં કપડાંમાંથી મણિશંકર એ લઇ આવેલો.

દીવાના અજવાળે પ્રભાશંકરે, આંખ ઠેરવીને, સોયમાં દોરો પરોવવાનો પ્રયત્ન કર્યો. દોરીને થૂંકથી ભીની કરીને છેડે વળ ચઢાવ્યો, ઘણા પ્રયત્નો કર્યા પણ સોયનું નાકું દેખાય તો ને !

એટલામાં શેરીના દીવા આગળ રમતા એક કિશોરની એ તરફ નજર ગઇ. થોડી વાર સુધી તો એણે પ્રભાશંકરના નિષ્ફળ પ્રયત્નોને કુતૂહલથી જોયા કર્યા. પછી એ પાસે આવીને બેઠો અને ભીંતના પોપડા ઊખેડતો પ્રભાશંકરના પ્રયત્નોને જોઇ રહ્યો.

પ્રભાશંકરનું એ તરફ ધ્યાન ગયું એટલે એમણે કહ્યુંઃ 'કોણ છો બેટા? દયાશંકરનો મનુ કે ?' પેલા કિશોરે કહ્યુંઃ 'હા, દાદા.'

કિશોરના માનવાચક સમ્બોધનથી પ્રોત્સાહન પામીને પ્રભાશંકરે કહ્યુંઃ'ભાઇ, મને જરા આ સોયમાં દોરો પરોવી આપ ને!'

મનુએ કહ્યુંઃ'દાદા, એક શરત. તમારે વાર્તા કહેવી પડશે.'

પ્રભાશંકર હસીને બોલ્યાઃ'વાતો તો તારાં દાદીને કહેતાં આવડતી, હું તો...'

એમને વચ્ચેથી જ અટકાવીને મનુ બોલ્યોઃ'ના દાદા, એમ બહાનું કાઢો તે નહિ ચાલે, દાદીએ તમને તો ઘણી બધી વાતો સંભળાવી હશે. એમાંથી એક તો કહો.'

પ્રભાશંકર હાર્યા. એમણે કહ્યું: વારુ, તું દોરો પરોવી આપ, એટલે વાર્તા કહું.

મનુએ ઝટ દોરો પરોવી આપ્યો. પ્રભાશંકરે પેલો કાપડનો ટુકડો જોડીને જેવા સૂઝે તેવા બખિયા ભરવા માંડયા. મનુ પાસે સરીને કુતૂહલથી વિસ્ફારિત નેત્રે એમની પાસે બેઠો.

પ્રભાશંકરે વાર્તા શરૂ કરી: 'ઘણાં ઘણાં વરસ પહેલાંની વાત છે...'

મનુએ પૂછ્યું:'કેટલાં? સો, બસો...?'

પ્રભાશંકરે કહ્યું:'ના, હજારેક વરસ પહેલાંની વાત છે. ત્યારે એક રાજા હતો. એને એક રાજકુમાર. એનું નામ ચિરાયુ. બાળપણથી જ એ ભારે ફૂટડો. જે એને જુએ તે એના પર વારી જાય. એ મોટો થતો ગયો તેમ વધારે ને વધારે દેખાવડો થતો ગયો. એને જોઇજોઇને રાજા અને રાણીની આંખમાંથી આંસુ વહી જાય...'

મનુએ પૂછ્યું:'એ તે કેવી નવાઇની વાત? આવા રૂપાળા કુંવરને જોઇને ખુશ થવાને બદલે રાજારાણી આંસુ પાડે!'

પ્રભાશંકરે કહ્યું:'હા ભાઇ, એ એવો રૂપાળો હતો તેથી જ એને જોઇને રાજારાણીને એમ થાય કે આવી કંચન સરખી કાયા એક દિવસ તો કરમાઇ જ જશે ને ! આથી એમને દુ:ખ થાય ને આંસુ આવે...'

મનુએ હોંકારો પૂરતાં કહ્યું:'હં, પછી ?'

પ્રભાશંકરે વાત આગળ ચલાવી: 'આમ મહિના વીતતા જાય છે, વરસ વીતતાં જાય છે. રાજકુમાર સોળ વરસનો થયો. વરસગાંઠ આખા રાજમાં ધામધૂમથી ઉજવાઇ. એ જ વખતે રાજાને કાને વાત પહોંચી કે રાજધાનીમાં કોઇ મોટા ચમત્કારી સિદ્ધપુરુષ આવ્યા છે. નગરની બહાર, મોટા વડની છાયામાં, એઓ ધૂણી ધખાવીને બેઠા હતા. રાજા અને રાણી તો એમની પાસે ગયાં. સોનાના થાળમાં ફળ ધરીને કહ્યું:'મહારાજ, અમારી એક ઇચ્છા પૂરી કરશો?'

સિદ્ધપુરુષે પૂછ્યું:'શી ઇચ્છા છે, બોલો?'

રાણી બોલી:'અમારો એકનો એક રાજકુમાર સદા છે તેવો ને તેવો ફૂટડો ને જુવાન રહે એવી અમારી ઇચ્છા છે.'

સિદ્ધપુરુષે કહ્યું:'વારુ, એક વાર બરાબર વિચાર કરી લો.'

રાજાએ કહ્યું:'મહારાજ, અમે તો રાતદિવસ આ જ વાતનું રટણ કરીએ છીએ. અમારે હવે ઝાઝો વિચાર કરવાનો છે જ નહિ.'

સિદ્ધપુરુષે કહ્યું:'વારુ, હું એને માટે એક ચમત્કારી રેશમી વસ્ત્ર આપું છું. તે એણે શરીરથી કદી અળગું નહિ કરવું. એ વસ્ત્ર જ્યાં સુધી એના અંગ પર રહેશે ત્યાં સુધી કાળની એના પર અસર થશે નહિ. એની કાયા સહેજ પણ કરમાશે નહિ.'

રાજા અને રાણી આ સાંભળી હરખથી ઘેલાં થઇ ગયાં. એમણે લળીને સિદ્ધપુરુષની ચરણરજ માથે ચઢાવી.

સિદ્ધપુરુષે પછી કહ્યું:'પણ એક વાત છે. જો તમારા બેમાંથી કોઇને એને વિશે સહેજ સરખો પણ ખરાબ વિચાર આવશે તો એ વસ્ત્રમાં કાણું પડશે. પછી એ મોટું ને મોટું થતું જશે.'

આ સાંભળીને રાજા અને રાણીનાં મોઢાં પર ચિન્તાની છાયા પથરાઇ ગઇ. પછી રાજા બોલ્યા:'અમારા વહાલા દીકરાને માટે અમારા મનમાં ખરાબ વિચાર તો નહિ જ આવે, પણ ન કરે નારાયણ-'

રાણીએ વાત ઉપાડી લઇને કહ્યું:'હા, એવું કશું બને તો એ વસ્ત્ર સાંધી નહિ શકાય?'

સિદ્ધપુરુષે કહ્યું:'સાંધી તો શકાશે, પણ એ ભારે વિકટ કામ છે.'

રાજારાણી એકીસાથે પૂછી ઊઠયાં:'કેમ?'

સિદ્ધપુરુષ બોલ્યા:' એ સાંધવાને જેટલા ટાંકા ભરવા પડે તેટલાં વરસ કોઇ આપી દેવા તૈયાર થાય તો તે એને સાંધી શકે. પણ એમાં વળી એક બીજી શરત છે. એ બધાં વરસો આપનારે એ વરસો દરમિયાન કશું પાપ ન કર્યું હોવું જોઇએ. એ વરસો કશાય કલંક વગરનાં હોવાં જોઇએ.'

આ સાંભળીને રાજારાણી ઘડીભર તો વિચારમાં પડી ગયાં. પણ પછી તરત કહ્યું:' ભલે મહારજ, અમને બધી શરત મંજૂર છે.'

સિદ્ધપુરુષે કહ્યું:'હજુ એક વાર વિચાર કરી લો. જો એના વસ્ત્રમાં છિદ્ર પડશે તો એકસાથે બધાં વીતેલા વરસોની અસર એની કાયા પર થશે; અને જ્યાં સુધી એને સાંધી નહિ લેવાય ત્યાં સુધી એ ધીમે ધીમે ગળતો જ જશે. પણ જ્યાં સુધી એ વસ્ત્ર એના શરીર પર હશે ત્યાં સુધી એ મરશે નહીં.

રાજારાણીને હવે કશું સાંભળવું જ નથી, એમણે તો આતુરતાપૂર્વક એ રેશમી વસ્ત્ર માંગ્યું. સિદ્ધપુરુષે એ વસ્ત્ર એની બરાબર મધ્યમાં સ્વસ્તિક દોરીને આપ્યું. પછી રાજારાણી તો રાજમહેલમાં આવ્યાં. મોટો દરબાર ભર્યો. એ દરબારમાં ભારે દમામથી રાજપુરોહિતોને હાથે રાજકુમારને એ રેશમી વસ્ત્ર પહેરાવવાનો વિધિ થયો.

મનુએ પૂછ્યું:'પછી?'

પ્રભાશંકર બખિયા ભરતા ભરતા બોલ્યા:'પછી તો વરસ પછી વરસ વીતતાં જાય છે, રાજા વૃદ્ધ થયા, રાણી વૃદ્ધ થયાં, પણ ચિરાયુ તો એવો ને એવો ફૂટડો સોળ વરસનો રાજકુમાર જ રહ્યો. ચિરાયુ તો ભારે મોજશોખમાં પડી ગયો. એક રાજકુંવરીને પરણે, ને એ મોટી ઉંમરની થાય એટલે એને છોડી દે ને બીજી રાજકુંવરીને પરણે. આનો કાંઇ પાર જ ન રહ્યો. એક દિવસ રાજા અને રાણી ઝરૂખામાં બેઠાં હતાં. ત્યાં પાસેથી કોઇનું હૈયાફાટ રડવું સંભળાયું. એમણે જોયું તો રાજકુમારે તરછોડેલી રાણી જ રડતી હતી. રાજા એને સમજાવીને છાની રાખવા ગયા ત્યાં એ જીભ કરડીને મરી ગઇ. રાજારાણી આથી બહુ ઉદાસ થઇ ગયાં. આથી એમનાથી બોલાઇ ગયું:'આના કરતાં તો જુવાની નહિ હોય તો સારું.' ને તરત જ પેલા સિદ્ધપુરુષના કહેવા પ્રમાણે થયું. ચિરાયુના રેશમી વસ્ત્રમાં કાણું પડયું, ને કાણું પડતાંની સાથે જ રાજકુમાર એકાએક ફેરવાઇ ગયો. એના શરીર પરની ચામડી ઝૂલી પડી, અને શરીરે પરુ દૂઝતાં ઘારાં ઊભરાઇ ઊઠયાં. એને જોઇને લોકો મોં ફેરવી લઇને નાસવા લાગ્યાં. ચિરાયુ તો પડતો આથડતો રાજારાણી પાસે આવ્યો ને કરગરી પડયો:'મને બચાવો, મને બચાવો.'

રાણીની આંખોમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં. એણે એને ખોળે લીધો ને ફાટેલા રેશમી વસ્ત્રને થીગડું દેવા બેઠી. એ બખિયા ભરે, પણ વસ્ત્ર તો સંધાય જ નહિ. પછી રાજાએ સાંધવાનો પ્રયત્ન કર્યો, પણ વસ્ત્ર સંધાય જ નહિ. રાજારાણી પાપમુક્ત થોડા જ હતાં ! પછી તો રાજાના દરબારીઓએ પ્રયત્ન કર્યો, પણ ફોકટ !

આમ દિવસે દિવસે કાણું તો મોટું થતું ચાલ્યું. એને સાંધવા જેટલાં કલંક વગરનાં વરસ કોની પાસે હોય? રાજા અને રાણી તો કુંવરની આ દશા જોઇને મરણશરણ થયાં. પછી ચિરાયુ તો નીકળી પડયો...'

મનુએ પૂછ્યું:' પણ એણે એ વસ્ત્ર ઉતારીને ફેંકી કેમ ન દીધું ?'

પ્રભાશંકર બોલ્યા:'એને મનમાં એવો લોભ ખરો ને કે કદાચ કોઇ સાંધનાર મળી જાય તો જુવાની પાછી મળી જાય. લોકો કહે છે કે કોઇક વાર રાતના અંધારામાં લથડતે પગલે કોઇ સાવ ખખડી ગયેલો ડોસો ચીંથરેહાલ દશામાં આવીને આંગણે ઊભો રહે ને બોલે છે:'થીંગડું મારી આપશો?' પછી સહેજ રાહ જોઇને ઊભો રહે છે. જવાબ ન મળતાં આખરે ચાલ્યો જાય છે.'

મનુ વિચારમાં પડી ગયો. થોડી વાર સુધી એ કશું બોલ્યો નહિ. પછી કશોક વિચાર આવતાં એની આંખ ચમકી ઊઠી ને એ બોલી ઊઠયો:'દાદા, તમે

તો મોડે સુધી જાગતા ઓટલે બેસી રહો છો. તમને જો એ કોઇ વાર દેખાય તો મને બોલાવજો. આપણે બે મળીને એનું રેશમી વસ્ત્ર ઉતારીને ફેંકી દઇશું. પછી એને રખડવાનું તો મટશે, ખરું ને ?'

પ્રભાશંકરે કહ્યું:'હા.'

મનુ સંતોષ પામીને ઊભો થઇ ચાલ્યો ગયો. એના તરફ જોઇ રહેલા પ્રભાશંકર ઘડીભર સ્થિર થઇને બેસી જ રહ્યા. પછી બખિયો ભરતાં સોય આંગળીના ટેરવામાં ખૂંપી ગઇ, એટલે સોયદોરો કાઢી લઇને ઊભા થયા ને ઘરની અંદરના અંધકારમાં અલોપ થઇ ગયા.

**(સદ્‌ભાવઃ 'સુરેશ જોષીઃ કેટલીક નવલિકાઓ')**

★★★

# વાની મારી કોયલ

**- ચુનીલાલ મડિયા**

ગયે વર્ષે રવા પટેલને બરાબર મનગમતાં બિયારણોનો જોગ ન થઇ શક્યો એટલે હિંમત કરીને ચાર વીઘામાં શેરડીનાં બબ્બે આંખાળા માદળિયાં રોપી દીધેલાં. પરિણામે, સાચા પેટાળની સરવાણીઓવાળી તરકોશીમાંથી પાણી ખેંચી ખેંચીને બે જોડ નાડાંનો સોથ વળી ગયો પણ નોરતાં ઉતરતાં તો ચાર આંગળાના દળવાળા શેરડીના સાંઠા ક્યારામાં ન સમાતાં ત્રાંસા ઢળવા લાગ્યા અને દિવાળી ટાણે તો પડું પડું થતાં એ લેલૂંબ માંડવાઓને ફરતી વાંસળીઓની આડ બાંધવી પડી.

વેપારીઓએ રવા પટેલને બહુ બહુ સમજાવ્યા કે મૂઠીમાં ન સમાય એવી જાડી કાતરીવાળી શેરડીને પીલવી રહેવા દિયો અને કાપીને પડખેના શહેરની શાક માર્કિટમાં વેચી આવો; પણ રવા પટેલે તો છેવટ લગી ચારે ચાર વીઘાંને પીલવાનો જ આગ્રહ રાખ્યો.

શહેરની બજારમાં મળનાર દેખીતો નફો જતો કરીને ઘરાઆંગણે ચાર વીઘાંના વાઢને ચિચોડે પીલવાનો જગન આદરવા પાછળ રવા પટેલના જઇફ, અંધ દાદા નેણશી ભગતની એક અંતરતમ મુગ્ધ એષણા સંતોષવાની નેમ હતી. નેણશી ભગતને રેવા પટેલ સિવાય બીજું કોઇ સંતાન નહોતું અને રવા પટેલની પણ અવસ્થા પાકટ થવા આવી અને ત્રણ ત્રણ ઘર કરી ચૂક્યા તો પણ પહેલાં ઘરવાળાંને પેટે અઘરણીની સંતી અવતરી. એ સંતીને જ સાત ખોટની દીકરી અને દીકરો બધું ગણીને સંતોષ માનવો પડ્યો હતો. નેણશી ભગતની બન્ને આંખોમાં ફૂલા પડ્યા અને શરીર આખામાં બૂઢાપો પ્રવેશી ગયો તો પણ પોતાના એકના એક દીકરા રવાને ઘેરે સંતીનાં ઘોડિયાં-લગ્ન પછી મંગળ અવસર આવી જ નહોતો શક્યો. જે ગામની ભોંય ચૂમીને પોતાની કાયા ઘડાણી છે, અને પરસ્પર સહકારના પાયા ઉપર રચાયેલ સમાજરચનાનાં ડગલે ને પગલે વહોરવા પડતાં અનેક ઋણનું જેના ઉપર ભારણ વધી ગયું હતું, તે સામાજિક ફરજોનો જાગરૂક આદમી, એ ઋણફેડનો પોતાને ત્યાં અવસર નહીં સાંપડતા પોતે એ ઋણ-ભારમાં ગૂંગળાતો હતો. બરાબર ટાંકણે જ રવા પટેલે વાઢ વાવી દીધો અને નેણશી ભગતે આવનાર વૈશાખને સંતીના મોટા આણાના પ્રસંગને ચિચોડો ફરવાના પ્રસંગ સાથે જોડી દીધો અને પુત્રવિહોણા રવા પટેલના ઘેર પુત્રલગ્ન જેટલી ધામધૂમ મંડાણી.

ચાર વીઘાંમાં પથરાયેલ શેરડીનાં લીલાંછમ પાંદડાંના પડથારમાં ઉત્તર-દખ્ખણના વાયરા આવે ત્યારે એકમેકને આલિંગતા ઊભેલા સાંઠાઓના પોપટિયા રંગના સાગરમાં જાણે કે દરિયાઇ મોજાંની લહેરો ઉત્પન્ન થતી. જોનારા આદમીઓની આંખો ઠરતી અને કહેતા: 'ધરતીએ પણ પેટ કાઢ્યું છે ને કાંઇ !'

રવા પટેલે મન મોકળું મૂકીને મહેમાનોને નોતર્યા હતા. કુટુંબના સૌ ભાયાતોના સગાંસાંઇ, વેવાઇ વેલાઓને લોંઠકા જોઇને બબ્બે બળદો સાથે લેતા આવવાનું કહેવરાવ્યું હતું. ચાર બળદ ભેગા જોડે ત્યારે તો માંડ ચશ દીએ એવો તોતિંગ ચિચોડો માંડ્યો હતો. અને એમાંથી બે ધારે વરસતા મીઠામધ રસનો ગોળ રાંધવા માટે અડખેપડખેના પંથકમાં નામખ્યાત બની ચૂકેલ જુવાન ગોવા ગોવાળિયાને ભારે મોટું દનિયું ઠરાવીને બોલાવ્યો હતો.

ગોવામાં માત્ર જુવાનીની રસિકતા અને રંગીલાઇ જ નહોતાં ભર્યાં,પણ સાવ તરુણ વયમાં જ સાધ્ય કરેલ ગોળરાંધણના અનોખા કસબની દીપ્તિ તેના સમગ્ર વ્યક્તિત્વમાં રંગ પૂરી જતી હતી. રસની કડાઇમાં એ ઘડા ભરી ભરીને રેડતો હોય, કે કોઇ વખત ચૂલામાં આંધણ થઇ રહેતાં સૂંડલો ફોફાં ઓરતો હોય, કે ચાકીમાં ઢાળેલો ગોળ અજબ આસાનીથી પાવડી વડે ઉખેડતો હોય, પણ એના એકેએક હલનચલનમાં રહેલી એક અચ્છા પાકશાસ્ત્રીની કસબજન્ય છટા મુગ્ધ કરતી હતી.

બંને આંખે આંધળા નેણશી ભગત શેઢા નજીકના ચાસટિયામાં ફાટ્યોતૂટ્યો ખાટલો ઢાળીને ચોવીસે કલાક રામનામ લેતા પડી રહેતા. તેમને ગામના માણસો કહેતા: ''ભગત, વાઢ તો સોળ આની ઉગ્યો, પણ આવો ગળિયારો ન જડ્યો હોત તો ધાનને ધૂળ કરીને ખાવું પડત.''

''ગળિયારો ઠાવકો જડ્યો છે, એમ કે ?'' ભગત વળતા પૂછતા.

''હા, ઠાવકો તો કેવો, કે ગોળ તમારે રવાદાર મેસૂબનેય ભુલાવે એવો રંધાય છે.''

''સારું સારું ભાઇ, ખાઇને માણસ દુઆ દેશે. ખાઓ, પીઓ ને આનંદ કરો, સીતારામજી! સીતારામજી!''

સંતી બાળપણથી જ ડોસાની સેવાશુશ્રૂષા કરવા ટેવાયેલી હતી. ભગતને પણ એ બાળકીની ચાકરીનું વેરાગી અવસ્થામાંય એવું તો વ્યસન થઇ ગયેલું કે હવે તો સંતીનું મોટું આણું આવવાનું થયું અને સાસરે જવાની થઇ છતાં ભગતને એના વિના માળાનો બેરખો, પગનાં પગરખાં, હાથની લાકડી કે અફીણના અમલની વાડકી શોધવામાં મુશ્કેલી અનુભવવી પડતી હતી.

સંતીને પણ રવા પટેલે દીકરી ન જાણતાં દીકરાની જેમ જ લાડચાગમાં ઉછેરી હોવાથી કોઇ કોઇ વાર એ વધારે પડતી છૂટ લેતી, તો એમાં કોઇ વાંધો ન ઉઠાવતું. તેનાં બાળપણનાં લાલનપાલન જોઇને ગામલોકો કહેતાં કે સંતીને રવો પટેલ હથેળીમાં થૂંકાવે છે ને પડ્યો બોલ ઝીલે છે; પણ અસ્ત્રીની જાતને આવાં લાડચાળા કરીએ તો કોક દી એને જ વસમાં પડે. સંતીને મળતું સ્વાતંત્ર્ય ઘણા માણસોની આંખમાં આવતું અને એમાનું કોઇ વાલશરી બનીને રવા પટેલને એ વિશે અણસારો કરે ત્યારે રવા પટેલ લાપરવાહીથી કહેતા:''સંતી મારી દીકરી નથી, ઇ તો વાની મારી કોયલ છે, કોઇ પૂરભવની લેણાદીણી રહી ગઇ હશે તે મારે ઘેર ઊડી આવે છે. આ કમુરત ઊતરશે ને આણું વાળવા આવશે એટલે મારી કોયલ ઊડી જાશે...''

રવા પટેલ આકાશ તરફ તાકીને છેલ્લા શબ્દો બોલતા ત્યારે કોઇ કોઇ વાર તેમની આંખમાં ઝળઝળિયાં આવી જતાં. પણ બન્યું હતું એવું કે ગામલોકો રવા પટેલના આ વાત્સલ્યની નાજુકાઇ સમજી ન શક્યા અને કેટલાક વરણાગિયા જુવાનિયાઓ જેઓ પોતાની લાયકાત કે બિનલાયકાત જોયા કારવ્યા વગર લાંબા સમયથી સંતીનું સંવનન કરી રહ્યા હતા, તેમણે રવા પટેલના ભોળાભાવે બોલાયેલા ''વાની મારી કોયલ'' શબ્દોમાંથી ''કોયલ'' શબ્દ લીધો અને સંતીના નામ સાથે જોડી દીધો.

ગામના એ જુવાનો કવિતા નહોતા કરતા છતાં, તેમને ન્યાય કરવા ખાતર કહેવું જોઇએ કે તેમણે કરેલા સંતીના આ નામકરણમાં ભરોભાર કાવ્ય ભર્યું હતું. વહેલી પરોઢે ખેતરે જવા નીકળી હોય કે બપોરા ટાણે ભાત લઇને જતી હોય, કે સાંજે માથા ઉપર ભારી મૂકીને પાછી ફરતી હોય, પણ સંતીના પગરવે સીમનું યૌવન જાગી ઉઠતું. અંગેઅંગમાંથી અણબોટ્યું લાવણ્ય નિતારતી એ સુકુમાર દેહલતા આખી સીમના વાતાવરણને તાઝા-બ-તાઝા આહલાદવડે ભરી

મૂકતી. એક ચૈતર મહિને જ્યારે ખેતરે જતા રસ્તા ઉપરના આંબાવાડિયાના આંબા લૂંબઝૂંબ સાખો વડે લચી પડતા હતા અને કોયલોએ બાર બાર મહિનાનાં રખોપા કર્યાં છતાં મોર મોર્યા ટાણે જ દાઢ આવી હોવા બદલ કુ...ઉ...ઉ...કુ...ઉ...ઉ...ના દર્દભરપૂર ફરિયાદ ટહુકા ગાવા માંડ્યા હતા ત્યારે નમતે પહોરે નેણશી ભગત માટે અમલનું અફીણ લેવા નીકળેલ સંતીથી આપમેળે જ ગવાઇ ગયું:

ચેતર ચંપો મોરિયો ને મોર્યાં દાડમ દ્રાખ;
કોયલડી ટહૌકા કરે કાંઇ બેઠી આંબાડાળ.

અને એ આંબાડાળે અવિરત ટહુકતી જતી કોયલડીને પજવવા સંતીએ જ્યારે કુ...ઉ...ઉ. ટહુકો કર્યો ત્યારે એને ખ્યાલ સરખો પણ નહોતો કે પાછળ લપાતોછુપાતો આવતો ગામનો ઊખડેલ ગણાતો આઝાદ છોકરો વીરિયો આ વાત ગામના ખસૂડિયલ કૂતરા સુધી ફેલાવશે અને ગામની રસિકતાએ કરેલું 'કોયલડી' નામકરણ સાચું ઠરશે.

★

ચિરોડો ચાલવા માંડ્યો ત્યારથી ખેતરનું વાતાવરણ દિવસ ને રાત ગહેકતું રહેવા માંડ્યું. ચાર એકઢાળિયાં તો ખેતરમાં હતાં જ, છતાં બીજાં નાના-મોટા પાંચેક માંડવા અને બે છાયડાં ઊભા કરવા પડ્યાં. સારા સારા જાતવંતા બળદની દશેક જોડ ભેગી થઇ હોવાથી ચિચોડો અવિરત ચાલ્યો જતો અને પરોઢિયેથી તે ગોરજ ટાણા સુધી પરવાહ લેવા આવનારાઓનો પ્રવાહ પણ ચિચોડાની જેમ જ ચાલુ રહેતો. નેણશી ભગત મૂળથી જ 'રોટલે પહોળા' તરીકે પંકાતા, તેમાં રવા પટેલના પહોળા હાથ અને મળતિયા સ્વભાવે ફરતા પંથકમાં તેમને 'દુલા રાજા'નું બિરુદ મેળવી આપ્યું હતું. આંખનીય ઓળખાણ વગરનો માણસ રવા પટેલની વાડીએ કોશ ચાલવા ટાણે અમથો ખંખોળિયાં ખાવા આવે તો કોળી ઝીંઝરા કે ડૂંડાનો પોંક કે ખોબો ઓળા કે શેરડીનો સાંઠો ખાધા વિના ભાગ્યે જ પાછો ફરતો. પરિણામે, ચિચોડો ફરવા જેવો મહામૂલો અવસર આવ્યો ત્યારે તો રવા પટેલની વાડી અને ખેતર આલાભાઇના દરબારમાં જ જાણે કે પલટાઇ ગયાં.

માંડવો તો પરવાહ લેવા આવનારાઓથી ખીચોખીચ રહેવા લાગ્યો. રવા પટેલે મહેમાનો માટે તળાઇબંધા ઢોલિયા અને સંખ્યાબંધ ખાટલાઓ પથરાવી મૂકેલા એટલું જ નહીં, પણ સારી એવી સંખ્યામાં સૂડીઓ પણ ભેગી કરી રાખેલી, જેથી મહેમાનોને ભાગે તો શેરડીનાં લઠ્ઠ માદળિયાં ફોલીફોલીને દાંત જ ચલાવવાનું રહે. ફોલી ન શકે એવા માણસો માટે પિસાયેલા સાંઠાનો તાજો રસ પીવા સારુ છાલિયાં અને તાંસળીઓ હાજર હતાં, માથે ભભરાવવા સૂંઠનો ભૂકો તૈયાર હતો. માંડવામાં જ્યારે ચપચપ શેરડીનાં પતીકાં ચવાતાં હોય અને ગટાક ગટાક રસ-છાલિયાં ગટગટાવાતાં હોય ત્યારે જીવતા જીવોનો મેળો જોઇને રવા પટેલની આંખો ઠરતી. આંખે અંધ હોવા છતાં નેણશી ભગત આંખોના કૂવા વડે જાણે કે આખું દૃશ્ય પી અને અનુભવી શકતા અને સૌના વતી પોતે જ તૃપ્તિજન્ય ઉદ્ગારો કાઢતા:"પીઓ મારા બાપ! પીઓ! ધરવ કરીને પીઓ! ધરતીના પેટની આ બધી માયા છે. ધરતીનાં છોરુ એનો ધરવ નહીં કરે તો બીજું કોણ કરશે? ધરતીને ધવાય એટલું ધાવી લ્યો; કોને ખબર છે કાલની ?"

આમ કહી ભગત જમણા હાથની એ આંગળીઓ સૂંઘી જોતા અને સમસ્ત વાતાવરણની સ્વસ્થતા પારખી, એવી ખાતરી કરીને ફરી હાથમાંનો બેરખો ફેરવવા માંડતા.

કેટલાક ભાવિકો ભગતને સાચક માણસ ગણતા. તેઓ સંસારમાં હોવા છતાં સાધુ જેવા રહેતા હોવાથી ઘણાં માણસોને તેમની સાચકતામાં શ્રદ્ધા બેઠેલી. આંખો ગઇ હોવા છતાં આંગળી સૂંઘીને માણસ પારખી કાઢવાની ભગતની આવડતે ઘણા નાસ્તિકોને પણ મુગ્ધ કરેલા.

ઓણ સાલ ઉનાળામાં જેવાં આકરાં દનિયાં તપ્યાં હતાં એવી જ અનરાધાર વરસાદની હેલીઓ પડી અને આ શિયાળામાં પણ માણસને થીજવીને ઠૂંઠવું કરી મૂકે એવાં સખત હિમ પડ્યાં, પણ રવા પટેલનાં ખેતરવાડી ધમધોકાર પ્રવૃત્તિની ગરમીથી એવાં તો હૂંફાળાં રહેતાં કે મકરસંક્રાતિના કાંધા ઠારવા સારુ પડેલા હિમને પણ કોઇએ ગણકાર્યું નહીં.

સંતીનું આણું વાળવા માટે એનાં સાસરિયાંઓ ખાસ્સાં વીસ માણસોની ઢગ લઇને આવ્યા હતાં એટલે ખાસ કામ સિવાય સંતીનો ખેતરે આવરોજાવરો ઓછો થઇ ગયો હતો- સિવાય કે ભગતની વાડકીમાં અફીણ થઇ રહ્યું હોય અને એ આપવા આવવું પડે, અથવા તો સાંજે વાળુ મોડાં થયાં હોય અને સાથી વહેલો ચાલ્યો ગયો હોય. થોડા દિવસ પછી થનાર પિતૃગૃહના ત્યાગનો શોક અને શ્વશુરગૃહનાં મિલનના હર્ષની મિશ્રિત લાગણીઓના પ્રવાહમાં સંતી સેલારા લઇ રહી હતી.

આજે રવા પટેલે કથા બેસાડવાની હોવાથી રાતે ચિચોડો બંધ રાખવાનું નક્કી કર્યું હતું.

છેક સાંજે ભગતને ખબર પડી કે આજે અમલ મંગાવવાનું રહી ગયું છે, એટલે તેમણે એક દહાડિયા સાથે કહેવરાવ્યું. સંધ્યાટાણે સંતી ડોસાને અફીણ આપવા આવી ત્યારે ચિચોડો બંધ થવાની તૈયારીમાં હતો પણ એક ક્યારાના અર્ધા ભાગના સાંઠા વઢાઇ ગયા હતા અને અર્ધા બાકી રહ્યા હતા, એટલે આમેય મોડું અને આમેય મોડું ગણી એ ક્યારો પૂરો કરવાનું જ નક્કી થયું અને દહાડિયાઓએ કામમાં ઝપટ કરવા માંડી. એક તરફથી ક્યારામાંથી ફડાફડ સાંઠા વઢાયે જતા હતા. બીજે ઠેકાણે વઢાઇ રહેલા ઢગલામાંથી આગળાં પૂછડાં કપાતાં જતાં. આ, ત્રીજી જગ્યાએ તૈયાર થયેલા કાતળાઓને મોગરી વડે ટીપી ટીપીને પોચા પાતળા ચિચોડામાં સહેલાઇથી પેસી શકે એવા બનાવવામાં આવતા હતા. સંતી પણ ઝટ દેતીકને ઘાઘરો સંકોરી, સાંઠા ટીપવા બેસી ગઇ.

સાથે કામ કરતી એક મજૂરણ સહિયરે સંતીને પૂછ્યું:

"કાં સંતીબહેન, આજે તો કાંઇ કોરો કડકડતો ઘાઘરો પહેર્યો છે !"

હરખઘેલી સંતીએ ખુલાસારૂપે કાંઇ બોલવાને બદલે આદત પ્રમાણે ગાવાનું જ ઉચિત ગણ્યું:

ફૂલ ફગરનો ઘાઘરો સિવડાવ્યો શુક્રવાર,
પહેર્યો ને વળી પહેરીશું કાંઇ સાસરને દરબાર
કે આણાં આવ્યાં રે મોરાં રે.

અજબ માર્દવભર્યા લહેકા સાથે ગવાયેલી આ લીટીઓએ પડખેના માંડવામાં ચૂલ ઉપરથી કડાઇ ઉતારીને ચોકીમાં ઠાલવતા ગોવા ગળિયારાના કાનને ચમકાવ્યા. ઉભડક થઇને એણે સંતી તરફ જોયું. તાજગીભર્યા લાલચટક મોં ઉપર, સામી પીંપળમાંથી ચળાઇને આવતાં છેલ્લાં સૂર્યકિરણો ચકચક થતાં હતાં. ગોવા જેવા રસિયા જુવાન માટે તે દશ્ય અસહ્ય હતું. તેણે પણ એવી જ હલકથી ગાવા માંડ્યું:

મારા વાડામાં ગલ છોડવો કોયલડી રંગભીની !
ઇ તો ફાલ્યો લચકાલોળ કોયલડી રંગભીની !

સામી પાર સૂરજે ડૂબકી મારી ત્યારે ફુલ્લઝપટ દહાડિયાં ચાલ્યાં ગયાં હતાં. ગોવો હાથમાં પાવડી લઇને ગોળને ચોકીમાં પાથરતો હતો.

સંતીના દિમાગમાં 'કોયલડી રંગભીની'લીટીઓ રમતી હતી. વાતાવરણમાં આથમતી સંધ્યાની માદક ઉત્તેજના હતી. એ માદકતાથી પ્રેરાઇને જ સંતી તરકોશી પડથાર થઇ ઊભી અને હોઠે આવેલું ગીત ગાવા માંડ્યું:

ફૂવાને કાંઠે ઉગ્યો કેવડો, ગળિયારા !
કેવડો મહરકે મીઠો, ગળિયારા !
કેવડો લળી લળી જાય રે, ગળિયારા !

ગોવાના હાથમાં પાવડી થંભી ગઇ. દૂર દૂરનું ઘર, જુવાન પરણેતર બધું યાદ આવી ગયું અને બદલામાં, આ પારકું ગામ, પારકાં ખેતર-વાડી, પારકા આદમી એ બધું ઘડીભર ભુલાઇ ગયું. લાગણીઓને એણે બેલગામ છૂટી મૂકીઃ

રંગભીની રે! અમે પરદેશી પોપટા,
રંગભીની રે ! તમે ઢળકતાં ઢેલડી,
રંગભીની રે ! અમે કળાયેલ મોરલા,
રંગભીની રે ! તમે છો સરવર-નીર.
રંગભીની રે ! અમે પરદેશી પંખીડાં,
રંગભીની રે ! પંખીડાંની ન્હોય પ્રીત,
રંગભીની રે ! પંખીડાં ઊડી ઊડી જાય,
ર□ગભીની રે ! ઊડે એના ન્હોય ઓરતા.

દૂર શેઢા નજીક ખાટલામાં પડેલા ભગતે સંતી માટે ઉપરાઉપર બે-ત્રણ બૂમો મારી. જવાબ ન મળવાથી તેઓ અસ્વસ્થ થયા અને આદત પ્રમાણે આંગળીઓ સૂંઘવા માંડી.

સંતી ડોસાનો અવાજ સાંભળી શકે એટલી નજીક નહોતી અને નજીક હોત તોપણ ગીતો ગાયા આડે કશું સાંભળવાની એને ક્યાં નવરાશ હતી?

ચાસટિયે ચડીને રે મેં ટોયાં પંખીડાં,
ગંઠેલ ગોફણિયે રે મેં ટોયાં પંખીડાં.

ગાતાં ગાતાં જ સંતી ગોવાના માંડવા નજીક પહોંચી ગઇ હતી.

ગોવો તો થોડી વાર પહેલાં છેલ્લાં સૂરજ-કિરણોને ગુલાલ છાંટી મૂકેલ ઘાટીલા ફૂલગુલાબી મોંની તંદ્રામાં ઊભો હતો.

પછવાડે બૂંગણનો છેડો ઊંચો કરીને સંતીએ ટહુકો કર્યો:

''એકલા એકલા જ ગોળ રાંધો છો ને ? એકલપેટા !''

ગોવાએ પાછળ જોયું. એને ક્ષોભ થયો. શું બોલવું એ જ ન સમજાયું. અટાણે બાધા જ મજૂર, દહાડિયા, સાથી વગેરે વાળુ કરવા ચાલ્યા ગયા હતા. ઘડી વાર પહેલાં માણસોથી ખદબદતું ખેતર અટાણે ખાલીખમ્મ લાગતું હતું. માત્ર શેઢા તરફથી ભગતની ઉધરસનો અવાજ આવતો હતો. ગોવાએ વિનય ખાતર પણ મર્મભર્યો ઉત્તર આપ્યોઃ

''એકલ માણસ તો એકલપટો જ હોય ને ? એ બીજું પેટ ક્યાંથી કાઢે ?''

સાંભળીને સંતી એવી તો શરમાઇ ગઇ કે આ અજાણ્યા આદમી પાસેથી દોડીને દૂર ખાટલો ઢાળીને પડેલા દાદા પાસે પહોંચી જવાનું મન થઇ આવ્યું. તેની ગભરુ છાતીમાં ફડક ફડક ફડકા થવા લાગ્યા. પવનપાંખે ઊડતું હરણબચ્ચું ઓચિંતું જ સામે શિકારને જોતાં ફફડી ઊઠે એમ ગોવાની હાજરીમાં સંતી ફફડી ઊઠી. આ જગ્યાએથી ઝટ ઝટ ચાલ્યા જવા માટે એ ઘાઘરો સંકોરીને ચૂલ ઉપર ઊકળતી કઢાઇ અને નજીક ઊભેલા ગોવાની વચ્ચેથી ક્ષોભ અને સંકોચસહ પસાર થવા ગઇ ત્યારે વાંભ એકનો લાંબો તવીથો લઇને ઊભેલા ગોવાનો હાથ સંતીની ખુલ્લી કેડ સાથે ભટકાયો અને સંતી ધ્રૂજી ઊઠી. એ ફફડાટ અને ધ્રુજારી ઓછી કરવા, સામી ચાકીમાં ઠરતા ગોળ તરફ જોઇને, જાણે કે બોલવા ખાતર જ બોલીઃ ''ગોળ તો રૂપાળો સોનાની વીંટી જેવો રાંધ્યો છે ને !''

ખેતરમાં સંધ્યા આથમ્યા પછી સામી દિશાએથી દોડી આવેલ ચંદ્રનો આછો ઉજાસ સંતીનાં ખુલ્લા હાથ-મોં ઉપર રમતો હતો.

ગોવાએ તેના કેફમાં જ કહ્યું:''ખાનારાં ક્યાં ઓછા રૂપાળાં છે, તી ગોળ રૂપાળો ન રંધાય !''

વીજળીનો આંચકો - ધક્કો લાગ્યો હોય એમ સંતી ચાર તસુ પાછળ હઠી ગઇ. એક ભયજન્ય, તીવ્ર ધ્રૂજ એના પેટ સોંસરવી પસાર થઇ ગઇ. ગોવાના શબ્દો સાંભળીને સ્વાભાવિક રીતે જ, સંતીએ પોતાના હાથના કાંડાથી કોણી લગી છૂંદેલાં છૂંદણાં ઉપર એક કૌતુકભરી નજર ફેરવી.

''છૂંદણાંમાં શેનાં શેનાં ચિત્તર ચિતરાવ્યાં છે !' ગોવાએ એ હાથ ઉપર નજર ઠેરવીની પૂછ્યું.

આવો સ્વાભાવિક પ્રશ્ન સાંભળતાં સંતીના પેટનો ફફડાટ, ગભરામણ બધું શમી ગયું અને તેણે ભોળે ભાવે જ જવાબ આપ્યો:''ઇ તો હું નાની હતી તંયે ચાર જણાંએ થઇને મંને પરાણે પકડી રાખીને કૂંજડીનું ચિત્તર ત્રોફાવ્યું'તું. ત્રોફવાવાળી વાઘરણ એના ભાલા જેવા અણિયાળા સોયા મજીઠમાં બોળીબોળીને એવા તો સળ સળ ખૂંચાડતી'તી !'' એટલું કહેતાં તો સંતીના મોંમાંથી આછી સિસકારી નીકળી ગઇ.

ગોવાએ થોડું સામીપ્ય અનુભવતાં કહ્યું:''સોયની અણીય ન ખમી શકે એવી પોચી પારેવડી ક્યાંથી થઇ ?''

સંતીએ ખુલ્લા દિલે કહ્યું:''હા બાપુ, હું તો ઘરથી જ એવી પોચી પારેવડી જેવી રહી છું. ત્રોફવાવાળી સબોસબ સોય ભોંકયે જાતી'તી, પણ હું તો જોર કરીને મારી આંખ્યું બીડી ગઇ. પછી મારા હાથપગ છોડયા તંયે આંખ્યું ઉઘાડીને જોયું તો આખા હાથ ઉપર લોહીના ટશિયા ફૂટી આવ્યા'તા. હાથ ઘંહીને લોહી લૂઇ નાખ્યું તો અંદર મજાની નાનકડી કૂંજડી બેઠી'તી !''

સંતી ગોવાની નજીક ગઇ, હાથ લંબાવીને છૂંદણાનું ચિત્ર બતાવ્યું.

ગોવાએ કુતૂહલથી એ હાથ નજીક ખેંચીને ચાંદાના અજવાળિયે છૂંદણાનું ચિત્ર જોયું.

મકરસંક્રાંતની ટાઢનો થીજવી નાખતો ઠાર વરસવો શરૂ થઇ ગયો હતો. હજી હમણાં જ ચાંદો ઊગ્યો હોવા છતાં , શિયાળુ રાતની લંબાઇને લીધે મધરાત જેવો સોપો પડી ગયો હોય એવું વાતાવરણ હતું.

ગોવો પોતાના હાથના પોંચા ઉપર ત્રોફેલ ત્રાંજવા સંતીને બતાવતો હતો.

ભગતનો અમલ લેવાનો સમય વીતી ગયો હોવાથી એમની નસો તૂટતી હતી. માથું ફરતું હતું. સંતીને ઉપરાઉપરી સાદ દેવા છતાં કોઇ સાંભળતું ન હતું. શેઢાના રખોલિયાઓ તો મોડે મોડે રાત ભાંગ્યા પછી જ આવતા; પણ ખેતરમાં કાયમી વાસો રહેનારા વસવાતીઓય હજી વાળુપાણીથી પરવારીને આવ્યા ન હતા. ભગતને સંતી વિશે ભય લાગ્યો અને તેમણે બંને આંગળીઓ નાકે મૂકી, આખા વાતાવરણનો તાગ લેવા માંડયો.

રવા પટેલને ત્યાં છેક સાંજે લાપસી ભરડવા માંડેલી એટલે એ રંધાતાં વાળુને બહુ વાર લાગી; તેમાં વળી, આણાની ઢગનાં જાડાં જણ જમાડવાના હોવાથી, મહેમાનોને ચળુ કર્યા કેડે ઘરના માણસો અને એમના જમી ઊઠયા પછી વેવાઇના ગાડાખેડુઓ, સાથી, વસવાતી વગેરેને પીરસતાં તો બહુ મોડું થઇ ગયું.

ગોરે કહ્યું હતું કે આણું વળાવવા માટે પરોઢિયે જ એક ચોઘડિયું સારું છે, એટલે રવા પટેલ વેવાઇનાં ગાડાંગડેરાં અને ઢાંઢાઓને સાબદાં કરતા હતા. પરોઢે થનાર પુત્રીવિયોગની ગ્લાનિ તેમના મોં પર ઉપર ફરી વળી હતી. ઢગવાળાઓ જમીકારવીને ફળિયામાં તેમને માટે બબ્બે ઘડકી નાખીને ઢાળેલ ખાટલાઓમાં જરા આડા પડખે થયા હતા.

ઘરમાં અટાણે સંતીનાં આણાનાં કપડાં સંકેલાતાં હતાં. એક ખાસ, મોંઘાપાડું ઓઢણું હજી નહોતું સંકેલ્યું, કારણ કે સંતીની બહેનપણીઓએ સૂચવ્યું હતું કે પરોઢિયે ગાડે બેસાડતી વખતે એ પહેરવું. ઓચિંતી જ એક સહિયરે સંતીની પૃચ્છા કરી અને ત્યારે જ ખેતરના વસવાતીએ કહ્યું કે, સંતીબહેન તો ભગતને અમલ આપવા ખેતરે ગયાં છે.

સાંભળીને ઘરના માણસોને પહેલાં તો જરા અચંબો ઊપજ્યો. પણ

રવા પટેલે એનો જરૂરી ઘટસ્ફોટ કર્યો:''સંતીને ઘરમાં સહુ માણસ કરતાં આતાનો હેડો વધારે છે. આજ બિચારી પેટ ભરીને ડોસાને મળી હશે. કાલ આવા ટાણે તો કોને ખબર છે, મારી કોયલ ઊડીને ક્યાંની ક્યાં પહોંચી હશે...ઇ તો વાની મારી કોયલ છે.''

આ સાંભળીને સંતીની જુવાન સહિયરો સામસામા જોઇને છૂપું હસી પડી. એક જણીએ તો રવા પટેલ સુધ્ધાં સાંભળે એવી રીતે કહી પણ નાંખ્યું:'' કાલે આવા ટાણે તો બેન'બા એ...મજાનાં...તમે તો કોઇ યાદેય નહીં આવતાં હો ત્યાં...''

રવા પટેલે વાતનો વિષય બદલીને ખેતરે વાસો રહેવાવાળાને ખેતરે મોકલ્યો અને ઝટઝટ સંતીને ઘેરે મોકલવાનું કહ્યું.

વસવાતી રોજના નિયમ મુજબ ગોવા માટે વાળુ લઇને ખેતરે જવા નીકળ્યો છે.

નીતરતી ચાંદનીમાં અટાણે આખું ખેતર પ્રશાંત લાગતું હતું. સંતી માટે બૂમો મારવા છતાં કે જવાબ ન મળવાથી ભગત પણ મૂંગા થઇ બંને આંગળીઓ વારાફરતી નાકે મૂક્યે જતા હતા. સમી સાંજે કલબલાટ કરતાં પંખીઓ અટાણે ચૂપચૂપ માળામાં પેસી ગયાં હતાં. સાંજે મરચીને પાણી પાઇ રહ્યા પછી તરકોશીના થાળા ઉપર નીંગળવા મૂકેલો કોશ પણ હવે નીતરી રહ્યો હતો. અને વાવમાં પડતાં ટપાક ટપાક ટીપાંનો અવાજેય બંધ થયો હતો. રતાંધળાં છીપાં પણ તરકોશીના બે માથોડા ઊંડા બંધાણનાં બાકોરાંઓમાં એકમેક સાથે ગોઠવાઇને બેસી ગયાં હતાં. માત્ર વાવનાં જ નહીં પણ જાણે એ આખાં ખેતરવાડીનાં જળ જંપી ગયાં હતાં.

ઉગમણે ખોડીબારે, કોઇએ ખોંખારો ખાધો અને પછી પગરવ સંભળાયો ત્યારે સંતી સફાળી ઊભી થઇને ભગત પાસે જવા દોડી. હવે જ તેને ઓસાણ આવ્યું કે પોતે જે વસ્તુ આપવા સારુ અહીં આવી હતી એ અફીણનો ગાંગડો તો પોતાના કમખા વચ્ચે જ રહી ગયો છે ! ઝટપટ તેણે એ પડીકું બહાર કાઢીને ભગતની અમલની વાડકીમાં મૂક્યું અને એ આપવા સારુ નજીક ગઇ.

અંધ ભગતને આજે સંતીમાં કંઇક ફેરફાર થયો લાગ્યો. નવપલ્લવિત બટમોગરાની કળીશી તેની અણબોટી દેહલતામાંથી કોરી ધરતી ઉપર વર્ષાછાંટ થયા પછીનો આછોપાછો મીઠો પમરાટ મહેકવાને બદલે ભગતને પહેલી જ વાર પરસેવાની ખાટી વાસ આવી.

તેમણે ફરી આંગળીઓ નાકે મૂકી. વસ્તુસ્થિતિનો તાગ લેવા કરી જોયું.

અપરાધીનો અપરાધ ખુલ્લો પડતાં એને જે જાતની ભોઠામણ, પશ્ચાત્તાપ અને ગભરાટ થાય એવી જ ભોઠમણ,પશ્ચાતાપ અને ગભરાટ અત્યારે સંતી અનુભવતી રહી. યંત્રવત જ એ ડગલું પાછળ હટી ગઇ.

ભગતે અફીણ લેવા હાથ લંબાવ્યો પણ ત્યાં સંતી નહોતી. તેમણે ફરી આંગળીઓ નાકનાં ફોળણાં ઉપર મૂકી.

સંતીનો ગભરાટ અનેકગણો વધી પડયો. તેનું પેટ ચૂંથાવા લાગ્યું. ડોસાની હાજરીમાં એ નાસીપાસ થઇ ગઇ.

ભગતે જરા આગળ વધીને અફીણ માટે હાથ લંબાવ્યો. પણ સંતી વધારે પાછળ હટી, ભગતને આજે કંઇ સમજ નહોતી પડતી. તેમણે આંગળીઓ સૂંઘવા માંડી.

સંતીને માટે એ અસહ્ય હતું. તેણે ખાટલાના પાયા નજીક પડેલી ભાંભલીમાંથી થોડું પાણી કાઢયું અને અફીણનો ગાંગડો એમાં પલાળી દીધો.

થોડી વારે ભગતે પૂછયું:''સંતી, બેટા અમલ લાવી છો ને ?''

સંતીની આંખોમાં એક ન સમજાય એવી ચમક આવી અને ચાલી ગઇ. એને જીવનનો રસ્તો સૂઝી ગયો. તેણે હિંમતપૂર્વક જવાબ આપ્યો:''આતા, અફીણ લઇ આવવાનું તો હું સાવ ભૂલી જ ગઇ છું.''

આટલું કહીને દૂર ઊભાં ઊભાં જ, ઓગળેલા અફીણની વાડકી હોઠે મૂકીને ગટગટાવી ગઇ, અને એક અક્ષરેય બોલ્યા વિના ખાલી વાડકીનો ઘા કરી, ઝટપટ ઘર તરફ ચાલી ગઇ

વળતે દિવસે ગામલોકોને એક નહીં , બે નહીં, પણ ત્રણ ત્રણ આશ્ચર્યો અનુભવવાં પડયાં.

પરોઢને શુભ ચોઘડિયે રવા પટેલની સંતી આણાનું ઓઢણું ઓઢીને ઝૂલાળા બળદ જોડેલા માફાળા ગાડામાં બેસીને પાદરમાંથી નીકળશે એમ સૌએ ધાર્યું હતું; તેને બદલે ચાર આદમીઓને ખંધોલે ઊંચકાઇને,આણાના ઓઢણામાં વીંટળાયેલો સંતીનો મૃતદેહ નનામીરૂપે નીકળ્યો અને પાદરમાંથી ઓતરાદે શેઢે પ્રસ્થાન કરવાને બદલે આથમણી દિશામાં સ્મશાન ભણી વળ્યો.

રોંઢાટાણે સીમમાંથી પાછી ફરતી ભથવારીઓએ આવીને વાતો કરી કે અંધ નેણશી ભગતના તો કોક અવળે ચોઘડિયે રથ ફરી ગયા છે. રાત આખી ઊંઘ્યા જ નથી ને બોખલું ફાડીને ખિ ખિ ખિ કરે છે. ઇન્દ્રલોકની ને અપ્સરાની ને દેવદેવીઓની વાતો કર્યા કરે છે. પડખેના ખેતરના વસવાતીઓ ભગતને મોંએ સંતીનો ખરખરો કરવા ગયા ત્યારે ભગતે પોતાના ફરી બેઠેલા રથના તોરમાં જ વાત કરી કે,''આ મૃત્યુલોકમાં ઇન્દ્રરાજાની અપ્સરા જોગણીઓને ભેગી લઇને ક્રીડા કરવા ઊતરી. કંકુની પૂતળી જેવી અપ્સરાનું તેજતેજના અંબાર જેવું રૂપ જોઇને આ મનખા દેહવાળો કોઇ માનવી અંધો બનીને ભૂલથી એના છેડાને અડી ગયો. ને એના અડતાવેંત જ ઇ કંકુની પૂતળી રાખની ઢગલી થઇને છૂટી પડી! ખિ: ખિ: ખિ: સાવ ધોળી રાખ. ભભૂત જ જોઇ લ્યો ! મસાણમાં ચેહ બળી રહ્યા પછી મડાનાં ફૂલવાળી રાખ જ જોઇ લ્યો ! હે! હે ! હે! સાવ,રોગી રાખ જ !''

જાણકાર માણસોએ ભગતની આ લવરી સાંભળીને ચુકાદો આપ્યો કે સંધ્યાના રથ ફરવા નીકળ્યા હશી એ વેળા ડોસાનો ઓશીકાફેર થઇ ગયો લાગે છે.

આ બીજા કૌતુકમાંથી ગામલોકો હજી પૂરો છૂટકારો મેળવે એ પહેલાં તો ત્રીજા સમાચાર તૈયાર જ હતા કે ગોવા ગળિયારાનો ક્યાંય પત્તો નથી !

**(સદ્ભાવ: 'ગુજરાતી વાર્તાઓ')**

★★★

# શંકા

**– ભગવતીકુમાર શર્મા**

બસે સુરતનું સ્ટેન્ડ છોડયું ને થોડી વારે ઓચ્છવલાલને પહેલવહેલી સનસા થઇ. 'ના, રે, એવું કાંઇ નથી' એમ વિચારી તેમણે આખી વાતને ભૂલી જવાનો પ્રયત્ન કર્યો. થોડોક સમય એમ ને એમ પસાર થયો. દીવાસળીની ન તોડેલી પેટીની જેમ બસ માણસોથી ઠાંસોઠાંસ ભરેલી હતી. ઓચ્છવલાલ ઊભા રહ્યા હતા એમ માનવા જઇએ તો તેઓ બેઠા હતા એવું કહેવું પડે અને વાઇસે વર્સા ! ઊભડક બધું જ હતું. બીજા ઉતારુઓ અને એમના સામાનના હડદોલાઓ એમને સતત વાગતા હતા. 'સાલી આ તે બસની મુસાફરી છે કે જિંદગી?' એવું આછું આછું તેઓ બબડયા. ઉનાળાની બપોર હતી એટલે બસની બારીઓમાંથી એમના નિસાસાઓ જેવી લૂ ફૂંકાતી હતી. સહયાત્રીઓનાં શરીરના પરસેવાની ખાટી ગંધથી એમનાં નસકોરાં ભરાઇ ગયાં હતાં– પોતે જાણે કીડા બની ઊભરાતી

ગટરવાળી ગલીમાંથી પસાર થઇ રહ્યા હોય એમ તેમને લાગ્યું.

ફરી વાર એમને શંકા થઇ. આ વખતે એનું દબાણ પારખી શકાય એટલું હતું. પછી લાગલું યાદ આવ્યું કે ઘેરથી નીકળતી વખતે તેઓ ચોકડીએ ફેરો મારી આવવાનું સદંતર ભૂલી જ ગયા હતા! આમ તો એમને ટેવ હતી- ઘરમાંથી બહાર પગ મૂકતાં પહેલાં, શંકા ન થઇ હોય તો યે, ચોકડીમાં જઇ આવવાની. એમાં ક્યારે ય ચૂક ન થતી; આજે થઇ. બધ્ધો વાંક વિમળીનો. પત્નીનું નામ હતું તો વિમળા. રંગમાં આવીને એ પોતાને ક્યારેક 'વિમલ' કહેવડાવવાનું યે પસંદ કરતી, પણ ઓચ્છવલાલ પ્રત્યેક સંદર્ભમાં તેનો 'વિમળી' તરીકે જ વિચાર કરતા. પરણેતનાં આ બાવીસ વર્ષમાં નામ દઇને તો એને ક્યારે ય બોલાવી ન હતી. કાગળપત્તર વળી કેવા લખવાના? સુડતાળીસના પોતે, આડત્રીસની વિમળી; અરે, દીકરો અજય વીસનો તો થયો; અમદાવાદની કૉલેજમાં ભણતો હતો. તેના પછી બે છોકરીઓ હતી. એમનાં નામ કે ઉમ્મર યાદ રાખવાની ઓચ્છવલાલે ક્યારે ય પરવા કરી ન હતી; વિમળી જાણે ને એની છોકરીઓ જાણે. અજયની વાત અલગ હતી.

હવે ઓચ્છવલાલની શંકા બળવત્તર બનવા માંડી હતી. વાંક પોતાનો જ હતો. શા માટે ચોકડીમાં બેસી ન આવ્યા? દોઢ મિનિટનું કામ હતું. ઉતાવળ હતી તેથી શું થઇ ગયું? બસનો વખત થવા આવ્યો હતો એ ય સાચું. ઘેરથી નીકળતી વખતે વિમળીએ તાયફો ય કાંઇ ઓછો નહોતો કર્યો, છતાં પોતાને સરત રહી હોત તો...પણ સાળુ, આ તો આખું કોળું દાળમાં ગયું! બસસ્ટૅન્ડ પર તો તેઓ આવ્યા ને બસ મુકાઇ. પછી તો પડે એના કકડા. બસમાં પ્રવેશ્યા ત્યારે થોડીક વાર એમ લાગ્યું કે પોતાના શરીરના બધા ભાગો છૂટા પડી ગયા હતા. જૂની, તેલ પીધેલી ટોપી ચગદાઇ ગઇ હતી. ધોતિયાને ઝેડકો ગયો હતો, ચંપલની પટી તૂટી હતી. તો યે છેવટે તેઓ અમદાવાદ જતી બસમાં પગ મૂકી શક્યા હતા અને એ બસ એમને પોતાના અજય પાસે લઇ જઇ રહી હતી એ વિચારે એમને ચારે કોરની પરેશાની વચ્ચે પણ આશ્વાસન મળતું હતું. છેલ્લા કેટલાય દિવસથી એમનું મન અજયમાં હતું; મળું ? ન મળું ? મળીને શું કરું ? શું કહું ? જે કહેવું છે તે કહી જ દઉં ? કહેવા જેવું છે ખરું? કે પછી અમસ્તો જ મળી આવું? છેલ્લા છ મહિનાથી એનું મોઢું જોયું ન હતું તે જોઇ આવું?

'મારો સાળો આ વેશ ખરો થયો!' એવું મનોમન બબડી ઓચ્છવલાલે હાથ વડે પોતાનું ધોતિયું સહેજ દબાવ્યું. કંઇક રાહત જેવું લાગ્યું- ન લાગ્યું ત્યાં શંકાનું જોર વધી ગયું.'તારું નખોદ જાય વિમળી!' એમ સ્વગત બબડ્યા. પોતે ઘેરથી નીકળ્યા તે વખતનું દશ્ય, કિટ્સન લાઇટને સહારે ભજવાતી રેઢિયાળ ભવાઇના દાખડાની જેમ, કડવો સ્વાદ ફેલાવતું એમના મનમાં ઉપસી આવ્યું. વિમળીએ એક તો ખાવાનું ધૂળ જેવું બનાવેલું- સારું રાંધે છે જ ક્યારે? રાંધતી હશે એનો કોક સગલો આવતો હશે ત્યારે. અહીં તો થાળીમાં સવાર-સાંજ ગોતાબાફણું જ નીર્યું છે! લૂસ લૂસ ખાધું, ઉપરથી બે લોટા પાણી ઢીંચ્યું, મનમાં હતું: ભાણેથી ઊઠું કે જાઉં સીધો ચોકડીમાં, ત્યાં તો કભારજાએ તાયફો કર્યો, પૂછે:'ક્યાં ટળો  છો ?' 'તારા બાપને ઘેર!' કે 'મસાણમાં!' એવો જવાબ જીભને ટેરવે સળવળી ઊઠ્યો, પણ એને કહ્યું તો આટલું જ :'અંદાવાદ.' લેવા માંડ્યાં છાજિયાં એણે મારા નામનાં. 'શું દાટ્યું છે ત્યાં? કરજો બાપ-દીકરો મારા નામની થાય એટલી ખોદણી ! કઇ તમારી સગલીને તાં-' અરે, કમજાત. સગલો તો તારો પેલો ચંદુડિયો-ઓચ્છવલાલને જીભ કચરવાનું મન થયું. પોતાની સગી ઘરવાળી વિષે આવું વિચારતાં- થયું કે લાવ, આ જ બસનાં પૈડાં હેઠળ કચરાઇ મરું, પણ પછી એ જ મનમાંથી અવાજોનાં ગૂંચળેગૂંચળા ફેંકાયાં:'હા, ચંદુડિયો! સાડી સત્તર વાર !...' પણ થોડીક પળોમાં જ તેઓ વળી ઢીલા પડી ગયા. પોતે ક્યાં ક્યારે ય કશું નજરોનજર જોયું હતું? તેઓ તો બહારના બહાર જ હોય. કદીક ઘેર આવે ત્યારે બહુ બહુ તો બારણાં બંધ જોવા મળે- અંદરથી ન જોયું હોય એથી શું થઇ ગયું? વળી સવાલ સબાકાની જેમ ઉઠ્યો. હવામાં ગંધ આવે ગંધ ! પારકા પરસેવાની ખાટી ચૈડ ગંધ!- આ હમણાં નથી આવતી?

'આ તો સાલી ખરેખરી ઉપાધિ થઇ!' એમ બબડી ઓચ્છવલાલે બે પગની આંટી લગાવી. રાહત અનુભવાઇ કે નહિ તેનોય તેમને બરાબર ખ્યાલ ન આવી શક્યો, એટલે આંટીને એમણે સખત કરી.'બધી સાલી આ જ મોંકાણ છે ને!' વળી તેઓ પોતાના જોગું બણબણ્યા, જેમ તેમ કરીને તેઓ ઊભા થયા. આસપાસ જોયું. માણસોનાં શરીર અને સામાન સિવાય લગભગ કશું ન દેખાયું. ધોતિયા પર હાથ દબાવી વધારે અગવડભરી રીતે બેસી ગયા. 'શું છે કાકા?' પાસે ઊભેલા એક જુવાનિયાએ બીડીનાં ધુમાડા કાઢતાં રમૂજભર્યા સ્વરે પૂછ્યું.'આ બસ હવે ક્યાં ઊભી રહેશે?' એમણે પૃચ્છા કરી.'વદોદરા. કંઇ કામ છે?' જુવાનના સ્વરમાંની રમૂજ મશ્કરી બની. માથું ધુણાવી એમણે બારી બહાર નજર કરી. હજી તો બસ ખોલવડ ચાર રસ્તા પાસેથી પસાર થઇ રહી હતી અને અહીં તો...એમણે દાંત કચકચાવ્યા. વિમળીને દેવાય એટલી ગાળો મનમાં દીધી. શંખણીની નફ્ફટાઇ તો જુઓ! જતી વખતે કહે:'અમદાવાદ જાઓ છો તો મારે સારુ રતનપોળથી સરસ સાડી લેતા આવજો.' પછી ઉમેર્યું:' અને લિપસ્ટિકની શીશી પણ.' અરે, તારી તે ! સાડી ને લિપસ્ટિક ને બધું આ ઉંમરે? કાલ ઉઠીને છોકરાની વહુ ઘરમાં આવશે! કહેજે તારા પેલા ચંદુડિયાને! લઇ આલશે બધું તને ! પણ ચંદુ મૂળ મારો જ ભાઇબંધ નહોતો? હતો ત્યારે હતો, હવે શું? એ કાલ મરતો હોય તો આજ મરે. મારે ક્યાં ના'વું-નિચોવવું- અને ફરી એમનો હાથ ધોતિયા પર ગયો.

કન્ડકટર ટિકિટ કાપતો નજીક આવ્યો એટલે એને પૂછ્યું:' હેં ભઇ, આ બસ ભરૂચ તો ઊભી રહેશે ને?' 'ના.' ઓચ્છવલાલને લાગ્યું કે એણે એના હાથમાંનું મશીન એમના કપાળમાં ફટકાર્યું હતું- બીજી જ ક્ષણે એમનું દબાણ વધી ગયું. એમણે શરીરને જોરથી સંકોચ્યું. ધ્રુજારી દોડી ગઇ. સારું લાગ્યું. આંખો મીંચી તેમણે ઝોલે ચઢવાનો પ્રયત્ન કર્યો- કંઇ કરતાં વખત વીતે ને વહેલું આવે વડોદરું! અત્યારે એમને વડોદરા દુનિયાનું શ્રેષ્ઠ શહેર લાગી રહ્યું હતું, જ્યાં ગુલાબી આરસ મઢેલું, દર્પણો જડેલું, સ્વચ્છ, સુંદર શૌચાલય પૈડાં પર ગોઠવાઇ એમની સામે જ આવીને ઊભું રહેશે અને પોતે મરક મરક થતાં ધોતિયું ઊંચું કરી મોકળાશથી બસ...

કોઇક ઉતારુની કોણીનો ગોદો વાગ્યો એટલે ઓચ્છવલાલનું આ ભીનું દિવાસ્વપ્ન તૂટી ગયું. આરસ-દર્પણજડિત શૌચાલય કડડભૂસ થઇને માણસોરૂપી સળિયાઓની કેદમાં પળટાઇ ગયું. આના કરતાં તો કૂતરા -બિલાડી હોવું સારું. કશી વાતે શરમ નહિ. અથવા બાળક હોવું. અથવા દોડતી બસમાં ન હોવું. આના કરતાં તો બપોરે ધૂળિયે રસ્તે કોઇ ઉઘાડા પગે દોડાવે તો સારું; ગધેડીના પગને પેશાબે ભીંજવીને ય ભીના તો કરી શકાય.

અજંપો ઊમટી આવ્યો મનમાં વાદળની માફક. વાદળ એટલે પાણી–ના, હમણાં પાણીની જરૂર નથી. તરસ તો સખ્ત લાગી હતી ઉનાળુ બપોરે. ગળે શોષ અને પેઢુની નીચે પીડા. તેમણે વર્ષો પહેલાંની વિમળીને યાદ કરવાનો પ્રયત્ન કર્યો. નવી નવી પરણીને આવી હતી. શંખણીનું રૂપ તો કહેવું પડે. આગનો ભડકો. ઓચ્છવલાલની આંખો સમક્ષ સત્તર-અઢાર વર્ષની નમણી, કુંવારી સુગંધથી છલકાતી વિમળી તાદશ થઇ ઊઠી અને એમને શરીરે રોમાંચનું લખલખું, પહેલે વરસાદે ઊગી નીકળતા લીલા ઘાસની જેમ ફૂટી નીકળ્યું. વરસાદ એટલે પાણી એટલે- ના. ધ્રુજારી શમી અને દબાણે નવેસરથી જોર પકડ્યું. અકળવિકળ થઇ ગયા. બસ નર્મદાના નવા પુલ પરથી દોડી રહી હતી; હજી દોઢેક કલાક તો ખરો જ વડોદરાને; ત્યાં સુધીમાં તો - સત્યાનાશ જાય આ 'ડબલ એકસપ્રેસ' બસનું અને સાથે વિમળીનું ય. થયું: લાવ, કન્ડકટરને

કહ્યું: મારો ભાઇ કરું- તું પાંચ મિનિટ તારી આ હાથણી જેવી બસને રસ્તામાં ઊભી રખાવ, હું ઝટ ઝટ...પણ હિંમત ન ચાલી. આટલા બધાં લોકમાંથી કોઇ ચળવળતું નથી ને એક મારે જ...એવું જ છે બાપલા! દુનિયા આખી લીલાલહેર કરે છે- વિમળી પણ - એક મારે જ બધો સંતાપ. છૂટકો નથી. ખેંચી કાઢીશ વડોદરા સુધીની વાટ; અરે, આટલી- આવી જિંદગી ઢસરડી કાઢી તો આ કલાક- સવા કલાક નહિ કપાય? ન કાપું તો જઉં ક્યાં? અજય યાદ આવ્યો. શું કરીશ એને મળીને? શું કહીશ? કંઇ કહીશ ખરો? - કહી શકીશ? કેમ કરીને કહેવાશે? એ તો ડાહ્યો દીકરો છે. વીસ વરસનો છે તો ય ચૌદ બ્રહ્માંડનું શાણપણ એનામાં આવીને ઠર્યું છે. બત્રીસે કોઠે દીવા થાય છે એને જોઇને. ધગધગતા રણમાં એ જ તો વીરડી છે. ઘણી વાર તો એવું લાગે છે કે એ દીકરો નથી, બાપ છે- વડલા જેવો. એને છાંયડે બે ઘડી રહીએ તો સાત ભવની ટાઢક થાય. પણ એ પડ્યો આઘેની વાટે. વિમળીએ જ એને વેગળો કાઢ્યો. મારો ધ્રુવ બાપડો. દશરથે જેમ રામને તેમ કૈકેયી જેવી વિમળીને પાપે દીકરાને દૂર હડસેલી મેલ્યો. નહિ જાણતો હોય એ બધું?- માનાં લખ્ખણ ને બાપની પીડા?...શી રીતે જાણે? ચાર વરસથી તો અંદાવાદ રહે છે; ઘરમાં શું ચાલે છે, કોણ આવે-જાય છે એની એ બાપડાને શી જાણ? રજાઓમાં આવ્યો-આવ્યો ને ગયો. એક રીતે સારું. દેખવું નહિ, દાઝવું નહિ. વિમળીનો ઓછાયો એને અભડાવે નહિ. અજય ! એમના મનમાં રટણા ઊપડી. વળી થયું: શા સારુ. એની પાસે જવું? એ સુખના જીવને ક્યાં આ આગમાં નાખવો? એ અંધારામાં છે તે જ ઠીક છે. બાપ ઊઠીને દીકરા સમક્ષ માને નવસ્ત્રી કરીશ? એવું તે થાય? દીકરો શું કહેશે?- કરશે? આમ તો વિમળી એને અછો વાનાં કરે છે. અજયને ય મા પ્રત્યે હેત ખરું, ને મારા તરફ દયા. મા-દીકરા વચ્ચે વાડ ચણવી? પણ અહીં મારો જીવ- બલ્કે એનાથી મોંઘી આબરૂનાં ચીંથરાં ઊડી રહ્યાં છે તેનું શું? પણ આભ ફાટ્યું છે ત્યાં અજબ ક્યાં હાથ દેવા જશે? ના, અજયની વાત- એનો વક્કર જ અલગ છે. એ એની શારડી જેવી એક નજર વિમળી તરફ કરશે ને વિમળી ઊભી ને ઊભી સળગી જશે. મારો જ એવો વક્કર હોત તો પૂછવું જ શું હતું? આંખ ફરે ને વિમળી મૂતરી પડે!

ઓચ્છવલાલને પેઢુમાં સણકો આવ્યો. વિમળીને બદલે પોતાનાથી જ એવું થઇ જશે- ક્યાંક થઇ તો નથી ગયું ને? શંકા પડી, તો ભારે ફજેતી થાય; આમે ય ક્યાં ઓછી હતી? ના, વાત એટલે નહોતી પહોંચી. બેઠક પર તેઓ કસમસાયા. અજયના વિચારનો તંતુ ફરીથી માંડ માંડ જોડી શકાયો. એ મને ધુત્કારી તો નહિ કાઢે ને? 'શરમ નથી આવતી તમને આવી વાત કરતાં? ને તે ય મારી સામે? તમારી જ આંખે કમળો તો નથી થયો ને? જાઓ, ઘેર પાછા. મળી-સંપીને રહો. રાજી રાખો. થોડું -ઘણું કમાઓ.'

અકળાઇ ઊઠ્યા ઓચ્છવલાલ. અજય આ જ રીતે વર્તવાનો હોય તો અમદાવાદ જવાને બદલે વદોદરાથી જ પાછા ફરી જવું સારું. વદોદરા ઊતરું. હળવો થાઉં ને વળતી બસ પકડું. પણ ક્યાં છે વડોદરા? એમણે બારી બહાર નજર દોડાવી. અણસાર વર્તાતા હતા ખરા- મકાનો, સિટીબસ, રિક્ષાઓ, સામાન સંભાળતા ઉતારુઓ. જીવમાં જીવ આવ્યો. ધોતિયાને અડકી જોયું. ના, ભીનું નહોતું. પણ હવે આ ગણતરીની મિનિટો પસાર કરતાં કંઠે પ્રાણ આવે છે. અથવા બીજે ક્યાંક.

'ફક્ત પંદર મિનિટ!' કન્ડક્ટરનો અવાજ અને ઘંટડીનો રણકાર દેવદૂતના સાદ અને મંદિરમાંના ઘંટારવ જેવા લાગ્યા. પંદર મિનિટ ! પંદર મિનિટમાં તો આખું સુરસાગર ભરી નાખીશ. ઓચ્છવલાલના મગજમાં ચમકારો થયો ને તેઓ મરકમરક થઇ ઊઠ્યા. બસ સ્ટેન્ડ પર આવીને થંભી ત્યાં તો આખું મહાભારત આરંભાઇ ગયું- અંદરથી બહાર જનારાઓનું અને બહારથી અંદર આવવા માગનારાઓનું. ઓચ્છવલાલની બેઠક છેક ડ્રાઇવરની નજીક હતી. ત્યાંથી તે બસના દરવાજાની વચ્ચે અભિમન્યુના સાત નહિ, સત્યાસી કોઠાઓ પથરાઇ ગયા હોય એમ એમણે અનુભવ્યું. પ્રવાસીઓ અને સામાનની આ સતત ગતિમય અક્ષૌહિણી સેનાઓ વચ્ચે પોતાની જાત એમને પેટ ઢસડતી ગોકળગાય જેવી લાગી. એક ડગલું આગળ ને બે ડગલાં પાછળ, શરીરના જુદા જુદા ભાગો પર અથડાતા પેટીઓના ખૂણાઓ, બેઠક ઝૂંટવાઇ જવાનો ભય. માથા પરથી સરકી પડતી ટોપી, ધોતિયાના ઝૈડકાનું વિસ્તરવું- પોતે જાણે કુરુક્ષેત્રમાં હાથીઓના પગ નીચે કચડાતા હતા અને દંતૂશળથી વીંધાતા હતા ને જયદ્રથ સામેના યુદ્ધની ક્ષણે સૂર્ય જેવો સમય ઢાળ પરથી દડતા પાણીના- અથવા પેશાબના રેલાની માફક -

સુરસાગરનું શું, એક ખોબો ય ન ભરી શકાયો.

પંદરમી મિનિટે બસ ઊપડી ત્યારે ઓચ્છવલાલ પોતાની બેઠક પર અર્ધ-બેભાન જેવા, હાંફતા કણસતા અમળાતા, પગની આંટી ભિડાવતા, ધોતિયું કચકચાવતા, મનમાં રામનામનું રટણ કરતા ફસડાયેલા હતા. એમને અસુખ હશે એમ માની બાજુમાં બેઠેલા પ્રવાસીએ પોતાની વોટરબેગમાંથી પાણી કાઢી પ્લાસ્ટિકનો પ્યાલો ધર્યો. ઓચ્છવલાલે ઇશારાથી જે પાછો ઠેલ્યો, પાણી જોઇને ઉબકો આવવા જેવું થયું. ઊલટી વાટે ય જો પેઢુનું દબાણ ઓછું થતું હોય. એમને પોતાની જાત પર જ ઊલટી કરવાની ઝાંઝ ચઢી. અથવા સામે વિમળી ઊભી હોય તો શંખણીને મારા પેશાબથી જ નવડાવી નાખું.

એમણે પ્રયત્નપૂર્વક અજયને સંભાર્યો. કદાચ કંઇક રાહત લાગે. અજય, દીકરા, જો આ તારા બાપની દશા! એમનું મન રડું રડું થઇ ગયું. તારી માના સંતાપે હું તારી પાસે આવવા નીકળ્યો ને જો મારી હાલત થઇ છે તે !

વિમળી જ બધા દુઃખનું મૂળ છે. હવે અજયથી કશું નહિ છુપાવું. કહી દઇશ- બધું જ ઠાલવી દઇશ. વિમળીને એના પેટના જણ્યા આગળ નવસ્ત્રી કરી દઇશ. હવે નહિ રહેવાય- નથી રહેવાતું. અજયને જે કરવું હોય તે કરે- મને ધુત્કારે, ધૂળથી ભૂંડો કરે; હું તો કહીશ: આ તારી મા પેલા ચંદુડિયા સાથે- એકલો ચંદુડિયો જ શા માટે, સુંદરલાલ, જયંતી, ગજાનન, મહેન્દ્ર, ચીમન, દયાળ, કાયસ્થ, પેલો લંગડો; એકએકનાં નામ આંગળીના વેઢે છે, એકએક ચહેરા યાદ છે, એકએકનાં ઠામઠેકાણાં જાણું છું, એકએકનાં પગલાં પિછાણું છું, એકએકના પરસેવાની ગંધ પારખું છું.

હવે પેઢુમાં સણકા આવતા હતા. કંઇ કંઇ બુટ્ટાઓ ઉઠવા માંડ્યા; ચકલો બનીને આ બસની બારીમાંથી ઉડી જઇ કોક ઝાડની ડાળને લગીર ભીની કરું? કૂતરાનું ગલુડિયું બનીને કૂદી પડું ને એક પગ ઊંચો કરી કોક ટેલિફોન તારના થાંભલે-

શરમથી ભરાઇ ગયું એમનું આખુંયે હોવું. તે સાથે જ વિમળા પ્રત્યેના ધિક્કારથી પોતનું રોમરોમ દુર્ગંધથી છલકાઇ ગયું હોય એમ તેઓ અનુભવી રહ્યા. એમને થયું: વિમળી સ્ત્રી નહોતી, ડુક્કરના પેશાબનું વર્ષોથી બંધિયાર રહેલું ખાબોચિયું હતું, જેમાં પોતાને રોજ ડૂબકી મારવી પડતી હતી અને અજય આઘે ગુલાબના ફૂલ જેવો-

દીકરા, ઉગારી લે મને! એમનું અસ્તિત્વ ચિત્કારી ઉઠ્યું. હું નરક જેવું જીવન જીવું છું, બેટા! ઉઘાડી આંખે મારે ભૂંડી ચિકટાઇ જોવી પડે છે. છાણના કીડા જેવું જીવતર જીવી રહ્યો છું. તને - શું કહું દીકરા? એ શંખણીએ તો મને- પોતાના સગા ધણીને એનો દલાલ બનાવી દીધો છે દીકરા! તારાથી હવે હું સૂતરના એક તાંતણા કે મૂતરના એક છાંટા જેવું યે નથી છુપાવતો અજય !

ફટાક !

પૂરપાટ દોડતી બસના એક પૈડામાં પંક્ચર પડવાનો અવાજ ભોંકાઇને હવામાં તૂટી ગયો. બસ અટકી પડી. પહેલાં તો ઓચ્છવલાલને કશું ન

કહ્યું: મારો ભાઇ કરું- તું પાંચ મિનિટ તારી આ હાથણી જેવી બસને રસ્તામાં ઊભી રખાવ, હું ઝટ ઝટ...પણ હિંમત ન ચાલી. આટલા બધાં લોકમાંથી કોઇ ચળવળતું નથી ને એક મારે જ...એવું જ છે બાપલા! દુનિયા આખી લીલાલહેર કરે છે- વિમળી પણ - એક મારે જ બધો સંતાપ. છૂટકો નથી. ખેંચી કાઢીશ વડોદરા સુધીની વાટ; અરે, આટલી- આવી જિંદગી ઢસરડી કાઢી તો આ કલાક- સવા કલાક નહિ કપાય? ન કાપું તો જઉં ક્યાં? અજય યાદ આવ્યો. શું કરીશ એને મળીને? શું કહીશ? કંઇ કહીશ ખરો? - કહી શકીશ? કેમ કરીને કહેવાશે? એ તો ડાહ્યો દીકરો છે. વીસ વરસનો છે તો ય ચૌદે બ્રહ્માંડનું શાણપણ એનામાં આવીને ઠર્યું છે. બત્રીસે કોઠે દીવા થાય છે એને જોઇને. ધગધગતા રણમાં એ જ તો વીરડી છે. ઘણી વાર તો એવું લાગે છે કે એ દીકરો નથી, બાપ છે- વડલા જેવો. એને છાંયડે બે ઘડી રહીએ તો સાત ભવની ટાઢક થાય. પણ એ પડ્યો આઘેની વાટે. વિમળીએ જ એને વેગળો કાઢ્યો. મારો ધ્રુવ બાપડો. દશરથે જેમ રામને તેમ કૈકેયી જેવી વિમળીને પાપે દીકરાને દૂર હડસેલી મેલ્યો. નહિ જાણતો હોય એ બધું?- માનાં લખ્ખણ ને બાપની પીડા?...શી રીતે જાણે? ચાર વરસથી તો અંદાવાદ રહે છે; ઘરમાં શું ચાલે છે, કોણ આવે-જાય છે એની એ બાપડાને શી જાણ? રજાઓમાં આવ્યો-આવ્યો ને ગયો. એક રીતે સારું. દેખવું નહિ, દાઝવું નહિ. વિમળીનો ઓછાયો એને અભડાવે નહિ. અજય ! એમના મનમાં રટણા ઊપડી. વળી થયું: શા સારુ. એની પાસે જવું? એ સુખના જીવને ક્યાં આ આગમાં નાખવો? એ અંધારામાં છે તે જ ઠીક છે. બાપ ઊઠીને દીકરા સમક્ષ માને નવસ્ત્રી કરીશ? એવું તે થાય? દીકરો શું કહેશે?- કરશે? આમ તો વિમળી એને અછો વાનાં કરે છે. અજયને ય મા પ્રત્યે હેત ખરું, ને મારા તરફ દયા. મા-દીકરા વચ્ચે વાડ ચણવી? પણ અહીં મારો જીવ- બલ્કે એનાથી મોંઘી આબરૂનાં ચીંથરાં ઊડી રહ્યાં છે તેનું શું? પણ આભ ફાટ્યું છે ત્યાં અજબ ક્યાં હાથ દેવા જશે? ના, અજયની વાત- એનો વક્કર જ અલગ છે. એ એની શારડી જેવી એક નજર વિમળી તરફ કરશે ને વિમળી ઊભી ને ઊભી સળગી જશે. મારો જ એવો વક્કર હોત તો પૂછવું જ શું હતું? આંખ ફરે ને વિમળી મૂતરી પડે!

ઓચ્છવલાલને પેઢુમાં સણકો આવ્યો. વિમળીને બદલે પોતાનાથી જ એવું થઇ જશે- ક્યાંક થઇ તો નથી ગયું ને? શંકા પડી, તો ભારે ફજેતી થાય; આમે ય ક્યાં ઓછી હતી? ના, વાત એટલે નહોતી પહોંચી. બેઠક પર તેઓ કસમસાયા. અજયના વિચારનો તંતુ ફરીથી માંડ માંડ જોડી શકાયો. એ મને ધુત્કારી તો નહિ કાઢે ને? 'શરમ નથી આવતી તમને આવી વાત કરતાં? ને તે ય મારી સામે? તમારી જ આંખે કમળો તો નથી થયો ને? જાઓ, ઘેર પાછા. મળી-સંપીને રહો. રાજી રાખો. થોડું -ઘણું કમાઓ.'

અકળાઇ ઉઠ્યા ઓચ્છવલાલ. અજય આ જ રીતે વર્તવાનો હોય તો અમદાવાદ જવાને બદલે વદોદરાથી જ પાછા ફરી જવું સારું. વદોદરા ઊતરું. હળવો થાઉં ને વળતી બસ પકડું. પણ ક્યાં છે વડોદરા? એમણે બારી બહાર નજર દોડાવી. અણસાર વર્તાતા હતા ખરા- મકાનો, સિટીબસ, રિક્ષાઓ, સામાન સંભાળતા ઉતારુઓ. જીવમાં જીવ આવ્યો. ધોતિયાને અડકી જોયું. ના, ભીનું નહોતું. પણ હવે આ ગણતરીની મિનિટો પસાર કરતાં કંઠે પ્રાણ આવે છે. અથવા બીજે ક્યાંક.

'ફક્ત પંદર મિનિટ!' કન્ડક્ટરનો અવાજ અને ઘંટડીનો રણકાર દેવદૂતના સાદ અને મંદિરમાંના ઘંટારવ જેવા લાગ્યા. પંદર મિનિટ ! પંદર મિનિટમાં તો આખું સુરસાગર ભરી નાખીશ. ઓચ્છવલાલના મગજમાં ચમકારો થયો ને તેઓ મરકમરક થઇ ઉઠ્યા. બસ સ્ટૅન્ડ પર આવીને થંભી ત્યાં તો આખું મહાભારત આરંભાઇ ગયું- અંદરથી બહાર જનારાઓનું અને બહારથી અંદર આવવા માગનારાઓનું. ઓચ્છવલાલની બેઠક છેક ડ્રાઇવરની નજીક હતી. ત્યાંથી તે બસના દરવાજાની વચ્ચે અભિમન્યુના સાત નહિ, સત્યાસી કોઠાઓ પથરાઇ ગયા હોય એમ એમણે અનુભવ્યું. પ્રવાસીઓ અને સામાનની આ સતત ગતિમય અક્ષૌહિણી સેનાઓ વચ્ચે પોતાની જાત એમને પેટ ઢસડતી ગોકળગાય જેવી લાગી. એક ડગલું આગળ ને બે ડગલાં પાછળ, શરીરના જુદા જુદા ભાગો પર અથડાતા પેટીઓના ખૂણાઓ, બેઠક ઝૂંટવાઇ જવાનો ભય. માથા પરથી સરકી પડતી ટોપી, ધોતિયાના ઝૈડકાનું વિસ્તરવું- પોતે જાણે કુરુક્ષેત્રમાં હાથીઓના પગ નીચે કચડાતા હતા અને દંતૂશળથી વીંધાતા હતા ને જયદ્રથ સામેના યુદ્ધની ક્ષણે સૂર્ય જેવો સમય ઢાળ પરથી દડતા પાણીના- અથવા પેશાબના રેલાની માફક -

સુરસાગરનું શું, એક ખોબો ય ન ભરી શકાયો.

પંદરમી મિનિટે બસ ઊપડી ત્યારે ઓચ્છવલાલ પોતાની બેઠક પર અર્ધ-બેભાન જેવા, હાંફતા કણસતા અમળાતા, પગની આંટી ભિડાવતા, ધોતિયું કચકચાવતા, મનમાં રામનામનું રટણ કરતા ફસડાયેલા હતા. એમને અસુખ હશે એમ માની બાજુમાં બેઠેલા પ્રવાસીએ પોતાની વૉટરબૅગમાંથી પાણી કાઢી પ્લાસ્ટિકનો પ્યાલો ધર્યો. ઓચ્છવલાલે ઇશારાથી જે પાછો ઠેલ્યો, પાણી જોઇને ઉબકો આવવા જેવું થયું. ઊલટી વાટે ય જો પેઢુનું દબાણ ઓછું થતું હોય. એમને પોતાની જાત પર જ ઊલટી કરવાની ઝાંઝ ચઢી. અથવા સામે વિમળી ઊભી હોય તો શંખણીને મારા પેશાબથી જ નવડાવી નાખું.

એમણે પ્રયત્નપૂર્વક અજયને સંભાર્યો. કદાચ કંઇક રાહત લાગે. અજય, દીકરા, જો આ તારા બાપની દશા! એમનું મન રડું રડું થઇ ગયું. તારી માના સંતાપે હું તારી પાસે આવવા નીકળ્યો ને જો મારી હાલત થઇ છે તે !

વિમળી જ બધા દુઃખનું મૂળ છે. હવે અજયથી કશું નહિ છુપાવું. કહી દઇશ- બધું જ ઠાલવી દઇશ. વિમળીને એના પેટના જણ્યા આગળ નવસ્ત્રી કરી દઇશ. હવે નહિ રહેવાય- નથી રહેવાતું. અજયને જે કરવું હોય તે કરે- મને ધુત્કારે, ધૂળથી ભૂંડો કરે; હું તો કહીશ: આ તારી મા પેલા ચંદુડિયા સાથે- એકલો ચંદુડિયો જ શા માટે, સુંદરલાલ, જયંતી, ગજાનન, મહેન્દ્ર, ચીમન, દયાળ, કાયસ્થ, પેલો લંગડો; એકએકનાં નામ આંગળીના વેઢે છે, એકએક ચહેરા યાદ છે, એકએકનાં ઠામઠેકાણાં જાણું છું, એકએકનાં પગલાં પિછાણું છું, એકએકના પરસેવાની ગંધ પારખું છું.

હવે પેઢુમાં સણકા આવતા હતા. કંઇ કંઇ બુટ્ટાઓ ઉઠવા માંડ્યા; ચકલો બનીને આ બસની બારીમાંથી ઉડી જઇ કોક ઝાડની ડાળને લગીર ભીની કરું? કૂતરાનું ગલુડિયું બનીને કૂદી પડું ને એક પગ ઊંચો કરી કોક ટેલિફોન તારના થાંભલે-

શરમથી ભરાઇ ગયું એમનું આખુંયે હોવું. તે સાથે જ વિમળા પ્રત્યેના ધિક્કારથી પોતનું રોમરોમ દુર્ગંધથી છલકાઇ ગયું હોય એમ તેઓ અનુભવી રહ્યા. એમને થયું: વિમળી સ્ત્રી નહોતી, ડુક્કરના પેશાબનું વર્ષોથી બંધિયાર રહેલું ખાબોચિયું હતું, જેમાં પોતાને રોજ ડૂબકી મારવી પડતી હતી અને અજય આઘે ગુલાબના ફૂલ જેવો-

દીકરા, ઉગારી લે મને! એમનું અસ્તિત્વ ચિત્કારી ઉઠ્યું. હું નરક જેવું જીવન જીવું છું, બેટા! ઉઘાડી આંખે મારે ભૂંડી ચિકટાઇ જોવી પડે છે. છાણના કીડા જેવું જીવતર જીવી રહ્યો છું. તને - શું કહું દીકરા? એ શંખણીએ તો મને- પોતાના સગા ધણીને એનો દલાલ બનાવી દીધો છે દીકરા! તારાથી હવે હું સૂતરના એક તાંતણા કે મૂતરના એક છાંટા જેવું યે નથી છુપાવતો અજય !

ફટાક !

પૂરપાટ દોડતી બસના એક પૈડામાં પંકચર પડવાનો અવાજ ભોંકાઇને હવામાં તૂટી ગયો. બસ અટકી પડી. પહેલાં તો ઓચ્છવલાલને કશું ન

સમજાયું, પણ પછી ખ્યાલ આવતાં જ જેલમાંથી છૂટેલા જનમટીપના કેદીની જેમ દોડ્યા બસના બારણા ભણી...

**(સદ્‌ભાવ: ('ભગવતીકુમાર શર્માની શ્રેષ્ઠ વાર્તાઓ')**

★★★

# ડંકો પડે ત્યારે

**–રજનીકુમાર પંડ્યા**

મૂળ શું ?

આપણો સ્વભાવ સરળ એટલે માણસો આપણને સમજી શકે નહીં. હમણાં એ જ કોઇ વાત આપણે ફેરવી ફેરવીને કરીએ તો સામું માણસ એક તો સમજ્યા વગર હા પાડી દે અને વળી આપણી ગણતરી બુદ્ધિશાળીમાં થાય. પણ મને જિંદગી ધરીને એવું કરતાં આવડ્યું નહીં. એટલે માણસ ક્યારેય મારી કિંમત સમજી શકવાના નહીં. એમના મનમાં તો એમ જ કે મગનભાઇ તો માસ્તર, એમને છોકરાઓ ભણાવવા સિવાય બીજું કાંઇ ન આવડે. પણ એવું નથી. આ હું છું તે કદાચ કોઇ મોટા ગામમાં અને મોટી શાળામાં હોઉં તો ઉપડયો ન ઉપડતો હોઉં. કારણ કે દરેક વસ્તુના ઊંડાણમાં જવાની મને ટેવ. જે વિષય હાથમાં લીધો તેને સાવ તળિયાથી શરૂ કરીને છેક સુધી જાણવો. એટમબૉમ્બ શેમાંથી બને છે અને એમાં શું શું પડે છે એની મને જાણ અને બુટપૉલિશમાં કયાં કયાં તત્ત્વો હોય છે એમાં પણ મને પૂરો રસ. નાનપણથી જ મને એવી ટેવ. મને ત્યારથી એવી ઇચ્છા ખરી કે હું વૈજ્ઞાનિક બનું. માનતા હો તો માનજો કે તડકામાં હું જ્યારે પિષ્ટ રગડવા (લોટ માગવા જવાને અમે લોકો 'પિષ્ટ રગડવો' કહીએ) જતો ત્યારે બપોરના દોઢ વાગ્યા સુધી એ કામ ચાલતું. સવારના સાતથી બપોરના દોઢ સુધીમાં હું ત્રણ ગામની ધૂળ ખૂંદી નાખતો. વગડામાંથી પસાર થતો હોઉં અને ચામડી તડકાથી ચરચરતી હોય ત્યારે એમ વિચાર આવે કે મને આમ આટલી ગરમીથી લોહી દાઝી જાય છે ત્યારે મારા આ ખડિયામાં પડેલા લોટનું શું થતું હશે ? ભગવાને કાંઇક એવી રચના કરી હોત તો આ ખડિયામાં પડેલા લોટના રોટલા થઇને સૂરજની ગરમીથી આપોઆપ શેકાઇ જતા હોત તો ? ઘેર જઇને દાદીને રાંધીને ખવડાવવાની પિંજણમાંથી તો છૂટત ! હવે આ વિચારને તમે ગમે તે ગાંડો વિચાર ગણતા હો તો ભલે, પણ મારે મન તો આ સૂર્યકૂકરનો વિચાર જ કહેવાય. પાછળથી બરોડાવાળા ભલે એની શોધનું માન ખાટી ગયા હોય પણ મૂળ વિચારનું અવતરણ તો મારા જ મનમાં.

અભિમાન નથી કરતો, પણ ખજૂરી ઉપર પથરા ફેંકી ફેંકીને ખલેલા પાડવાની રમત બચપણમાં હું બહુ રમતો. કારણ કે એ વાતની પાકી ખાતરી કે ખરેલાં ખલેલા નીચે જમીન ઉપર જ પડે. કંઇ ઉપર જાય નહીં. એવી ખાતરી ન હોત તો મારા જેવો ડાહ્યો ગણાતો છોકરો પણ ઝાડને પાણ મારે ? હવે કોઇ કહેતું હોય કે ન્યુટને ઝાડ પરથી સફરજનને નીચે પડતાં જોયું તો એની એ વાત ખોટી છે એમ નહીં પણ ન્યુટનનું નામ જાણ્યા પણ વગર, એ પહેલાં પણ મારા મનમાં તો થતું જ કે ખલેલા કંઇ આકાશમાં બેઠેલો ભગવાન હાથ લંબાવીને ઉપર લઇ લેતો નથી. આપણી તરફ જ આવવા દે છે. મૂળ શું ? ન્યુટન આપણા કરતાં વહેલો જન્મી ગયેલો એટલે બધો જશ એ લઇ ગયેલો. ને વળી બીજી વાત. સફરજનનાં ઝાડ આપણે ત્યાં તો થતાં જ નથી. સફરજન હમણાં જોયાં પણ સફરજનનું ઝાડ તો હજી સુધી જોયું નથી. ને એમાં આપણે શું કરીએ ?

લોટ માગવાનું બંધ કરીને મોટી ઉંમરે ભણવા બેઠો કારણ કે દાદી પછી તો દેવ થઇ ગયાં. મા-બાપ તો હજી પોપડા ઉપડી ગયેલા ફોટામાંય રહી ગયાં, પણ દાદીમા તો એમાંથીય ગયાં. રંભામાએ દલીચંદ શેઠને આપણી વાત કરી. દલીચંદ કાકાએ ગોંડલ આશ્રમવાળાઓને લખ્યું અને આશ્રમવાળાઓએ મને સંભાળી લીધો. આમ ભણવા બેઠો તો ખરો મોટી ઉંમરે પણ જોતજોતામાં શાળાંતને આંબી ગયો. શાળાંતમાંય વિજ્ઞાનમાં તો સોમાંથી એંસી તો શું પૂરા સો જ આવી જાત પણ છેલ્લો સવાલ લખતો હતો ત્યાં ડંકો પડી ગયો. હું એ વખતે વરાળના એન્જિનની શોધ વિષે વિગતવાર લખતો હતો. એમાં મારે એમ લખવું હતું કે ચાને કિટલી ઉપર વરાળથી ફૂદાફૂદ કરતું ઢાંકણું જોઇને સ્ટીવન્સનને મનમાં જિજ્ઞાસા પેદા થઇ એ વાત ખોટી નહીં, પણ ખીચડી ખદબદતી અને છીબું ઊંચુંનીચું થતું એ જોઇને મારું મન પણ ઊંચુંનીચું થતું એ કાંઇ કોઇ વરાળના જોરે ? મારી દાદીમા કહેતી કે એ તો ભૂખના જોરે. આમ મારા મનમાંય વરાળને લગતી જિજ્ઞાસા સ્વયંભૂ જ થયેલી. આ લખું છું એટલે મને સ્ટીવન્સન પ્રત્યે કોઇ ઇર્ષા છે એમ ન માનતા. સ્ટીવન્સન અને મગન વચ્ચે વિલાયત અને હિન્દુસ્તાન જેટલો ફેર તો રહે જ ને ! મૂળ શું ? સવાલ માત્ર સમયનો જ. એ વહેલો જન્મ્યો અને હું લેટ પડયો.

શાળાંત પાસ થઇ ગયો અને પી.ટી.સી. પાસ થવાની શરતે નોકરીએ લાગી ગયો ત્યાં આશ્રમવાળાઓએ મને આશ્રમની જ છોકરી સાથે પરણાવી દીધો. આમ એક રીતે સારું થયું કે મારું ઘર બંધાઇ ગયું. પણ દિલથી પૂછતા હો તો કહું કે મારી તો પ્રગતિ જ રૂંધાઇ ગઇ. આમ છતાં મારું ધ્યાન મારા સંસાર કરતાં વિજ્ઞાનમાં વધારે. પત્ની સાથેય મારી વધુ વાત તો વિજ્ઞાનની. એના લાંબા વાળમાં દાંતિયો ઝડપથી ફેરવવાથી દાંતિયામાં વીજળી પેદા થાય છે એની ખાતરી મેં એના દાંતિયા સાથે થોડા તણખલાં વળગાડીને કરાવી આપેલી ત્યારે એની આંખોમાં મારા પ્રત્યે જે અહોભાવ છલકાઇ ગયેલો એ આજેય મને એવો ને એવો જ યાદ છે. જો કે મેં તો તરત જ નમ્રતાપૂર્વક કબૂલ કરેલું કે એ શોધ મારી નથી. જેનું નામ જલદી મારા મોંએ ચડતું નથી, એવા એક નાનકડા વૈજ્ઞાનિકની છે. પણ તો ય એ તો મારી શોધ હોય એમ અમારી ચાર વર્ષની બેબીને બતાવીને મારી તરફ જ આંગળી ચીંધ્યા કરતી. જો કે મને ય સ્વતંત્રપણે એવો વિચાર આવી શક્યો હોત એમાં શંકા નહોતી. એટલે તાત્ત્વિક રીતે એની વાત એની રીતે બરાબર હતી.

પી.ટી.સી.માં પણ વિજ્ઞાનના પ્રશ્નપત્ર વખતે જોગાનુજોગ એવું બન્યું કે શાળાંત જેમ જ એમાં હું આર્કિમીડીઝના પાણીની ઘનતાના સિદ્ધાંત વિષે લખતો હતો ત્યાં જ ડંકો પડી ગયો. બાથરૂમમાંથી જેમ આર્કિમીડીઝ વગર વસ્ત્રે બહાર નીકળી ગયો હતો તેમ હું વગર લખ્યે પરીક્ષાખંડની બહાર નીકળી ગયો હતો. એ વખતે મને એ ખબર પડી કે નાનપણમાં ભૂખના માર્યા જે ત્રણ કલાક ત્રણ દિવસ જેવા લાગતા એ જ ત્રણ કલાક પરીક્ષાખંડમાં કેવા ત્રણ મિનિટની જેમ પસાર થઇ જાય છે ! આ વાત મેં થાનકી માસ્તરને કરી તો કહે કે આલ્બર્ટ આઇન્સ્ટાઇનનો સાપેક્ષવાદનો સિદ્ધાંત તે આ જ ! બોલો, હવે કોને કહેવું ? કોણ માનશે ? આમાંય આપણે તો મોડા જ પડયા ને ? ઘેર જઇ પત્નીને વાત કરી તો એ અહોભાવથી જોઇ રહી ! હવે આમાં અહોભાવ અનુભવવા જેવું હતું કે શોકભાવ અનુભવવા જેવું ? મૂળ શું ? કેળવણીનો અભાવ. બીજું કંઇ નહીં. એણે તરત અમારી બેબીને વાત કરી કે તારા બાપુ તો અંગ્રેજોને ય આટે એમ છે. તાત્ત્વિક રીતે એની વાત સાચી પણ એથી કરીને કંઇ બીજાનો જશ આપણે થોડો આંચકી લેવાય છે ? બધું ય છાંડવું, પણ ઉદારતા ન છાંડવી. જે જેના હકનું હોય એને લેવા દેવું. ઇર્ષા અનુભવવાનો આપણો હક નહીં. શોક અનુભવવાનો આપણો હક.

અને કેટલીક વાત તો આપણે નિખાલસતાપૂર્વક કબૂલ કરવી જ પડે. ભલે ગમે તેવું સુપર વૈજ્ઞાનિક આપણું ભેજું રહ્યું પણ ચંદ્ર ઉપર હું નથી ગયો તે નથી જ ગયો. એમાં તો આર્મસ્ટ્રોંગ જ ગયો હતો એમ કહેવું પડે. એમાં કોઇ મને ખોટું બોલવાનું કહે તો પણ ન બોલું, અલબત્ત, ચંદ્ર વિષે જાણીએ બધું ય.

શાળામાં સિત્તેરની સાલમાં ચંદ્રની ચઢાઇ વિષે પ્રદર્શન ભરાયેલું ત્યારે સાયન્સ ગ્રેજ્યુએટ તો ય હેડમાસ્ટર આઘાપાછા થઇ ગયેલા. કારણ કે વિદ્યાર્થીઓના સવાલના જવાબ કોણ આપે ? મેં એના અંગે એટલું બધું વાંચેલું કે ચંદ્ર ઉપર ખુદ ન ગયાનો અફસોસ જ ન રહે. પૂછનારાય કાન પકડી ગયેલા. ઘેર આવીને આ વાત કહી ત્યારે પત્નીએ અમારા પાડોશમાં એટલી બધી વાત ફેલાવી દીધી ને સવાલ પૂછનાર પાડોશીઓ એટલા બધા વધી ગયા કે એટલી ગરદી તો આર્મસ્ટ્રોંગને ઘેર પણ નહીં થઇ હોય અને એટલી બધી ચા તો એની બૈરીને ય મૂકવી નહીં પડી હોય.

બેબીના કહેવાથી મારે એની છોકરીઓની શાળામાં ય ચંદ્ર ઉપર ચઢાઇ વિષે બોલવા જવું પડેલું અને ત્યાં એના આચાર્યએ મારો મગનલાલ તરીકે નહીં પણ મગનચંદ્ર તરીકે પરિચયવિધિ કરાવેલો. આ શું બતાવે છે ?

છતાં ય પણ સમાજમાં હું વૈજ્ઞાનિક તરીકે બહુ બહાર ન પડું. પણ ઘરમાં પત્ની અને બેબીને વૈજ્ઞાનિક શિક્ષણ આપવામાં જરા પણ મન ચોરું નહીં. વઘારમાં મૂકેલી રાઇ તડતડ શાથી બોલે છે અને ઊકળતા પાણીમાં પાડેલી ચણાના લોટની સેવ એમાં ઓગળી કેમ જતી નથી એના વિષે વૈજ્ઞાનિક ખુલાસા સાંભળતી વખતે પત્ની અને બેબીની આંખોમાંથી એટલી પ્રશંસા વરસતી કે આ તો નથી, પણ વખત છે ને સરકારે મને પદ્મશ્રીનો ઇલ્કાબ આપ્યો હોય તો ય આટલો આત્મસંતોષ ન થાય. એ લોકોને મારે માત્ર એટલું જ કહેવાનું રહેતું કે માત્ર હું મોડો જન્મ્યો અને એ ય તે ખોટે ઠેકાણે, ખોટા દેશમાં અને અણસમજુ માણસોની...

જો કે આજે હવે પત્ની નથી - એને પોઢી ગયાને વરસો થયાં. બેબી પરણીને સાસરે ગઇ છે. બા-બાપુજીની તસવીરની બાકીની પોપડીઓ પણ ઊખડી ગઇ છે અને ભીંત પર એની જગ્યાએ બેબીના બાબાનો ફોટો લટકે છે. રિટાયર્ડ થઇ ગયો છું. રાતે એકાંતમાં ભીંતડાં ખાવા ધાય છે, ત્યારે કેટલીક વાર પાછલા પહોરે ઊંઘ ઊડી જતાં મન બ્રહ્માંડના વિચારે ચડી જાય છે. એમ થાય છે કે દુનિયા ત્રણ જણની બનેલી હોય કે ત્રણસો અબજની, અને હું મગનલાલ હોઉં કે સ્ટીવન્સન, એથી શો ફેર પડે છે ? પદ્મશ્રી હોય કે પત્નીની પ્રશંસા, ફેર શો પડે છે તાત્ત્વિક રીતે ? મૂળ શું ? મને ખબર છે કે આ સવાલનો જવાબ હું વિચારતો હોઇશ, વિચારી રહ્યો હોઇશ અને હજુ પૂરો વિચારી નહીં રહ્યો હોઉં ત્યાં જ એક પળે સાવ અચાનક જ ડંકો પડી જશે, ને મારે ઊઠીને ચાલતા થઇ જવું પડશે.

**(સદ્ભાવ: 'ગુજરાતી નવલિકાચયન - ૧૯૯૬')**

★★★

## કાન

-મધુ રાય

હરિયો રોજ નદીએ નહાવા જતો, અને પાછો આવતો ત્યારે રસ્તામાં જેલ આવતી અને બારીઓમાં કેદીઓને જોયા કરતો. નદીનું નામ હતું ધી નદી.હરિયાના ગામમાં બે નદીઓ હતી.

એક દિવસ નહાઇને હરિયો ઘરે આવતો હતો ત્યારે રંગમહેલ નિશાળ આગળ એક જણાએ એને ઊભો રાખ્યો: 'અલ્યા ત્ર્યંબકનો છોકરો ને?' હરિયાએ હા પાડી: 'હા કાકા' કાકાએ એને માથે હાથ ફેરવ્યો અને આશીર્વાદ આપ્યા. હરિયાનો કાન લાલ થઇ આવ્યો. કાકાએ કહ્યું: 'તારો કાન બહુ મજાનો છે, બેટા !'

હરિયાને હસવું આવ્યું, કાન મજાનો છે એ તે કાંઇ કહેવાની વાત છે ? હરિયો આખા રસ્તે હસતો હસતો ઘેર ગયો.

હરિયો શિરાવા બેઠો હતો, અને કોઇએ બારણું ઠોક્યું. હરિયાની માએ એને એક પતાસું આપ્યું હતું. એને બટકું ભર્યું ત્યાં તો ઓસરીમાં બે જણ આવેલા દીઠા. બેય જણ હરિયાની માને મળ્યા, અને હસી હસીને વાત કરવા માંડયા, હરિભાઇ, હરિભાઇ કહીને એની પાસે બેસી ગયા, 'ચાલો તમને દાકતર સાહેબ બોલાવે છે. તમારો કાન કેવો સરસ છે !' હરિયો બાંડિયું પહેરીને દાકતર પાસે ગયો. દાકતર તો નામના દાક્તર હતા, અને મોટે ભાગે ગામના લોકોના સલાહકાર હતા. દાક્તરે હરિયાને પાસે બેસાડયો, 'તમારા કાન વિષે કાંઇ બોલોને ?' હરિયાને થયું કે આ કાનનું શું છે ? એણે કહ્યું: 'મને કાનમાં તો કાંઇ વાંધો નથી.' બધા હસી પડયા. હરિયાને થયું, એમાં હસવાનું શું છે. હરિયાએ જોયું તો કાન તો બરાબર હતો. હરિયો પણ હસી પયો. 'તમને કાનની પ્રેરણા કઇ રીતી મળી ?' દાક્તર સાહેબે આડીઅવળી વાતો કરી, 'અહીં આવતા રહેજો, હરિભાઇ.'

અને હરિયાને થયું કે, આ થયું છે શું ? 'હરિભાઇ' વળી શું ? અને હરિભાઇ ગિરનારા કરીને એક કાકા બીજા ગામમાં રહેતા હતા, એટલે હરિયાને 'હરિભાઇ' નામ બહુ ગમ્યું પણ નહીં. એણે કહ્યું: 'મને હરિભાઇ કેમ કહો છો ?' તો બધા ફરીથી દાંત કાઢવા લાગ્યા. કોઇએ ભાવથી કહ્યું: 'હરિભાઇનું આખું નામ તો હરિશ્ચંદ્ર ત્ર્યંબકલાલ છે.' કોઇએ વળી હરિયાનો કાન દેખાય એવી રીતે એના ફોટા પણ પાડયા, અને છાપામાં પણ હરિયાના કાનનાં વખાણવાળા ફોટા પણ છપાયા. હરિયાએ અરીસામાં જોયું. આ વળી કાનનું શું છે ?

★

રંગમહેલ નિશાળમાં એક નવો છોકરો ભણવા આવ્યો હતો અને એના બાપુજી નિશાળમાં આવીને ગંજીફરાક મફત ઇનામમાં વહેંચતા હતા. હેડમાસ્તરે હરિયાને બોલાવીને બેસાડયો, હરિયો ભારમાં મોઢું રાખીને બેઠો. હરિયાની ઓળખાણ કરાવી. ગંજીફરાક હરિયાના હાથે વહેંચાય એવું નક્કી થયું. હરિયાને થયું, આય વળી નવું !

★

નિશાળની બહાર, ખારી-મમરાવાળા બેસતા, અને હરિયાને વાપરવા માટે રોજ બે પૈસા મળતા. હરિયો કોકવાર બે દિવસનો ભેગો એક આનો વાપરતો અને બીજે દિવસે હડી કાઢીને ઘેર જઇને ખાઇ લેતો. હરિયાને બપોરે ભૂખ લાગતી. એક દિવસ એક આનાના મમરા લીધા તે બહુ તીખા લાગ્યા. એણે મમરાવાળાને કહ્યું:'ધનજીભાઇ,મમરા બહુ તીખા છે.' ધનજીભાઇએ કહ્યું:'અટાણ સુધી તો કોઇની રાડ નથી આવી. તારી આ પહેલી રાડ છે.' પણ ધનજીભાઇએ એનો કાન જોઇ લીધો અને ભાવથી બીજા એક આનાના મોળા મમરા મફત કરી આપ્યા, હરિયાએ તીખા પાછા દઇ દીધા. ભારી કામ થઇ ગયું ગધેડીનું...હરિયો રાજી થઇ ગયો.

★

મલક આખું હરિયાના કાનની વાત કરતું. અને હરિયાને ખબર પડતી નહીં કે બધાને છે એવો કાન મને છે. એમાં બધા આટલું બધું મોણ કેમ નાખે છે? બધા ઘરે આવીને માની પાસે પોતાના છોકરાંવની રાવ ખાતા અને હરિયાનાં વખાણ કરતાં; હરિયાના નહિ, હરિયાના કાનના.

★

હરિયાના મામા હરિયાને જામનગર તેડી ગયા. મામી બાજરીમાં ધનેડાં ચડી ગયાં હતાં તે વીણતાં હતાં. હરિયાને જોઇને ઊભાં થઇ તેને બેટી પડયાં, 'આવ મારા દીકરા, આવ. જોઉં વાહ કેવો રૂપકડો મજાનો કાન છે મારા દીકરાનો !'

કોઇ મોટા સાહેબને મળવા જવાનું હતું, જામનગરમાં. તે મામા હરિયાને નવડાવીને લઇ ગયા. સાહેબે હરિયાનો કાન જોયો, એણે ખૂબ વખાણ કર્યાં. આપણા ગામમાં આવો સરસ કાન છે, કેટલું સરસ કહેવાય. હરિયાને થયું,

ઠીક ભાય, સરસ કહેવાય.

સાહેબે હરિયાને એમને ઘેર જ રાખી લીધો. સાહેબ હરિયાના કાનને રોજ સુગંધી પાણીથી ધોવડાવતા. વાળંદ પાસે મેલ કઢાવતા, કાનની પાસે મોવાળા પથરાવીને શણગાર કરાવતા. અને એમ ને એમ હરિયાને બેસાડી રાખતા. પછી બે ત્રણ દિવસ પછી કાનમાં અત્તરનાં પૂમડાં મુકાવા માંડયાં, અને પછી સોનીને બોલાવી એમાં વીંધ કરાવી સાચા સોનામાં સાચા પોખરાજ જડાવીને પહેરાવવાનું શરૂ કર્યું. તે રોજ નવા નવા હીરા પહેરાવતા. એક દિવસ હરિયાને થયું કે હવે અહીંયા નથી રહેવું. એણે સાહેબને વાત કરી. સાહેબે એને કહ્યું: 'જ્યાં ફાવે ત્યાં ફરો, એમાં શું ?' અને હરિયો ફાવે ત્યાં ફરવા લાગ્યો. ભાડાની સાઇકલ લેવા ગયો તો સાઇકલવાળાએ એને મફત ફેરવવા દીધી.

હરિયાએ તાણ કરી પણ પૈસા ન લીધા. બગીચામાં ફરતો હતો તો બેત્રણ જણા હસીને ઊભા રહ્યા. હરિયો હવે તો કાનવાળી વાત સમજી ગયો હતો, એટલે એણે બેય જણ પાસે કાન વિષે ખૂબ વાતો કરી. હરિયાને થયું, ના, ના, ક્યો ન ક્યો પણ કાનેય ગધેડીનો છે રૂપાળો, આપણો બાકી.

પણ હરિયાને રહી રહીને થાતું'તું કે આમ તો કેમ રહેવાય. નિશાળ ન મળે, નદી ન મળે, કેટલા દી રહેવાય. પણ સાહેબે કહ્યું, 'હરિભાઇ, હવે તમને ખંભારિયે નહીં ગમે.' પણ હરિયો તો કહે કે મને ખંભારિયે જાવા દિયો તો જ હા, નકર ના.

ખંભારિયામાં હરિયાના ભાઇબંધ બધા ભણીને પાસ થઇ ગયા ને હરિયાને થયું કે આ ગધેડીનું ભણવાનું તો રહી ગયું. પણ પછી થયું, આ કાન આવો મજાનો છે, પછી ભણીનેય શું ઓટલા વારવાના છે. એને ભાઇબંધ રસ્તામાં મળી જતા પણ બધાંય કાંઇક આઘા થઇ ગયા લાગતા. કાને તે કરી છે ને કાંઇ, હરિયાને વારે વારે થઇ આવતું.

તે બસ, પછી તો હરિયાને ખંભારિયામાં મજા ન પડી તે પાછો જામનગર આવ્યો. અને ત્યાંથી રાજકોટ, ભાવનગર, અમદાવાદ, વડોદરા એમ કરતાં કરતાં મુંબઇ પહોંચી ગયો. મુંબઇમાં પણ ગામેગામની જેમ એના કાનના વખાણ સંભળાતા. હરિયો લિફ્ટ પાસે ઊભો રહેતો તો લોકો જગ્યા કરી આપતા, સિનેમા જોવા જતો તો ટિકિટ લઇ દેતા, ખાવા જતો તો ભાણું ખવરાવી દેતા, અને દરિયાકિનારે બેસતો તો, પાછળથી અવાજ સંભળાતા: 'પેલા વાદળી ખમીસવાળા છે ને એ જ હરિશ્ચંદ્ર !' ' હા, જુઓને અહીં ક્યાંથી એમનો કાન બરાબર દેખાય છે. છે ને? જોયું ને ?' તો વળી કોઇ આવીને વાત કરતું, ઘરે બોલાવતું, અને કાનનાં વખાણ કરતું.

એક દિવસ હરિયો રેતીમાં બેઠો હતો, અને પલાંઠી વાળીને રેતીમાં પોતાનું નામ લખતો હતો, ત્યારે કૉલેજની બેત્રણ છોકરીઓનો પડછાયો પાછળથી દેખાતો. એમાંથી એક જણીએ ઘણીબધી ચોપડીઓનો થોકડો ઉપાડયો હતો. હરિયાને થયું, દફતર લેતી હોય તો શો વાંધો ?

છોકરીઓ એ બીતાં બીતાં અને હસતાં હસતાં હરિયાને પૂછ્યું: 'આપનું નામ હરિશ્ચંદ્ર ખરું ને ?'

બીજી છોકરી ખીલ ખીલ કરતી બોલી, 'આપનો કાન જોઇને લાગ્યું તો ખરું, એટલે પાસે આવ્યાં અને રેતીમાં લખેલું જોયું એટલે કન્ફર્મ થઇ ગયું !'

બધી છોકરીઓ હસી પડી. હરિયાએ મનમાં કહ્યું કે ભારી. તમારું 'કન્ફર્મ' થઇ ગયું. પછી એણે કહ્યું, 'હા જી, બોલો કાંઇ કામકાજ ?'

છોકરીઓ એકબીજાને ધક્કા મારવા માંડી. એકે વળી કહ્યું, 'બોલને શાર્દુલા, શરમાય છે કેમ ? પૂછો હરિશ્ચંદ્રસાહેબ.'

હરિયાએ કહ્યું:' શું પૂછું?' મનમાં કહ્યું, આ શારદુલાય વળી છોકરિયુંનાં નામ આવે છે ? બધી ભાયડાંવના કપડાં પે'રીને ફરે છે, અને પાછી શરમાય છે.' શારદુલાએ હેં હેં હેં કરતાં કહ્યું, 'એવું છે ને કે મારા એક પ્રોફેસર છે ને, તેમણે મને કહ્યું હતું કે, તમારો કાન પણ બહુ ઇન્ટ્રેસ્ટિંગ છે.'

હરિયાએ કહ્યું 'હા અ અ અ?' 'હું રોજ કાન શણગારું છું. કહેતી કેમ નથી કે કાન જોઇ આપો, આપનો અભિપ્રાય આપો, કાંઇ સૂચન આપો.' અને બધી પાછી હવામાં ઝાડ હાલે એમ વાંકી વળી વળી હસવા લાગી. શાર્દુલાએ કાન બતાવ્યો. હરિયાએ ભારમાં મોં રાખીને કહ્યું, 'હું છે ને તે તમારો ફોટો મારા લખવાના ટેબલની ઉપર રાખું છું'

હરિયાએ મનમાં કહ્યું, કરો વાત ! જોરથી કહ્યું,'કરો, મહેનત કરો, આ તો મોટી સાધના છે, જરૂર તમે એક દિવસ પ્રખ્યાત કર્ણવિદ બનશો.'

ત્રણ છોકરિયું પોરસાતી પોરસાતી વહી ગઇ. આમ કહેતી: તમારા કાનના અમે ચાહક છીએ. જ્યારે જ્યારે તમારા કાન વિષે કાંઇ આવે છે ત્યારે અમે રસપૂર્વક વાંચીએ છીએ.

★

પછી તો હરિયો કાન મારફત જ ઓળખાવા લાગ્યો. એને દીઠે ઓળખનારા લોકો સિવાય એની ઓળખાણ થતી ત્યારે કહેવાતું: પેલા કાન વિષે તમે નથી સાંભળ્યું ? એ જ આ ભાઇ, કાનવાળા પ્રખ્યાત કર્ણવિદ.

એટલે કર્ણવિદ જ્યારે જ્યારે શિયાળામાં કાનટોપી પહેરીને નીકળતા ત્યારે વળી ઠેબે દેવાતા. હરિયાને કાન તો અદ્દ્ભુત મળ્યો હતો, પણ લોકો એક જ કાનની વાત કરતા ! જાણે એને બીજો કાન જ ન હોય. હરિયાને બીજો કાન પણ હતો. અને બેય કાન મળીને હરિયાના બે કાન બનતા, હરિયાને હરિયો બનાવતા અને માણસની હારમાં મૂકતા.

કાનના વખાણનારા જાણે પહેલેથી કલ્પી લેતા કે, હરિયો માણસ નથી. માત્ર આપણા પ્રખ્યાત કર્ણવિદ છે. હરિયાને પહેલાં એનું હસવું આવતું, અને પછી બીક લાગવા માંડતી, એક જ કાન મારો ? મારે બીજો કાન નહીં રાખવાનો ? બીજા કાનની ગંધ આવતાં જ લોકો બદલાઇ જતા. એમના મોઢામાં એક પાલી મગ ભરાઇ જતા. હરિયાને થતું કે એક કાનમાં એવું તે શું છે, અને એક કાન કોને ખબર સારો છે એટલે બીજા કાનનો ગુનો શો છે. અને દુનિયાનું વાજું એ રીતે ચાલતું હતું. અને હરિયાનું જીવન કાનના સહારે ગબડી રહ્યું હતું, અને આખરે હરિયો કાન ઉપર હસતો બંધ થયો હતો, કાનના જોરે જીવી શકાય કે કેમ તેનો વિચાર કરતો હતો, અને પોતે ખુદ કાનનાં માહાત્મ્યમાં માનતો થઇ ગયો હતો. હરિયો હજી કાનમાં માને છે.

★

હરિયો કાનમાં માને છે, એ વાત કહ્યા પછી હવે હરિયાની ચિંતા થાય છે કે એણે જીવનની તમામ બાબતો કાન અંગે છોડી દીધી છે. હરિયો એટલે કાન, અને કાન વિનાનો હરિયો એટલે શૂન્ય એવો તાલ દુનિયા ગોઠવી રહી છે અને કમભાગી હરિયો એ વાત માનતો થઇ ગયો છે: હરિયો એટલે કાન અને કાન વિનાનો હરિયો એટલે શૂન્ય અને એમાં ને એમાં હરિયો વીંટળાઇ રહ્યો છે. ચિંતા થાય એટલે એવી ચિંતા થાય છે કે કાલ સવારે હરિયાને માલૂમ પડે કે દુનિયા બહુ આગળ નીકળી ગઇ છે અને દુનિયાના બધા જણ પાસે નાનીમોટી ઘણીબધી ચીજો પડી છે ટકવા, ટકાવવા માટેની, જ્યારે હરિયા પાસે છે માત્ર એક કાન. અને એક જ નંગ કાન, પહેલાં જેવો હતો એવો ને એવો જ કાન, ત્યાં અટકી પડેલો કાન, અને જીવતો બંધ થઇ ગયેલો કાન. અને કાન વિનાનો હરિયો છે શૂન્ય. એટલે હરિયાનો અર્થ થાય જીવતો અટકી પડેલો કાન, જ્યારે દુનિયા એટલે પૂરપાટ દોડતી, વધતી જીવતી દુનિયા. હરિયો કોઇ દિવસ ઊઠીને જાણશે કે આખો તાલ આવો થયો છે, ત્યારે કેટલો જીવ બાળશે, આજથી પાંચ, સાત, દસ કે બાર વર્ષ પછી ?

**(સદ્દભાવ: 'મધુ રાયની શ્રેષ્ઠ વાર્તાઓ')**

★★★

# રાજકપૂરનો ટાપુ

– માય ડિયર જયુ

નળ સરોવર.

અમે કારમાંથી ઊતર્યાં ત્યારે હજી આછું અંધારું હતું. ઉષા હજી ખીલી નહોતી. પણ અજવાસનાં પગરણ થવા માંડયાં હતાં. ઊતરતાં જ મારી નજર ચોમેર ફરી વળી. ત્રણે દિશામાં પાણી પાણી તબકતું હતું. સામેની ક્ષિતિજ હજી અંધારઘેરી હતી. પણ એનીય પેલે પાર પાણી જ પાણી હશે એવો અહેસાસ થયો. નજીકના પાણીમાં ચમકતા તારા તરત જ નજરને આકાશ સુધી ખેંચી ગયા. આકાશમાં હવે અજવાસ પથરાઇ ચૂક્યો હતો. પણ કોઇ તારો, સચવાયેલી યાદ જેવો, હજી આછું આછું ટમટમતો હતો. કાંઠાની બંજર જમીન, ડુંગરાડુંગરી વગરની, સપાટ, ક્યાંય ઘેઘૂર ઝાડવુંય જોવા ન મળે, પણ સરોવરનું પાણી બધો ખંગ વાળી દે. આ પાણી જ જોવા કરીએ એવું થાય. વચમાં વચમાં ઝાંખા ઝાંખા દેખાતા ટાપુઓ પરનાં તાપણાં પાણીના પથરાટને વિસ્તારતા રહે. વહેલી સવાર ને ડિસેમ્બરની ઠંડી, તોય આંખોમાં ચમક ને શરીરમાં ચેતન ઊભરાયાં. પાણી તો નીરવ હતું, પણ ઊંડે ઊંડેથી આવતા પક્ષીઓના અવાજો આહ્‌વાન આપી રહ્યા.

કાંઠા ઉપર કોઇ કોઇ લારીઓ ખૂલી ગઇ હતી. એની નાની બત્તીઓના અજવાળામાં ખખડાટ સંભળાતો હતો. બાકી કાંઠો શાંત હતો. પણ અત્યારે કાંઠાથી એકાદ ફર્લાંગ છેટું હતું. કઠે ગાડર જેવી હોડીઓ એકસરખી ખીચોખીચ ઊભી હતી. કેટલાક હોડીવાળાઓ પટમાં આંટા લગાવતા હતા ને કોઇ કોઇ કઠે બેઠાં બેઠાં બીડી પીતા હતા. અમારી કાર ઊભી રહી કે કઠે બેઠેલામાંના એકબે સળવળ્યા એ મેં જોયું. પણ એ અમારી તરફ આવે તે પહેલાં તો, અમારી ઉપર ચડી આવી હોય તેમ, એક પછી એક – બે લક્ઝરી બસ આવી ઊભી. બસ શું, મધપૂડા ફાટયા હોય એવો ગણગણાટ વ્યાપી વળ્યો. સ્કૂલબસ હતી. એકસરખી ઉંમરની ને એકસરખા યુનિફોર્મવાળી સંખ્યાબંધ છોકરીઓ ટપોટપ ઊતરી પડી. એની સાથે બે મિસ ને મિસ જેવા થઇ ગયેલા બે ટીચર પણ ઊતર્યાં. વાતાવરણ શોરબકોરથી ભરાઇ ગયું. અમારી કાર ને અમે ચારે ફંગોળાઇને એક બાજુ ફેંકાઇ ગયાં હોઇએ એવું લાગ્યું. પેલા હોડીવાળાઓ એ ઝૂમખાઓમાં ખોવાઇ ગયા. એમના હાથમાં પકડેલા લાંબા લાંબા બાંબુ ટોળામાં ચહલપહલ કરી રહ્યા. અમે ઘડીભર એ જોતાં ઊભાં. મને તો અનુભવ હતો કે ઉતાવળ કરવાની જરૂર નથી; આપણનેય હોડી તો મળવાની જ છે. આ ઝુંડ પહેલાં ઠેકાણે પડી જાય. પવનના ઝપાટે બધું ખસેડાય તેમ શોરબકોર સાથે બધાં ઝૂમખાં પટમાંથી કઠે પહોંચ્યા ત્યાં સુધી અમે એમ જ ઊભાં રહ્યાં.

ટુરમાં આવેલી છોકરીઓ જેવો, ઝટપટ બધું જોઇ નાખવાનો ઉત્સાહ અમને નહોતો. અમારે નિરાંત હતી. સુમન આ વખતે અમેરિકાથી આવ્યો ને લાંબું રોકાયો. નીપા સાથે લગ્ન કર્યાં. હવે બંને હનીમૂન માટે નીકળી પડયાં હતાં. અમારે ત્યાં આવ્યાં ને નળસરોવર આંટો લગાવવાની ઇચ્છા કરી. એ બે અને અમે બે અહીં આવ્યાં. ક્યારે પાછા ફરવું એ નક્કી નહિ. નિરાંતે આખું સરોવર ઘૂમવાની ઇચ્છા. સુમન –નીપા ઊભાં ઊભાં આ દોડાદોડી જોઇ રહ્યાં. રશ્મિ કારમાંથી એક પ્લાસ્ટિકની બેગમાં દાણોપાણી લઇ રહી લાગી. સૂર્ય હવે નીકળું નીકળું થઇ રહ્યો. પાણીનો પથરાટ ક્ષિતિજ સુધી ચોખ્ખો દેખાયો. વચ્ચે વચ્ચે પક્ષીઓનાં ઝુંડનાં ધાબાં ને ક્યાંક ક્યાંક ટાપુઓના ઢૂવા દેખાયા. પાણીના અમાપ વિસ્તાર પરથી આંખ હઠતી નહોતી. માણસોની હડિયાપાટી જોતાં પણ પાણી જ મગજમાં વ્યાપી વળ્યું. સતત હાજર રહેતી દુન્વયી વાતો અત્યારે મગજમાંથી ઊડી ગઇ. પક્ષીઓનાં ઝુંડની જેમ સરોવર જ ચેતોવિસ્તારમાં તરી રહ્યું.

'ચલેંગે, સા'બ?' એક હોડીવાળાના અવાજે અમારું ધ્યાન ખેંચ્યું. એના હાથમાંનો બાંબુ આકાશ સુધી લંબાતો હતો. અમને સાહેબ લોગ ધારીને એણે રાષ્ટ્રભાષા વાપરી હતી.

'હા, હા, તો જ આંયા આવ્યાં હોઇએ ને!' મેં હસતાં હસતાં કહ્યું. 'નહિતર હડકાયું કરડયું હોય ઇ જ ટાઢમાં બહાર નીકળે !'

એણે પણ આંખો મલકાવી, 'અમારે તો પૂછવું પડેને, સા'બ !' કહીને એ ફર્યો. જાણે અમારી 'હા' એને કાફી હતી.

'પણ જો, ઊભો રહે. ખરેખર પક્ષીઓ બતાવવાં પડશે. આટલામાં આમતેમ ચક્કર લગાવીને પતાવી દઇશ એ નંઇ ચાલે. બીજી વાત. શું લઇશ, બોલ?'

પળવાર એ મારી સામે જોઇ રહ્યો. એની પહોળી અને ચોખ્ખી આંખોમાં અનેરી ચમક હતી. જુવાની વટાવી ગયેલું શરીર હજી પ્રૌઢ નહોતું લાગતું. ખડતલ હતું. ચહેરો આછા પ્રકાશમાં ચમકતો હતો. કાંચનવર્ણો. આછી પણ અણિયાળી મૂછો રુઆબદાર હતી. પહેલી નજરે ગમી જાય એવો હતો એ.

'સા'બ, આપડો એ ધંધો નહિ. આપડે તો એવા ટુરિસ્ટ જ પકડવાવાળા કે જેને પક્ષી જોવાં હોય. આમ આઘે આઘે, રાજકપૂરના ટાપુને વટીને ચક્કર મારવા તૈયાર થાય એવા ટુરિસ્ટનો ફેરો હું નક્કી કરું. આટલામાં ચક્કર મારીને પાછા ફરવાનું હોય તો આ ઇસ્કૂલની ટૂર છે જ ને ! હમણાં આ બધાં બે હલેસાં આમ મારશે ને બે હલેસાં ઓમ...પચી- પચ્ચાં પક્ષી બતાડી દેશે ને પાછા... મારી હંગાથે આવો, સા'બ, પાંચ પાંચ હજ્જાર પક્ષીના બેટ બતાવું. બેઇમાની આપડામાં નો આવે, સા'બ.'

એ તો બોલ્યે જ જતો હતો.

'પણ, તું લઇશ શું , એ તો તું બોલતો જ નથી !'

'તમે રાજી થઇને આપશો ઇ લઇ લઇશ. પહેલાં પક્ષીઓ જુઓ, સા'બ.! તમે ખુશ થાવ તો ફદિયાં આપવાનાં...'

'ના, ના. પહેલાં કહી દે. પછી પાછળથી વાંધો પડે.'

'આપડામાં વાંધો આવતો જ નથી, સા'બ. એક વાત ફાઇનલ થઇ ગઇ પછી હરફ નંઇ કાઢવાનો.' બોલતો બોલતો એ ચાલવા માંડયો. અમે પણ એની પાછળ ડગલાં માંડયાં. સુમન અને નીપા પાસે દૂરબીન અને કેમેરા ગળે લટકતાં હતાં. રશ્મિ પાસેથી મેં પ્લાસ્ટિકની બેગ લઇ લીધી. હોડીવાળાએ પાછા ફરી એ બેગ મારા હાથમાંથી લઇ લીધી.

'આટલો બધો ભાર સંગાથે લેવાની જરૂર નંઇ, સા'બ. તમને સા'બ લોકોને પાણી નો ફાવે એટલે વૉટરબૅગ બસ થઇ પડે. બાકી, કલાકે- બેકલાકે પેટમાં કંઇક ઓરવાનું મન થાય કે રાજકપૂર ટાપુ પર ફસ્કલાસ ચટણ – રોટલો મલે! તમે ખુશ થઇ જાવ, સા'બ!'

મને થયું, આ રાજકપૂરનો આશક લાગે છે !

'તારું નામ શું ?'

'અરમાનખાં, સા'બ. ત્રીસ વરસથી આપડો ધંધો છે, સા'બ. રાજકપૂર પિક્ચર ઉતારવા આવ્યો તંયે અમે નાના નાના, રાતદી ઇની વાંહે વાંહે ઘૂમ્યા કરતા.'

મને થયું, અમને શહેરનાં ધારીને આ રાજકપૂરને પિક્ચરની વાત આગળ કરતો લાગે છે!

'અને ઇ, મેરા નામ જોકર, લીંબડીમાં લાગ્યું તંયે અમે રોજ રાત પડે લીંબડીભેગા, રોજ રાત પડે ને લીંબડી ભેગા,તે થાકી ગયા યાં લગણ ઇ પિક્ચર જોયેલું!'

'અચ્છા !' મારે કંઇક બોલવું તો જોઇએ. 'લીંબડી અહીંથી નજીક થાય ?'

'આ, સામે કઠે દેખાય ઇ લીંબડી. ફેરમાં જાઇ એટલે વસમું પડી જાય,

પણ એક વાર લગન લાગે પછી આઘું શું ને ઓરું શું, કેમ સા'બ ! જિના યહાં, મરના યહાં, કેમ સા'બ ?'

'અરે, તું તો ફિલોસોફર લાગે છે !' મેં સ્મિત ફરકાવી એની સામું જોયું. એ પ્રસન્ન મુખમુદ્રા સાથે હોડીને નજીક ખેંચી રહ્યો.

અંધારી રાત હોય, ચોગાન જેવું વિશાળ ફળિયું હોય, ઓસરીની કોર પર એક દીવો સળગતો હોય, ફળિયાના ખૂણેખૂણાને આછા અજવાસથી અજવાળતો હોય, તેમ સૂર્યનું બિંબ ક્ષિતિજની કોર પર મુકાયું ને ક્ષિતિજપાર પથરાયેલું સરોવર મન ભરી રહ્યું. સુમનનો કેમેરા એ દશ્યો ઝીલવામાં ટપ્ ટપ્ થઇ રહ્યો. નીપા અને રશ્મિ તો આ પ્રસન્ન વાતાવરણમાં હિલ્લોળાઇ રહ્યાં હોય એમ લાગ્યું.

'આવી જાવ, સા'બ. આવો બેન, સંભલકે.' અરમાન હોડીને બેલેન્સ કરીને કહી રહ્યો. પોતાનું પેન્ટ એણે ગોઠણ સુધી ચડાવી દીધું હતું. એ ક્યારેક હિન્દી શબ્દ ઇસ્તેમાલ કરતો ને ક્યારેક ઇંગ્લિશ શબ્દ યુઝ કરતો એ તરત મને ચોંટી જતા. એના બોલવામાં મીઠાશ હતી તે કંઇક ઓર હતી. નીપા અને રશ્મિ તો બાયનોક્યુલર આપવા- લેવામાં જ મશગૂલ હતાં. એમને જલદી જલદી આખા સરોવરના પક્ષીજગતને આંખોમાં ભરી લેવુ'તું જાણે !

'એમ પક્ષી જોવા ના મલે, બેન. કલાક બેસો. તમારા માથેથી પાંચ હજારનું ટોળું ઊડતાં દેખાડું તંયે કહેજો કે અરમાને પક્ષી દેખાડ્યાં ! કેમ, સા'બ!'

મને થયું, એને મારી સાથે મનમેળ થઇ ગયો લાગે છે ! મેં કહ્યું, 'હવે તો પક્ષી શું, અમારી જિંદગીય તારા હાથમાં છે. તું ધારે તો તારે, ને ધારે તો ડુબાડે ! તું ધારે તો પક્ષીઓ બતાવીને અમને આકાશમાં ઊડતાં કરી મૂકે, ને તું ધારે તો આ હોડી જરાક નમે, ને અમે તળિયે...!'

બેલેન્સ જાળવીને અમે ગોઠવાતાં હતાં. હોડી, જીવતી માછલી જેવી; સળવળી રહી. બંને સ્ત્રીઓનાં મુખ પર આનંદ ને ભયના ચમકારા એક સાથે થતા એ જોવાની મને મજા પડી.

'આપડી હોડીમાં ડૂબવાની વાત નો આવે, સા'બ. ચક્કર લાંબું લેવાનું, પણ ખુશહાલ.'

એના શબ્દે શબ્દે મારી ખાતરી વધતી જતી હતી કે માણસ ફિલોસોફર છે અથવા તો રોજ ભાત ભાતના માણસની સંગતે, તે ફિલોસોફર બની ગયો છે. ગમે તેમ, પણ નળસરોવરનાં પાણી જેવો થઇ ગયો છે નિર્મલ, નિશ્ચલ, નીરવ. એણે બાંબુ પાણીમાં ખોસ્યું ત્યારે મારી આંખોએ એ બધું સ્પષ્ટપણે જોયું આખા સરોવરનું પાણી સમથળ હતું. પાણી જેનું નામ, એ ખળખળ વહેતું હોય કે દરિયા જેવું હોય તો ઊછળતું હોય; એક આ સરોવરનાં પાણીની જુદી સ્થિતિ હોય છે. એમાં આ નળસરોવર, અફાટ અમાપ અસીમ. તોય ક્યાંય એકાદ લહર પણ ન ઊઠે! આભ નીચે આવીને પથરાઇ ગયું લાગે, નિશ્ચલ નીરવ.

હોડી થોડી આગળ ચાલી કે નીપા ને રશ્મિ દૂરબીનની લેવેડદેવડ કરી રહ્યાં. સુમન કેમેરાને આંખથી હટાવતો નહોતો. મને થયું, એને તો દશ્યો જ દશ્યો દેખાતાં હશે, ચાહે તે ક્લિક્ કરે !

'હમણાં કંઇ નહિ દેખાય, બહેન. થોડી વાર ખમી જાવ. હું જ કહીશ કે હવે જોઇ લો પક્ષીઓની આલમ...' અરમાન બોલ્યો.

'અરે, ઓ રહ્યું એક પક્ષી...' નીપા દૂરબીનમાં મોં રાખીને બોલી.

અરમાન એ તરફ જોઇને બોલ્યો,' એ તો જંગલી ડક છે, બહેન. એ એકલદોકલ જોવા મલે. જ્યારે જુઓ તંયે એકલું હોય. આ માદા છે. નર ક્યાંક બીજે માછલાં ગળતો હશે !'

'પણ ક્યારેક તો એ બેય ભેગાં થતાં હશેને !' સુમનનો ટોન જરા વક્ર હતો. હમણાં પરણ્યો હતો ને !'

અરમાન સંકોચ સાથે મરકયો. એમાં એની 'હા' દેખાઇ. એના હાથમાંનો બાંબુ ઝડપભેર ઊંચોનીચો થતો હતો. એ ઉપર ઊઠતો ત્યારે આકાશ ચીરતો હોય એવો લાગતો ને નીચે આવતો કે પાણી ચીરીને હોડીને જબ્બર ધક્કો લગાવતો. હોડીની ઝડપ વધતી. ક્યારેક ધક્કાથી હોડી સહજ નમતી તો બંને સ્ત્રીઓનાં મુખમાંથી 'એય'કાર નીકળી જતો.

'સમ્ભાલો'

'સમ્ભાલવું જ પડેને. નહિતર આંહીં જ જળસમાધિ !' રશ્મિ બોલી.

'એવું બને એટલું પાણી જ ક્યાં છે, બહેન ! અત્યારે તો આખા સરોવરમાં ક્યાંય કેડથી ઉપર પાણી ન હોય. કોઇ કોઇ ચોમાસામાં બહુ વરસાદ આવ્યો હોય તો જ માથોડું પાણી થાય અને એય સપ્ટેમ્બર- ઓક્ટોબર સુધી. પછી તો આટલું પાણી રહે.' કહેતાં એણે હોડીમાંથી છલાંગ મારી. ખરેખર એના ગોઠણ સુધી પાણી હતું. 'એ વખતે આ બીજા ટાપુ પાણી નીચે આવી જાય. એક રાજકપૂરનો ટાપુ બા'રો રહે. એ સૌથી મોટો ખરોને ?'

મને થયું, વળી રાજકપૂર !

'સૌથી મોટોય તે ને તને સૌથી વ્હાલોય તે, ખરું?'

એના હોઠ મરકયા. એમાં એની 'હા' તરવરી રહી.

'એ તો તંયે પહોંચીએ એટલે તમને, સા'બ, એની રંગતની ખબર પડે !'

મને થયું, એ ટાપુનું એને કંઇક ઓર આકર્ષણ છે.

એટલામાં એકબે ટાપુ નજીક દેખાવા માંડ્યા. પેલી સ્કૂલબસ વાળી હોડીઓ ત્યાં પહોંચી ગઇ હતી.

'આ ટાપુ પર વસતી શાની?' સુમને મોં કેમેરામાં રાખીને પ્રશ્ન કર્યો.

'અમાર લોકોની, સા'બ. પાણીનું તળ નીચું આવે ને ટાપુ બા'રા દેખાય કે અમારા લોક દંગા નાખી દે. સેલાણીઓને ખાણીપીણીની મજા પડે. આવી ખુશનુમા સીઝનમાં ચટણી-રોટલો ખાવાની, આપ જેવા શહેરી લોકોને મજા પડે, સા'બ. આપડે રાજકપૂરના ટાપુએ પહોંચીએ ત્યારે જોજો ને...'

મને થયું, હંઅ. રાજકપૂરના ટાપુ ઉપર એનો દંગો હશે ! એટલે આ ભાઇસાહેબ અગાઉથી સેલ્સમેનશિપ અખત્યાર કરે છે!

એટલામાં કાગડાનું 'કા...કા...' સંભળાયું. મેં આમતેમ જોયું. એ મારી ઇન્તેજારી પારખી ગયો.

'એ જંગલી કાગડો છે, સા'બ. મરેલાં માછલાં ખાવા આવે.'

'જંગલી કાગડો ?' સુમને કેમેરા એ તરફ ફેરવ્યો. 'કાગડાય જંગલી ને સિવિલિયન હોય છે ?'

'જોવો છે, સા'બ?' કહેતાં એણે હોડી ઘુમાવી. બાંબુ ખોંસીને જોરથી ધક્કો લગાવ્યો. હોડી સડસડાટ એ તરફ ચાલી.'આ કાગડો એકલો જોવા મલે, સા'બ. દુનિયામાં નાગર, કાગડ ને કૂકડા એકલા જોવા ના મલે, સા'બ, પણ આ એકલો આવે. માછલાં દાબે, જુવોને, કેવો જાડો દેખાય છે!'

પાણીમાં ઊભા કરેલા ખંભા ઉપર બેઠાં બેઠાં 'કા...કા...' કરતા મસમોટા કાગડાજીને સુમને કેમેરામાં પકડી લીધા.

'પક્ષીઓમાં પણ અજબગજબની જાત હોય છે કે શું ?' મને મનોમન આશ્ચર્ય થયું. કંઇક બોલવા માટે મેં અરમાન સામે જોયું, પણ એની આંખો તો સાવ નજીક આવી ગયેલા ટાપુ તરફ જોઇ રહી હતી. મેં એ ટાપુ તરફ નજર દોડાવીઃ એક કિશોરી આ તરફ જોતી ઊભી હતી. એણે અરમાનને હાથ ઊંચો કર્યો. અરમાને પણ કર્યો. બંને હસી રહ્યાં. ટાપુ પર ચૂલો સળગતો હતો. એની પાસે એક સ્ત્રી આ તરફ પીઠ રાખીને બેઠી હતી. એ આ તરફ ફરી પણ નહિ. ટાપુના બીજા છેડે એક ભેંસ ચરતી હતી.

'આ તારો ટાપુ લાગે છે !' મેં અંદાજ બાંધ્યો

'નહિ રે...' એ ધ્રુજી ગયો હોય એમ બોલી ઊઠયો. 'આ જ રાજકપૂરનો ટાપુ સા'બ. ઘણા વરસથી એના પર અમીનાબીબીનો દંગો છે, સા'બ. ચોમાસામાં ટાપુ ડૂબમાં આવી જાય એટલે અમારા લોક ગામમાં આવી જાય. એક આ ટાપુ ડૂબે નંઇ. અમીનાબીબી ને એની આ છોરી ચોમાસામાં આંહી જ રહે.'

'કેમ, એનો ધણી ?...'

'કોણ? સુલેમાન?... સુલેમાન તો છોરી છ મહિનાની થઇ ત્યાં અલ્લાને પ્યારો થઇ ગયો, સા'બ. બહુ નેક ઇન્સાન હતો.'

એના ચહેરા પર ગમગીની છવાઇ ગઇ. એના હાથ ઢીલા પડી ગયા છે એમ હોડીની ગતિ કહી રહી. હોડી રાજકપૂર ટાપુની સમાન્તરે પસાર થઇ રહી. તો પણ પેલી સ્ત્રીએ આ તરફ નજર ન કરી એ મારી નજરે નોંધ્યું. હવે એ વિષે કંઇ કરવામાં મને અવઢવ થઇ. કદાચને, અરમાનને અને આ સ્ત્રીને છૂપો સંબંધ હોય. કદાચને, એ બાબત સમાજમાં  ગપસપ પણ ચાલતી હોય; કદાચને, અરમાનના ઘરવાળા ... જે હોય  તે. અત્યારે મને આમાં આગળ વધવું મુનાસિબ ન લાગ્યું.

બે મિનિટ મૌન છવાઇ ગયું. રાજકપૂરનો ટાપુ પાછળ રહી ગયો. મેં તાજ છાપ સિગારેટ કાઢીને સળગાવી. 'તું પીએ છે ?' કહીને એની સામે ધરી. એની આંખોમાં રાજીપો ચમકયો.'ક્યારેક, પણ પિઉં તંયે હુંય તાજ છાપ જ પિઉં છું, સા'બ, પણ ક્યારેક.' કહીને એણે બાંબુ હલાવવો બંધ કર્યો. એક સિગારેટ ખેંચીને સળગાવી. એના ઊંડા કશ એની આંખોમાં મેઘધનુષી રંગીનિયાં ફેલાવી રહ્યાં.

રશ્મિ - નીપા હવે અધીરાં બન્યાં હતાં. એ ત્રણે  હોડીને સામે છેડે બેઠાં હતાં.

'હવે ક્યારે પક્સી દેખાસે, અરમાનભાઇ?' નીપા બોલી.

'આ બાજુ નજર કરો, બેન.' કહીને એણે બાંબુ ઊંડો ખોસ્યો. જોરથી ધક્કો લાગ્યો. હોડી મોટરની જેમ સડસડાટ ચાલી.

અમે ચારેએ એ બાજુ નજર કરી. અમને તો એકે પક્ષી દેખાયું નહિ !

'હવે તમારાં દૂરબીન ને કેમેરા બરાબર કરો, સા'બ ! નહિતર આપડી હોડી નજીક જશે ને આ ટોળું ફરરરર...'

'કયું ટોળું ?' એવા કુતૂહલ સાથે મેં એક દિશામાં નજર નોંધી, તો દૂર ટાપુ જેવું લાગ્યું. હોડી એ બાજુ જ જઇ રહી હતી. જોતજોતામાં  આખો ટાપુ કિલવિલ કિલવિલ હલમલતો લાગ્યો.

અહોહોહો ! પક્ષીઓ જ પક્ષીઓ! એક સરખાં, અણુએ અણુ ચોંટ્યાં હોય તેમ ચોંટેલાં ! ફૂલપથારી જેમ પથરાયેલાં ! સહેજસાજ હાલતાં, હલમલતાં ! એકબીજાં પાંખો અફાળતાં !

'બિલેક ડક છે, સા'બ! ચારપાંચ હજાર હશે. આ વખતે સારાં આવ્યાં છે. હવે ઊડશે હોં, જોજો! આમણી કોર જ ઊડશે...'

અરમાન બોલે બોલે ત્યાં સરોવરમાંથી સેર ફૂટી હોય તેમ, પહેલાં એક ઊડ્યું,પછી બીજું-ચાર-પાંચ -પંદર-પચાસ-સો-હજાર બે હજારનું ઝૂમખું આકાશમાં ચડ્યું ! કાળાં પક્ષીઓની પાંખોએ -ચાંચોએ વળગેલાં પાણી પર કિરણો ટકરાતાં રૂપેરી રજકણ ખરતી લાગી.

વાહ ! સુમનને કેમેરામાં નજીકથી દેખાતાં હશે ! મેં ઘડીભર દૂરબીન લઇને એ દશ્ય જોયું, પણ બંને સ્ત્રીઓએ મારી પાસે દૂરબીન રહેવા ન દીધું. અમારી હોડી મૂગી થઇ ગઇ. અરમાને બાંબુ હલાવવાનું બંધ કર્યું. નીલાંઘેરાં પાણીમાંથી કાળી વાદળી ઊઠી હોય  એમ આખું  ઝૂમખું અમારી હોડી પાસેથી જ પસાર થયું. આનંદ આનંદ સિવાય અમને બીજી અનુભૂતિ થતી નહોતી. અરમાન અમારી પ્રસન્નતાને નિહાળી રહ્યો. એ એનાથી પ્રસન્ન દેખાયો.

' આ વખતે ફ્લેમિંગોય સારાં આવ્યાં છે, સા'બ !' કહીને એણે હોડી ધુમાવી. અમે તો હજી ડકનાં ઝૂમખાં તરફ જોઇ રહ્યાં હતાં.

'તંયે લૅંડિંગ કરશે, સા'બ ! જોજો.'

પક્ષીઓની દરેક ગતિવિધિથી એ વાકેફ જ હોયને ! મને થયું. એમાં આ તો ચકોર માણસ છે. પક્ષી શું, માણસની ગતિવિધિનો પણ પારખુ છે. તો જ, ચારેમાંથી મારી સામું જોઇને વાત કરે છે ને !  એ સમજી ગયો છે કે આ સાહેબને પક્ષીમાં રસ છે !

'ફ્લેમિંગો કેટલે દૂર હસે. અરમાનભાઇ?' નીપાએ વોટરબેગ લઇ, પાણી પીધું. રશ્મિ- સુમન- મેં પણ પીધું. અરમાન સામે ધર્યું. એણે ડોકું ધુણાવ્યું. 'સવારે દહીં-રોટલો દાબીને નીકળીએ એટલે જલદી તરસ ના લાગે, સા'બ. હવે ટાપુયે પહોંચીએ તંયે.' એ હોડીને વળી ઝડપથી ચલાવી રહ્યો.

'કોના? તારા ટાપુ પર?' મેં પૂછ્યું.

'નંઇ રે, સા'બ. મારો દંગો જ ક્યાં છે !' એ જરા ધીમું બોલ્યો અને ગંભીર થઇ ગયો.

'કેમ, તારી બીબી આ ધંધો પસંદ નથી કરતી?' મને એના તળમાં ઝાંખવાની ઇન્તેજારી તો હતી જ.

'મારી બીબી તો ચલ બસી છે, સા'બ. ઘણો ટેમ થયો.' એની નજર ક્ષિતિજ સુધી લંબાઇ. મને થયું, એને આવા પ્રશ્નો કરીને હું કંઇ પાપ તો નથી કરતો ? 'એક છોકરો છે. છોકરો અટાણે પંદર સાલનો થયો છે. એ ચાર -પાંચ સાલનો હતો ને એની મમ્મી અલ્લાને પ્યારી થઇ ગઇ.'

'ઓહ !' શું બોલવું તે મને સૂઝ્યું નહીં. 'છોકરો ક્યાં છે ?'મેં એમ જ, એની ગંભીરતા તોડવા કહ્યું.

'લીંબડી રહીને ભણે છે, એના મામુને ત્યાં. એની અમ્મી જેવો હુંશિયાર છે, સા'બ.' એનું ગળું ભીંજાયેલું લાગ્યું. એમાં એનો પત્નીપ્રેમ છલકી ગયો.

'પણ, રજાઓમાં તારી પાસે આવતો હશેને? ઘરે?'

'હોવ્વે. આવે. આવતો જ રિયે, પણ ઘરે ના રહે. આંયા, રાજકપૂરના ટાપુ પર વધુ રહે. એને ત્યાં ગમે, તો હુંય તંયે જ રહેવા દઉં. અમીનાબીબીએ એને રાખેલો ખૂબ ને !'

એનું બોલવું મને તૂટક તૂટક લાગતું હતું. મારી આંખો પ્રશ્નાળ છે એ એની નજર નોંધતી હતી. તોય મારે કંઇક બોલવું તો જોઇએ.

'રાખેલો, એટલે ?'

'જુસબની અમ્મી ગઇ, પછી હું જુસબને લઇને હોડીએ આવું. એ વખતે સુલેમાનની શાદી થયેલી. સુલેમાન જુસબને એના ટાપુએ લઇ જાય. અમીનાબીબી આખો આખો દિવસ જુસબને હાંચવે. ક્યારેક  ક્યારેક તો રાતે પણ તંયે જ રાખે. એમાં ને એમાં બેયના જીવ મળી ગયા છે. એટલે છોરો ઘેર આવે કે સીધો આંયા. રાજકપૂરના ટાપુએ...' થોડી વાર અટકીને સહેજ ધીમા અવાજે બોલ્યો.' અમીનાબીબી તો હવે એને જમાઇ બનાવવા પર તુલી છે !' કહીને એ હસી રહ્યો.

મને થયું, હંઅ. તો તો આ લોકો એકમેક છે.

સૂરજ ઘણો ઉપર આવી ગયો. પાણીનો ગરમાટો હતો જ, એમાં ઉપરની ગરમી શરૂ થઇ. અમે સ્વેટર કાઢીને હોડીમાંના પાટિયે મૂક્યાં. પેલાં ઝૂમખામાંથી ઘણે દૂર આવી ગયાં લાગ્યું. એક દશ્ય જોઇને આનંદિત થઇ ઊઠેલી સ્ત્રીઓ બીજું દશ્ય જોવા ઉત્સુક હતી. સુમનનો કેમેરા તો આંખો પર જ હતો.

'ઓ...ઓ દેખાય !' સુમન બોલી ઉઠયો.

'શું ?' કહેતાં અમે ત્રણે ચકળવકળ થઇ રહ્યાં.

'ફ્લેમિંગો !' સુમનને થોડે દૂર રહેલાં ફ્લેમિંગો કેમેરામાં દેખાયાં, તે

અમેય ઝીણી નજરે જોયું ને અમને દેખાયાં.

અરમાન અવાજ કરીને હસ્યો. મેં એની સામે જોયું.

'અરે, સા'બ, ઇ તો પચ્ચી - પચ્ચા છે ! આમણી કોર જુઓ, સા'બ ! કાંઇ દેખાય છે ?'

એણે સંકેત કર્યો તે તરફ જોયું તો દૂર દૂર કાંઠો હોય તેમ લાગ્યું. ક્ષિતિજ સુધી પાણી પાણી તબકતું'તું. ચોમેરથી આવતા સહેલાણીઓના અવાજ સિવાય કંઇ સંભળાતું પણ નહોતું.

'સરોવરનો કાંઠો આવી ગયો કે શું ?' હું એમ જ બોલ્યો.

ત્યાં તો,'વાહ ! વન્ડરફૂલ!' કહેતાં સુમન ઉછળ્યો. હોડી ડગમગી ગઇ. મેં જોયું હોડી સરતી રહી કે પેલી કિનારી જોતજોતામાં મોટી થઇ ને બીજી ક્ષણે તો સફેદ ટાપુ દેખાયો ! ફ્લેમિંગો જ ફ્લેમિંગો ! કલરવ કલરવ ! પાંખોના ફફડાટના અવાજો, કાંઠાના ઘેરા -મધુરા અવાજો, પાણીમાં ચાલવા- ચાંચો ઘોંચવાના અવાજો. અવાજથી દિશા ભરાઇ ગઇ. કાંઠાના અવાજો દૂર દૂર દબાઇ ગયા.

'જોઇ લ્યો, સા'બ ! આ ફ્લેમિંગોની આલમ. ચાર- પાંચ હજારથી ઓછાં નંઇ હોય !'

અરમાને હોડી ધીમી પાડી. પચીસ - પચાસ અમારી વધુ નજીક આવતાં હતાં. સફેદ અને કેસરિયા રંગનું વાદળ પથરાઇને પડ્યું જાણે ! સૂર્યનાં તીખાં કિરણોની ચમક એના પર રમી રહી. રશ્મિ પાસેથી દૂરબીન લઇને મેં વધુ નજીકથી જોયું. અદ્દભુત ! સુંદર પક્ષી ! ક્યારેક જોવા મળે એટલે અધિક સુંદર! આટલી સંખ્યામાં એક સામટાં જોવા મળે એટલે અધિકાધિક સુંદર! અમાપ સરોવર ને અસંખ્ય પક્ષીઓ ! હું મને કોઇ જુદા જ લોકમાં વિહરતો અનુભવી રહ્યો. સુમનનો કેમેરા ચાલતો હતો. એ કંઇક બોલતો હતો. બંને સ્ત્રીઓ દૂરબીન અદલબદલ કરતી કંઇક બોલતી, પણ કોઇ કોઇનું સાંભળતું નહોતું. સૌ જાત સાથે બોલતું ને જાત સાથે મૌન હતું. બોલતી'તી તો આનંદની ચમક, જે એક ચહેરા પરથી બીજા ચહેરા પર ટકરાતી હતી!

'બસ, આનાથી આગળ નંઇ જવાય, સા'બ.' અરમાને હોડી ફેરવી.

'કેમ? ' નીપાને તો જાણે એ ટાપુ પર ચાલવું'તું. નાચવું'તું. ઠેકડા મારવા'તા.

'જો આ ઝુંડ ઊડે ને એનો એકાદ છેડો આમણી કોરથી ઊડે તો હોડી ઊંધી, બેન ! અટાણે આ પક્ષી બહુ ઊંચું નો ઊડે. આંયથી ઊડીને તંયે જઇને પડાવ નાખે એટલું જ.'

અમે ધરાઇને જોતાં હતાં, પણ ધરવ થતો નહોતો, પણ પક્ષીઓ જોઇને તૃપ્તિ પણ થઇ હતી. હોડી ફરી તોય અમારી આંખો એ તરફ ચોંટેલી રહી. મને પાછો વાળવો હોય એમ અરમાન બોલ્યો,

'પક્ષીની જાત છે, પણ કેટલી રેગ્યુલર, સા'બ! ક્યાં એનો દેશ, ક્યાં આવી પડાવ નાખે ! ટાઇમે ઊપડતાં હશે ! ટાઇમે ટાઇમે વચ્ચે વચ્ચે પોરા લેતાં હશે ! આકાશ મારગે આવે તોય ચીલો ચાતરે નંઇ ! આકાશમાં કાંઇ રસ્તા છે ? પણ જાત રેગ્યુલર ખરું ને, સા'બ !'

'આપાણી જેવું નહિ !' મેં ધીમેથી, એની જેમ ફિલોસોફિકલ જવાબ વાળ્યો હોય એવું લાગ્યું.

એ હસ્યો નહિ. એની ગંભીરતા અકબંધ રહી. મને થયું, કદાચને, એણે મારી કોમેન્ટ પોતાના પર લઇ લીધી નહિ હોયને ! મારું કહેવાનું એને દૂભવવાનું નહોતું.

પાછા વળવાનું મન નહોતું, પણ પક્ષીઓ જોયાની તૃપ્તિય ઓછી નહોતી. અહીં ઘૂમ્યા કરીએ એમ થતું હતું, પણ તડકોય હવે અકળાવવા માંડ્યો હતો. એ તો અમને આમ થતું હતું; અરમાન તો કેમ કરવું એ સમજતો હોય તેમ હોડીને પાછી લઇ રહ્યો હતો. જોતજોતામાં ફ્લેમિંગોના અવાજો દૂર રહી ગયા ને સહેલાણીઓના શોરબકોર નજીક આવ્યા. મને થયું, સ્વર્ગમાંથી પૃથ્વી પર આવીએ છીએ જાણે ! કંઇ બોલશું તો અંદરનો આનંદ વીંખાઇ જશે કે શું, એમ જાણી અમારી વચ્ચે મૌન જ બોલતું રહ્યું. અરમાન પણ મૂંગો હતો.

અને, ટાપુઓ નજીક આવ્યા ને અમારી એકાગ્રતા વીંખાઇ, હોડી ધીમી પડી. મેં જોયું, અમે રાજકપૂરના ટાપુને કંઠે પહોંચી ગયાં. અરમાને એકબે સેલારા મારીને હોડીને થોડી આઘે લીધી. ઠેકડો મારીને નીચે ઊતર્યો. હોડીને ખેંચીને બરોબર કંઠે લાવ્યો ને પકડીને ઊભો. 'સંભલકે ઊતરી જાવ, બેન!' ચોપગાં પ્રાણીઓની જેમ સ્ત્રીઓ હોડીમાંથી ઊતરી. સુમને બંનેને હાથ આપ્યો. હું ત્રણે પછી ઊતર્યો. 'થોડો આરામ કરો, સા'બ! ખાણીપીણી કરો. મજા આવશે.' અરમાને મને કહ્યું અને એ હોડી પર ચડયો. મને થયું, આવે વખતે ડ્રાઇવર લોક પોતાના વાહનને તપાસતા હોય છે, તે આ પણ હોડીને જોઇ-કરીને આવશે.

મેં જોયું, ટાપુ મોટો હતો. સામે છેડે એક ઝાડવું હતું. એને અડીને તંબૂ જેવું હતું. કંઠે કંઠે છૂટાછવાયા બાવળિયા હતા. પડખે ભેંશ અને એનું પાડું બાંધેલા હતાં. ચૂલો સળગતો હતો, એના પરની તાવડીમાં રોટલો ચડી રહ્યો હશે. અમને આવતાં જોઇને પેલી કિશોરી આગળ આવી. એ હસતા ચહેરે વેલકમ કરી રહી. ચૂલા આગળ પહોંચ્યા ને પહોંચ્યા ને પેલી સ્ત્રી ઊભી થતાં અમારી બાજુ ફરી. ઊંચી, સપ્રમાણ, સુડોળ બાંધો, ગૌર વાન, અસલ સિંધ દેશની ઓલાદ. મોટી મોટી આંખો, ગાલ પર કાશ્મીરી સેવ જેવી ઝાંય, હોઠ પર એ ઝાંય એકઠી થયેલી, જન્નતની હૂર જેવી ખૂબસૂરત, તોય જાજરમાન. જેવો દેખાવ એવું જ બોલવું સુંદર, નળસરોવરનાં પક્ષી જેવું.

'આઇયે સા'બ ! આઇયે બહેનજી ! બેસો.'

શબ્દોચ્ચાર કેવો મધુર હોય એ મેં પ્રથમ વાર અનુભવ્યું.

એણે આંખથી ચીંધેલી બાજુ ત્રણચાર ખાટલીઓ પડી હતી, એકાદ જણ લંબાઇ શકે, ત્રણચાર જણ બેસી શકે એવી. અમે બેઠાં બેઠાં થાક્યાં હોઇએ એમ ખાટલીઓ જોતાં જ લાંબા થઇ ગયાં.

'નૂર! પાણી આપજે, બિટિયા!' અમીનાબીબીએ છોરીને કહ્યું. પછી અમારી તરફ જોઇને પૂછ્યું,' શું ખાશો-પીશો, બહેનજી ?'

'અરે, ચટણી-રોટલા, બીજું શું !' હું બોલી ઊઠયો. 'હોડીમાં બેઠા ત્યારથી અરમાન ચટણી-રોટલાનાં વખાણ કર્યા કરે છે, 'બહેન!' મેં હસતાં હસતાં કહ્યું. એના મોં પર કોઇ પ્રતિભાવ ન ઊપસ્યો. 'ક્યાં ગયો?' મેં બેઠા થઇને નજર દોડાવી. અરમાન હજી હોડી પાસે જ હતો. મને થયું, હમણાં આવશે, પણ અમીનાબીબીએ મારા બોલવા પર લક્ષ ન આપ્યું હોય એવું મને લાગ્યું. એણે એ તરફ જોયું પણ નહિ એ મારી નજરે માર્ક કર્યું. તરત જ લસણની ચટણી ને બાજરીના રોટલાવાળી ડિશો કિશોરીએ અંબાવવા માંડી. ખરેખર, અમને ભૂખ લાગી'તી.

'અડધો રોટલો ખાશો ત્યાં બીજા ગરમ ગરમ થાતા રહેશે, હોં ! છાશ પીજો, બહુ મીઠી લાગશે. ઘરની ભેંશની છે. તમારા શહેરમાં તો ઠીક, જન્નતમાં આવી છાશ નો મળે, બેન !' છાશ કરતાંય અધિકાં અમી એના હોઠમાંથી અને આંખોમાંથી નીતરી રહ્યાં હતાં. એના એક એક વર્તનમાં પ્રેમની ભીનાશ હતી. ટાપુ પરના વાતાવરણ જેવી !

પણ આ અરમાન કેમ આવ્યો નહિ ? - મને એની છટપટાતી હતી. મારો દિલોજાન બની ગયો હતોને ! મારી સાથે નજર મિલાવીને વાત કરતો. મારી ડોકી બગલા જેમ ઊંચી નીચી થતી, વળી વળીને એના તરફ ઘૂમ્યા કરતી હતી. ત્યાં કિશોરી હાથમાં એક ડિશ લઇને દોડી. જઇને અરમાન પાસે ઊભી રહી. બંને હસતાં હસતાં કંઇક વાત કરી રહ્યાં.

પણ અરમાન આંહી કેમ ન આવ્યો?- મારી ઇન્તેજારી હવે ફૂંફાડા મારી રહી. એ તો હોડી પાસે બેઠો બેઠો, એકલો ખાઇ રહ્યો. મારાથી રહેવાયું નહિ. વધુ અડધો રોટલો ને છાલિયામાં છાશ લઇને હું એની પાસે પહોંચ્યો.

'આઇયે સા'બ. કેમ મજા પડે છને?' એણે હસતાં હસતાં કહ્યું.

'હોવ્વે !' મેં પણ હસીને કહ્યું. 'તારી કોઇ પસંદગી ક્યાં નબળી હોય છે ! બધી અફલાતૂન !'

એ મારી સામે એકધારું તાકી રહ્યો.

'પણ તું ત્યાં કેમ ન આવ્યો ?' કહીને હું એની પાસે બેસી પડયો. એના હસવા પાછળની ગંભીરતા માર શ્વાસમાં ભળતી હતી.

'અરે, સા'બ, તમે નીચે ! 'કહીને એ ઊભો થવા ગયો, પણ મેં કહ્યું,'અહીં બેસવા દે. તારી સાથે ઓર મજા પડે છે!'

બરોબર આંખોમાં આંખો મિલાવીને વળી મેં પૂછ્યું, 'ત્યાં કેમ આવ્યો નહિ ?...એ બાજુ જોતો પણ નથી !... અમીનાબીબી પણ આ બાજુ જોતી નથી !'

એ એકીટસે મારી સામું જોઇ રહ્યો. ક્ષણ-બે- ક્ષણ એમ જ તાકી રહ્યો. એને ખાતરી થઇ ચૂકી હતી કે આ માણસ એના હ્રદયને સ્પર્શી ગયો છે !

એ ધીમા અવાજે, એક એક શબ્દ છૂટો પાડીને બોલ્યો,'મારી શાદી થઇ તે પછી અમે નજર મિલાવી નથી, સા'બ.' એના હાથમાં રોટલાનું બટકું એમનું એમ રહી ગયું. એ ચૂપ થઇ ગયો. મારામાં પણ આશ્ચર્યનું પૂર્ણવિરામ મુકાઇ ગયું. શું બોલવું તે મને ક્ષણવાર તો સૂઝ્યું જ નહિ.

'એટલે તમારે બચપનથી મહોબ્બત...?' કે એવું એવું હું બોલ્યો, પણ મને એનું મન ડહોળવું ગમ્યું નહિ.

'પ્યાર- મહોબ્બત તો ખબર નંઇ, સા'બ' એને થયું હશે કે આ ઇન્તેજારીનો જવાબ આપવો લાજિમ છે. 'પણ, અમે એક ગામનાં, એક શેરીનાં, સામે દેખાય એ અમારું ગામ. સુલેમાન પણ તંયનો. બહુ નાનાં હોઇએ તંયે તો સાથે રમ્યાં જ હોઇએને! એને કંઇ પ્યાર- મહોબ્બત કહેવાય ! મોટા થયા પછી તો મેં એની સામે આંખ ઉપાડીને જોયેલુંય નહિ. અટાણે આવી ખૂબસૂરત છે તો બેસતી જુવાનીમાં તો કેવી હશે! (મારી કલ્પના પાંખો ફફડાવવા માંડી) તે, મારી અમ્માને એને બેગમ બનાવવાના અરમાન. પણ એક દી' મારા અબ્બા લીંબડીથી આવ્યા ને મારો સંબંધ નક્કી કરતા આવ્યા. મારી શાદી થઇ ગઇ. પછી કોઇ દી' મેં એને શેરીમાં જોઇ નંઇ. મને ઊંડે ઊંડે એમ થયા કરે કે કંઇક કાચું કપાઇ ગયું લાગે છ. છાતી પર ભાર વરતાય. પણ શું ?... (મારી આંખો એને તાકી રહી.) એક શેરીમાં રહીએ એટલે ક્યારેક વાત તો સંભળાય ! પહેલાં તો શાદીની ના કહેતી, પણ ત્રણચાર વરસમાં, પહેલાં મારાં અબ્બા-અમ્મી ગયાં, પછી જુસબની અમ્મી ગઇ. પછી એની શાદી થઇ સુલેમાન સાથે. સુલેમાન મારો બચપનનો દોસ્ત. અમારી હોડીઓ હારેં હાલે, પણ એ મોટે ભાગે આ ટાપુ પર રહે .(મારું મગજ આમતેમ દોડી રહ્યું.) કોણ જાણે, એ મારી નજીક પણ આવવા ચાહતી નહોતી ને મારાથી દૂર જવાય ચાહતી નહોતી એવું મને લાગ્યા કરતું. જુસબને લેવા આ ટાપુ પર આવું તો નજરથી ઓજલ થઇ જાય ! તે, થોડા દિવસોમાં મારી નજરનેય મૂંગી રાખવાની મને ટેવ પડી ગઇ.(મારું મગજ સ્થિર થઇ ગયું.)

'સુલેમાન સાથે એને ખુશહાલ જોઇને મારી ગર્મી ઊડી જતી. સુલેમાનને એ બહુ પ્યાર કરતી. જુસબને બેય જણ બહુ પ્યાર કરતાં !

એ અટક્યો. રોટલાનું બટકું મોંમાં મૂકીને છાશનો ઘૂંટડો ભર્યો. ઘણી વાર સુધી એના ગામ બાજુ જોઇ રહ્યો. નૂરીએ, દોડતી આવીને, અડધો અડધો ગરમ રોટલો બંનેની ડિશમાં મૂકી દીધો. 'અબી નંઇ, છોરી!' અરમાન બોલી ઊઠ્યો. 'અમ્મીને કહ' કહેતી એ પાછી દોડી ગઇ.

'પણ, અલ્લાને એની ખુશી મંજૂર નહોતી. એક દિવસ સુલેમાન હોડીમાં ને હોડીમાં ઢળી પડયો. અમે પાંચ-સાત હોડીવાળા એને આંહી લઇ આવ્યા. તે વખતે સુલેમાનની આંખો મારી સામે જ ખોડાયેલી તે મને અટાણેય એવી ને એવી જ દેખાય છે !'

મેં જોયું, એની આંખોમાં સરોવર છલકાઇ પડયું.

પછી તો અમીનાબીબીનું માતમ...મરદનીય છાતી બેસી જાય...ઘણા દિવસ સગાંવહાલાં આંહી રહ્યાં...પણ એનું રુદન ચાલુ થાય ને હોડીઓ થંભી જાય, પક્ષીઓ તરતાં તરતાં અટકી પડે, ડોકાં ઊંચા કરીને આ તરફ જોઇ રહે, આભ ધ્રૂજતું દેખાય પાણીમાં...હું આવીને બેઠો છું એવો એને એતબાર થાય ને શાંત પડે...દિવસે તો હું આવી પહોંચું, પણ...પણ રાતે કેમ થાય?...સારી સારી રાત મારા ઘરની બારીમાં બેઠો રઉં, આંહી સળગતું તાપણું જોયા કરું, રુદન સંભળાય, ઊનાળામાં પાણી નાં હોય એટલે દોડતાં આંહી આવી શકાય...પણ આવું કેવી રીતે ?...રાતે ?...બેઠો બેઠો બે બુન્દ પાડી લઉં આંસુનાં...(મારા શ્વાસ થંભી ગયા હતા.) પછી તો એનાં સગાંવહાલાંઓએ સમજાવી કે હવે ઓરતની જાતથી આંહી એકલાં નોં રહેવાય, ગામમાં ચાલ, પણ એકની બે નોં થઇ. કહે કે એની રૂહ આંહી ભટકતી હોય ને હું ચાલી જાઉં ?...'

એ અટક્યો. ડિશમાં જે હતું તે ધીમે ધીમે મોંમાં મૂકતો રહ્યો. ઉપરથી છાશ પી ગયો. કિશોરી પાણીનો જગ મૂકી ગઇ'તી, તે હાથમોં ધોઇને પીધું. મેં પણ મારી ડિશ પૂરી કરી. પાછળ જોયું. પેલાં ત્રણે જમી કરીને પરવાર્યાં હતાં. રશ્મિ વાતો કરતાં કરતાં છોરીના હાથમાં પૈસા મૂકતી હતી.

ફરીને, વળી મેં એની સાથે નજર મિલાવી. ઘણી વાર સુધી એમ જ, એકબીજાને તાકી રહ્યા.

'આટલાં વરસોમાં તને ક્યારેય એની સામે થવાનું મન ન થયું?'

ઊંડો વિચાર કરીને એ બોલ્યો, 'સામે આવીને શું બોલું...સુલેમાનને ભૂલી જા, એમ?...મારી સાથે શાદી કરી લે, એમ?...એની આંખોમાં પાણી તબક્યાં. મારું મગજ ઘુમાઇ ઊઠ્યું. તોય, મનોમન બોલતો હોઉં એમ મારાથી બોલાઇ ગયું.

'એક હરફ ય નંઇ કાઢવાનો !'

એ મોં મરકાવીને, મારી સામું જોયા વગર, આંખો ઢાળીને બોલ્યો,

'રાજકપૂરેય ક્યાં હરફ ઉચ્ચાર્યો'તો, સા'બ!'

અમેય મૌન...ઊભા થયા...પેલાં આવી પહોંચ્યાં...હોડીમાં ગોઠવાયાં...હોડી ચાલી...નૂરી હાથ ઊંચો કરીને ઊભી'તી...અરમાન એની સામે હસી રહ્યો...વચ્ચે એક હંસ યુગલ તરતું હતું. એને સુમને કેમેરામાં ઝીલી લીધું...હું કે અરમાન કંઇ બોલતા નહોતા. એ મૌન હોડી સાથે સાથે તરતું હતું.

કાંઠે આવીને હું બંને સ્ત્રીઓને ઉતારતો હતો ત્યાં સુમને કેટલીક નોટો અરમાનના હાથમાં મૂકી. એનો હાથ કપાળ સુધી ઊંચો થયો એ મેં જોયું. સ્ત્રીઓની વાતચીત ચાલુ હતી. કાંઠા પર શોરબકોર હતો, ચાપાનની લારીઓ પર લાઉડસ્પીકર ગીતો ફેંકતાં હતાં, પણ મને કોઇ સંભળાતું નહોતું. હું સાવ મૂંગો હતો. મારી સાથેય બોલતો નહોતો. પટ વટાવીને અમે કાર પાસે આવ્યાં ત્યાં સુધી એ અમારી પ્લાસ્ટિકની બેગ અને સ્વેટરજરસી ખભે નાખીને સાથે આવ્યો. મને એનાથી વિખૂટા પડવાની વેદના થઇ રહી. અમે કારમાં ગોઠવાયાં. એ તો સ્વસ્થ ઊભો હતો. અડીખમ એકલો. મેં એની સાથે નજર મિલાવીને જ એની વિદાય માગી. એ સસ્મિત મને તાકી રહ્યો. મેં તાજછાપનું પાકીટ ધર્યું. એણે એક કાઢી, સળગાવી. સુમને કાર ચલાવી.

**(સદ્દભાવ: પાર્શ્વ પ્રકાશિત લેખકના વાર્તાસંગ્રહ'જીવ')**

★★★

# થીંગડું

– સુરેશ જોષી

પશ્ચિમમાં ક્ષિતિજ પર વાદળાં છવાયેલાં હતાં તેથી આથમવા આવેલા સૂરજની રતૂમડી આભા દેખાતી નહોતી; સહેજ વાદળ આછાં હતાં ત્યાંથી રતાશની નાની શી લકીર ઘડીભર દેખાઇ ન દેખાઇ ને છવાતા જતા અંધારામાં અલોપ થઇ ગઇ; જાણે કોઇ નાગણે બટકું ભરી અંધારના ઝેરની કોથળી ઠાલવી દીધી. એ ઠલવાયેલો અંધકાર પ્રભાશંકરને પણ ચારે બાજુથી ઘેરી વળ્યો.

પ્રભાશંકરે ગોખલામાંથી પાનની ચમચી લીધી. એ ખોલીને આંખો ઝીણી કરીને જોયું તો અંદર ચીમળાઇ ગયેલું અર્ધું જ પાન હતું. બે દિવસથી હસમુખને પાન લાવવાનું યાદ કરાવવા છતાં એ ભૂલી જ જતો હતો ! પ્રભાશંકરે ખૂબ કાળજીથી અર્ધા પાનના બે ભાગ કર્યા, એમાંનો એક ભાગ સાચવીને ચમચીમાં મૂકી દીધો ને બીજા ટૂકડા પર ચૂનોકાથો ચોપડવા લાગ્યા. પાન મોઢામાં મૂક્યું, સાથે તમાકુની ચપટી ભરીને મોંઢામાં મૂકી.

બહાર શેરીના દીવાના પ્રકાશનો એક લિસોટો આગલા ઓરડામાં પડતો હતો તેના અજવાળે ખીંટીએ ભેરવેલો કોટ લઇને પહેર્યો, ટોપી માથે મૂકી. ઘૂંટડો પાણી પીને જ બહાર નીકળવાની એમને ટેવ હતી. પારવતી ડોશી જીવતાં હતાં ત્યાં સુધી તો બહાર જવાનો વખત થાય કે તરત પાણીનો પ્યાલો લઇને હાજર રહેતાં. એવી નાની નાની ઘણી વસ્તુ આ છેલ્લા એક વરસથી એમને જાતે જ કરી લેવી પડતી.

પાણી માટે પ્રભાશંકર પાણિયારા પાસે ગયા ને ઘૂંટડો ગળે ઉતારીને પાછા વળતા હતા ત્યાં એકાએક જાણે કોઇએ પાછળથી એમની કોટની બાંય ઝાલીને એમને રોક્યા. એમનાથી એકાએક પુછાઇ ગયું: શું છે, હસમુખની મા ?

નિસ્તબ્ધ અંધકારમાં એ પ્રશ્ન રઝળતો થઇ ગયો. પ્રભાશંકર આંખ ઝીણી કરીને અંધકારમાં તાકી રહ્યા. તપખીરનો સડાકો લઇને, સહેજ ખોંખારો ખાઇને,'મકુ જે' કહીને, પારવતી ડોશીને વાત કરવાની ટેવ હતી. મોટા દીકરા મણિશંકરના મૃત્યુ પછી પ્રભાશંકર ઘણી વાર અન્યમનસ્ક બની જતા. ત્યારે ઘણુંખરું એમની બાંય ખેંચીને બોલાવવાની પારવતી ડોશીને ટેવ પડી ગઇ હતી. પ્રભાશંકરને યાદ આવ્યું: પરણ્યાને બેએક વરસ થયાં હશે. ત્યારે તો એમના ડોસાડોસી ઘરમાં હતાં. જમીને પ્રભાશંકર નોકરીએ જવાની તૈયારીમાં જ હતા. એમની ટેવ મુજબ ઘૂંટડો પાણી પીને રસોડાની બહાર નીકળવા જતા હતા ત્યાં આમ જ કોટની બાંય ખેંચીને એમને ઊભા રાખીને પારવતીએ પોતે માતા થવાની છે તેના શુભ સમાચાર આપ્યા હતા. સંયુક્ત કુટુમ્બમાં મર્યાદા જાળવીને રહેવાનું, બે ઘડી એકાન્ત મેળવીને એકબે શબ્દ બોલવાનું પણ ભાગ્યે જ બનતું, રાતે માબાપને ભાગવત સંભળાવીને પ્રભાશંકર સૂવા જાય ત્યારે પારવતી પથારીને એક ખૂણે, આખા દિવસના કામથી થાકેલી, ઊંઘે ઘેરાતી આંખે, માંડ જાગતી બેઠી હોય. આમેય તે પ્રભાશંકર ચાર શબ્દ બોલવાના હોય ત્યાં એક જ બોલીને કામ ચલાવી લે એવા માણસ.

મરણ આવ્યું તે દિવસે પારવતીએ પણ આમ જ હાથ પકડીને રોકતાં કહેલું: આજે ન જાઓ તો ન ચાલે ? પણ પછી તરત જ, પ્રભાશંકર નિત્યનિયમમાં કશો ભંગ પડે તે સાંખી લેતા નહિ તે જાણીને, વાત બદલી નાંખીને કહેલું: ના ના, એ તો મને અમથું જ જરા મનમાં એમ થયું...લો, એક ઘૂંટડો પાણી પીને પછી જાઓ.

આથી, બારણાના આગળામાં કોણી આગળથી ફાટેલો કોટ ભેરવતાં, ઊભા રહી જઇને એકદમ એમનાથી પુછાઇ ગયું: શું છે, હસમુખની મા? પણ પેલો તપખીરનો સડાકો ને 'મકુ જે'નો ટહુકો સંભળાયા નહિ એટલે પ્રભાશંકર એકલા જ બોલવા લાગ્યા; શું છે? કોટ ફાટ્યો છે એમ કહેવું છે ને? તે શું થીંગડું મારું ? પણ સોયદોરો ક્યાં છે ?

પછી થોડી વાર અકળાતા હાથ મસળતા પ્રભાશંકર એમ ને એમ ઊભા જ રહી ગયા. પછી જાણે પારવતીનો નાખુશ થયેલો ચહેરો જોયો હોય તેમ બોલ્યા: પણ તું જ કહે ને, હું શું કરું ? વહુને મારાથી વારે વારે કહેવાતું નથી. વારુ, થીંગડું મારું છું, પછી છે કાંઇ? 'થીંગડું' શબ્દ ચારેક વાર ફરી ફરીને બોલ્યા, ને એમને વળી યાદ આવ્યું: એક સાથે ત્રણચાર વરસ નબળા ગયાં, ઘરખોરડાં આગમાં બળી ગયાં, જમીન તો તસુ સરખીય હતી નહીં. બાપ ઘામોટું કરતા. બહેનોને પરણાવવાની. આથી પંદર વરસની વયથી જ પ્રભાશંકર એક વેપારીની દુકાને તમાકુનાં પડીકાં વાળવા બેસી ગયા. વર્નાક્યુલર ફાઇનલ તો પાસ કરેલી, એટલે પાંચેક વરસ રાહ જોયા પછી આખરે બહુ દૂરના અજાણ્યા ગામમાં પંદર રૂપિયાની, પ્રાથમિક શાળાના શિક્ષકની, નોકરી મળી ગઇ. ઘરખરચ, બહેનોનાં લગ્ન- આ બધું ઉપાડતાં પાંત્રીસ તો થઇ ગયાં. આખરે પ્રભાશંકરને પરણવાની અનુકૂળતા થઇ. પરણ્યા પછી આણું કરવા સાસરે ગયા ત્યારે પારવતી જોડે જે વાત થઇ તે એમને યાદ આવી. એમણે કહેલું: મારી તો ઉંમર મોટી થઇ, સંસારનો ઢસરડો કરતાં મારો રસ તો બધો સુકાઇ ગયો. તને મારી જોડે ફાવશે ?

પારવતીએ એની સખીએ શીખવેલો જવાબ આપ્યો હતો: તમે જ મારે મન બધું છો, પછી મારે બીજા કશાંની શી જરૂર ?

પ્રભાશંકરે ઉમેરેલું: પણ અમારા ઘરમાં તો એક સાંધીએ ત્યાં તેર તૂટે એવો ઘાટ છે. સંસાર ભોગવવા કરતાં થીંગડાં મારવાનું જ કામ તારે કરવું પડશે!

પારવતીએ ઉલટભેર કહેલું: વારુ, તમે કહેશો તેટલાં થીંગડાં મારી આપીશ. થીંગડાં મારતાં હું નહીં થાકું.

પણ આજે એ ક્યાં છે ? એય આખરે થાકી ને!

દેવ આગળ દીવો કરવા ને ફાનસ સળગાવવા પ્રભાશંકરે દીવાસળી શોધી,પણ જડી નહીં, પણ દીવાસળી શોધતાં એક દાબડામાંથી સોયદોરો જડ્યાં. એ લઇને પ્રભાશંકર ઓટલે ગયા. શેરીના દીવાના અજવાળે એમણે કેટલું થીંગડું મારવું પડશે તેનો અંદાજ કાઢી લીધો. પોતાની બેસવાની ગાદી નીચે સંઘરેલાં ગાભાચીંથરામાંથી માપસરનો એક ટુકડો કાઢ્યો. એનો રંગ કોટના રંગને મળતો નહોતો આવતો. પણ એવું કપડું ક્યાંથી લાવવું ? આ કોટનેય હસમુખ જેટલાં વરસ થયાં. મિલિટરીના સસ્તે ભાવે કાઢી નાખેલાં કપડાંમાંથી મણિશંકર એ લઇ આવેલો.

દીવાના અજવાળે પ્રભાશંકરે, આંખ ઠેરવીને, સોયમાં દોરો પરોવવાનો પ્રયત્ન કર્યો. દોરીને થૂંકથી ભીની કરીને છેડે વળ ચઢાવ્યો, ઘણા પ્રયત્નો કર્યા પણ સોયનું નાકું દેખાય તો ને !

એટલામાં શેરીના દીવા આગળ રમતા એક કિશોરની એ તરફ નજર ગઇ. થોડી વાર સુધી તો એણે પ્રભાશંકરના નિષ્ફળ પ્રયત્નોને કુતૂહલથી જોયા કર્યા. પછી એ પાસે આવીને બેઠો અને ભીંતના પોપડા ઊખેડતો પ્રભાશંકરના પ્રયત્નોને જોઇ રહ્યો.

પ્રભાશંકરનું એ તરફ ધ્યાન ગયું એટલે એમણે કહ્યું: 'કોણ છો બેટા? દયાશંકરનો મનુ કે ?' પેલા કિશોરે કહ્યું: 'હા, દાદા.'

કિશોરના માનવાચક સમ્બોધનથી પ્રોત્સાહન પામીને પ્રભાશંકરે કહ્યું:'ભાઇ, મને જરા આ સોયમાં દોરો પરોવી આપ ને!'

મનુએ કહ્યું:'દાદા, એક શરત. તમારે વાર્તા કહેવી પડશે.'

પ્રભાશંકર હસીને બોલ્યા:'વાતો તો તારાં દાદીને કહેતાં આવડતી, હું તો...'

એમને વચ્ચેથી જ અટકાવીને મનુ બોલ્યો:'ના દાદા, એમ બહાનું કાઢો તે નહિ ચાલે, દાદીએ તમને તો ઘણી બધી વાતો સંભળાવી હશે. એમાંથી એક તો કહો.'

'કોઇ તો...ખબર નથી પણ ઘોડીના પગ આ બાજુ વળી જાય છે.' કહી ભૂપતસંગ મરમથી મીરાણીની આંખમાં જોવા મથ્યા.

મીરાણી આંખો ઢાળીને બેઠાં હતાં. દરબાર ભલા હતા. ખાનદાન હતા. ઠકરાણી પાસે મીરાણીને વાર-તહેવારે જવાનું થતું. ત્યારે થોડીકવાર ઠકરાણીના ઓરડામાં ડોકાઇ જતાં. ઠકરાણી સાથે વાત કરતાં મીરાણીના પણ સહેજ સમાચાર પૂછી લેતા.

બે મહિના પર પહેલીવાર એમની ઘોડી મીરાણીના ઘર આગળ આવીને ઊભી રહી હતી. પછી ક્યારેક ક્યારેક આવતી. મીરાણીને કંઇક અસ્પષ્ટ રીતે આ બધું સારું લાગતું હતું. ગામના દરબાર હતા અને રૂપાળા હતા એ તો ખરું જ પણ તેમનું સુંવાળાપણું મીરાણીને ખાસ સ્પર્શી જતું હતું.

દરબારે કહ્યું,'હમણાંનાં કંઇ દેખાણાં નથી? ઠકરાણાં યાદ કરે છે.'

દરબારના અવાજમાં મીઠાશ હતી પણ આજે મીરાણીને આ મીઠાશથી મૂંઝવણ થતી હતી. આમ તો બંને વચ્ચે થોડીક મીઠી મીઠી વાતો થતી. ક્યારેક ઠાકોર ગીત-સંગીતની વાત કરતા. ક્યારેક કહેતા, તમને સોને મઢી દઉં. ક્યારેક કહેતા, તમારે માટે ગામ બહાર મહેલ ચણી દઉં અને બંને આ જાણે મજાક હોય એમ હસતાં.

પણ આજે મીરાણીને અચાનક શરીરે કીડીઓ ચડતી હોય એમ થવા માંડયું. એ થોડીવાર ભૂપતસંગના મોં સામે જોઇ રહ્યાં. આ ચહેરો સાવ અજાણ્યો કેમ લાગે છે? અને આંખોમાં આ શું દેખાય છે? એમને થયું જાણે ફળિયા વચ્ચે પોતે નવસ્ત્રાં ઊભાં છે.

એ ભીંતને અઢેલીને બેઠાં હતાં ત્યાં એમણે એકદમ જાતને સંકેલી લીધી અને સાડલો બે હાથે શરીરે ફરતો ખેંચીને ઓઢી લીધો. તાવ ચઢ્યો હોય એમ શરીર થોડુંક ધ્રૂજ્યું. પછી મોંમાંથી ઝડપથી શબ્દો નીકળવા લાગ્યા-

'હું બાસાહેબને મળવા આવીશ, પણ હુકમ માફ કરજો. નીચ વરણ છું, આપ હુકમ, મારા ઘેર પધારો પણ સારું ન લાગે, હુકમ આપનું સારું ન લાગે. મારું પણ. મને ઉંમર થઇ. લોક વાતો કરે-'

ભૂપતસંગને પહેલાં તો કંઇ સમજાયું નહીં. સમજાયું ત્યારે મોં ઉપરથી હાસ્ય સંકેલાઇ ગયું અને આંખોમાં વેદના તરી આવી. બોલ્યા વગર પહેલા મીરાણીના ચહેરા સામે અને પછી નીચે ઓકળીઓને જોઇ રહ્યા.

પછી પૂછ્યું, 'તમારી તબિયત સારી નથી, મીરાણી?'

'ના ના હુકમ. મારા શરીરને કંઇ નથી.'

ભૂપતસંગ હળવેથી ઊભા થયા. ગળું ખંખેર્યું પછી આટલું જ બોલ્યા, 'મારી કાંક ભૂલ થઇ હશે.' અને ધીમેથી એ ઘરનો ઢાળ ઊતરી ગયા.

ઘોડી વળાંક આગળ દેખાતી બંધ થઇ ત્યાં સુધી મીરાણી કોરી સૂકી આંખે જોઇ રહ્યાં.

★

સાંજે બહાર ખખડાટ થયો. આમ ફરીને જુએ, તો દીપચંદ શેઠનો છોકરો.

છોકરો બારણા વચ્ચે ઊભો રહી હસીને બોલ્યો, ' પાછો આવી ગયો છું.'

મીરાણીએ ઘર વચ્ચે ખાટલો ઢાળી દીધો. પછી ઓછાડ પાથરતાં કહે,'આમ અવાય નહીં, હોં!'

છોકરાનું મોં વીલું પડી ગયું એટલે એકદમ એનો હાથ પકડીને ખાટલે બેસાડતાં કહે, 'લે, હું તો હસતી હતી!'

છોકરો ધીમેથી બોલ્યો, ' હું આમ આવું, તે ખરાબ લાગે?'

મીરાણીએ જવાબ આપ્યો નહીં. નિરાંતે ચૂલો સળગાવીને ચાનું પાણી મૂક્યું. પછી ધીમે ધીમે ચૂલામાં સાંઠીઓ ગોઠવતાં કહ્યું,'શાનું ખરાબ લાગે? તમતમારે આવવું.' પછી ઉમેર્યું,'મને સવારનું હતું.'

ચાનો કપ હાથમાં લઇને એની સામે જોતાં થોડીવાર બેસી રહ્યો. મીરાણી એનો પાતળો દેહ અને નીચે ઢળેલી આંખો જોઇ રહ્યાં.

'કાલે નોટબુક આખી ભરાઇ ગઇ. એ બધું છપાવીશ. અહીં રોજ આવીશ. ચોપડીઓ અને ચોપડીઓ ભરીને છાપીશ. આપણું લોકસાહિત્ય ગુજરાતમાં ઘેર ઘેર પહોંચશે.'

મીરાણી એકીટશે એની સામે જોઇ રહ્યાં.

એ બોલ્યે ગયો.'રોજ આવીશ. તમારી સામે બેસીશ. પણ મીરાણીમા, ચોપડીઓમાં ગીતો આવશે પણ બીજું ક્યાંથી આવશે?'

'શું નહીં આવે?'

'તમારું-' છોકરો બોલવા ગયો પણ એની જીભ થોથવાઇ.

બારણું ઉઘાડું હતું. આંગણામાં જોતાં મીરાણી વિચારતાં હતાં. કેટલાં વરસે ગાયું? શું થયું હતું એમનાં ગાણાંને? હમણાંથી કેમ ગાવાનું મન થતું નહોતું? અને કાલે આ છોકરાએ સામે બેસીને ગવડાવ્યું. આ શરીરમાં, આંખોમાં, મનના બ્રહ્માંડમાં શું થતું હતું ?

★

પછી છોકરો પૂછ્યે ગયો અને મીરાણી બોલ્યે ગયાં. મીરાણીનું પિયર ક્યાં? આમ આઘે દરિયાના ખારાખારા વાયરાની થાપટો ખાઇ ખાઇને અડધું ઘસાઇ ગયેલું જીરણ એક માટીનું ગામ. નામ એનું સુખપર. મીરાણી ખૂબ હસ્યાં. સુખપર! બાપ શું કરતા હતા? ઊંચી ભીની ભીની કાયા, મોટી મૂછ, ખભે ખેસ-એય ને મહેમાનોને ઘણી ખમ્મા! મધરી મધરી રાતમાં હોથલની આંખોમાંથી આમ આંસુ ખરે છે, ટપક...ટપક...! ગાવાનું ક્યાંથી શીખ્યાં ? ગાવાનું તો આમ આવ્યું હવામાંથી પણ સામે બેસાડીને ગરબા, રાસડા, ફટાણાં, મરસિયાં શીખવ્યાં મારી માએ. મા કેવાં હતાં ? મા? મારી મા? આટલાં વરસે કોણ યાદ કરે છે મારી માને ? કોણ પૂછે છે, એ કેવી હતી? હતી ને, એમ તો એક ભાઇ પણ હતો. પછી આ ગળામાંથી શું વહી નીકળ્યું?

'તમે તો કુંવર
હસતાં હસતાં ઘોડે ચડ્યા
અને નાગલા અમને ડંસ્યા
મારા.....રાજ!'

'કાલે સવારે આવીશ,'કહીને છોકરો ચાલ્યો ત્યારે એનું મન તરબતર હતું.

★

એ બીજા દિવસે આવ્યો નહીં. પછીના દિવસે પણ દેખાયો નહીં. મીરાણીએ હાથમાં સૂંડલો અને દાતરડું લીધાં. એ આમ ખેતરે જતાં નહીં પણ આજે સડસડાટ ચાલી નીકળ્યાં. પણ એમનું ખેતર કંઇ આવ્યું જ નહીં. એ ચાલ્યે જ ગયાં. આ રસ્તો આટલો લાંબો હતો? એમની આંખો ફાટું ફાટું થતી હતી. રસ્તો છોડીને એ આડી સીમમાં ખેતરો અને વાડામાં કાંટા અને ઢેફાં હડફટમાં લેતાં ચાલ્યે ગયાં. આગ આગ આગ. મીરાણીની છાતી સળગતી હતી. રાત પડ્યે ઘેર આવ્યાં ત્યારે ધૂળિયા વાળ કપાળ ઉપર ઊડતા હતા અને આંખો સૂકી હતી.

★

બીજા દિવસે બપોરે ફળિયામાં કૂતરાં ભસ્યાં અને થોડીવારે એમના બારણે કોઇનો અવાજ સંભળાયો,'મીરાણીમા-'

મીરાણીએ અડધુંક બારણું ઉઘાડ્યું. સામે કોઇ અજાણ્યો માણસ ઊભો હતો.

આવનારે કહ્યું,'તમને તેડવા આવ્યો છું, મીરાણીમા.' થોડીવાર અટકીને ઉમેર્યું,'એક મૈયત થઇ છે.'

'ક્યાંથી આવો છો?' મીરાણીએ ભારે અવાજે પૂછ્યું.

ફૂલસરથી. દીપચંદશેઠનો વીશ વરસનો છોકરો ફાટી પડ્યો.'

મીરાણી બારણાંને પકડી ઊભા રહ્યાં. પછી એમની નજર પગ નીચેની ઓકળીઓ, ચૂલો અને ઘર વચ્ચે પડેલા ખાટલા ઉપર થઇ પાછળ વાડામાં ગઇ. ત્યાં ઝાડ નીચે હજુ કેસૂડાનાં ફૂલ પડતાં હતાં, ટગર...ટગર...

**(સદ્ભાવ: 'ગ્રામચેતનાની નવલિકાઓ')**

★★★

# મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું



મે ૧૯૫૦ દરમિયાન, 'પેલી પારના પાડોશીઓ'ની મુલાકાતે, આચાર્ય કાકાસાહેબ કાલેલકર પૂર્વ આફ્રિકાના પ્રવાસે ગયા હતા. એ ટાંકણે, આફ્રિકા ખંડના પૂર્વ કિનારે, જગપ્રસિદ્ધ નગર દારેસલ્લામની પણ એમના રસાલાએ મુલાકાત લીધી હતી. એવા એક પ્રસંગ વેળા, (ડાબેથી) અબ્દુલ કરીમ કરીમજી, કમલનયન બજાજ, પૂર્વ આફ્રિકા ખાતેના તત્કાલીન ભારતીય હાઇ કમિશનર અપ્પા પંત તેમ જ કાકાસાહેબને આ ચિત્રમાં નિહાળી શકાય છે.



બીજા આ ચિત્રમાં, આચાર્ય દત્તાત્રય બાળકૃષ્ણ કાલેલકર સંગાથે, ડાબે, એમનાં મંત્રી સરોજબહેન નાણાવટી છે. જ્યારે જમણે ઊભેલાં સન્નારીનાં નામની જાણકારી પ્રાપ્ય નથી.

' ... આફ્રિકા માટે પણ આપણે એક ... વિભાગ ખોલવો જોઈએ. એ દિશામાં મારા પ્રયત્નો ચાલુ છે અને એમને સારો આવકાર મળ્યો છે. દુનિયાની પરિસ્થિતિ જાણનાર અને આપણી સંસ્કૃતિને દુનિયા આગળ રજૂ કરી શકે એવા લોકો અહીંથી ત્યાં જાય. આફ્રિકન લોકોના નેતાઓ આપણે ત્યાં આવી આપણા મહેમાન બને. આપણી રહેણીકરણી પ્રત્યક્ષ જુએ; એમના પ્રત્યેના આપણા સદ્દભાવના તેઓ સાક્ષી થાય. એ માટેના પ્રયત્નો શરૂ થઈ ગયા છે. અપ્પાસાહેબ પંતે, હિંદુસ્તાનના કમિશનર તરીકે ત્યાં ઘણું જ સારું કામ કર્યું છે.'

'પૂર્વ આફ્રિકામાં' નામક, સન ૧૯૫૩માં પ્રગટ થયેલા પોતાના પ્રવાસપુસ્તકમાં કાકાસાહેબે આ મતલબનું, આરંભે, લખાણ કર્યું છે. ગુજરાતી ડાયસ્પરિક વસાહતને ય જાણવા સમજવા માટે એ પુસ્તક અગત્યનું સાધન છે.

વાયવ્ય લંડનના ઉપનગર એજવેરમાં સ્થાયી થયેલા આપણા એક અગ્રગણ્ય શહેરી તેમ જ આગેવાન મયૂરભાઈ શુક્લએ આ છબિઓ "ઓપિનિયન"માં રજૂ કરવા આપી છે.

લેખક પહેલા પ્રકરણમાં લખે છે :

'... આફ્રિકાની યાત્રા કરવાનું મેં નક્કી કર્યું. ત્રણ મહિનાને અંતે આજે કહી શકું કે આ ત્રણ મહિનામાં મને ઘણું જોવાનું મળ્યું; એથીયે વધારે જાણવાનું મળ્યું. ગાંધીજીની દૃષ્ટિએ આફ્રિકાની સ્થિતિ તપાસી શક્યો. અને મને લાગે છે કે દુનિયાની વર્તમાન સ્થિતિ સમજવાની મારી શક્તિમાં ઘણો ઉમેરો થયો છે. સામાન્યત રીતે કરેલી બેત્રણ મહિનાની મુસાફરીમાં જેટલું મેળવી શકાય તેથી ય વધારે હું મેળવી શક્યો. કેમ કે આ મુસાફરી દરમિયાન મને અનેક લોકો તરફથી અનેક પ્રકારનો જેટલો સહકાર મળ્યો છે તેટલો ભાગ્યે જ કોઈને મળી શકે છે. ગુજરાતી ભાષાની અત્યાર સુધી મેં જે યત્કિંચિત્ સેવા કરી હશે તેના ફળસ્વરૂપ મને પૂર્વ આફ્રિકામાં અસંખ્ય ગુજરાતી હિંદુ-મુસ્લિમ ઘરોમાં પ્રેમનું સ્થાન મળ્યું છે અને ગુજરાતી ભાષાની શક્તિનું અહીં હું વિશેષ દર્શન કરી શક્યો છું.'

આ પુસ્તકનો છેલ્લો ફકરો ય તપાસવા સમ છે :

'જિંદગીમાં પહેલી જ વાર પરદેશ જઈ આવ્યો હતો. સ્વતંત્ર હિંદુસ્તાનના સ્વતંત્ર શહેરી તરીકે પૂર્વ આફ્રિકામાં ફરી શક્યો હતો. ત્યાંના હિંદવાસીઓની મહેમાનગીરી ચાખી શક્યો હતો. ત્યાંના રાજ્યકર્તા અંગ્રેજો સાથે વિચારવિનિમય કરી શક્યો હતો. અને ખાસ કરીને આફ્રિકાના વતની આફ્રિકન લોકોના કેટલાક આગેવાનોનો વિશ્વાસ મેળવી શક્યો હતો. એ બધા જ ધન્યતાના વિષયો હતો. હિંદુસ્તાન અને આફ્રિકા વચ્ચે સ્નેહ સંબંધ વધારવાની જવાબદારી માટે લઈને સ્વદેશ આવ્યો છું તેથી હિંદુસ્તાનની આઝાદીનું ઊંડાણ વધારે અનુભવતો થયો છું.'

●

પ્રકાશક : Parivaar Commincations, 4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · મુદ્રિત પ્રત : 300 · ગ્રાહક : 194 · [21.09.2007]